उपलम्भानुपलम्भसम्भवं त्रिकालीकलितसाध्यसाधनसंबन्धालम्बनं 'इद-मस्मिन् सत्येव भवति' इत्याद्याकारं संवेदनमूहापरनामा तर्कः ॥ ७ ॥

§१ उपलम्भानुपलम्भाभ्यां प्रमाणमात्रेण ग्रहणाग्रहणाभ्यां सम्भव उत्पत्तिर्यस्येति कारणकीर्तनम्। त्रिकालीकलितयोः कालत्रयीवर्त्तिनोः साध्यसाधनयोर्गम्यगमकयोः सम्बन्धोऽविनाभावो व्याप्तिरित्यर्थः। स आदिर्यस्याशेषदेशकालवर्त्तिवाच्यवाचकसंबन्धस्यालम्बनं गोचरः यस्य तत् तथेति विषयाविष्करणम् 'इदमस्मिन् सत्येव भवति' इत्यादिशब्दाद् 'इदमस्मिन्नसति न भवत्येव' इत्याकारम्, साध्यसाधनसंबन्धालम्बनम् 'एवं जातीयः शब्द एवं जातीयस्यार्थस्य वाचकः', 'सोऽपि तथाभूतस्तस्य वाच्यः' इत्याकारं वाच्यवाचकभावालम्बनं च संवेदनमिहोपादीयतेति स्वरूपप्रतिपादनम्। एवंरूपं यद्वेदनं स तर्कः कीर्त्यते। ऊह इति च संज्ञान्तरं लभते।

तर्कनां कारण, विषय अने स्वरूपनुं निरूपण—

ઉપલબ્ધિ અને અનુપલબ્ધિથી ઉત્પન્ન થનાર, ત્રણે કાળના સાધ્ય અને સાધનના સંબંધ—વ્યાપ્તિને વિષય કરનાર, 'આ હોય તો જ આ હોય' એવા આકાર(સ્વરૂપ)વાળું જ્ઞાન તર્ક છે, જેનું બીજું નામ ઊહ છે. ૭.

§૧ કોઈ પણ પ્રમાણથી પદાર્થનો ઉપલંભ–ગ્રહણ અને અનુપલંભ–અગ્રહણ જે થાય છે, તેનાથી જેનો સંભવ એટલે ઉત્પત્તિ છે, તે. આથી ઊહના કારણનું કથન થયું. ત્રણે કાળમાં રહેલ સાધ્ય અને સાધન અર્થાત્ ગમ્ય અને ગમકનો જે સંબંધ છે તે અવિનાભાવ કે વ્યાપ્તિ છે, તે. તથા ત્રિકાલવર્તી વાચ્યવાચકનો સંબંધ જેનો વિષય બને છે તે. આ વિષયનું નિરૂપણ થયું. 'આ હોય ત્યારે જ આ હોય' અને સૂત્રગત આદિ પદથી 'આ ન હોય તો આ પણ ન હોય'-એવા આકારનું પણ ગ્રહણ થયું. એટલે કે એ બન્ને પ્રકારના આકારવાળું જે સાધ્ય અને સાધનના સંબંધને વિષય કરનારું છે તે. તથા 'આવા પ્રકારનો શબ્દ આવા પદાર્થનો વાચક છે' અને 'આવા પ્રકારનો પદાર્થ આવા શબ્દનો વાચ્ય છે'-એવા આકારવાળું વાચ્યવાચકભાવને આલંબન કરનારું એટલે કે વાચ્યવાચકના સંબંધને વિષય કરનારું જે જ્ઞાન છે, તે અહીં સમજવાનું છે. આ પ્રકારના કથનથી તર્કના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું, એટલે કે-આવા પ્રકારનું જે જ્ઞાન હોય તે તર્ક કહેવાય છે. અને 'ઊહ' એ તેનું બીજું નામ છે.

(प०) **सोऽपि तथाभूतेत्यादि** गद्ये **सोऽपीति** अर्थः। **तथाभूत** इति तच्छब्दवाच्यतया योग्यः।

(टि०) **उपलम्भेत्यादि**। **प्रमाणमात्रेणेति** प्रत्यक्षादिना। **सोऽपीति** अर्थः। **तथाभूत** इति एवंजातीयः सन्। **तथाभूतस्येति** एवंजातीयस्य शब्दस्य।

§२ ये तु ताथागताः प्रामाण्यमूहस्य नोहाञ्चक्रिरे तेषामशेषशून्यत्वपातकापत्तिः। आः! किमिदमकाण्डकूष्माण्डाडम्बरोड्डामरमभिधीयते! कथं हि तर्कप्रामाण्यानुपगममात्रेणेदृशमसमञ्जसमापनीपद्येत? शृणु! श्रावयामि किल। तर्काप्रामाण्ये तावन्नानु-

मानस्य प्राणाः, प्रतिबन्धप्रतिपत्त्युपायापायात्। तदभावे न प्रत्यक्षस्यापि। प्रत्यक्षेण हि पदार्थान् प्रतिपद्य प्रमाता प्रवर्त्तमानः क्वचन संवादाद् इदं प्रमाणम्' इति, अन्यत्र तु विसंवादाद् 'इदमप्रमाणम्' इति व्यवस्थाग्रन्थिमाबध्नीयात्। न खलूत्पत्तिमात्रेणैव प्रमाणाप्रमाणविवेकः कर्त्तुं शक्यः। तद्दशायां उभयोः सौसदृश्यात्। संवादविसंवादापेक्षायां च तन्निश्चये निश्चित एवानुमानोपनिपातः। न चेदं प्रतिबन्धप्रतिपत्तौ तर्कस्वरूपोपायापाये। अनुमानाध्यक्षप्रमाणाभावे च प्रामाणिकमानिनस्ते कौतस्कुती प्रमेयव्यवस्थापीत्यायाता त्वदीयहृदयस्येव सर्वस्य शून्यता। सापि वा न प्राप्नोति। प्रमाणमन्तरेण तस्या अपि प्रतिपत्तुमशक्यत्वादिति अहो! महति प्रकटकष्टसङ्कटे प्रविष्टोऽयं तपस्वी किं नाम कुर्यात्?

§૨. બૌદ્ધો કે જેઓ ઊહ એટલે તર્કને પ્રમાણરૂપે સ્વીકારતા નથી, તો તેઓને સર્વશૂન્યતારૂપ પાતક(દોષ)ની આપત્તિ આવશે.

બૌદ્ધ—અરે! અકાલે-અવસર વિનાનો થોડીક ગરમીથી અહંકારપૂર્વક આટલો મોટો ઘોંઘાટ શો? (અર્થાત્ સમયને ઓળખ્યા વિના જેમ આવે તેમ આ શું બોલો છો?) તર્કરૂપ પ્રમાણ ન માનીએ એટલાથી આવું અસમંજસપણું એટલે કે સર્વશૂન્યતારૂપ પાતક કઈ રીતે આવશે?

જૈન: સાંભળો, અમે તે સંભળાવીએ છીએ. તર્કરૂપ પ્રમાણને નહિ માનવાથી પ્રથમ તો અનુમાનના પ્રાણ જ નહિ રહે-અર્થાત્ અનુમાન પ્રમાણ પણ સિદ્ધ નહિ થાય, કારણ કે-વ્યાપ્તિજ્ઞાનનો ઉપાય જ નહિ મળે. અર્થાત્ તર્ક પ્રમાણની સિદ્ધિ દ્વારા વ્યાપ્તિજ્ઞાનની સિદ્ધિ થાય છે. એટલે તર્કને પ્રમાણરૂપ ન માનો તો વ્યાપ્તિજ્ઞાન કઈ રીતે થાય? અને વ્યાપ્તિજ્ઞાન વિના અનુમાન પણ કઈ રીતે થાય? અને અનુમાન પ્રમાણનો અભાવ થઈ જાય તો પ્રત્યક્ષના પણ પ્રાણ નહિ રહે. કારણ કે-પ્રમાતા પુરુષ પ્રત્યક્ષથી પદાર્થોને જાણીને તેમાં પ્રવર્તમાન થાય ત્યારે કોઈ સ્થળે સંવાદ—સફલ પ્રવૃત્તિથી આ પ્રમાણરૂપ છે, અને વિસંવાદ—નિષ્ફલ પ્રવૃત્તિથી આ અપ્રમાણ રૂપ છે, એ પ્રમાણે વ્યવસ્થાની ગાંઠ વાળે છે. અર્થાત્ સંવાદ કે વિસંવાદથી પ્રત્યક્ષના પ્રામાણ્ય કે અપ્રામાણ્યનો નિશ્ચય કરે છે. પ્રત્યક્ષની ઉત્પત્તિ થાય એટલા માત્રથી કાંઈ પ્રત્યક્ષનો પ્રમાણ કે અપ્રમાણરૂપે વિવેક કરવો શક્ય નથી. કારણકે ઉત્પત્તિ કાળમાં તો પ્રત્યક્ષ જ્ઞાન, તેના પ્રામાણ્ય કે અપ્રામાણ્યનો નિર્ણય ન થયો હોઈ, તે પ્રમાણ હોય કે અપ્રમાણ હોય બન્ને સમાન જ છે એટલે તેમના પ્રામાણ્ય કે અપ્રામાણ્યના નિર્ણયમાં સંવાદ કે વિસંવાદની અપેક્ષા રહે જ છે. અને તે માનો તો અવશ્ય અનુમાન માનવું જ પડે છે. અને તે અનુમાન, જો વ્યાપ્તિજ્ઞાનનો ઉપાય તર્ક ન હોય તો થઈ શકતું નથી. એ પ્રમાણે અનુમાન અને પ્રત્યક્ષ પ્રમાણનો અભાવ થઈ જશે. અને આ રીતે અનુમાન અને પ્રત્યક્ષ પ્રમાણનો

અભાવ થતાં પોતાને પ્રામાણિક માનનાર હે બૌદ્ધ ! તમારા મતમાં પ્રમેયની વ્યવસ્થા (સિદ્ધિ) પણ કઈ રીતે થશે ? અર્થાત્ તર્ક ન માનવાથી તમારા મતમાં પ્રમાણ કે પ્રમેયની કશી વ્યવસ્થા થઈ શકશે નહિ. એટલે જ્ઞાનશૂન્ય તમારા હૃદયની જેમ સર્વની શૂન્યતા પણ પ્રાપ્ત થઈ ગઈ. અથવા પ્રમાણ વિના એ સર્વશૂન્યતાનો પણ નિશ્ચય કરી શકાતો નથી. આ રીતે તો આ અતિશય મોટા કષ્ટરૂપ સંકટમાં આવી પડેલા ગરીબ બિચારા તમે શું કરશો ?

(વિ०) **आः किमिदमि**त्यादि परवाक्यम् । **शृण्वि**ति सूरिवाक्यम्। **प्रतिबन्धे**त्यादिगद्ये **उपाय**शब्देनात्र तर्कः । **तदभावे** इति अनुमानाभावे । **न प्रत्यक्षस्या**पीत्यग्रे प्राणा इति योज्यम् । **आवध्नीयादि**ति एतच्चानुमानादेवेत्याशयः । **तद्दशायामि**ति उत्पत्तिदशायाम् । **उभयोरि**ति भ्रान्ताभ्रान्तयोः । **तन्निश्चये** इति प्रमाणाप्रमाणविवेकनिश्चये । **न चेदमि**त्यादिगद्ये न चेदमनुमानं प्रवर्त्तते इति भावः । **प्रतिबन्धप्रतिपत्तौ तर्कस्वरूपोपायापाये** इति । अथोत्पत्तिमात्रेण प्रामाण्याप्रमाण्यविवेकाभावेऽपि संवादविसंवादाभ्यां तद्विवेको भविष्यति । आचार्यः— एवं चेत्, तन्निश्चयार्थमनुमानमवश्यमेव कार्यम् । यथा सत्यमिदं संवादात्; असत्यमिदं विसंवादात् । अनुमानं च तर्काभावे प्रतिबन्धप्रतिपत्तौ न समर्थमिति भावः । **सापी**ति सर्वशून्यता । **प्रमाणमन्तरेणे**त्यादि । तर्काऽभावे नानुमानम् । अनुमानाभावे च न प्रत्यक्षमपि इति प्रमाणाभावः ।

(टि०) **तेषामिति तथागतानाम्** । **कथं हि नर्के**त्यादि । **ईदृशमि**ति सर्वशून्यत्वपातकरूपम् । **तदभावे** इति अनुमानाऽभावे । **प्रत्यक्षस्यापी**ति न प्राणा इति संबन्धः । **तद्दशायामि**ति उत्पत्त्यवस्थायाम् । **उभयोरि**ति प्रमाणाऽप्रमाणयोः । **सौसदृश्यादि**ति समानभावात् । **तन्निश्चये** इति प्रामाण्याऽप्रामाण्यनिर्णये । **इदमिति** अनुमानम् । **सापि वे**ति अथवा सर्वशून्यतापि । **तस्या अपी**ति सर्वशून्यताया अपि । **अयमिति तथागतः** । **तपस्वी**ति वराकः ।

§ ३ अथ

"धूमाधीर्वह्निविज्ञानं धूमज्ञानमधीस्तयोः ।
प्रत्यक्षानुपलम्भाभ्यामिति पञ्चभिरन्वयः" ॥१॥

निर्णेष्यते । अनुपलम्भोऽपि प्रत्यक्षविशेष एवेति प्रत्यक्षमेव व्याप्तितात्पर्यपर्यालोचनचातुर्यवर्यम्, किं तर्कोपक्रमेणेति चेत् । ननु प्रत्यक्षं तावन्नियतधूमाग्निगोचरतया प्राक् प्रावृतत् । तद्यदि व्याप्तिरपि तावन्मात्रे एव स्यात्तदाऽनुमानमपि तत्रैव प्रवर्त्तेतेति कुतस्त्यं धूमान्महीधरकन्धराऽधिकरणाशुशुक्षणिलक्षणम् ?

§ ४ तद्बलाद् बभूवान् विकल्पः सार्वत्रिकीं व्याप्तिं पर्याप्नोति निर्णेतुमिति चेत् । को नामैवं नामंस्त, तर्कविकल्पस्योपलम्भानुपलम्भसम्भवत्वेन स्वीकारात् । किन्तु व्याप्तिप्रतिपत्तावयमेव प्रमाणं कक्षीकरणीयः । अथ तथाप्रवर्त्तमानोऽयं प्राक्प्रवृत्तप्रत्यक्षव्यापारमेवाभिमुखयतीति तदेव तत्र प्रमाणम् इति चेत् । तर्हि अनुमानमपि लिङ्गग्राहिप्रत्यक्षस्यैव व्यापारमामुखयतीति तदेव वैश्वानरवेदने प्रमाणम्, नानुमानम् इति किं न

१ °मात्रैव मु ।

स्यात् ? अथ कथमेवं वक्तुं शक्यम् ? लिङ्गप्रत्यक्षं हि लिङ्गगोचरमेव, अनुमानं तु साध्यगोचरम् इति कथं तत् तद्व्यापारमामुखयेत् ? तर्हि प्रत्यक्षं पुरोवर्त्तिस्वलक्षणेक्षणक्षुण्णमेव, तर्कविकल्पस्तु साध्यसाधनसामान्यावमर्षमनीषीति कथं सोऽपि तद्व्यापारमुद्दीपयेत् !

§3 બૌદ્ધ—કાર્યકારણની અન્વયવ્યાપ્તિનું જ્ઞાન ઉપલંભ-પ્રત્યક્ષ અને અનુપલંભના પંચકથી થાય છે, તે આ પ્રમાણે-(૧) પહેલાં ધૂમનો અનુપલમ્ભ. એટલે અગ્નિ અને ધૂમ બન્નેથી રહિત છતાં દૃશ્ય ભૂતલાદિ પદાર્થમાં ધૂમાભાવનું જ્ઞાન. ત્યાર બાદ ક્રમે (૨) વહ્નિવિજ્ઞાન અગ્નિનો ઉપલમ્ભ, (૩) ધૂમજ્ઞાન-ધૂમનો ઉપલમ્ભ. (૪) અગ્નિનો અનુપલમ્ભ (૫ અને ધૂમનો અનુપલમ્ભ

અહીં અનુપલમ્ભ પણ પ્રત્યક્ષવિશેષ (પ્રત્યક્ષના ભેદરૂપ) જ છે, માટે પ્રત્યક્ષ જ વ્યાપ્તિજ્ઞાનના રહસ્યને વિચારવા સમર્થ છે. તો પછી તર્કને સ્વીકારવાનું શું પ્રયોજન છે ? અર્થાત્ આ રીતે પ્રત્યક્ષથી જ વ્યાપ્તિજ્ઞાન થઈ જાય છે, તો વ્યપ્તિજ્ઞાનમાં તર્કની કોઈ જાતની ઉપયોગિતા નથી

જૈન—પ્રત્યક્ષ પ્રમાણ તો નિયત ધૂમાગ્નિવિષયમાં પ્રવૃત્ત થયેલું છે અને જો વ્યાપ્તિ પણ એટલાની જ હોય-અર્થાત્ નિયત ધૂમ અને અગ્નિની જ હોય તો અનુમાન પણ ત્યાં જ એટલે કે નિયત ધૂમ-અગ્નિમાં જ થશે. તો પછી પર્વતની કંદરામાં રહેલ અગ્નિનું જ્ઞાન ધૂમથી કઈ રીતે થઈ શકશે ?

§4 બૌદ્ધ—નિયતવિષયક પ્રત્યક્ષના બળથી ઉત્પન્ન થયેલ વિકલ્પ જ સર્વદેશકાલની વ્યાપ્તિનો નિર્ણય કરવાને સમર્થ છે.

જૈન—એવું કોણ નથી માનતું ? અર્થાત્ અમારું કથન પણ એ જ છે. એટલેકે-અમોએ પણ ઉપલમ્ભ (પ્રત્યક્ષ) અને અનુપલમ્ભ(પ્રત્યક્ષવિશેષ થી ઉત્પન્ન થનાર તર્કરૂપ વિકલ્પ માનેલ છે. પણ સાથે સાથે અમારું એટલું જ કહેવું છે કે-વ્યાપ્તિજ્ઞાનમાં તો તે તર્કરૂપ વિકલ્પને જ પ્રમાણરૂપ માનવો જોઈએ.

બૌદ્ધ—પ્રત્યક્ષથી ઉત્પન્ન થએલ તર્કરૂપ વિકલ્પ પૂર્વે થઈ ગયેલ પ્રત્યક્ષના વ્યાપારને જ અભિમુખ કરે છે-માટે પ્રત્યક્ષને જ વ્યાપ્તિજ્ઞાનમાં પ્રમાણ રૂપ માનવું જોઈએ, પણ તર્કરૂપ વિકલ્પને નહિ.

જૈન—જો એમ હોય તો અનુમાન પણ લિંગ-હેતુગ્રાહી પ્રત્યક્ષના વ્યાપારને જ અભિમુખ કરતું હોવાથી ત્યાં-વહ્નિવિજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ જ પ્રમાણ બનશે પરંતુ અનુમાન નહિ થાય, એવું કેમ ન કહી શકાય ?

બૌદ્ધ—એમ કેમ કહેવાય ? કારણકે-લિંગગ્રાહી પ્રત્યક્ષ તો લિંગવિષયક જ હોય છે, અને અનુમાન તો સાધ્યવિષયક હોય છે, માટે અનુમાન લિંગગ્રાહી પ્રત્યક્ષના વ્યાપારને અભિમુખ કઈ રીતે કરી શકે ?

જૈન—તો પછી પ્રત્યક્ષ પણ સન્મુખ રહેલ પોતાના વિષયને જ જાણવામાં સમર્થ છે, અને તર્કરૂપ વિકલ્પ તો-સાધ્યસાધનસામાન્યના-(સમસ્ત સાધ્ય

સાધનના) જ્ઞાનમાં સમર્થ છે, માટે તે પણ પ્રત્યક્ષના વ્યાપારને કેમ ઉદ્દીપન (અભિમુખ) કરી શકે ?

(प०) अथ "धूमेत्यादि परवाक्यम् । **प्रत्यक्षविशेष** एवेत्यग्रे हेतोरिति शेषः । **नन्विति** सूरिः । **नियतधूमाग्निगोचरतयेति** महानसादिनियतदेशस्थितौ धूमाग्नी गोचरो यस्य स तथा तस्य भावस्तत्ता, तथा । **तावन्मात्रे** एवेति नियतधूमाग्निगोचरे एव । **तत्रैवेति** नियतदेशे एव । **कुतस्त्यमित्यादौ लक्षणमिति** ज्ञानम्, तत्र प्रत्यक्ष(क्षा)प्रवृत्तेरित्याशयः ।

तद्बलादिति प्रत्यक्षबलात् । **निर्णेतुमिति** काल्पनिकत्वाद्विकल्पस्य । **को नामैवमि**-त्यादि सूरिवाक्यम् । **अयमेवेति** तर्क एव । **तथेति** उपलम्भानुपलम्भसम्भवत्त्वेन । **तदेवेति** प्रत्यक्षम् । **तत्रेति** व्याप्तिप्रतिपत्तौ । **तर्हीत्यादिनाचार्यः** प्रसङ्गमुत्पादयति । **तदेवेति** लिङ्गग्राहि-प्रत्यक्षम् । **अथ कथमित्यादि** परवाक्यम् । **तदिति** अनुमानम् । **तद्व्यापारमिति** लिङ्गप्रत्यक्षस्य व्यापारम् । **तर्हीत्यादि** सूरिः । **सोऽपीति** तर्कः । **तद्व्यापारमिति** प्रत्यक्षव्यापारम् ।

(टि०) **अथ "धूमाधीरित्यादि** ॥ द्वौ उपलम्भौ, त्रयश्चानुपलम्भाः । उपलम्भः प्रत्यक्षमि-त्येकोर्थः । प्रत्यक्षं द्विभेदं वह्निविज्ञानधूमज्ञान-लक्षणम् । अनुपलम्भस्त्रिभेदः । तथा च पूर्वं **धूमाधीः** धूमेऽबुद्धिर्धूमादर्शनादेव । **तयोरिति** वह्निविज्ञानधूमज्ञानयोः **अधीरनुपलब्धिरज्ञानमित्यर्थः** । प्रत्यक्षं चानुपलम्भश्च प्रत्यक्षानुपलम्भौ ताभ्याम् ॥ **ननु प्रत्यक्षमित्यादि** । * कार्यहेतौ तावद् व्याप्तेः प्रतिपत्तिः प्रत्यक्षानुपलम्भपञ्चकाज्जायते । अग्निधूमव्यतिरिक्तेषु हि परिदृश्यमानेष्वपि भूतलादिषु प्रथमं धूमस्यानुपलम्भ एकः । तदनन्तरमग्नेरुपलम्भः, ततो धूमस्येत्युपलम्भद्वयम् । पश्चादग्नेरनुपलम्भोऽनन्तरं धूमस्यानुपलम्भ इति द्वावनुपलम्भौ । अनुपलम्भोपि प्रत्यक्षविशेष एव लक्षयितव्यः । इत्थं प्रत्यक्षानुपलम्भपञ्चकेनैकस्यामपि व्यक्तौ कारणभावावगमो भवति 'अग्नेः कार्यं धूमः' इति । यश्च यत्कार्यः स तेन नियतः । यदि तेन नियतो न स्यात् तदा तन्निर-पेक्षत्वात् नित्यं सत्त्वमसत्त्वं वा तस्य स्यात् । ततश्चायमर्थः संपन्नः-यो यस्मादुत्पन्नः सकृद-प्युपलब्धः स तस्मादेव नान्यस्मादिति प्रत्यक्षानुपलम्भपञ्चकात्कार्यहेतौ सार्वत्रिकाऽविनाभावप्रती-तिरुपजायते इति **धूमाधीरित्यादेर्व्याख्या स्याद्वादरत्नाकरे*** । **तावन्मात्रे** इति नियतधूमा-ग्निगोचर एव । **तत्रैवेति** नियतधूमाग्निगोचर एव । **तद्बलादिति** प्रत्यक्षबलात् । **बभूवानिति** संजात उत्पन्नः । **सार्वत्रिकीमिति** सर्वत्रभवां प्रत्यक्षाद्विकल्पो जायते विकल्पेन सार्वत्रिकी-व्याप्तिर्निर्णीयते । **तर्कविकल्पस्येति** तर्करूपो विकल्पस्तर्कविकल्पस्तस्य । **अयमेवेति** तर्कविकल्प एव । **अथ तथेत्यादि** ॥ **अयमिति** तर्कविकल्पः । **तदेवेति** प्रत्यक्षम् । **तत्रेति** व्याप्तिप्रति-पत्तौ । **तदेवेति** लिङ्गग्राहिप्रत्यक्षम् । **कथं तदिति** अनुमानम् । **तद्व्यापारेति** लिङ्गग्राहिप्रत्यक्ष-व्यापारम् । **सोऽपीति** तर्कविकल्पः । **तद्व्यापारमिति** प्रत्यक्षव्यापारम् ।

§ ५ अथ सामान्यममान्यमेव, असत्त्वादिति कथं तत्र प्रवर्तमानस्तर्कः प्रमाणं स्याद् इति चेत् । अनुमानमपि कथं स्यात् ? तस्यापि सामान्यगोचरत्वाव्यभिचा-रात् "अन्यत् सामान्यलक्षणं सोऽनुमानस्य विषयः" [न्यायबिन्दु १. १६, १७] इति धर्मकीर्त्तिना कीर्त्तनात् ।

---

* एतच्चिह्नान्तर्गतोंऽशो नास्ति डे३प्रतौ ।

§ ६ तत्त्वतोऽप्रमाणमेवैतद्, व्यवहारेणैवास्य प्रामाण्यात्, "सर्व एवायमनुमानानुमेयव्यवहारो बुद्धयारूढेन धर्मधर्मिन्यायेन" इति वचनादिति चेत् । तर्कोऽपि तथाऽस्तु । अथ नायं व्यवहारेणापि प्रमाणम्, सर्वथा वस्तुसंस्पर्शपराङ्मुखत्वात् इति चेत् । अनुमानमपि तथाऽस्तु । अवस्तुनिर्भासमपि परम्परया पदार्थप्रतिन्बधात्[1] प्रमाणमनुमानमिति चेत्, किं न तर्कोऽपि । अवस्तुत्वं च सामान्यस्याद्यापि केसरिकिशोरवक्त्रक्रोडदंष्ट्राङ्कुराकर्षायमाणमस्ति । सदृशपरिणामरूपस्यास्य प्रत्यक्षादिपरिच्छेद्यत्वात् इति तत्त्वत एवानुमानम्, तर्कश्च प्रमाणम् प्रत्यक्षवदिति पाषाणरेखा ॥७॥

§५ બૌદ્ધ—સામાન્ય તો અસત્ છે. માટે તે અમોને માન્ય નથી. તો સામાન્યમાં પ્રવર્તમાન તર્ક કઈ રીતે પ્રમાણરૂપ હોઈ શકે?

જૈન—તો પછી અનુમાન પણ કઈ રીતે પ્રમાણરૂપ થઈ શકશે? કારણકે-અનુમાન પણ સામાન્યને જ વિષય કરે છે, કારણકે- ધર્મકીર્તિએ કહ્યું છે કે- "સ્વલક્ષણથી ભિન્ન છે, તે સામાન્ય છે, અને તે અનુમાનનો વિષય છે."

§૬ બૌદ્ધ – તે બરાબર છે, પણ અનુમાન તાત્ત્વિક રીતે તો અપ્રમાણ જ છે. માત્ર વ્યવહારથી જ તેનું પ્રામાણ્ય છે. કારણકે-કહ્યું છે કે-"અનુમાન અને અનુમેયરૂપ આ સઘળો વ્યવહાર બુદ્ધિમાં આરૂઢ ધર્મ-ધર્મિના ન્યાયથી છે, પરંતુ વાસ્તવિક નથી."

જૈન—તો પછી તર્ક પણ એ જ રીતે વ્યવહારથી પ્રમાણ થાય.

બૌદ્ધ—તર્ક તો વ્યવહારથી પણ પ્રમાણ નથી. કારણકે તે વસ્તુની સાથે સર્વથા સંબંધ રહિત છે.

જૈન—અનુમાન પણ વસ્તુ સાથે સંબંધ રહિત હોવાથી તે પણ વ્યવહારથી પ્રમાણ નહિ થાય.

બૌદ્ધ—જો કે અનુમાન અવસ્તુરૂપ સામાન્યનું બોધક છે, તો પણ તેનો પરંપરાએ વસ્તુ સાથે સંબંધ હોવાથી તે પ્રમાણરૂપ છે.

જૈન—તે જ રીતે તર્ક પણ પ્રમાણરૂપ કેમ નહિ થાય? વળી, સામાન્યમાં અવસ્તુતા સિદ્ધ કરવી એ તો કેસરી સિંહના બચ્ચાના મુખમાંથી દાઢો ખેંચવા જેવું છે. અર્થાત્ કેસરીસિંહના બચ્ચાની દાઢો કાઢવી એ સરલ નથી તેમ સામાન્યમાં અવસ્તુત્વની સિદ્ધિ કરવી સરલ નથી. કારણકે સદૃશ પરિણામરૂપ સામાન્ય પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ છે. માટે પ્રત્યક્ષની જેમ અનુમાન અને તર્ક એ બન્ને તાત્ત્વિક પ્રમાણરૂપ છે. આ પાષાણમાં કોરેલી રેખા છે. અર્થાત્ કોઇ પણ તેનું ખંડન કરવા સમર્થ નથી. ૭.

(पं०) अथेत्यादि परः। तत्रेति सामान्ये। अन्यदिति स्वलक्षणादपरम्। कीर्त्तनादिति न्यायबिन्दौ तर्कशास्त्रे।

---

१ पदार्थे मु पु १

तत्त्वत इत्यादि परवाक्यम् । **अस्येति** अनुमानस्य । **अथ ने**त्यादि परवाक्यम् । **अय**मिति तर्कः । **वस्त्विति** स्वलक्षणस्याख्या । **अनुमान**मित्यादि सूरिः । **अवस्त्वि**त्यादि परः । **पदार्थप्रतिबन्धा**दिति स्वलक्षणपर्यवसानात् । **अनुमान**मिति भवद्बुध्या । **तर्कश्च प्रमाण**मिति अस्मद्बुध्या ।७॥

टि०) **तत्रे**ति सामान्ये । **तस्यापी**ति अनुमानस्यापि । **अन्यदि**ति वस्तु द्विधा स्वलक्षणलक्षणं[1] सामान्यलक्षणं च । तत्र स्वलक्षणलक्षणं वस्तु प्रत्यक्षविषयः । अन्यत् सामान्यलक्षणमनुमानस्य विषयः । **एतदि**ति अनुमानम् । **अस्ये**ति अनुमानस्य । **तथे**ति व्यवहारेण प्रमाणं भवतु । **अथ नाय**मिति तर्कः **तथास्त्वि**ति अप्रमाणं भवतु, सर्वथावस्तुसंस्पर्शपराङ्मुखत्वात् । **अवस्तुनिर्भासमपी**ति सामान्यनिर्भासमपि । **केसरिकिशोरे**ति यदसत्तदसि सामान्यं निर्मूलमुन्मूलयितुमिच्छुस्त्वम्, तत् सिंह(हं) परिभूय तद्वक्त्रदंष्ट्रापकर्षणं चिकीर्षुः । तथा चोक्तम्—

"आस्वादितद्विरदशोणितशोणशोभां
सन्ध्यारुणामिव कलां शशलाञ्छनस्य ।
जृम्भाविदारितमुखस्य मुखात् स्फुरन्तीं
को हर्तुमिच्छति हरेः परिभूय दंष्ट्राम् ॥"

अस्येति सामान्यस्य ॥७॥

अत्रोदाहरन्ति—

यथा यावान् कश्चिद् धूमः स सर्वो वह्नौ सत्येव भवतीति, तस्मिन्नसत्यसौ न भवत्येव ॥ ८ ॥

अत्राद्यमुदाहरणमन्वयव्याप्तौ, द्वितीयं तु व्यतिरेकव्याप्तौ ॥८॥

तर्कनुं उदाहरण–

'जे कोई धूम छे ते सर्व अग्नि होय तो ज होय छे', 'ते न होय तो होतो ज नथी.' ८.

§१. आ सूत्रमां प्रथम दृष्टान्त अन्वयव्याप्तिनुं छे, अने बीजुं दृष्टान्त व्यतिरेक व्याप्तिनुं छे. ८.

अथानुमानस्य लक्षणार्थं तावत् प्रकारौ प्रकाशयन्ति—

अनुमानं द्विप्रकारं स्वार्थं परार्थं च ॥९॥

§ १ नन्वनुमानस्याध्यक्षस्येव सामान्यलक्षणमनाख्यायैव कथमादित एव प्रकारकीर्त्तनमिति चेत् ? उच्यते । परमार्थतः स्वार्थस्यैवानुमानस्य भावात् । स्वार्थमेव ह्यनुमानं कारणे कार्योपचारात् परार्थं कथ्यते । यद्वक्ष्यन्ति तत्रभवन्तः "पक्षहेतुवचनात्मकं परार्थमनुमानमुपचारात्" [३. २३] इति । नहि गोः, उपचरितगोत्वस्य च वाहीकस्यैकं लक्षणमस्ति । यत्पुनः स्वार्थेन तुल्यकक्षतयाऽस्योपादानम्, तद्वादे शास्त्रे चानेनैव व्यवहारात्, लोकेऽपि च प्रायेणास्योपयोगात् तद्वत् प्राधान्यख्यापनार्थम् ।

१ स्वलक्षणं सामा°–दे ।

§ २ तत्र अनु हेतुग्रहणसंबन्धस्मरणयोः पश्चान्मीयते परिच्छिद्यतेऽर्थोऽनेनेत्यनुमानम् । स्वस्मै प्रमातुरात्मने इदम्, स्वस्य वार्थोऽनेनेति स्वार्थम् । स्वावबोधनिबन्धनमित्यर्थः । एवं परार्थमपि ।

અનુમાનના લક્ષણને જણાવવા માટે પ્રથમ તેના બે ભેદનું નિરૂપણ—

અનુમાન બે પ્રકારે છે-સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન. ૯.

§૧ શંકા– પ્રત્યક્ષની જેમ અનુમાનનું સામાન્ય લક્ષણ જણાવ્યા સિવાય પ્રથમથી જ તેના ભેદ કેમ કહ્યા ?

સમાધાન– પરમાર્થથી-વાસ્તવિક રીતે તો સ્વાર્થાનુમાનરૂપ એક જ અનુમાન છે. પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને સ્વાર્થાનુમાનને જ પરાર્થાનુમાન કહેવામાં આવે છે. એ પ્રમાણે સૂત્રકાર પોતે જ '**पक्षहेतुवचनात्मकं परार्थानुमानमुपचारात्**' (૩.૨૩) એ સૂત્રમાં કહેશે. ગૌ (બળદ) અને ઉપચારથી જેને ગૌ કહેવામાં આવે છે એવા વાહીક(મજુર)નું એક જ લક્ષણ હોતું નથી. પણ સૂત્રમાં સ્વાર્થાનુમાનની તુલ્ય કક્ષાએ પરાર્થાનુમાન જે રીતે મૂકવામાં આવેલ છે તેનું કારણ એ છે કે-વાદમાં અને શાસ્ત્રમાં પણ પરાર્થાનુમાનથી જ વ્યવહાર થાય છે, અને લોકમાં પણ પ્રાયઃ પરાર્થાનુમાનનો ઉપયોગ છે, એટલે પરાર્થાનુમાનની પણ સ્વાર્થાનુમાનની જેમ પ્રધાનતા જણાવવી.

§૨. **अनु** એટલે હેતુનું ગ્રહણ અને સંબંધનું સ્મરણ થયા પછી **मीयते**-જેનાથી પદાર્થનું જ્ઞાન થાય તે અનુમાન છે. સ્વ અર્થે જે અનુમાન એટલે કે પ્રમાતાને પોતાને માટે જે અનુમાન અથવા સ્વનો અર્થ જેથી સરે તેવું અનુમાન એટલે કે જેથી સ્વયં પ્રમાતાનું પ્રયોજન સિદ્ધ થાય તેવું અનુમાન તે સ્વાર્થાનુમાન છે. સારાંશ એ છે કે પ્રમાતાના પોતાના જ્ઞાનમાં જે કારણ હોય તે. પરાર્થાનુમાનની વ્યુત્પત્તિ પણ સ્વાર્થાનુમાનની જેમ સમજી લેવી.

(प०) **यद् वक्ष्यन्तीति** इहैव परिच्छेदे । **अनुमानमुपचारादिति** पक्षहेतुवचनस्य जडरूपतया मुख्यतः प्रामाण्यायोगे सत्युपचारादित्युक्तम् । कारणे कार्योपचारात्—प्रतिपाद्यगतं हि यत् ज्ञानं तस्य कारणं पक्षादिवचनम् । कार्ये कारणोपचाराद्वा—प्रतिपादकगतं हि यत् स्वार्थानुमानं तस्य कार्यं पक्षादिवचनमिति मर्म । **न हि गोरित्यादि** । अत्रोपदेशः—यदि हि प्रथममनुमानस्य सामान्यलक्षणं कथ्येत तदा द्वयोरप्यनुमानयोरेकमेव लक्ष्यं स्यात्, अस्ति च पृथक् । **तद्वदिति** स्वार्थानुमानवत् । **तत्रेति** उपप्रदर्शने ।

(टि) **स्वार्थमेवेत्यादि** ॥[1]**कारणे** इति वचनरूपापन्ने । **कार्योपचारादिति** कार्यस्य ज्ञानस्य उपचारात् । **कारणे कार्योपचारात्**—कोऽर्थः ? प्रतिपाद्यगतं यज्ज्ञानं तस्य कारणं पक्षादिवचनम्, कार्ये कारणोपचाराद्वा–प्रतिपादकगतं हि यत् स्वार्थानुमानं तस्य कार्यं पक्षादिवचनमित्यर्थः । **उपचारादिति** पक्षहेतुवचनस्य जडरूपतया मुख्यतः प्रामाण्यायोगे सति उपचा-

१ "**प्रतिबन्धादिति** स्वलक्षणपर्यवसानात् प्रमाणमिति योज्यं तस्यापि तथारूपत्वात् । **परमार्थत** इति । यदि हि अनुमानसामान्यलक्षणं कथ्यते तदा द्वयोरप्यनुमानयोरेकमेव लक्षणं स्यात्, अस्ति च पृथक्" इत्यधिकं देप्रतौ ।

रादित्युक्तम् । **वाहीकस्येति** भारवाहकस्य, भारवाहकत्वाद् 'अयं गौः' इति केनाप्युक्तस्य । **अस्येति** परार्थस्यानुमानस्य । **अनेनेति** वचनरूपापन्नेन परार्थेन । [1]**अस्यैवेति** परार्थस्यैव ॥ **तद्वदिति** स्वार्थानुमानवत् ॥

§ ३ अत्र चार्वाकश्चर्चयति–नानुमानं प्रमाणम्, गौणत्वात् । गौणं ह्यनुमानम्, उपचरितपक्षादिलक्षणत्वात् । तथाहि–

"ज्ञातव्ये पक्षधर्मत्वे पक्षो धर्म्यभिधीयते ।
व्याप्तिकाले भवेद्धर्मः साध्यसिद्धौ पुनर्द्वयम्" ॥ १ ॥ इति ।

अगौणं हि प्रमाणं प्रसिद्धम्, प्रत्यक्षवदिति ।

§ ४ तत्रायं वराकश्चार्वाकः स्वारूढां शाखां खण्डयन्नियतं भौतमनुकरोति । गौणत्वादिति हि साधनमभिदधानो ध्रुवं स्वीकृतवानेवायमनुमानं प्रमाणमिति कथं[2] तदेव दलयेत् ? न च पक्षधर्मत्वं हेतुलक्षणमाचक्ष्महे येन तत्सिद्धये साध्यधर्मविशिष्टे धर्मिणि प्रसिद्धमपि पक्षत्वं धर्मिण्युपचरेम, अन्यथाऽनुपपत्त्येकलक्षणत्वाद्धेतोः । नापि व्याप्तिं पक्षेणैव ब्रूमहे, येन तत्सिद्धये धर्मे तदारोपयेमहि । साध्यधर्मेणैव तदभिधानात् ।

§૩. ચાર્વાક—અનુમાન પ્રમાણરૂપ નથી, કારણ કે તે ગૌણ છે. અનુમાન ગૌણ જ છે, કારણ કે તેના પક્ષાદિ ઔપચારિક છે. તે આ પ્રમાણે–હેતુની પક્ષધર્મતા જાણવી હોય ત્યારે ધર્મીને પક્ષ કહેવામાં આવે છે, અર્થાત્ હેતુનું લક્ષણ છે કે તે પક્ષનો ધર્મ હોવો જોઈએ. આ પ્રસંગે પક્ષ શબ્દથી ધર્મી સમજવાનો છે. પણ વ્યાપ્તિ પ્રસંગમાં પક્ષ એટલે ધર્મ છે. અર્થાત્ જ્યારે વ્યાપ્તિનું ગ્રહણ કરવાનું હોય છે, ત્યારે પક્ષ શબ્દનો અર્થ ધર્મ છે. જેમકે જ્યાં જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે એવી વ્યાપ્તિ આપણે કરીએ છીએ ત્યારે પર્વતરૂપ ધર્મીનો અગ્નિરૂપ ધર્મ પક્ષ મનાય છે પણ પર્વતરૂપ ધર્મી નહિ અને વળી સાધ્યસિદ્ધિમાં તો ધર્મ અને ધર્મી બન્ને પક્ષ શબ્દના વાચ્ય બને છે. અર્થાત્ ધૂમ હેતુથી માત્ર વહ્નિ નહિ પણ પર્વત અને વહ્નિનો સમુદાય સિદ્ધ થાય છે. આ પ્રકારે પક્ષ શબ્દનો ત્રણેય પ્રસંગે જુદો જુદો અર્થ થાય છે. તેથી અનુમાન ગૌણ પ્રમાણરૂપે સિદ્ધ થાય છે, અને પ્રમાણ તો પ્રત્યક્ષની જેમ અગૌણ જ હોવું જોઈએ.

§૪ જૈન—આ ગરીબ બિચારો ચાર્વાક જે ડાળ ઉપર બેઠો છે તે જ ડાળને કાપનાર ભૂત(જડ)નું જ અનુકરણ કરી રહ્યો છે. કારણ કે–'તે ગૌણ છે' એવા હેતુનું કથન કરીને તેણે અનુમાનને પ્રમાણરૂપે અવશ્ય સ્વીકાર્યું જ છે. તો તેનું ખંડન કઈ રીતે કરી શકે ? વળી, હેતુ પક્ષનો ધર્મ હોવો જોઈએ એવું અમે માનતા પણ નથી. અમારે મતે સાધ્યધર્મથી યુક્ત ધર્મી જ પક્ષ તરીકે પ્રસિદ્ધ છે તેથી હેતુને પક્ષનો ધર્મ સિદ્ધ કરવા માટે કેવળ ધર્મીને ઉપચારથી પક્ષ કહેવો

१ **अस्य**–इति स्थाने टिप्पणकारेण **अस्यैव** इति संमतः पाठः । २ कथमेतदेव **मु पु** ।

પડતો નથી કારણ કે અમારે મતે તો હેતુનું લક્ષણ એકમાત્ર અન્યથાનુપપત્તિ છે. તેમ જ વ્યાપ્તિનો સંબંધ પણ અમે પક્ષ સાથે કરતા નથી, આથી વ્યાપ્તિની સિદ્ધિ માટે અમારે ધર્મને પક્ષ કહેવો પડતો નથી. અમે તો હેતુની વ્યાપ્તિનો સંબંધ સાધ્યધર્મ સાથે કહીએ છીએ.

(प०) **उपचरितपक्षादिलक्षणत्वादि**ति उपकल्पितपक्षादिलक्षणत्वात् ।

पक्षधर्मत्वे इति हेतोः सत्के । **धर्मी**ति पर्वतादिः । **धर्म** इति वह्निमत्त्वादिः । इहापि चेत् साध्यधर्मविशिष्टो धर्मी पक्ष उच्येत तदा यत्र यत्र धूमस्तत्र तत्र चित्रभानोरिव धरित्रीधरस्याप्यनुवृत्तिः प्राप्नुयादिति गर्भार्थः । **साध्यसिद्धौ पुनर्द्वयमि**ति साध्यसिद्धौ पञ्चावयवप्रयोगावसरे पुनर्द्वयम् । कोऽर्थः ? साध्यधर्मविशिष्टो धर्मी पक्ष उच्यते ।

भौतमिति भूताविष्टम् । **तदेवे**ति अनुमानमेव । **उपचरेमे**त्यतः पुरो वाक्यारम्भे अस्मन्मते इति गम्यम् । **पक्षेणैवे**ति मुकुलितेनैव । **येने**ति कारणेन । **तत्सिद्धये** इति व्याप्तिसिद्धये । **धर्मे** इति वह्निमत्त्वादौ । **तदि**ति पक्षत्वम् । **आरोपयेमही**त्यस्य पुरः किन्त्विति शेषः । **तदभिधानादि**ति व्याप्त्यभिधानादस्माकम् ।

ज्ञातव्ये इत्यादि । **हेतुलक्षणे** निश्चेतव्ये धर्मिमात्रे समुदायोपचारात् पक्षशब्दो वर्त्तते, मुख्यपक्षैकदेशत्वं चात्र समुदायोपचारनिमित्तमिति । न च साध्यधर्मिणोऽन्यत्र न पक्षत्वप्रसंगः । तथा व्याप्तिग्रहणकाले धर्म्मी पक्षो न भवति । यतो दृष्टान्ते धर्मिणाऽव्याप्तौ हेतुर्न सिद्धः, अत एव धर्म्मधर्म्मिसमुदायोऽपि व्याप्तिग्रहणकाले न पक्षो धर्म्ममात्रं तु युक्तम् । धर्मेणैव दृष्टान्ते हेतुर्व्याप्तो यतः । साध्यप्रतीतिकालेऽपि धर्म्ममात्रं न पक्षोपि तु समुदायः, निराधारस्य धर्म्मस्याऽसिद्धेः । नापि धर्मिमात्रं पक्षो धर्मिणः पक्षत्वेन पक्षधर्मग्रहणकाल एव सिद्धत्वात् । ततः साध्यप्रतीतिकाले धर्मधर्मिसमुदाय एव पक्षो युक्तः ।

(टि०) **येन तत्सिद्धये** इत्यादि ॥ **तत्सिद्धये** इति पक्षधर्मत्वसिद्धये । **धर्मिणी**ति केवल एव न साध्यधर्मविशिष्टे । **तत्सिद्धये** इति व्याप्तिसिद्धये । **तदि**ति पक्षत्वम् । **तदभिधाना**दिति व्याप्त्यभिधानात् ।

§ ५ नन्वानुमानिकप्रतीतौ धर्मविशिष्टो धर्मी, व्याप्तौ तु धर्मः साध्यमित्यभिधास्यत इत्येकत्र गौणमेव साध्यत्वमिति चेत् । मैवम् । उभयत्र मुख्यतल्लक्षणभावेन साध्यत्वस्य मुख्यत्वात् । तत्किमिह द्वयं साधनीयम् ? सत्यम् । नहि व्याप्तिरपि परस्य प्रतीता, ततस्तत्प्रतिपादनेन धर्मविशिष्टं धर्मिणमयं प्रत्यायनीय इत्यसिद्धं गौणत्वम् । अथ नोपादीयत एव तत्सिद्धौ कोऽपि हेतुस्तर्हि कथं अप्रमाणिका प्रामाणिकस्येष्टसिद्धिः स्यादिति नानुमानप्रामाण्यप्रतिषेधः साधीयस्तां दधाति ।

"नानुमानं प्रमेत्यत्र हेतुः स चेत्
क्वानुमामानताबाधनं स्यात् तदा ।
नानुमानं प्रमेत्यत्र हेतुर्न चेत्
क्वानुमामानताबाधनं स्यात्तदा ॥१॥" इति संग्रहश्लोकः

§૫ ચાર્વાક—આનુમાનિક પ્રતીતિમાં ધર્મવિશિષ્ટ ધર્મી સાધ્ય છે અને વ્યાપ્તિમાં ધર્મ સાધ્ય છે એમ (સૂત્ર ૩. ૨૦, ૧૮) સૂત્રકાર પોતે જ કહેશે, એટલે ઉક્ત બન્નેમાંથી એક સ્થળે તો 'સાધ્યત્વ' ને ગૌણ માનવું જ પડશે

જૈન—એમ ન કહો કારણકે—ઉપરોક્ત બન્ને સ્થળે સાધ્યતારૂપ મુખ્ય લક્ષણ એક જ હોવાથી તે બન્ને મુખ્ય જ છે.

ચાર્વાક—તો શું અહીં વ્યાપ્તિ અને સાધ્યધર્મી એ બન્ને સાધનીય છે?

જૈન—હા, એમ જ છે પરંતુ વ્યાપ્તિ પણ પ્રસિદ્ધ નથી તેથી તેનું પ્રતિપાદન કરીને પછી ધર્મયુક્ત ધર્મી એને બતાવવો જોઈએ. માટે 'ગૌણત્વ' હેતુ અસિદ્ધ છે.

ચાર્વાક—અનુમાનના પ્રામાણ્યની સિદ્ધિ માટે અમે કોઈ પણ હેતુ નહિ સ્વીકારીએ.

જૈન—તો પ્રામાણિક પુરુષને પ્રમાણ વિના ઇષ્ટસિદ્ધિ કઈ રીતે થશે? આ પ્રકારે અનુમાનના પ્રામાણ્યનો નિષેધ સિદ્ધ થઈ શકતો નથી. "અનુમાન પ્રમાણરૂપ નથી એ સિદ્ધ કરવાને 'ગૌણત્વ' હેતુ કહો તો અનુમાનનો બાધ કઈ રીતે થઈ શકશે? અને જો અનુમાન પ્રમાણરૂપ નથી એ સિદ્ધ કરવાને કોઈ હેતુ જ ન હોય તો પણ અનુમાનનો બાધ કઈ રીતે થઈ શકશે?"

(प०) **नन्वानुमानिके**त्यादि परवाक्यम्। **अभिधास्यत** इति भवद्भिरेव। **तत् किमिह द्वयमि**ति धर्मो धर्मी च। **प्रामाणिकस्ये**ति भवतः।

हेतुरिति गौणत्वम्। **क्वानुमानतावाधनं स्यात्**। **तदे**ति गौणत्वहेतोरङ्गीकारात्।

(टि०) **एकत्रे**ति व्याप्तौ साध्यत्वं गौणमेवेति संबन्धः। **उभयत्रे**ति आनुमानिकप्रतीतौ व्याप्तौ च। **तल्लक्षणे**ति अप्रतीतमनीराकृतमभीप्सितं साध्यमिति साध्यलक्षणभावेन। **द्वयमि**ति साध्यं व्याप्तिश्च। **तत्प्रतिपादनेने**ति व्याप्तिप्रतिपादनेन। **अयमि**ति परः शिष्यादिश्चार्वाको वा। **तत्सिद्धावि**ति अनुमानप्रामाण्यसिद्धौ विषयसप्तमी।

§६ कथं वा प्रत्यक्षस्य प्रामाण्यनिर्णयः?। यदि पुनरर्थक्रियासंवादात् तत्र तन्निर्णयस्तर्हि कथं नानुमानप्रामाण्यम्?। प्रत्यपीपदाम[1] च—

"प्रत्यक्षेपि परोक्षलक्षणमतेर्येन प्रमारूपता।
प्रत्यक्षेऽपि कथं भविष्यति मते तस्य प्रमारूपता ॥१॥" इति ॥९॥

§૬ વળી, પ્રત્યક્ષના પ્રામાણ્યનો નિર્ણય પણ કઈ રીતે થશે?

ચાર્વાક—અર્થક્રિયાના સંવાદથી પ્રત્યક્ષમાં પ્રામાણ્યનો નિર્ણય થાય છે.

જૈન— તો તેજ રીતે અનુમાનનું પ્રામાણ્ય પણ કેમ સિદ્ધ નહિ થાય? અમે કહ્યું પણ છે કે-

"જેણે પરોક્ષ-અનુમાનની પ્રમાણતાનું ખંડન કર્યું છે તેને મતે પ્રત્યક્ષમાં પણ પ્રમાણતા કઈ રીતે સિદ્ધ થશે?" ૯

१ °पदामैव-इति पञ्जिकापाठः।

(प०) **कथं** चेत्यादिगद्ये अनुमानप्रामाण्यं विनेति गम्यम्। **तत्रे**ति प्रत्यक्षे **प्रत्यपीप**[1]**दामेवे**ति वयमेव प्रतिपादितवन्तः । **प्रत्यक्षेपी**ति प्रतिक्षिप्ता । **परोपलक्षणमतेरि**ति अनुमानादेः । **येने**ति नास्तिकेन । **प्रत्यक्षेऽपी**त्यादि अनुमानपूर्वकत्वात् प्रत्यक्षस्य ॥९॥

(टि०) **यदि पुनरि**त्यादि । **तत्रे**ति प्रत्यक्षे । **तन्निर्णय** इति प्रामाण्यनिर्णयः ॥ **नानुमाने**ति अनुमानं प्रमाणम्, अर्थक्रियासंवादादिति हेतुः । **प्रत्यपीपदामे**ति वयं स्तुतौ कृतवन्तः काव्यार्द्धमेतत् । **प्रत्यक्षेपी**ति प्रतिक्षिप्ता । **परोक्षे**ति परोक्षरूपस्य ज्ञानस्य । **येने**ति **चार्वाकेण** । **तस्ये**ति **लोकायतस्य** ॥९॥

तत्र स्वार्थं व्यवस्थापयन्ति—

तत्र हेतुग्रहणसंबन्धस्मरणकारणकं साध्यविज्ञानं स्वार्थम् ॥१०॥

§१ हिनोत्यन्तर्भावितणिजर्थत्वाद् गमयति परोक्षमर्थमिति हेतुः, अनन्तरमेव निर्देक्ष्यमाणलक्षणस्तस्य ग्रहणं च प्रमाणेन निर्णयः, संबन्धस्मरणं च यथैव संबन्धो व्याप्तिनामा प्राक् तर्केणाऽतर्कि, तथैव परामर्शस्ते कारणं यस्य तत्तथा । साध्यस्याख्यास्यमानस्य विशिष्टं संशयादिशून्यत्वेन ज्ञानं स्वार्थमनुमानं मन्तव्यम् ॥१०॥

સ્વાર્થાનુમાનનું નિરૂપણ—

હેતુનું જ્ઞાન અને અવિનાભાવ સંબંધનું સ્મરણ એ કારણોથી ઉત્પન્ન થનાર જે સાધ્યનું જ્ઞાન, તે સ્વાર્થાનુમાન છે. ૧૦.

§૧ **હિનોતિ**-આમાં પ્રેરણાર્થક પ્રત્યય 'णिज्' નો અર્થ અન્તર્ગત સમજવાનો છે તેથી જણાવે છે એવો અર્થ થાય છે. એટલે કે પરોક્ષ પદાર્થને જે જણાવે તે હેતુ છે. તેનું લક્ષણ હવે પછી તરત જ કરવામાં આવશે. એ હેતુનું ગ્રહણ એટલે પ્રમાણથી નિર્ણય અને સંબંધનું સ્મરણ-જે પ્રકારે વ્યાપ્તિનામનો સંબંધ પહેલાં તર્ક પ્રમાણથી જાણ્યો હતો તે જ પ્રકારે તેનો પરામર્શ અર્થાત્ હેતુનું ગ્રહણ અને સંબંધનું સ્મરણ તે બે જેનાં કારણો છે તેવું. સાધ્ય, જેનું લક્ષણ આગળ કરવામાં આવશે, તેનું વિશિષ્ટ એટલે સંશયાદિરહિત જ્ઞાન-તે સ્વાર્થાનુમાન છે. ૧૦.

(प०) **तत्रे**ति तत्र तयोर्द्वयोर्मध्ये ।
अतर्कीति कथितः ॥१०॥

हेतुस्वरूपं निरूपयन्ति—

निश्चितान्यथानुपपत्त्येकलक्षणो हेतुः ॥११॥

§१ अन्यथा साध्यं विना, अनुपपत्तिरेव, न मनागप्युपपत्तिः । प्रयत्नानन्तरीयकत्वे साध्ये विपक्षैकदेशवृत्तेरनित्यत्वस्यापि गमकत्वापत्तेः । ततो निश्चिता निर्णीताऽन्यथानुपपत्तिरेवैका लक्षणं यस्य स तादृशो हेतुर्ज्ञेयः । अन्यथाऽनुपपत्तिश्चात्र हेतुप्रक्रमात् साध्यधर्मेणैव सार्धं ग्राह्या । तेन तदितरार्थाऽन्यथाऽनुपपन्नैः प्रत्यक्षादिज्ञानैर्नातिव्याप्तिः ॥११॥

---

1. अत्र मूले 'पदाम च' – इति पाठः ।

तत्रैवेति नित्यत्वे एव। तत्रेति विपक्षे । लक्षणत्रयपञ्चकसद्भावादिति लक्षणत्रयं सौगतमते, लक्षणपञ्चकं यौगमते ॥१२॥

(टि०) त्रीणि पक्षेत्यादि ॥ तेनेति यौगेन। तल्लक्षणत्वेनेति हेतुलक्षणत्वेन। अतद्धर्म इति न पक्षधर्म्मः। शब्देऽनित्ये साध्ये चाक्षुषत्वात्-अयं हेतुः पक्षधर्मो न भवेत्। तत्त इति सपक्षात् शब्दं विहाय श्रावणत्वस्यापरस्य सपक्षस्याभावात्। तत्रैवेति शब्दनित्यत्वे। तत्रेति विपक्षे पयस्वति प्रदेशे। प्रत्यक्षेति नन्वनुमानेन यदि बाधा तदा प्रकरणसमः स्यात्। तद्वदेवेति जलवदेव। ताभ्यामिति प्रत्यक्षागमाभ्याम्। न चायमिति यौगसौगताभिप्रायः। निरपाय इति दुःखरहितो न ॥१२॥

एतदुपपादयन्ति—

तस्य हेत्वाभासस्यापि संभवात् ॥१३॥

§१ अनेन अतिव्याप्तिं प्रागुक्तलक्षणस्याऽऽचख्युः। स श्यामः तत्पुत्रत्वात् प्रेक्ष्यमाणेतरतत्पुत्रवदित्यत्र समग्रतल्लक्षणवीक्षणेऽपि हेतुत्वाभावात्।

§२ अत्र विपक्षे असत्त्वं निश्चितं नास्ति, न हि श्यामत्वासत्त्वे तत्पुत्रत्वेन अवश्यं निवर्तनीयमित्यत्र प्रमाणमस्तीति सौगतः। स एवं निश्चितान्यथानुपपत्तिमेव शब्दान्तरोपदेशेन शठः शरणीकरोतीति सैव भगवती लक्षणत्वेनास्तु।

એનું સમર્થન—

કારણકે તે ત્રિલક્ષણાદિનો હેત્વાભાસમાં પણ સંભવ છે. ૧૩.

§૧ આથી ઉક્ત બૌદ્ધ તથા યૌગ(નૈયાયિક)ના લક્ષણમાં અતિવ્યાપ્તિ જણાવી. તે આ પ્રમાણે—તે શ્યામ છે, તત્પુત્ર હોવાથી. એટલેકે તેનો—મિત્રાનો પુત્ર હોવાથી, જેવા કે તેના બીજા પુત્રો છે. આ હેતુમાં બૌદ્ધ અને નૈયાયિક કથિત લક્ષણો સંપૂર્ણ હોવા છતાં તે હેતુ નથી.

§૨ બૌદ્ધ—ઉક્ત હેતુમાં ત્રિલક્ષણ નથી કારણકે તેનો વિપક્ષમાં અભાવ નિશ્ચિત નથી. તે એટલા માટે કે 'શ્યામત્વ ન હોય તો તત્પુત્રત્વ પણ ન હોય' આ વ્યાપ્તિની સિદ્ધિમાં કોઈ પ્રમાણ નથી આથી તે હેત્વાભાસ જ છે.

જૈન—આ પ્રમાણે કહીને શઠ એવા તમે બીજા શબ્દોથી હેતુના લક્ષણ તરીકે નિશ્ચિતાન્યથાનુપપત્તિનું જ શરણ સ્વીકાર્યું છે. માટે તે જ ભગવતી 'નિશ્ચિતાન્યથાનુપપત્તિ' એક માત્ર હેતુનું લક્ષણ રહો.

(प०) अत्र विपक्षे इत्यादि परः। सौगत इति सौगतो वदति।

(टि०) अनेनातिव्याप्तिमित्यादि ॥ प्रागुक्तेति पूर्वं यौग-ताथागताभ्यां प्रतिपादितस्य हेतोर्लक्षणत्रयस्य लक्षणपञ्चकस्य च। तल्लक्षणेति हेतुलक्षणविलोकनेपि। सैवेति निश्चितान्यथानुपपत्तिः।

§३ यौगस्तु गर्जति–अनौपाधिकस्सम्बन्धो व्याप्तिः। न चायं तत्पुत्रत्वेऽस्ति। शाकाद्याहारपरिणामाद्युपाधिनिबन्धनत्वात्। साधनाऽव्यापकः साध्येन समव्याप्तिकः किलोपाधिरभिधीयते। तथा चात्र शाकाद्याहारपरिणाम इति उपाधिसद्भावात् न तत्पुत्रत्वे

विपक्षासत्त्वसम्भव इति। सोऽपि न निश्चितान्यथानुपपत्तेरतिरिक्तमुक्तवानिति सैवैकाऽस्तु। नहि अनौपाधिकसम्बन्धे सति किञ्चिदवशिष्यते, यदपोहाय शेषलक्षणप्रणयनमक्षूणं स्यात्।

§४ पक्षधर्मत्वाभावे रसवतीधूमोऽपि पर्वते सप्तार्चिषं गमयेत् इत्यभिदधानो बौद्धो न बुद्धिमान्। यतः पक्षधर्मत्व(त्वा)भावेऽपि किं नैष तत्र तं गमयेत्? ननु कौतुकमेतत्। ननु कथं हि नाम पक्षधर्मतापगमे[1] रसवतीधर्मः सन् धूमो महीध्रकन्धराधिकरणं धनञ्जयं ज्ञापयतु इति चेत्। एवं तर्हि जलचन्द्रोऽपि नभश्चन्द्रं मा जिज्ञपत्, जलचन्द्रस्य जलधर्मत्वात्। अथ जलनभश्चन्द्रान्तरालवर्त्तिनस्तावतो देशस्यैकस्य धर्मित्वेन जलचन्द्रस्य तद्धर्मत्वनिश्चयात् कुतो न [2]तज्ज्ञापकत्वमिति चेद्। एवं तर्हि रसवतीपर्वतान्तरालवर्तिवसुन्धराप्रदेशस्य धर्मित्वमस्तु। तथा च महानसधूमस्यापि पर्वतधर्मतानिर्णयात् जलचन्द्रवत् कथं न तत्र तद्गमकत्वं स्यात्?। पक्षधर्मता खलूभयत्राऽपि निमित्तम्। ततो यथाऽसौ स्वसमीपदेशे धूमस्य धूमध्वजं गमयतोऽम्लानतनुरास्ते, तथा व्यवहितदेशेऽपि पर्वतादौ तदवस्थैव। अन्यथा जलचन्द्रेऽपि नासौ स्याद्, देशव्यवधानात्।

§૩ યૌગ—અમારી ગર્જના છે કે ઉપાધિ રહિત જે સંબંધ તે વ્યાપ્તિ કહેવાય છે. અને તે તત્પુત્રત્વ હેતુમાં તો શાકાદિ આહારના પરિણામાદિરૂપ ઉપાધિ લાગેલી છે. સાધન(હેતુ)નો અવ્યાપક અને સાધ્યનો સમવ્યાપ્તિવાળો પદાર્થ ઉપાધિ કહેવાય છે. અહીં પણ શાકાદિ આહારનો પરિણામ આવો જ છે. એટલે ઉપાધિ હોવાથી તત્પુત્રત્વમાં વિપક્ષાસત્ત્વ લક્ષણનો સંભવ નથી. માટે પૂર્વોક્ત હેતુલક્ષણમાં અતિવ્યાપ્તિ નથી.

જૈન—ઉપર મુજબ જોરશોરથી કથન કરીને તમે પણ 'નિશ્ચિતાન્યથાનુપપત્તિ' થી ભિન્ન કોઈ લક્ષણ કહેતા નથી, તો પછી તે જ એક લક્ષણ રહો. કારણ કે-સંબંધને અનૌપાધિક માનવામાં આવે તો એવું કંઈ બાકી નથી રહેતું કે જેના નિરાકરણ માટે અન્ય લક્ષણ કરવું પડે.

§૪ બૌદ્ધ—પક્ષધર્મત્વરૂપ હેતુલક્ષણ જો માનવામાં ન આવે તો એટલે કે હેતુને પક્ષનો ધર્મ માનવામાં ન આવે તો રસોડાનો ધૂમ પણ પર્વતમાં અગ્નિનો બોધક થઈ જશે.

જૈન—તમારું આ કથન તમારી બુદ્ધિમત્તાને સૂચવતું નથી, કારણકે-અમે પૂછીએ છીએ કે-હેતુને પક્ષનો ધર્મ માનવામાં ન આવે તો પણ તે પક્ષમાં વહ્નિનો શા માટે બોધક ન થાય ?

બૌદ્ધ—ખરેખર તમારો આ પ્રશ્ન કૌતુક જેવો છે, કારણકે-રસોડાનો ધૂમ એ પક્ષરૂપ પર્વતનો ધર્મ ન હોવાથી પર્વતમાં કેવી રીતે વહ્નિનો બોધક બને એ તમે જ કહોને ?

---

१ °धर्मतोप° मु। पु१। पु२। २ तद् ज्ञाप° मु।

હેતુનું લક્ષણ –

'નિશ્ચિત એવી અન્યથાનુપપત્તિ' એ એક જ હેતુનું લક્ષણ છે. ૧૧.

§૧ અન્યથા-સાધ્યવિના, અનુપપત્તિ-અઘટના અર્થાત્ સાધ્ય વિના અંશતઃ પણ ઉપપત્તિ ન હોવી જોઈએ. અન્યથા અંશતઃ ઉપપત્તિવાળો વિપક્ષૈકદેશવૃત્તિ 'અનિત્યત્વ' એ હેતુ પ્રયત્નાનન્તરીયકત્વનો સાધક બની જશે. એટલે કે-શબ્દ પ્રયત્નાનન્તરીયક-પ્રયત્નજન્ય છે, કારણ કે-તે અનિત્ય છે. આ હેતુની યદ્યપિ સાધ્યાભાવવાળા આકાશમાં વૃત્તિ નથી છતાં પણ સાધ્યાભાવવાળા વિદ્યદાદિ પદાર્થમાં વૃત્તિ છે જ, અર્થાત્ તે અંશતઃ સાધ્ય વિના ઉપપન્ન છે. પણ હેતુમાં અન્યથાનુપપત્તિ તો સર્વથા હોવી જોઈએ. આ જ વસ્તુને સૂચવવા નિશ્ચિત એવું વિશેષણ આપ્યું છે અને તેથી 'નિશ્ચિતાન્યથાનુપપત્તિ' એ જ માત્ર હેતુનું લક્ષણ સમજવાનું છે. અહીં હેતુનું પ્રકરણ હોવાથી અન્યથાનુપપત્તિ સાધ્ય ધર્મના સંબંધે જ જાણવી. તેથી કરીને સાધ્યધર્મથી ભિન્ન ઘટાદિ પદાર્થ સંબંધી અન્યથાનુપપત્તિવાળાં પ્રત્યક્ષાદિજ્ઞાનમાં હેતુલક્ષણની અતિવ્યાપ્તિ નથી. અર્થાત્ ઘડા વિના ઘટનું પ્રત્યક્ષજ્ઞાન થતું જ નથી. છતાં ઘટનું અસ્તિત્વ પ્રત્યક્ષ-જ્ઞાનને હેતુ બનાવી અનુમાનથી સિદ્ધ કરાતું નથી. કારણ કે તે સાધ્યેતર છે. એટલે કે-પ્રત્યક્ષજ્ઞાન પોતાના વિષય વિના અનુપપન્ન હોઈ અન્યથાનુપપન્ન છે છતાં પોતાના વિષયમાં તે હેતુ ન કહેવાય ૧૧.

(प०) **ततो निश्चितेत्यादिना** तत्त्वमाह । **तदितरार्थान्यथानुपपन्नैरिति** साध्यादितरे येऽर्था घटादयस्तैरित्यादिसमासः । **प्रत्यक्षादिज्ञानैर्नातिव्याप्तिरिति** तेषामपि अन्यथा-नुपपत्तिमात्रेण हेतुत्वं न ॥११॥

(टि०) **प्रयत्नानन्तरीयेत्यादि** ॥ प्रयत्नश्चेतनावतो व्यापारः । **विपक्षैकदेशेति** अप्रय-त्नानन्तरीयमाकाशविद्युदादि । विद्युदादौ वर्ततेऽनित्यत्वं नाकाशादौ । विद्युदादौ अनित्यत्वं विद्यते परं प्रयत्नानन्तरीयकत्वं नास्ति इति अनित्यत्वादिति हेतुरगमकः । यदि मनागपि उपपत्तिर-ङ्गीक्रियते तदा गतिः इति योगः । तदितरो घटादिरर्थः पदार्थसार्थः तत्र निश्चलैः । साध्यादितरे येऽर्था घटादयः, तेषामप्यन्यथानुपपत्तिमात्रेण हेतुत्वं न ॥११॥

एतद्व्यवच्छेद्यं दर्शयन्ति—

न तु त्रिलक्षणकादिः ॥१२॥

§१ त्रीणि पक्षधर्मत्व-सपक्षसत्त्व-विपक्षासत्त्वानि लक्षणानि यस्य सौगतसम्मतस्य हेतोः । आदिशब्दाद् यौगसङ्गीतपञ्चलक्षणकहेत्ववरोधः । तेनाऽबाधितविषयत्वाऽसत्प्रति-पक्षत्वयोरपि तल्लक्षणत्वेन[1] कथनात् । तथाहि—वह्निमत्त्वे साध्ये धूमवत्त्वं पक्षस्य पर्व-तस्य धर्मः, न शब्दे चाक्षुषत्ववदतद्धर्मः । सपक्षे पाकस्थाने सन्, न तु प्राभाकरेण शब्द-नित्यत्वे साध्ये श्रावणत्ववत् ततो व्यावृत्तम् । विपक्षे पयस्वति प्रदेशेऽसन्, न तु तत्रैव साध्ये प्रमेयत्ववत् तत्र वर्तमानम् । अबाधितविषयम्, प्रत्यक्षागमाभ्यां अबाध्यमानसाध्य-त्वाद्, न तु अनुष्णस्तेजोऽवयवी द्रव्यत्वाज्जलवत्, विप्रेण सुरा पेया द्रवत्वात् तद्वदेवेतिवत्

१ °णत्वकथ° मु ।

ताभ्यां बाधितविषयम् । असत्प्रतिपक्षम्—साध्यविपरीतार्थोपस्थापकानुमानरहितम्, न पुनर्नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेरित्यनुमानमिव सत्प्रतिपक्षम्, इति लक्षणत्रयपञ्चकसद्भावाद् गमकम् । तत एतादृक्षलक्षणलक्षितमेवाक्षूणं लिङ्गम्—इति सौगत-यौगयोरभिप्रायः । न चायं निरपायः ॥१२॥

હેતુલક્ષણના વ્યવચ્છેદ્યનું નિરૂપણ—

પરંતુ હેતુ ત્રણ આદિ લક્ષણવાળો નથી. ૧૨.

§૧ પક્ષધર્મત્વ, સપક્ષસત્ત્વ અને વિપક્ષાસત્ત્વ લક્ષણવાળો હેતુ બૌદ્ધો માને છે, અને આદિ શબ્દથી અબાધિતવિષયત્વ તથા અસત્પ્રતિપક્ષત્વ એ બે મળીને પાંચ લક્ષણવાળો હેતુ યૌગો (નૈયાયિકો) માને છે. એ બન્ને હેતુલક્ષણોનો આથી વિરોધ થાય છે. તેઓ આ પ્રમાણે માને છે—

૧ **पक्षधर्मत्व**—'વહ્નિમત્ત્વ' સાધ્ય હોય ત્યારે 'ધૂમત્વ' એ પર્વતરૂપ પક્ષનો ધર્મ છે, પણ શબ્દરૂપ પક્ષમાં ચાક્ષુષત્વની જેમ તે પક્ષનો અધર્મ નથી.

૨. **सपक्षसत्त्व**-ધૂમરૂપ હેતુ પાકશાલારૂપ સપક્ષ (દૃષ્ટાન્ત)માં વિદ્યમાન હોય, પણ પ્રાભાકરે (મીમાંસકે) શબ્દમાં નિત્યત્વ સિદ્ધ કરવાને કહેલ-શ્રાવણત્વ હેતુની જેમ સપક્ષથી વ્યાવૃત્ત-સપક્ષમા અવિદ્યમાન ન હોય અર્થાત્ સપક્ષમાં હેતુનો અભાવ ન હોય.

૩. **विपक्षासत्त्व**-ધૂમરૂપ હેતુનો જલાશયરૂપ વિપક્ષમાં અભાવ હોય પણ અગ્નિને સિદ્ધ કરવાને કહેલ 'પ્રમેયત્વ' હેતુની જેમ વિપક્ષમાં સદ્ભાવ ન હોય.

૪. **अबाधितविषयत्व**—પ્રત્યક્ષ અને આગમ પ્રમાણથી સાધ્ય અબાધિત હોય તો તે હેતુનું અબાધિતવિષયત્વ છે પરંતુ અગ્નિ ઠંડો છે, દ્રવ્ય હોવાથી, જલની જેમ-આમાં સાધ્ય પ્રત્યક્ષથી બાધિત છે અને બ્રાહ્મણે સુરા પીવી જોઈએ. દ્રવ છે માટે, પાણીની જેમ—આમાં સાધ્ય આગમથી બાધિત છે. માટે દ્રવ્યત્વ અને દ્રવત્વ એ બન્ને હેતુ બાધિતવિષય છે. હેતુ તો અબાધિતવિષય હોવો જોઈએ.

૫. **असत्प्रतिपक्षत्व** સાધ્યથી વિપરીત અર્થ-અર્થાત્ સાધ્યાભાવને સિદ્ધ કરનાર અનુમાનથી રહિત હેતુ હોય પરંતુ શબ્દ નિત્ય છે, અનિત્ય ધર્મોનું જ્ઞાન થતું ન હોવાથી. આ અનુમાનની સાથે જ તેનું વિરોધી-શબ્દ અનિત્ય છે, નિત્યધર્મોનું જ્ઞાન થતું ન હોવાથી. આ અનુમાન છે. આ પ્રકારે હેતુ સત્પ્રતિપક્ષ-વિરુદ્ધઅનુમાનવાળો ન હોય.

આ રીતે હેતુ બૌદ્ધના મતે ત્રણ લક્ષણવાળો, અને નૈયાયિકોના મતે પાંચ લક્ષણવાળો હોવાથી હેતુ ગમક છે. માટે આવા લક્ષણોવાળો હેતુ નિર્દોષ છે-આવો સૌગત અને નૈયાયિક, યૌગનો અભિપ્રાય છે. પણ તે નિર્દોષ નથી ૧૨.

(प०) **तल्लक्षणत्वेनेति** हेतुलक्षणत्वेन । **शब्दे** इति शब्देऽनित्ये साध्ये । **अतद्धर्म** इति न शब्दस्य धर्मः । **ततो व्यावृत्तमिति** ततः सपक्षाद्व्यावृत्तम् सपक्षोऽपि नास्तीति भावः ।

જૈન—જો એમ જ હોય, અર્થાત્ હેતુ પક્ષનો ધર્મ હોય તો જ બોધક બને એવો નિયમ હોય તો જલચંદ્ર પણ નભચંદ્રનો જ્ઞાપક નહિ બની શકે. કારણ કે જલચંદ્ર એ જલનો ધર્મ છે, પરંતુ નભનો ધર્મ નથી તેથી પક્ષધર્મતાનો અભાવ ત્યાં પણ છે. એટલે તે ગમક ન બની શકે, પણ બને તો છે. તેથી પક્ષધર્મતા એ હેતુનું આવશ્યક લક્ષણ નથી.

બૌદ્ધ—જલચંદ્ર અને નભચંદ્રનો મધ્યભાગવર્તી સમગ્ર પ્રદેશ એક ધર્મીરૂપ હોવાથી જલચંદ્ર પણ તેનો ધર્મ છે એવો નિશ્ચય છે જ. તો જલચંદ્ર નભચંદ્રનો બોધક કેમ નહિ થાય ?

જૈન—તો તે જ પ્રકારે રસોડા અને પર્વતનો મધ્યભાગવર્ત્તી સમગ્ર પૃથ્વી પ્રદેશ પણ એક ધર્મી થાય અને તે રીતે રસોડાનો ધૂમ પણ પર્વતના ધર્મરૂપે નિશ્ચિત થશે. તો તે રસોડાનો ધૂમ પણ પર્વતમાં અગ્નિનું અનુમાન કેમ નહિ કરાવે ? કારણકે બન્ને સ્થળે (રસોડાના ધૂમમાં અને જલચંદ્રમાં) પક્ષધર્મતારૂપ નિમિત્ત તો છે. અને તે પક્ષધર્મતારૂપ નિમિત્ત, જેમ અગ્નિની સમીપે રહેલ ધૂમ અગ્નિને જણાવે તેમાં તત્પર છે, તેમ વ્યવહિત દેશમાં પણ તે અગ્નિને જણાવે એમાં તત્પર છે જ. અન્યથા જલચંદ્રની પક્ષધર્મતા પણ ગમકતાનું નિમિત્ત નહિ બને. કારણકે-ત્યાં પણ દેશનું વ્યવધાન તો છે જ.

(प०) **अयमिति** सम्बन्धो अनौपाधिकः । **शाकाद्याहारे** इत्यादि गद्ये शाकाद्याहारो गर्भावस्थात्मकः । **साध्येनेति** श्यामत्वेन । **तथा चात्रेति** साधनाव्यापकः साध्येन समव्याप्तिकश्च । **न तत्पुत्रत्वे विपक्षासत्त्वसम्भवः** इति यौगो वक्ति । **सोऽपीति** यौगः ।

पक्षधर्मत्वाभावे इत्यादि सूरिवाक्यम् । **एष** इति रसवतीधूमः । **तत्रेति** पर्वते । **तमिति** सप्तार्चिषं, **गमयेदिति** वक्ष्यमाणयुक्त्या । **ननु कौतुकमित्यादि** परः । **एवं तर्हि** इत्यादि सूरिः । **जलधर्मत्वादिति** नभःस्थितचन्द्रज्ञापनं न युक्तमिति भावः । **अथ जलेत्यादि** **बौद्धः** । **एवं तर्हि रसवतीत्यादि** सूरिः । **तत्रेति** पर्वते । **तद्गमकत्वमिति** वह्निगमकत्वम् । **असाविति** पक्षधर्मता । **स्वसमीपदेशे** महानसादौ । **स्वसमीपदेशेऽम्लानं तनुरास्ते** इति योगः ।

(टि०) **न चायमिति** संवन्धः । **साधनेति** यो यस्तत्पुत्रः स स शाकाद्याहारपरिणामवान् । सर्वत्र उपाधिः साध्यं क्रियते । अग्रे ततो हेतुर्हेतुः क्रियते । यथा च स श्यामः शाकाद्याहारपरिणामे सति तत्पुत्रत्वात् । **सोपीति नैयायिकः** । **सैवैकेति** निश्चितान्यथानुपपत्तिः ।

पक्षधर्म्मत्वेत्यादि ॥ **सप्तार्चिषमिति** अग्निं ज्ञापयेत् । **एष** इति धूमः । **तत्रेति** पर्वते । **तमिति** सप्तार्चिषम् । **तद्धर्मत्वेति** । जलचन्द्रनभश्चन्द्रान्तरालवर्त्तितावत्प्रदेशधर्मत्वनिर्णयात् । **तज्ज्ञापकत्वमिति** नभश्चन्द्रावगमकम् । **तत्रेति** पर्वतनितम्बे । **तद्गमकत्वमिति** वैश्वानरज्ञापकत्वं भवेत् । **उभयत्रापीति** रसवती धूमे जलचन्द्रे च । **असाविति** पक्षधर्म्मता । **तदवस्थैवेति** अम्लानतनुरास्ते केनापि प्रकारेणाऽनिराकृतेत्यर्थः । **अन्यथेति** यदि सा पक्षधर्म्मता व्यवहितदेशत्वान्न स्फुटा प्रतिभासते तदा । **असाविति** पक्षधर्म्मता ।

§५ अथ नेयमेवात्र गमकत्वाङ्गम्, किन्तु कार्यकारणभावोऽपि । कार्यं च किमपि कीदृशम् । तदिह कृपीटजन्मा स्वसमीपप्रदेशमेव धूमकार्यमर्जयितुमधीशानः; नभश्चन्द्रस्तु

व्यवहितदेशमपीति न महानसधूमो महीधरकन्धराकोणचारिणमाशुशुक्षणिं गमयतीति चेत् । नन्वेवं धूमस्तद्देशेनैव पावकेनान्यथानुपपन्नः, नीरचन्द्रमाः पुनरतद्देशेनाऽपि नभश्चन्द्रेण, इत्यन्यथाऽनुपपत्तिनिर्णयमात्रसद्भावादेव साध्यसिद्धेः संभवात् किं नाम जलाकाशमृगाङ्कमण्डलान्तरालादेर्धर्मित्वकल्पनाकदर्थनमात्रनिमित्तेन पक्षधर्मतावर्णनेन ? । यौगस्याप्येवमेव च पक्षधर्मत्वानुपयोगो दर्शनीयः ।

§५ બૌદ્ધ—જલચંદ્રમાં માત્ર પક્ષધર્મતા જ ગમકતાનું કારણ નથી પરંતુ કાર્યકારણભાવ પણ છે. વળી, કાર્ય પણ કોઈક કેવું હોય છે ને કોઈક કેવું હોય છે, તેથી અહીં અગ્નિ સ્વસમીપ પ્રદેશમાં જ ધૂમરૂપ કાર્યને ઉત્પન્ન કરવાને સમર્થ છે, પરંતુ આકાશચંદ્ર તો દૂરદેશવર્તી જલચંદ્રરૂપ કાર્યને ઉત્પન્ન કરવાને સમર્થ છે. આથી રસોડાનો ધૂમ પર્વતના એક ખૂણામાં રહેલ વ્યવહિત અગ્નિનો બોધક બનતો નથી.

જૈન—આ પ્રકારે તો ધૂમ સ્વદેશમાં રહેલ અગ્નિ સાથે અને જલચંદ્ર દૂરદેશવર્તી આકાશચંદ્ર સાથે અનુપપન્ન સંબંધ ધરાવે છે. એટલે કે રસોડામાં અગ્નિ વિના ધૂમ નથી અને જલમાં ચંદ્ર આકાશના ચંદ્ર વિના નથી. આ પ્રકારે 'अन्यथानुपपत्ति'ના નિર્ણય માત્રથી જ સાધ્ય સિદ્ધ થઈ જાય છે. તો જલચંદ્ર અને આકાશચંદ્રના મધ્યવર્તી એક પ્રદેશને ધર્મી તરીકે કલ્પવાના કષ્ટમાં કારણભૂત પક્ષધર્મતાના વર્ણનનું શું પ્રયોજન છે ? અર્થાત્ કંઈ પણ પ્રયોજન નથી. યૌગને પણ આ જ પ્રમાણે હેતુમાં પક્ષધર્મતાનો અનુપયોગ જણાવી દેવો.

(प०) अथ नेयमित्यादि ताथागतः । **स्वसमीपप्रदेशमेवे**ति निकटोऽवस्थानप्रदेशो यस्येति विग्रहः । **अधीशान** इति समर्थः । सोऽपि धूमः स्वसमीपप्रदेशमेव वह्निं गमयितुं समर्थ इति भावः । **व्यवहितदेशमपी**ति तत्र तादृक् कार्यम् । **इती**ति अतः कारणात् । **नन्वेवमि**त्यादि सूरिः । **नभश्चन्द्रेणे**ति नभश्चन्द्रेण सहान्यथानुपपन्नः ।

(टि०) **इयमेवे**ति पक्षधर्मतैव । **अत्रे**ति पावकानुमाने । **तद्देशेने**ति रसवत्यादिदेशस्थेनैव वह्निना । **नीरचन्द्रमा** इति जलचन्द्रः । **अतद्देशेनापी**ति जलप्रदेशव्यतिरिक्तेनापि किंतु गगनप्रतिष्ठेन ।

§६ सपक्षसत्त्वमप्यनौपयिकम्, सत्त्वादेरगमकत्वापत्तेः । यस्तु पक्षाद् बहिष्कृत्य किमपि कुटादिकं दृष्टान्तयति तस्यापूर्वः पाण्डित्यप्रकारः कुटस्यापि पटादिवद् विवादास्पदत्वेन पक्षाद् बहिष्करणाऽनुपपत्तेः । तथा च कथमयं निदर्शनतयोपदर्श्येत ? प्रमाणान्तरात्तत्रैव क्षणिकत्वं प्राक् प्रसाध्य निदर्शनतयोपादानमिति चेद् । ननु तत्रापि कः सपक्षीकरिष्यते ? यदि क्षणिकत्वप्रसाधनपूर्वं पदार्थान्तरमेव, तदा दुर्वारमनवस्थाकदर्थनम् । अन्यथा तु न सपक्षः कश्चित् । यत एव च प्रमाणात् क्षणिकत्वनिष्टङ्कनं कुटे प्रकटयते तत एव पटादिपदार्थान्तरेष्वपि प्रकटयताम्, किमपरप्रमाणोपन्यासालीकप्रागल्भीप्रकाशनेन ? ।

§૬ વાદીઓએ કહેલ 'सपक्षसत्त्व'રૂપ હેતુલક્ષણ પણ કોઈ ઉપાયથી સિદ્ધ થતું નથી. કારણ કે હેતુનું આવું લક્ષણ કરવાથી सत्त्वादि હેતુઓમાં અગમકતાની આપત્તિ આવશે, અર્થાત્ તે હેતુઓ સાધ્યસાધક થઈ શકશે નહિ. વળી જે ઘટાદિ કોઈ પણ પદાર્થને પક્ષમાંથી પૃથક્ કરીને તેને દૃષ્ટાન્ત કહે છે, અર્થાત્ તેમ કરી 'सत्त्वादि'રૂપ હેતુની સપક્ષવૃત્તિની સ્થાપના કરે છે, તેનું પાંડિત્ય તો કોઈ અપૂર્વ છે. કારણ કે પટાદિની જેમ ઘટ પણ વિવાદાસ્પદ હોવાથી પક્ષથી પૃથક્ થઈ શકે તેમ નથી. તો પછી ઘટને દૃષ્ટાન્ત તરીકે કઈ રીતે કહી શકાય ?

બૌદ્ધ—ઘટમાં અન્ય અનુમાન પ્રમાણથી પ્રથમ ક્ષણિકત્વ સિદ્ધ કરીને પછી દૃષ્ટાન્ત તરીકે તેનું ગ્રહણ કરેલ છે.

જૈન—પરંતુ તે અનુમાનમાં પણ કોને સપક્ષ કરશો ? જો બીજા કોઈ પણ પદાર્થમાં ક્ષણિકત્વની સિદ્ધિ કરીને તેને દૃષ્ટાન્ત બનાવશો તો અનવસ્થારૂપ પીડા રોકવી મુશ્કેલ થશે. અન્યથા એટલે કે દૃષ્ટાન્ત વિના જ જો ઘટમાં ક્ષણિકતા સિદ્ધ કરશો તો 'सपक्ष' જેવી કોઈ વસ્તુ જ નહિ રહે. અને વળી જે પ્રમાણથી ઘટમાં ક્ષણિકત્વને સિદ્ધ કરો છો, તે જ પ્રમાણથી પટાદિરૂપ બીજા પદાર્થોમાં પણ ક્ષણિકત્વને સિદ્ધ કરી લો, અને તો પછી એક જ ક્ષણિકતાને સિદ્ધ કરવા માટે જુદા જુદા પ્રમાણનો પ્રયોગ કરી ખોટી બડાઈ હાંકવાથી શું વળશે ?

(प०) **निदर्शनतये**ति दृष्टान्ततया । **तत्रापी**ति कुटादिसाधनेऽपि । **अन्यथा त्वि**ति कुटादिकं न दृष्टान्तयति चेत् । **तत एवे**ति तस्मादेव प्रमाणात् । **किमपरप्रमाणे**ति गद्ये अपरप्रमाणं सत्त्वानुमानम् ।

(टि०) **अनौपयिक**मिति न उपायसाध्यम्-केनाप्युपायेन न सिद्ध्यतीत्यर्थः ॥ **सत्त्वादे**रिति क्षणिकत्वसाधनाय **सौगत**प्रयुक्तस्य हेतोः । सर्वं क्षणिकं सत्त्वादित्यभिदधानेन **तथागतेन** सर्वं जगतीवस्तु पक्षतयोपाददे । अतस्तद्व्यतिरिक्तस्य कस्यापि सपक्षस्याभावात् । **तथा चे**ति विवादास्पदत्वे सति । **अय**मिति कुटादिः । **निदर्शनतये**ति दृष्टान्तत्वेन । **तत्रैवे**ति घटादावेव । घटादावपि क्षणिकत्वं प्रसाध्य सपक्षीकरणादनवस्था । **ननु तत्रापी**ति घटस्य क्षणिकत्वसाधने । **यदि क्षणिकत्वे**ति क्षणिकत्वस्य प्रसाधनं पूर्वं यस्य पदार्थान्तरस्य शकटादेः सम्मतं शकटादावपि क्षणिकत्वं प्रसाध्य सपक्षीकरणादनवस्था । **अन्यथे**ति क्षणिकत्वाऽप्रसाधने । अस्मत्संमतेन सर्वस्य नित्यानित्यस्यैव भावात् सपक्षाभावः । **तत एवे**ति प्रत्यक्षादिप्रमाणत एव ।

§७ यस्तु 'साध्यधर्मवान् सपक्षः' इति सपक्षं लक्षयित्वा पक्षमेव सपक्षमाचक्षीत-'साध्यधर्मवत्तया हि सपक्षत्वम्, साध्यत्वेनेष्टतया तु पक्षत्वम्; न च विरोधः, वास्तवस्य सपक्षत्वस्येच्छाव्यवस्थितेन पक्षत्वेन निराकर्तुमशक्यत्वात्' इति स महात्मा निश्चितं निर्विण्णः, सत्त्वादेः क्षणिकत्वाद्यनुमाने सपक्षसत्त्वावसायवेलायामेव साध्यधर्मस्यावबोधेनानुमानानर्थक्यात् । पक्षो हि साध्यधर्मवत्तया सपक्षश्चेत् निश्चिक्ये, हेतोश्च तत्र सत्त्वम्, तदा किं नाम पश्चाद्धेतुना साधनीयम् ?

§ ८ किञ्च । एवमनेन सपक्षं लक्षयता "साध्यधर्मसामान्येन समानोऽर्थः सपक्षः" इति दिग्नागस्य,

"अनुमेयेऽथ तत्तुल्ये सद्भावो नास्तिताऽसति"

इति धर्मकीर्त्तेश्च वचो निश्चितं वञ्चितमेव स्यात् ।

§ ९ यौगश्च केवलान्वयव्यतिरेकमनुमानमनुमन्यमानः कथं पञ्चलक्षणतां लिङ्गस्य संवाहयेत् ? इति निश्चितान्यथानुपपत्तिरेवैकं लिङ्गलक्षणमक्षूणम् ।

तत्त्वमेतदेव, प्रपञ्चः पुनरयमिति चेत्, तर्हि सौगतेनाबाधितविषयत्वमसत्प्रतिपक्षत्वम्, ज्ञातत्वं च; यौगेन च ज्ञातत्वं लक्षणमाख्यानीयम् । अथ विपक्षान्निश्चितव्यावृत्तिमात्रेणाबाधितविषयत्वमसत्प्रतिपक्षत्वं च, ज्ञापकहेत्वधिकारात् ज्ञातत्वं च लब्धमेवेति चेत्, तर्हि गमकहेत्वधिकारादशेषमपि लब्धमेवेति किं शेषेणापि प्रपञ्चेनेति ॥१३॥

§૭ બૌદ્ધ—સપક્ષનું લક્ષણ આવું કરીએ-જે સાધ્યધર્મવાળો હોય તે સપક્ષ. આ રીતે પક્ષ એ જ સપક્ષ થયો. પરંતુ સાધ્યધર્મ જેમાં હોય તે સપક્ષ, અને એ જ ધર્મને સાધ્યરૂપે સ્વીકારીએ તો તે પક્ષ. આ રીતે સપક્ષ માનવામાં કાંઈ વિરોધ નથી. કારણ કે વસ્તુતઃ તે સપક્ષ છતાં તેને આપણે આપણી ઈચ્છાથી જો પક્ષ કહીએ તો તેથી તેની સપક્ષતાનું નિરાકરણ થઈ જતું નથી.

જૈન—આ પ્રમાણે સપક્ષતાનો ખુલાસો કરનાર આ મહાત્મા ખરેખર નિર્વેદને પામેલ છે. સત્ત્વ હેતુથી ક્ષણિકત્વસાધક અનુમાનમાં જ્યારે સપક્ષસત્ત્વનો નિર્ણય કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે જ સાધ્યધર્મનું જ્ઞાન એટલે કે ક્ષણિકતાની સિદ્ધિ થઈ જ જાય છે, તો પછી અનુમાન કરવું નિરર્થક જ થઈ પડશે. કારણ કે-તમે પક્ષ એ જ સાધ્યધર્મવાળો હોવાથી સપક્ષ છે એવો નિશ્ચય કર્યો છે; અને હેતુનું ત્યાં સત્ત્વ પણ નિશ્ચિત કર્યું છે. તો આ પછી કઈ વસ્તુ બાકી રહી જાય છે, જેની સિદ્ધિ હેતુથી થશે ?

§૮ વળી સપક્ષનું આવું લક્ષણ કરીને 'સાધ્યધર્મસામાન્યને કારણે જે પક્ષ સમાન હોય તે સપક્ષ' દિગ્નાગના આ વચનની તથા 'અનુમેય અને તત્તુલ્યમાં સદ્ભાવ અને વિપક્ષમાં અસદ્ભાવ' એ ધર્મકીર્તિના વચનની વંચના જ કરી છે.

§૯ તે જ રીતે કેવલાન્વયી અને કેવલવ્યતિરેકી અનુમાનને માનનાર યૌગ (નૈયયિક) હેતુમાં પાંચ લક્ષણોનો નિર્વાહ કઈ રીતે કરી શકશે ? માટે 'નિશ્ચિતાન્યથાનુપપત્તિ' એ એક જ હેતુનું નિર્દોષ લક્ષણ છે, એ સિદ્ધ થયું.

શંકા—પરમાર્થથી હેતુનું લક્ષણ તો આ એક જ છે, પરંતુ ત્રણ કે પાંચ લક્ષણ એ તો એનો જ વિસ્તાર છે.

સમાધાન—એમ માનીએ તો-બૌદ્ધે અબાધિતવિષયત્વ, અસત્પ્રતિપક્ષત્વ અને જ્ઞાતત્વ એ ત્રણ તથા નૈયાયિકે જ્ઞાતત્વ લક્ષણનું પણ કથન કરવું જોઈએ.

શંકા—વિપક્ષમાં નિશ્ચયપૂર્વક અભાવ છે એમ કહેવામાત્રથી अबाधितविषयत्व અને असत्प्रतिपक्षत्व, અને એ જ્ઞાપક હોય છે. આ વાતથી ज्ञातत्व પ્રાપ્ત થઈ ગયેલ જ છે.

સમાધાન—જો એમ હોય તો–હેતુ ગમક છે, એટલું કહેવાથી તમારા કહેલાં સઘળાં લક્ષણો પણ પ્રાપ્ત થઈ જાય છે જ, તો ફરીથી એ લક્ષણો કહેવાની શી આવશ્યકતા છે ? અર્થાત્ કંઈ આવશ્યકતા નથી. ૧૩.

(प०) **यस्त्वति** भवत्पक्षीयः। **पक्षमेवे**ति तस्यापि ह्येतदेव लक्षणम्। **आचक्षीते**त्यस्मात् पुरः 'कथयति चेत्थम्' इति गम्यम् । **न च विरोध** इति को भावः ? साध्यधर्मवत्तया सपक्षत्वं साध्यत्वेनेष्टतया पक्षत्वम्। **वास्तवस्ये**ति सहजसिद्धस्य । वास्तवत्वं च साध्यधर्मवत्तया । **इच्छाव्यवस्थितेने**ति साधयितुमिष्टतया। **अशक्यत्वादि**त्यस्य पुरः 'प्रवदति' इत्युचितत्वाद् गम्यम्। **स महात्मे**ति उपहासवचनम्। **सत्त्वादे**रिति पुरः 'कथम्' इति गम्यम् । **साध्यधर्मस्ये**ति क्षणिकत्वस्य । **अवबोधेने**ति पक्षसपक्षयोरैक्यात् सपक्षे यदा साध्यधर्मावबोधो जातस्तदा पक्षेऽपि । **अनुमानानर्थक्यादि**ति सपक्षे सत्त्वं निश्चित्यैव हि हेतुः प्रयोज्यः । अत्र च पक्षसपक्षयोरैक्यं त्वया कृतम् । ततः सपक्षसत्त्वनिश्चये एव साध्यधर्मनिश्चयान्निरर्थकमनुमानमित्यर्थः । एतदेव स्पष्टयति-**पक्षो** हीत्यादिना । **हेतो**रिति सत्त्वात् ।

एवमिति अनया रीत्या । **अनेने**ति पूर्वोक्तवादिना । **सपक्षं लक्षयते**ति पक्ष एवेति ज्ञेयम् । **दिग्नागस्ये**ति न्यायप्रवेशकसूत्रकर्तुः । **तत्तुल्ये** इति सपक्षे । **असती**ति विपक्षे ।

तत्त्वमेतदेवेत्यादिना **यौगसौगतोक्तिः** । **ज्ञातत्वं चे**ति प्रतीतत्वं च । **ज्ञापकहेत्वधिकारादि**ति कारकहेतुस्तु प्रमाणे नोपयुज्यते ॥१३॥

(टि०) **यस्त्वति अर्चटश्चर्चचतुरः** । **विरोध** इति पक्षसपक्षयोः । **वास्तवस्ये**ति मुख्यस्य । **साध्यधर्मस्ये**ति 'पक्ष एव सपक्षः' इत्यङ्गीक्रियमाणे क्षणिकत्वस्य पूर्वमेव सिद्धत्वादन्यथा सपक्ष एव न स्यात् । अतो वैयर्थ्यं प्रागपि पक्षसपक्षसिद्धेः । **पक्षो ही**ति पक्ष एव सपक्षो निश्चितो यदि तत्र पक्षे सत्त्वं च हेतोर्निर्णीतम् ।

एवमिति साध्यधर्म्मवान् सपक्ष इति प्रकारेण ।

अनेनेति दुर्घटार्चटमतानुयायिना धीमतान्तेवासिना । **साध्यधर्मे**ति अनित्यत्वादिना । **दिग्नागस्ये**ति न्यायप्रवेशकसूत्रकारस्य । **अनुमेये** इति पक्षे । **तत्तुल्ये** इति पक्षसमाने सपक्षे इत्यर्थः । **सद्भाव** इति हेतोरिति शेषः । ननु साध्यधर्मवान् सपक्षः । **असती**ति विपक्षे । **निश्चितान्यथे**त्यादि ।

अयमिति पञ्चलक्षणः ।

तर्हि सौगतेनेति बौद्धेन त्रिलक्षणहेत्वङ्गीकारात् । शेषलक्षणत्रयम्-द्वयं नैयायिकप्रतिपन्नं तृतीयं ज्ञातत्वं चाङ्गीकरणीयम्। नैयायिकेन तु पञ्चलक्षणसाधनस्वीकारात्, षष्ठं ज्ञातत्वलक्षणमाश्रयितव्यं षल्लक्षणत्वाद्धेतोः । **अशेषमपी**ति पञ्चलक्षणत्वमपि ॥१३॥

साध्यविज्ञानमित्युक्तमिति साध्यमभिदधति–

अप्रतीतमनिराकृतमभीप्सितं साध्यम् ॥१४॥

§१. अप्रतीतमनिश्चितम्, अनिराकृतं प्रत्यक्षाद्यबाधितम्, अभीप्सितं साध्यत्वेनेष्टम् ॥१४॥

---

१ नेन पक्षं मु।

'સાધ્યવિજ્ઞાન' એમ ૧૦ મા સૂત્રમાં કહેલ છે. માટે સાધ્યલક્ષણનું નિરૂપણ—

અપ્રતીત, અનિરાકૃત અને અભીપ્સિત હોય તે સાધ્ય છે. ૧૪.

§૧. અપ્રતીત એટલે અનિશ્ચિત, અનિરાકૃત એટલે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અબાધિત અને અભીપ્સિત એટલે સાધ્ય તરીકે ઇષ્ટ સમજવું. ૧૪.

अप्रतीतत्वं समर्थयन्ते–

शङ्कितविपरीतानध्यवसितवस्तूनां साध्यताप्रतिपत्त्यर्थमप्रतीतवचनम्॥१५॥

§१. एवंविधमेव हि साध्यम्, अन्यथा साधनवैफल्यात् ॥१५॥

સાધ્યના અપ્રતીત વિશેષણનું સમર્થન—

જેમને વિષે શંકા, વિપર્યય અને અનધ્યવસાય હોય એ સાધ્ય બને છે, તે જણાવવા માટે 'અપ્રતીત' એમ કહેવામાં આવ્યું છે. ૧૫.

§૧ આવા લક્ષણથી યુક્ત જ 'સાધ્ય' હોય છે. અન્યથા હોય તો તેની સિદ્ધિ કરવી એ વ્યર્થ બની જાય છે. ૧૫.

अनिराकृतत्वं सफलयन्ति–

प्रत्यक्षादिविरुद्धस्य साध्यत्वं मा प्रसज्यतामित्यनिराकृतग्रहणम् ॥१६॥

§१. प्रत्यक्षादिविरुद्धस्य धनञ्जयादौ शैत्यादेः ॥१६॥

સાધ્યના અનિરાકૃત વિશેષણની સફલતા—

પ્રત્યક્ષાદિ પ્રમાણથી બાધિત પદાર્થ સાધ્ય થઈ ન જાય, તે માટે 'અનિ-રાકૃત' એ વિશેષણનું ગ્રહણ કરેલ છે. ૧૬.

§૧ અગ્નિ આદિમાં શૈત્ય આદિની સિદ્ધિ કરવી એ પ્રત્યક્ષ આદિ પ્રમા-ણથી વિરુદ્ધ—બાધિત છે. ૧૬

अभीप्सितत्वं व्यञ्जयन्ति–

अनभिमतस्यासाध्यत्वप्रतिपत्तयेऽभीप्सितपदोपादानम् ॥१७॥

§१. अनभिमतस्य साधयितुमनिष्टस्य ॥१७॥

સાધ્યના 'અભીપ્સિત' પદની સાર્થકતા—

જે પદાર્થ સાધવાને-સિદ્ધ કરવાને અનભિમત હોય તે પદાર્થ સાધ્ય બનતો નથી એ જણાવવા માટે અભીપ્સિત વિશેષણ ગ્રહણ કરેલ છે. ૧૭.

અનભિમત એટલે સાધવાને અનિષ્ટ. ૧૭.

साध्यत्वं सूत्रत्रयेण विषयविभागेन सङ्गिरन्ते–

व्याप्तिग्रहणसमयाऽपेक्षया साध्यं धर्म एवान्यथा तदनुपपत्तेः ॥१८॥

§१ धर्मो वह्निमत्त्वादिः, तस्या व्याप्तेरनुपपत्तेः ॥१८॥

વિષયનો વિભાગ કરી ત્રણ સૂત્ર દ્વારા સાધ્યનું નિયમન કરી બતાવે—

વ્યાપ્તિ ગ્રહણ કરવાના સમયે ધર્મ જ સાધ્ય હોય છે, અન્ય પ્રકારે વ્યાપ્તિ ઘટી શકતી નથી. ૧૮.

§१ ધર્મ એટલે વહ્નિમત્ત્વાદિ, તદનુપપત્તિ–એટલે વ્યાપ્તિની અનુપપત્તિ. ૧૮.

(५०) व्याप्तिग्रहणेति सूत्रे धर्म एवेति न तु धर्मी ॥१८॥

एतदेव भावयन्ति–

न हि यत्र यत्र धूमस्तत्र तत्र चित्रभानोरिव धरित्रीधरस्याप्यनुवृत्तिरस्ति ॥१९॥

व्यक्तमेतत् ॥१९॥

ઉપરોક્ત સૂત્રનું વિશેષ સ્પષ્ટીકરણ—

જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિની જેમ પર્વતની પણ અનુવૃત્તિ નથી. ૧૯.

આ સૂત્રનો અર્થ સ્પષ્ટ જ છે. તે આ પ્રમાણે–જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં પર્વત અગ્નિવાળો છે–આ પ્રમાણે વ્યાપ્તિ બનતી નથી. ૧૯.

आनुमानिकप्रतिपत्त्यवसरापेक्षया तु पक्षाऽपरपर्यायस्तद्विशिष्टः प्रसिद्धो धर्मी ॥२०॥

§१. आनुमानिकी प्रतिपत्तिरनुमानोद्भवा प्रमितिः, तद्विशिष्टो व्याप्तिकालापेक्षया साध्यत्वाभिमतेन धर्मेण विशिष्टः ॥२०॥

આનુમાનિક પ્રતિપત્તિ સમયે તો તેથી યુક્ત ધર્મી સાધ્ય છે. તેનું બીજું નામ પક્ષ છે. ૨૦

§૧ આનુમાનિક પ્રતિપત્તિ એટલે અનુમાનજન્ય પ્રમિતિ. તેથી યુક્ત એટલે વ્યાપ્તિકાલની અપેક્ષાએ સાધ્ય તરીકે જે ધર્મ ઇષ્ટ હોય તેથી યુક્ત જે ધર્મી તે સાધ્ય છે. ૨૦.

प्रसिद्धो धर्मीत्युक्तम् । अथ यतोऽस्य प्रसिद्धिस्तदभिदधति–

धर्मिणः प्रसिद्धिः क्वचिद्विकल्पतः कुत्रचित्प्रमाणतः क्वापि विकल्पप्रमाणाभ्याम् ॥२१॥

§१. विकल्पोऽध्यवसायमात्रम् ॥२१॥

ધર્મી પ્રસિદ્ધ છે એમ કહેલ છે. તો–ધર્મીની પ્રસિદ્ધિ શાથી થાય છે, તેનું નિરૂપણ—

ધર્મીની પ્રસિદ્ધિ ક્યાંઇક વિકલ્પથી, ક્યાંઈક પ્રમાણથી, તો ક્યાંઈક વળી વિકલ્પ અને પ્રમાણ બન્નેથી થાય છે. ૨૧.

§૧ માત્ર અધ્યવસાય તે વિકલ્પ છે. ૨૧.

अथात्र क्रमेणोदाहरन्ति–

यथा समस्ति समस्तवस्तुवेदी, क्षितिधरकन्धरेयं धूमध्वजवती, ध्वनिः परिणतिमान् ॥२२॥

§१. अत्राद्योदाहरणे धर्मिणो विकल्पेन सिद्धिः। न हि हेतुप्रयोगात् पूर्वं विकल्पं विहाय विश्ववित् कुतोऽपि प्रासिध्यत्। द्वितीये प्रमाणेन प्रत्यक्षादिना, क्षितिधरकन्धरायास्तदानीं संवेदनात्। तृतीये तूभाभ्याम्। न हि श्रूयमाणादन्येषां देशकालस्वभावव्यवहितध्वनीनां ग्राहकं किञ्चित् तदानीं प्रमाणं प्रवर्तत इति विकल्पादेव तेषां सिद्धिः।

ક્રમથી ઉદાહરણો—

સમસ્ત વસ્તુને જાણનાર (સર્વજ્ઞ) છે, પર્વતની ટોચ અગ્નિવાળી છે, શબ્દ પરિણતિવાળો (અનિત્ય)છે. ૨૨

§૧ અહીં પહેલા ઉદાહરણમાં ધર્મીની સિદ્ધિ વિકલ્પથી છે. કારણ કે હેતુનો પ્રયોગ કર્યો પહેલાં વિકલ્પ વિના બીજા કોઈ પ્રમાણથી સર્વજ્ઞરૂપધર્મી સિદ્ધ નથી. બીજું ઉદાહરણ પ્રમાણસિદ્ધધર્મીનું જાણવું. કારણ કે પર્વતની ટોચરૂપ ધર્મી તે વખતે પ્રત્યક્ષ આદિ પ્રમાણથી સિદ્ધ છે. જ્યારે ત્રીજું ઉદાહરણ તો વિકલ્પ અને પ્રમાણ બન્નેથી સિદ્ધ થયેલા ધર્મીનું જાણવું. વર્તમાન કાળે સાંભળવામાં આવતા શબ્દ સિવાયના દેશ કાળ કે સ્વભાવથી વ્યવધાનવાળા શબ્દોનું ગ્રાહક કોઈ પણ પ્રમાણ તે વખતે નથી તેથી તેવા શબ્દોની સિદ્ધિ વિકલ્પથી જ છે. અર્થાત્ અહીં શબ્દથી ત્રણેકાળના અને સર્વ દેશના શબ્દો અભિપ્રેત છે. તેથી શબ્દરૂપ ધર્મી અંશતઃ વિકલ્પથી અને અંશતઃ પ્રમાણથી સિદ્ધ છે.

(૫૦) **अत्राद्योदाहरणे** इत्यादि गद्ये, **कुतोऽपीति** प्रमाणात्। **अन्येषामिति** एतावता श्रूयमाणो ध्वनिः प्रमाणसिद्धोऽन्ये विकल्पसिद्धाः।

(टि०) **तृतीये तूभाभ्यामित्यादि**॥ **तेषामिति** ध्वनीनाम्।

§२ ननु नास्ति विकल्पसिद्धो धर्मी, तन्मात्रेण सिद्धेः कस्याप्यसंभवात्। अन्यथाऽहंप्रथमिकया प्रमाणपर्येषणप्रयासः परीक्षकाणामकक्षीकरणीय एव भवेत्। प्रमाणमूलतायां पुनरेतस्य प्रमाणसिद्धप्रकारेणैव गतार्थत्वादिति। सोऽयं स्वयं विकल्पसिद्धं धर्मिणमाचक्षाणः परोक्तं प्रत्याचक्षाणश्च नियतमुत्स्वप्नायते। यदि हि विकल्पसिद्धो धर्मी नास्त्येव, तदा 'नास्ति विकल्पसिद्धो धर्मी, तन्मात्रेण सिद्धेः कस्याप्यसंभवात्' इत्यत्र कथं तमेवावोचथाः! परोपगमादयमस्त्येवेति चेत्।

"यदि परोपगमः प्रमितिस्तदा कथमयं प्रतिषेधविधिर्भवेत्।
अथ तथा न तदापि बतोच्यतां कथमयं प्रतिषेधविधिर्भवेत्" ॥१॥

तस्मात् प्रमाणात् पृथग्भूतादपि विकल्पादस्ति काचित्तथाविधा सिद्धिः यामनाश्रयता तार्किकेण न क्षेमेणासितुं शक्यत इति ॥२२॥

§૨ શંકા વિકલ્પ માત્રથી કોઈની પણ સિદ્ધિ થતી નથી. માટે વિકલ્પ સિદ્ધ ધર્મી છે જ નહિ. જો કદાચ વિકલ્પથી પણ પદાર્થની સિદ્ધિ માનવામાં

આવે તો–અમે પ્રથમ પ્રામાણિક થઈએ અર્થાત્ અમે પ્રમાણને પ્રથમ જાણી લઈએ એવો જે પરીક્ષક પુરુષોનો પ્રયત્ન છે તે વ્યર્થ થઈ જશે. અને જો વિકલ્પને પ્રમાણમૂલક કહો તો ધર્મી પ્રમાણસિદ્ધ થયો. એટલે કે–પ્રમાણસિદ્ધ ધર્મીના પ્રકારથી જ ગતાર્થ હોઇ અન્ય પ્રકાર અનાવશ્યક છે.

સમાધાન—આવું કથન કરનાર પોતે જ વિકલ્પસિદ્ધ ધર્મી સ્વીકારે છે. અને વળી બીજાએ કહેલ વિકલ્પસિદ્ધ ધર્મીનું ખંડન પણ કરે છે માટે અવશ્ય તે ઉંઘમાં જ બકવાદ કરી રહેલ છે એમ માનવું. કારણ કે–જો વિકલ્પસિદ્ધ ધર્મી નથી તો પછી તમે એમ કેમ કહ્યું કે 'વિકલ્પ માત્રથી કોઈની પણ સિદ્ધિ થતી નથી માટે વિકલ્પસિદ્ધ ધર્મી છે નહિ'. એટલે કે આ અનુમાનમાં તમે પોતે વિકલ્પસિદ્ધ ધર્મીને પક્ષ તરીકે કેમ કહ્યો ?

શંકા—અમે ભલેને ન માન્યો પણ બીજાઓએ તો વિકલ્પસિદ્ધ ધર્મી માનેલ છે માટે તેનો સ્વીકાર કરીને અમે અહીં એમ કહ્યું છે.

સમાધાન—"પણ બીજાઓની માન્યતા પ્રમાણસિદ્ધ હોય તો તેનો નિષેધ કેમ કરી શકાય ? અથવા બીજાઓની માન્યતા પ્રમાણસિદ્ધ ન હોય તો પણ ધર્મી અસત્ હોવાથી તેનો નિષેધ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે" માટે પ્રમાણથી ભિન્ન એવા વિકલ્પથી પણ કોઈ એક એવી પદાર્થની સિદ્ધિ છે, કે જેને માન્યા સિવાય તાર્કિકને સુખ ઉપજતું નથી. સારાંશ છે કે (૧) જે પક્ષ–ધર્મીનું અસ્તિત્વ કે નાસ્તિત્વ પ્રમાણથી સિદ્ધ ન હોય, પરંતુ અસ્તિત્વ કે નાસ્તિત્વ સિદ્ધ કરવાને માટે જેનો પક્ષ તરીકે નિર્દેશ કરવામાં આવે તે વિકલ્પથી સિદ્ધ કહેવાય. જેમકે–સર્વજ્ઞ. સર્વજ્ઞનું અસ્તિત્વ કે નાસ્તિત્વ હજુ સુધી સિદ્ધ નથી માટે સર્વજ્ઞ વિકલ્પસિદ્ધધર્મી છે, (૨) પ્રત્યક્ષ કે બીજા કોઇ પ્રમાણથી જેના અસ્તિત્વનો નિશ્ચય હોય તે પ્રમાણસિદ્ધધર્મી કહેવાય છે, જેમ કે–પર્વત. 'પર્વત' પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ છે. (૩) શબ્દ અનિત્ય છે, આ અનુમાનનો ધર્મી શબ્દ ઉભયસિદ્ધ છે, કારણ કે વર્તમાનકાલીન શબ્દ પ્રત્યક્ષથી અને ભૂતભવિષ્ય કાલીન શબ્દ વિકલ્પથી સિદ્ધ છે. ૨૨.

(प०) **ननु नास्तीति सौगतवचम्**। **सोऽयं स्वयमित्यादि** सूरिवाक्यम्। **धर्मिणमाचक्षाण** इति धर्मी हि प्रतीतः कर्त्तव्यः । तस्य नास्तित्वं साध्यो धर्मः ।

प्रमितिरिति प्रमाणम् । **अथ तथा नेति** परोपगमो न प्रमाणम् । **तार्किकेणेति** भवता सोपहासं वाक्यम् ॥२२॥

(टि०) **तन्मात्रेणेति** विकल्पमात्रेण । **कस्यापीति** पदार्थस्य । **अन्यथेति** विकल्पमात्रेण सिद्धावपि । **अहंप्रथमीति** अहमहमिकया । **एतस्येति** विकल्पस्य । **तमेवेति** विकल्पसिद्धर्मिणम् । **परोपगमादिति** जैनेनाङ्गीकारात् । **अयमिति** विकल्पद्धो धर्मी ।

यदि परेत्यादि ॥ **परोपगम** इति जैनेनाङ्गीकृतपक्षः प्रमाणं चेत् । **अयमिति** भवत्प्रयुक्तः । **प्रतिषेधेति** विकल्पसिद्धर्मिनिषेधको विधिः ॥ **तथा नेति** परोपगमो न प्रमाणं चेत् ॥२२॥

अधुना परार्थानुमानं प्ररूपयन्ति—

पक्षहेतुवचनात्मकं परार्थमनुमानमुपचारात् ॥२३॥

§१ पक्षहेतुवचनात्मकत्वं च परार्थानुमानस्य व्युत्पन्नमतिप्रतिपाद्यापेक्षयाऽत्रोक्तम् । अतिव्युत्पन्नमतिप्रतिपाद्याऽपेक्षया तु धूमोऽत्र दृश्यत इत्यादि हेतुवचनमात्रात्मकमपि तद्भवति । बाहुल्येन तत्प्रयोगाभावात्तु नैतत्साक्षात्सूत्रे सूत्रितम्, उपलक्षितं तु द्रष्टव्यम्।

§२ मन्दमतिप्रतिपाद्यापेक्षया तु दृष्टान्तादिवचनात्मकमपि तद्भवति । यद्वक्ष्यन्ति "मन्दमतींस्तु व्युत्पादयितुं दृष्टान्तोपनयनिगमनान्यपि प्रयोज्यानि" (२. ४२.) इति ।

§३ पक्षहेतुवचनस्य च जडरूपतया मुख्यतः प्रामाण्याऽयोगे सति उपचारादित्युक्तम् । कारणे कार्योपचारादित्यर्थः । प्रतिपाद्यगतं हि यज्ज्ञानं तस्य कारणं पक्षादिवचनम् । कार्ये कारणोपचाराद्वा । प्रतिपादकगतं हि यत् स्वार्थानुमानं तस्य कार्यं तद्वचनमिति ॥२३॥

પરાર્થાનુમાનનું લક્ષણ—

પક્ષ અને હેતુના વચનરૂપ પરાર્થાનુમાન ઉપચારથી છે. ૨૩.

§૧ પક્ષ અને હેતુના વચનરૂપ પરાર્થાનુમાન છે એમ જે કહેવામાં આવ્યું છે, તે વ્યુત્પન્ન બુદ્ધિવાળા શિષ્ય (જિજ્ઞાસુ શ્રોતા) ની અપેક્ષાથી કહેલ છે, અને અતિવ્યુત્પન્નબુદ્ધિવાળા શિષ્યની અપેક્ષાએ તો 'અહીં ધૂમાડો દેખાય છે' એ પ્રમાણે માત્ર હેતુવચનાત્મક પણ પરાર્થાનુમાન હોય છે. પરંતુ માત્ર હેતુવચનાત્મક પરાર્થાનુમાનનો પ્રયોગ બહુધા થતો નથી, માટે સૂત્રમાં તેનું સાક્ષાત્ ઉપાદાન કરેલ નથી, પરંતુ ઉપલક્ષણ દ્વારા તે પણ સમજી લેવું.

§૨ વળી, મંદમતિવાળા શિષ્યાદિની અપેક્ષાએ તો દૃષ્ટાન્તાદિવચનરૂપ પણ પરાર્થાનુમાન થાય છે. આ બાબત સૂત્રકાર પોતે જ 'મંદમતિને બોધ કરાવવા માટે દૃષ્ટાન્ત, ઉપનય અને નિગમનનો પણ પ્રયોગ કરવો' એમ કહે છે. (જુઓ ૩. ૪૨.).

§૩ પક્ષ અને હેતુ વચન જડરૂપ હોવાથી મુખ્યપણે તેમાં પ્રામાણ્યનો યોગ નથી માટે સૂત્રકારે તેને ઉપચારથી અનુમાન કહેલ છે. કારણમાં કાર્યનો, અથવા કાર્યમાં કારણનો એમ ઉપચાર બે પ્રકારે થાય છે તે આ પ્રમાણે- શિષ્યાદિગત જ્ઞાનનું કારણ પક્ષાદિ વચન છે તેથી તેમાં જ્ઞાનરૂપ કાર્યનો ઉપચાર છે. તેવી જ રીતે પ્રતિપાદક (આચાર્ય)ગત સ્વાર્થાનુમાનજ્ઞાનનું કાર્ય પક્ષાદિ વચન છે આથી કાર્યમાં કારણનો પણ ઉપચાર સિદ્ધ થયો. ૨૩.

(प०) **प्रतिपादकगतं** हीत्यादिग्रन्थे **स्वार्थानुमानमिति** कारणभूतम् ॥२३॥

(टि०) **पक्षहेत्वित्यादि** । **तदिति** परार्थानुमानम् । **तत्प्रयोगेति** हेतुप्रयोगाभावात् । **जडरूपतयेति** यतः स्वपरव्यवसायि ज्ञानं प्रमाणं ततः पक्षहेतुवचनं जडस्वभावमेव । **तस्येति** स्वार्थानुमानस्य । **तद्वचनमिति** परार्थानुमानवचनम् ॥२३॥

संप्रति व्याप्तिपुरस्सरं पक्षधर्मतोपसंहारं तत्पूर्विकां वा व्याप्तिमाचक्षाणान् भिक्षून् पक्षप्रयोगमङ्गीकारयितुमाहुः—

साध्यस्य प्रतिनियतधर्मिसंबन्धिताप्रसिद्धये हेतोरुपसंहारवचनवत् पक्षप्रयोगोऽप्यवश्यमाश्रयितव्यः ॥२४॥

§१ यथा यत्र धूमस्तत्र धूमध्वज इति हेतोः सामान्येनाधारप्रतिपत्तावपि पर्वतादिविशिष्टधर्मिधर्मताधिगतये 'धूमश्चात्र' इत्येवंरूपमुपसंहारवचनमवश्यमाश्रीयते सौगतैः, तथा साध्यधर्मस्य नियतधर्मिधर्मतासिद्धये पक्षप्रयोगोऽप्यवश्यमाश्रयितव्य इति ॥२४॥

વ્યાપ્તિપૂર્વક પક્ષધર્મતાનો ઉપસંહાર, અથવા પક્ષધર્મતાના ઉપસંહાર. પૂર્વક વ્યાપ્તિનો પ્રયોગ કરનાર ભિક્ષુ-બૌદ્ધ પણ પક્ષપ્રયોગ સ્વીકારે તે માટેનું કથન—

સાધ્ય નિયતધર્મી સાથે સંબદ્ધ છે તે સિદ્ધ કરવા માટે હેતુના ઉપસંહાર વચનની જેમ પક્ષનો પ્રયોગ પણ અવશ્ય કરવો જોઈએ ૨૪.

§૧ જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય એ વ્યાપ્તિના પ્રયોગથી સામાન્ય રૂપે હેતુના આધારનું જ્ઞાન થઈ જાય છતાં ધૂમાડો પર્વતાદિ રૂપ વિશેષ ધર્મીનો ધર્મ છે એ પ્રકારે પક્ષધર્મતાનું જ્ઞાન કરવા 'અહીં ધૂમ છે,' એ પ્રમાણે હેતુનું ઉપસંહાર વચન જેમ બૌદ્ધોએ માનેલ છે, તેમ સાધ્યને પણ નિયતધર્મીનો ધર્મ સિદ્ધ કરવાને તેઓએ પક્ષ પ્રયોગ પણ અવશ્ય સ્વીકારવો જોઈએ. સારાંશ કે બૌદ્ધ પક્ષનો પ્રયોગ કરવાનું આવશ્યક માનતા નથી. એ માન્યતાનું નિરાકરણ અહીં છે. જો પક્ષનો પ્રયોગ કરવામાં ન આવે તો સાધ્ય ક્યાં સિદ્ધ કરવાનું છે એ જાણવામાં નહિ આવે, માટે સાધ્યધર્મનો નિયતધર્મી સાથે સંબંધ જણાવવા માટે પક્ષનું કથન કરવું આવશ્યક છે. ૨૪.

(टि०) **संप्रतीत्यादि**। **उपसंहारमिति** यत्सत्तत्क्षणिकं सन्तश्च भावाः। **तत्पूर्विकामिति** पक्षधर्मतोपसंहारपूर्विकाम्–शब्दः कृतको दृश्यते यच्च कृतकं तदनित्यम् ॥२४॥

अमुमेवार्थं सोपालम्भं समर्थयन्ते—

त्रिविधं साधनमभिधायैव तत्समर्थनं विदधानः कः खलु न पक्ष-प्रयोगमङ्गीकुरुते ॥२५॥

§१ त्रिविधं कार्यस्वभावानुपलम्भभेदात्। तस्य साधनस्य समर्थनम्—असिद्धतादिव्युदासेन स्वसाध्यसाधनसामर्थ्योपदर्शनम्। न हि असमर्थितो हेतुः साध्यसिद्ध्यङ्गम्, अतिप्रसङ्गात्। ततः पक्षप्रयोगमनङ्गीकुर्वता तत्समर्थनरूपं हेतुमनभिधायैव तत्समर्थनं विधेयम्।

§२ "हन्त हेतुरिह जल्प्यते न चेत्, अस्तु कुत्र स समर्थनाविधिः।
तर्हि पक्ष इह जल्प्यते न चेत्, अस्तु कुत्र स समर्थनाविधिः ॥१॥
प्राप्यते ननु विवादतः स्फुटं पक्ष एष किमतस्तदाख्यया।
तर्हि हेतुरपि लभ्यते ततोऽनुक्त एव तदसौ समर्थ्यताम् ॥२॥

मन्दमतिप्रतिपत्तिनिमित्तं सौगत ! हेतुमथामिदधीथाः ।
मन्दमतिप्रतिपत्तिनिमित्तं तर्हि न किं परिजल्पसि पक्षम् ॥३॥"॥२५॥

પક્ષપ્રયોગની આવશ્યકતાનું ઉપાલંભ (ઠપકો) આપીને સમર્થન—

ત્રણ પ્રકારનાં હેતુનું કથન કરીને તેનું સમર્થન કરનાર એવો કોણ હશે કે જે પક્ષનો પ્રયોગ કરવાનો સ્વીકાર ન કરે ? ૨૫.

§૧. કાર્ય, સ્વભાવ અને અનુપલબ્ધિ એમ ત્રણ પ્રકારે હેતુ છે. તે હેતુનું સમર્થન—એટલે તેમાં અસિદ્ધતા આદિ દોષ દૂર કરીને પોતાના સાધ્યને સિદ્ધ કરવાનું સમર્થ્ય દેખાડવું તે. કારણ કે સમર્થન વિનાનો હેતુ અતિપ્રસંગ દોષને કારણે સાધ્યસિદ્ધિનું કારણ થઈ શકતો નથી. એટલે કે પક્ષપ્રયોગ નહિ સ્વીકારનાર બૌદ્ધ હેતુના સમર્થનરૂપ અંગની પૂર્તિ પણ હેતુના કથન વિના જ કરવી જોઈએ, અર્થાત્ હેતુના પ્રયોગ વિના જ તેનું સમર્થન કરો !

§ ૨ શંકા—" જો અહીં હેતુ ન કહેવાય તો સમર્થન વિધિ કયાં થાય ?

સમાધાન—એમ હોય તો-અનુમાનમાં પક્ષ ન કહેવાય તો સમર્થન વિધિ કયાં થશે ? એ તમે જ કહો.

શંકા—વિવાદથી આ પક્ષ છે એમ સ્પષ્ટ થઈ જાય છે, તો પછી તેનું કથન કરવાની શી આવશ્યકતા છે ?

સમાધાન—જો એમ હોય તો એ જ રીતે હેતુ પણ વિવાદથી જ્ઞાત થઇ જશે માટે હેતુના કથન વિના જ તેનું સમર્થન કરવું જોઈએ.

શંકા—મંદબુદ્ધિવાલા પુરુષને માટે હેતુનું કથન કરવું જોઈએ.

સમાધાન—તો પછી મંદબુદ્ધિવાળા પુરુષને માટે પક્ષનું કથન કેમ કરતા નથી ?" ૨૫.

(प०) **कार्यस्वभावानुपलम्भभेदादिति** यत्र धूमस्तत्र वह्निः इति कार्यहेतुः । यत् सत् तत्क्षणिकं इति स्वभावहेतुः । यदुपलब्धिलक्षणप्राप्तं सन्नोपलभ्यते तन्नास्ति इत्यनुपलब्धिहेतुः ।

हन्त हेतुरित्यादि परः । **स** इति असिद्धतादिव्युदासरूपः । **तर्हि पक्ष** इति सूरिः । **स समर्थनाविधिरिति** हेतुरूपः । **प्राप्यते** इति परः । **तर्हि हेतुरित्यादि** सूरिः ॥२५॥

(टि०) **ततः पक्षप्रयोगे**त्यादि । **तत्समर्थने**ति परवादिना पक्षदूषणे उद्भाविते पक्षसमर्थनलक्षणम् । पक्षसमर्थनं—मदीयोऽयं हेतुरसिद्धो न भवतीत्यभिधाने पक्षः समर्थ्यत एव, यतोऽयमपि पक्ष एव ॥ **तत्समर्थनमि**ति पक्षसमर्थनम् ॥२५॥

अथ प्रत्यक्षस्यापि पारार्थ्यं समर्थयन्ते—

प्रत्यक्षपरिच्छिन्नार्थाभिधायि वचनं परार्थं प्रत्यक्षम्, परप्रत्यक्षहेतुत्वात् ॥२६॥

§१ यथाऽनुमानप्रतीतोऽर्थः परस्मै प्रतिपाद्यमानो वचनरूपापन्नः परार्थमनुमानमुच्यते, तथा प्रत्यक्षप्रतीतोऽपि तथैव परार्थं प्रत्यक्षमित्युच्यताम्, परप्रत्यायनस्योभयत्राप्यविशिष्टत्वादिति ॥२६॥

પ્રત્યક્ષ પણ પરાર્થ છે-એવું સમર્થન—

પ્રત્યક્ષ પ્રમાણથી જાણેલ પદાર્થનું કથન કરનારું વચન પરાર્થ પ્રત્યક્ષ છે, કારણ કે-તે પરના પ્રત્યક્ષમાં કારણ છે. ૨૬.

§ ૧. અનુમાનથી જાણેલ પદાર્થનો બીજા પુરુષને બોધ કરાવવા માટે કરાતું કથન જેમ પરાર્થાનુમાન કહેવાય છે, તેમ પ્રત્યક્ષથી જાણેલ પદાર્થનો પર પુરુષને પ્રત્યક્ષ બોધ કરાવવા માટે કરાતા કથનને પરાર્થ પ્રત્યક્ષ કહેવું જોઈએ, કારણ પરને બોધ કરાવવો એ બન્ને સ્થળે સમાન જ છે. ૨૬.

(પ૦) **तथैवेति** परस्मै प्रतिपाद्यमानः ॥२६॥

एतदुल्लिखन्ति–

यथा पश्य पुरः स्फुरत्किरणमणिखण्डमण्डिताभरणभारिणीं जिनपति-प्रतिमाम् ॥२७॥

§१ व्यक्तमदः । एवं स्मरणादेरपि यथासम्भवं पारार्थ्यं प्रतिपत्तव्यम् । तथा च वदन्ति–

"स्मरत्यदो दाशरथिर्भवन् भवानमुं वनान्ताद् वनिताऽपहारिणम् ।
पयोधिमावद्धचलज्जलाविलं विलङ्घ्य लङ्कां निकषा हनिष्यति ॥१॥" [शिशु० १.६८.]

"परिभावय स एवाऽयं मुनिः पूर्वं नमस्कृतः" इत्यादि ॥२७॥

પરાર્થ પ્રત્યક્ષનું ઉદાહરણ—

જેમ કે કિરણો પ્રસારતી મણિઓના કણો જડેલ આભૂષણોને ધારણ કરનારી આ સામેની જિનેશ્વર ભગવંતની પ્રતિમા જો. ૨૭.

§ ૧ આનો અર્થ સ્પષ્ટ છે. એ જ રીતે યથાસંભવ પરાર્થ સ્મરણાદિ પણ જાણી લેવું જોઈએ. કહ્યું છે કે—"આપ રામ હતા ત્યારે બાંધેલ અને ચલાયમાન જલયુક્ત સમુદ્રને ઓળંગી આપે વનમાંથી સ્ત્રીનું અપહરણ કરનાર આને (રાવણને; લંકા પાસે હણ્યો તે યાદ છે ? " આ પરાર્થ સ્મરણનું દૃષ્ટાન્ત છે.

'જુઓ આ તે જ મુનિ છે, કે જેને આપણે પહલાં નમસ્કાર કર્યાં હતા". આ પરાર્થ પ્રત્યભિજ્ઞાનનું દૃષ્ટાન્ત છે. ૨૭.

प्रासङ्गिकमभिधाय पक्षहेतुवचनात्मकं परार्थमनुमानमिति प्रागुक्तं समर्थयन्ते–

पक्षहेतुवचनलक्षणमवयवद्वयमेव परप्रतिपत्तेरङ्गम्, न दृष्टान्तादि-वचनम् ॥२८॥

§१. आदिशब्देनोपनयनिगमनादिग्रहः । एवं च यद् व्याप्त्युपेतं पक्षधर्मतोपसंहाररूपं सौगतैः, पक्षहेतुदृष्टान्तस्वरूपं भाट्टप्राभाकरकापिलैः, पक्षहेतुदृष्टान्तोपनयनिगमनलक्षणं नैयायिकवैशेषिकाभ्यामनुमानमाम्नायि, तदपास्तम्, व्युत्पन्नमतीन् प्रति पक्षहेतुवचसोरेवोपयोगात् ॥२८॥

પ્રાસંગિકની ચર્ચા કરીને હવે પૂર્વે કહેલ પક્ષ અને હેતુના વચનરૂપ પરાર્થાનુમાનનું સમર્થન કરે છે—

પક્ષ અને હેતુનો પ્રયોગ એમ બે જ અવયવો પરને બોધ કરાવવામાં કારણ છે, પરંતુ દૃષ્ટાન્ત આદિનો પ્રયોગ કારણ નથી. ૨૮.

§ ૧ સૂત્રમાં કહેલ 'આદિ' પદથી ઉપનય અને નિગમનાદિનું ગ્રહણ કરવું. આ પ્રમાણે કહેવાથી-બૌદ્ધ સંમત વ્યાપ્તિયુક્ત પક્ષધર્મતાના ઉપસંહાર રૂપ; ભાટ્ટ, પ્રાભાકર (બન્ને મીમાંસક) તથા કાપિલ (સાંખ્ય)ને માન્ય પક્ષ, હેતુ અને દૃષ્ટાન્તરૂપ, તથા નૈયાયિક અને વૈશેષિકને સંમત–પક્ષ, હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય અને નિગમનરૂપ અનુમાનનું નિરસન થયું જાણવું. કારણ કે–વ્યુત્પન્નમતિ પ્રમાતાને પક્ષ અને હેતુ વચનનો જ ઉપયોગ છે. ૨૮.

पक्षप्रयोगं प्रतिष्ठाप्य हेतुप्रयोगप्रकारं दर्शयन्ति—

हेतुप्रयोगस्तथोपपत्त्यन्यथानुपपत्तिभ्यां द्विप्रकारः ॥२९॥

§१. तथैव साध्यसंभवप्रकारेणैवोपपत्तिस्तथोपपत्तिः । अन्यथा साध्याभावप्रकारेणानुपपत्तिरेवान्यथानुपपत्तिः ॥२९॥

પક્ષપ્રયોગની પ્રતિષ્ઠા કરીને હેતુપ્રયોગના પ્રકારોનું કથન—

હેતુપ્રયોગ–૧ તથોપપત્તિ અને ૨ અન્યથાનુપપત્તિ–એમ બે પ્રકારે છે. ૨૮.

§ ૧ તથૈવ–એટલે કે-સાધ્યનો સંભવ(સત્તા) હોય તો જ હેતુની ઉપપત્તિ થાય તે તથોપપત્તિ છે. અન્યથા એટલે સાધ્યનો અભાવ હોય ત્યારે હેતુની અનુપપત્તિ જ હોય તે અન્યથાનુપપત્તિ છે. ૨૯.

अमू एव स्वरूपतो निरूपयन्ति—

सत्येव साध्ये हेतोरुपपत्तिस्तथोपपत्तिः, असति साध्ये हेतोरनुपपत्तिरेवान्यथानुपपत्तिः ॥३०॥

निगदव्याख्यानम् ॥३०॥

હેતુના એ બન્ને પ્રકારનું સ્વરૂપ—

સાધ્ય હોય તો જ હેતુનું હોવું તે તથોપપત્તિ છે, અને સાધ્ય ન હોય તો હેતુનું પણ ન જ હોવું તે અન્યથાનુપપત્તિ છે. ૩૦.

વ્યાખ્યા સ્પષ્ટ છે. ૩૦

प्रयोगतोऽपि प्रकटयन्ति—

यथा कृशानुमानयं पाकप्रदेशः, सत्येव कृशानुमत्त्वे धूमवत्त्वस्योपपत्तेः, असत्यनुपपत्तेर्वा ॥३१॥

एतदपि तथैव ॥३१॥

હેતુના બન્ને પ્રકારોના પ્રયોગનું પ્રદર્શન—

જેમ કે-આ પાકશાલા-રસોડું અગ્નિવાળું છે, કારણ કે-અગ્નિ હોય તો જ ધૂમ હોય છે, અથવા અગ્નિ ન હોય તો ધૂમ પણ હોતો નથી. ૩૧.

આ સૂત્રની વ્યાખ્યા પણ સ્પષ્ટ જ છે. ૩૧.

(પ૦) एतदपि तथैवेति निगदव्याख्यातमेव ॥३१॥

(टि०) एतदपि तथैवेति निगदव्याख्यातमेव ॥३१॥

अमुयोः प्रयोगौ नियमयन्ति—

अनयोरन्यतरप्रयोगेणैव साध्यप्रतिपत्तौ द्वितीयप्रयोगस्यैकत्रानुपयोगः ॥३२॥

§१ अयमर्थः—प्रयोगयुग्मेऽपि वाक्यविन्यास एव विशिष्यते, नार्थः। स चान्यतरप्रयोगेणैव प्रकटीबभूवेति किमपरप्रयोगेण ? इति ॥३२॥

હેતુના આ બન્ને પ્રકારના પ્રયોગ વિષે નિયમન—

આ બેમાંથી કોઈ એકનો પ્રયોગ કરવાથી સાધ્યનું જ્ઞાન થતું હોવાથી એક જ સ્થળે બીજાનો પ્રયોગ વ્યર્થ છે. ૩૨.

§ ૧ હેતુના આ બન્ને પ્રકારના પ્રયોગમાં 'વાક્યરચના'ની જ વિશેષતા છે પરંતુ અર્થની નથી. અને તે અર્થ તો કોઈ પણ એક પ્રકારના પ્રયોગથી પ્રકટ થઈ જાય છે, તો પછી બીજા પ્રયોગની શી જરૂર છે ? ૩૨.

§१ अथ यदुक्तं 'न दृष्टान्तादिवचनं परप्रतिपत्तेरङ्गम्' (३. २८) इति। तत्र दृष्टान्तवचनं तावन्निराचिकीर्षवः—तद्धि किं परप्रतिपत्त्यर्थं परैरङ्गीक्रियते ?, किंवा हेतोरन्यथानुपपत्तिनिर्णीतये ?, यद्वाऽविनाभावस्मृतये ?—इति विकल्पेषु प्रथमं विकल्पं तावद् दूषयन्ति—

न दृष्टान्तवचनं परप्रतिपत्तये प्रभवति, तस्यां पक्षहेतुवचनयोरेव व्यापारोपलब्धेः ॥३३॥

§२ प्रतिपन्नाऽविस्मृतसंबन्धस्य हि प्रमातुरग्निमानयं देशो धूमवत्त्वान्यथानुपपत्तेरित्येतावतैव भवत्येव साध्यप्रतीतिरिति ॥३३॥

§ ૧ 'દૃષ્ટાન્તાદિનો પ્રયોગ પરને બોધનું કારણ નથી' એમ કહેવામાં આવ્યું છે. તેમાંથી પ્રથમ દૃષ્ટાન્તવચનનું નિરાકરણ કરવાની ઇચ્છાથી સૂત્રકાર, દૃષ્ટાન્ત વચનનો અંગીકાર પરપ્રતિપત્તિ (બીજાના જ્ઞાન) માટે છે, હેતુની અન્યથાનુપપત્તિના નિર્ણય માટે છે કે અવિનાભાવસંબંધ-વ્યાપ્તિ)ના સ્મરણ માટે છે ?-આ ત્રણ વિકલ્પમાંથી પહેલા વિકલ્પના દૂષણનું કથન કરે છે-

દૃષ્ટાન્તવચન પરને બોધ કરાવવાને સમર્થ નથી, કારણ કે-બીજાના બોધમાં પક્ષ અને હેતુવચનનો જ વ્યાપાર જોવામાં આવે છે. ૩૩.

§ ૧ જેણે સંબંધને પ્રથમ જાણ્યો હોય અને તેને ભૂલ્યો પણ ન હોય, એવા પ્રમાતાને તો 'આ પ્રદેશ અગ્નિવાળો છે, કારણ કે અગ્નિ ન હોત તો ધૂમ ન હોત' માત્ર આટલું કહેવાથી જ, અર્થાત્ પક્ષ અને હેતુવચનથી જ સાધ્યનું જ્ઞાન થઈ જાય છે. ૩૩.

(પ૦) **प्रतिपन्नाविस्मृतसम्बन्धस्येति** पूर्वज्ञाताऽविस्मृतसम्बन्धस्य ॥३३॥

(टि०) तद्धीति दृष्टान्तवचनम्।

न दृष्टान्तेत्यादि । तस्यामिति परप्रतिपत्तौ ॥३३॥

द्वितीयं विकल्पं परास्यन्ति–

न च हेतोरन्यथानुपपत्तिनिर्णीतये, यथोक्ततर्कप्रमाणादेव तदुपपत्तेः॥३४॥

§१ दृष्टान्तवचनं प्रभवतीति योगः ॥३४॥

બીજા વિકલ્પનું ખંડન--

હેતુની અન્યથાનુપપત્તિનો નિર્ણય કરવામાં પણ નથી, કારણ કે-હેતુના અવિનાભાવનો નિર્ણય તો પૂર્વોક્ત તર્ક પ્રમાણથી જ થાય છે. ૩૪.

§ ૧ સૂત્ર ૩૩ માંથી 'દૃષ્ટાન્તવચન સમર્થ' આ અંશની અનુવૃત્તિ 'નથી' પહેલાં કરવી. ૩૪.

अत्रैवोपपत्त्यन्तरमुपवर्णयन्ति–

नियतैकविशेषस्वभावे च दृष्टान्ते साकल्येन व्याप्तेरयोगतो विप्रतिपत्तौ तदन्तरापेक्षायामनवस्थितेर्दुर्निवारः समवतारः ॥३५॥

§१ प्रतिनियतव्यक्तौ हि व्याप्तिनिश्चयः कर्तुमशक्यः । ततो व्यक्त्यन्तरेषु व्याप्त्यर्थं पुनर्दृष्टान्तान्तरं मृग्यम् । तस्यापि व्यक्तिरूपत्वेनापरदृष्टान्तापेक्षायामनवस्था स्यात् ॥३५॥

આમાં જ બીજી યુક્તિનું પ્રદર્શન—

દૃષ્ટાન્ત નિયત એક સ્વભાવવાળું હોય છે, માટે તેમાં સંપૂર્ણ વ્યાપ્તિ ઘટી શકતી નથી. એટલે જ્યારે દૃષ્ટાન્તમાં વ્યાપ્તિ સંબંધી વિવાદ ઉપસ્થિત થાય ત્યારે બીજું દૃષ્ટાન્ત શોધવું પડે અને તેથી અનવસ્થા દોષ અનિવાર્ય થઈ પડશે. ૩૫.

§ ૧ કોઈ એક નિયત વ્યક્તિમાં વ્યાપ્તિનો નિશ્ચય થઈ શકતો નથી. તેથી-બીજી વ્યક્તિમાં વ્યાપ્તિના નિશ્ચય માટે બીજું દૃષ્ટાન્ત શોધવું પડે, અને એ પણ એક વ્યક્તિવિશેષ હોવાથી તેમાં પણ વ્યાપ્તિના નિશ્ચય માટે નવું દૃષ્ટાન્ત શોધવું પડે. એ રીતે અનવસ્થા દોષ આવે છે. ૩૫.

(प०) **नियतैकविशेषस्वभावे** इति नियत एको विशेषः कृतकत्वादिः । **तदन्तरापेक्षायामिति** दृष्टान्तान्तरापेक्षायाम् । **प्रतिनियतव्यक्ताविति** महानसादौ व्याप्तिनिश्चयः कर्तुमशक्य इति । को भावः ? सामान्यमात्रव्यापिका हि सा ॥३५॥

तृतीयविकल्पं पराकुर्वन्ति—

नाप्यविनाभावस्मृतये, प्रतिपन्नप्रतिबन्धस्य व्युत्पन्नमतेः पक्षहेतुप्रदर्शनेनैव तत्प्रसिद्धेः ॥३६॥

§१ दृष्टान्तवचनं प्रभवतीति योगः ॥३६॥

અવિનાભાવનું સ્મરણ કરાવવામાં પણ નથી. કારણ:કે-જે બુદ્ધિમાન પુરુષે પૂર્વે વ્યાપ્તિ જાણી છે, તેને માત્ર પક્ષ અને હેતુ જણાવવા માત્રથી જ અવિનાભાવનું સ્મરણ થઈ જાય છે. ૩૬.

સૂત્ર ૩૩ માંથી 'દૃષ્ટાન્તવચન સમર્થ' આ અંશની અનુવૃત્તિ કરવી. ૩૬.

अमुमेवार्थं समर्थयन्ते—

अन्तर्व्याप्त्या हेतोः साध्यप्रत्यायने शक्तावशक्तौ च बहिर्व्याप्तेरुद्भावनं व्यर्थम् ॥३७॥

§१ अयमर्थः—

"अन्तर्व्याप्तेः साध्यसंसिद्धिशक्तौ बाह्यव्याप्तेर्वर्णनं वन्ध्यमेव ।
अन्तर्व्याप्तेः साध्यसंसिद्ध्यशक्तौ बाह्यव्याप्तेर्वर्णनं वन्ध्यमेव ॥१॥"

मत्पुत्रोऽयं बहिर्वक्ति, एवंरूपस्वरान्यथानुपपत्तेः, इत्यत्र बहिर्व्याप्त्यभावेऽपि गमकत्वस्य; स श्यामः, तत्पुत्रत्वात्, इतरतत्पुत्रवत्—इत्यत्र तु तद्भावेऽप्यगमकत्वस्योपलब्धेरिति ॥३७॥

એ જ બાબતનું સમર્થન—

હેતુ અન્તર્વ્યાપ્તિ દ્વારા સાધ્ય જણાવવાને સમર્થ હોય તો બહિર્વ્યાપ્તિનું કથન કરવું વ્યર્થ છે, અને અન્તર્વ્યાપ્તિદ્વારા હેતુ જો સાધ્યને જણાવવાને અસમર્થ હોય તો પણ બહિર્વ્યાપ્તિનું ઉદ્ભાવન વ્યર્થ છે. ૩૭.

§ ૧ આ પ્રમાણે અર્થ છે-"અન્તર્વ્યાપ્તિ સાધ્યસિદ્ધિમાં સમર્થ હોય તો-બહિર્વ્યાપ્તિનું વર્ણન વ્યર્થ છે. અને અન્તર્વ્યાપ્તિ સાધ્યસિદ્ધિમાં અસમર્થ હોય તો પણ બહિર્વ્યાપ્તિનું વર્ણન વ્યર્થ છે. "

'આ મારો પુત્ર બહાર બોલે છે, નહિતર આવો સ્વર હોય નહિ'—આ સ્થળે દૃષ્ટાન્ત નથી તો પણ હેતુની ગમકતા જણાય છે. અને 'તે શ્યામ છે, તેનો (મિત્રાનો) પુત્ર હોવાથી, તેના બીજા પુત્રની જેમ.' અહીં બહિર્વ્યાપ્તિ તો છે પણ અન્તર્વ્યાપ્તિ ન હોવાથી હેતુની ગમકતા જણાતી નથી. ૩૭.

अथैतयोः स्वरूपमाहुः—

पक्षीकृत एव विषये साधनस्य साध्येन व्याप्तिरन्तर्व्याप्तिः, अन्यत्र तु बहिर्व्याप्तिः ॥३८॥

यथाऽनेकान्तात्मकं वस्तु, सत्त्वस्य तथैवोपपत्तेरिति, अग्निमानयं देशः धूमवत्त्वात्, य एवं स एवम्, यथा पाकस्थानमिति च ॥३९॥

અન્તર્વ્યાપ્તિ અને બહિર્વ્યાપ્તિનું સ્વરૂપ—

પક્ષ તરીકે સ્વીકારેલ પદાર્થમાં જ સાધ્ય સાથે સાધનની વ્યાપ્તિ હોય તો તે અન્તર્વ્યાપ્તિ છે, અન્યત્ર હોય તો તે બહિર્વ્યાપ્તિ છે. ૩૮.

જેમ કે-વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે. કારણ કે તેનું સત્ત્વ અનેકાન્ત
ાય તો જ સિદ્ધ થાય છે. આ પ્રદેશ અગ્નિવાળો છે, જેમ કે-પાકસ્થાન રસોડું. ૩૯.

(५०) पक्षीकृत एव विषये इति अनेकान्तात्मकवस्तुलक्षणे । अन्यत्र त्विति
न्यत्रापि दृष्टान्तादौ ॥३८॥

अग्निमानयमिति बहिर्व्याप्तिः ॥३९॥

उपनय-निगमनयोरपि परप्रतिपत्तौ सामर्थ्यं कदर्थयन्ते—

नोपनयनिगमनयोरपि परप्रतिपत्तौ सामर्थ्यं पक्षहेतुप्रयोगादेव तस्याः सद्भावात् ॥४०॥

§१ न केवलं दृष्टान्तस्येत्यपेरर्थः ॥४०॥

ઉપનય અને નિગમન પણ પરપ્રબોધમાં સમર્થ નથી—

પરને પ્રબોધમાં ઉપનય અને નિગમનનું પણ સામર્થ્ય નથી. કારણ કે- પક્ષ અને હેતુવચનના ઉપયોગથી જ પરને બોધ થાય છે. ૪૦.

§ ૧. માત્ર દૃષ્ટાન્તનું જ સામર્થ્ય નથી એમ નહિ પણ ઉપનય અને નિગમનનું પણ સામર્થ્ય નથી એ જણાવવાને સૂત્રમાં 'પણ' શબ્દનું ગ્રહણ છે. ૪૦.

एतदेवाहुः—

समर्थनमेव परं परप्रतिपत्त्यङ्गमास्तां तदन्तरेण दृष्टान्तादिप्रयोगेऽपि तदसंभवात् ॥४१॥

§१ प्रयुज्यापि हि दृष्टान्तादिकम्, समर्थनं हेतोरवश्यं वक्तव्यम्, इतरथा साध्यसिद्ध्यसंभवादिति तदेवाभिधीयताम्, किं दृष्टान्तादिवचनेन ? इति ॥४१॥

એ જ બાબતને સ્પષ્ટ કરે છે—

સમર્થનને જ પરપ્રતિપત્તિનું પરમ કારણ માનવું જોઈએ. કારણ કે-દૃષ્ટાન્ત આદિનો પ્રયોગ કરવા છતાં પણ જો સમર્થન ન હોય તો પરને બોધ થતો નથી. ૪૧.

§ ૧. દૃષ્ટાન્તાદિકનો પ્રયોગ કરીને પણ હેતુનું સમર્થન તો અવશ્ય કરવું જોઈએ. અન્યથા સાધ્યની સિદ્ધિ થઈ શકશે નહિ. માટે હેતુનું સમર્થન કરો પરંતુ દૃષ્ટાન્તાદિ પ્રયોગની શી આવશ્યકતા છે ? ૪૧.

व्युत्पन्नानाश्रित्य परार्थानुमानमभिधाय मन्दमतीनुद्दिश्य तत् प्रपञ्चयन्ति—

मन्दमतींस्तु व्युत्पादयितुं दृष्टान्तोपनयनिगमनान्यपि प्रयोज्यानि ॥४२॥

§१ अपिशब्दात् पक्षहेतू, पक्षादिशुद्धयश्च पञ्च ग्राह्याः । तत उत्कृष्टं दशावयवं परार्थानुमानमित्युक्तं भवति । मध्यमं तु नवावयवादारभ्य यावत् द्व्यवयवम् । जघन्यं पुनः साधनमात्रोपन्यासस्वरूपम् । प्रतिपाद्यानां मन्दव्युत्पन्नातिव्युत्पन्नत्वात् । तदुक्तम्—

"अन्यथाऽनुपपत्त्येकलक्षणं लिङ्गमिष्यते ।
प्रयोगपरिपाटी तु प्रतिपाद्यानुसारतः ॥१॥" इति ॥४२॥

વ્યુત્પન્નબુદ્ધિની અપેક્ષાએ પરાર્થાનુમાન કહ્યું. હવે મંદમતિની અપેક્ષાએ પરાર્થાનુમાનનો વિસ્તાર કરે છે—

મન્દબુદ્ધિવાળાને બોધ કરાવવાને દૃષ્ટાન્ત, ઉપનય અને નિગમનનો પણ પ્રયોગ કરવો જોઈએ. ૪૨.

§ ૧ સૂત્રગત 'પણ' શબ્દથી પક્ષ, હેતુ અને પક્ષાદિની પાંચ શુદ્ધિનું ગ્રહણ કરવું. અર્થાત્ દૃષ્ટાન્તાદિ ઉપરાંત તેનું પણ કથન કરવું જોઈએ એટલે કે ઉત્કૃષ્ટ પરાર્થાનુમાન દશ અવયવોના પ્રયોગવાળું થાય છે, મધ્યમ પરાર્થાનુમાન નવ અવયવથી લઈને બે અવયવ સુધી થાય છે, અને જઘન્ય પરાર્થાનુમાન માત્ર હેતુના કથનરૂપ એક અવયવવાળું જ હોય છે. આવો ભેદ થવાનું કારણ પ્રતિપાદ્ય-શિષ્ય-શ્રોતા વિગેરેમાં કોઈ મંદબુદ્ધિ હોય છે, તો કોઈ અતિવ્યુત્પન્ન હોય છે, એ છે. માટે પરાર્થાનુમાનમાં કોઈ એક પ્રકાર નથી. કહ્યું છે કે "અન્યથાનુપપત્તિરૂપ એક લક્ષણવાળો જ હેતુ ઇષ્ટ છે. પરંતુ પ્રયોગપરિપાટી તો પ્રતિપાદ્ય-શિષ્યાદિ શ્રોતા પુરુષને અનુસરીને જ થાય છે." ૪૨.

(પ૦) **साधनमात्रोपन्यासस्वरूपमिति** धूमोऽत्र दृश्यते इत्याकारः । **प्रतिपाद्यानामिति** शिष्याणाम् ॥४२॥

अथ दृष्टान्तं प्रकटयन्ति—

प्रतिबन्धप्रतिपत्तेरास्पदं दृष्टान्तः ॥४३॥

§१ प्रतिबन्धो व्याप्तिरविनाभावः । तत्स्मरणस्थानं महानसादिदृष्टान्तो ज्ञेयः ॥४३॥

દૃષ્ટાન્તનું વિવરણ—

પ્રતિબંધના જ્ઞાનનું સ્થાન દૃષ્ટાન્ત છે. ૪૩.

§ ૧ પ્રતિબંધ એટલે વ્યાપ્તિ કે અવિનાભાવ. તેના સ્મરણનું જે સ્થાન તે પાકશાલાદિ દૃષ્ટાન્ત છે. ૪૩.

भेदतोऽमून् दर्शयन्ति—

स द्वेधा—साधर्म्यतो वैधर्म्यतश्च ॥४४॥

§१ समानो धर्मो यस्याऽसौ सधर्मा । विसदृशो धर्मो यस्याऽसौ विधर्मा, तयोर्भावः साधर्म्यं वैधर्म्यं च, ततः ॥४४॥

દૃષ્ટાન્તના ભેદો—

તેના બે ભેદ છે—સાધર્મ્યથી અને વૈધર્મ્યથી. ૪૪.

§ ૧ સમાન ધર્મવાળો સધર્મા અને વિસદૃશ-અસમાન ધર્મવાળો વિધર્મા કહેવાય છે. તેનો ભાવ-એટલે તેવા હોવું તે-સાધર્મ્ય અને વૈધર્મ્ય છે. તે કારણે દૃષ્ટાન્ત બે પ્રકારે છે. ૪૪.

(પ૦) तत इति साधर्म्यं वैधर्म्यं चाश्रित्य दृष्टान्तो द्वेधा भवति ॥४४॥

आद्यं प्रकारमाहुः—

यत्र साधनधर्मसत्ताथामवश्यं साध्यधर्मसत्ता प्रकाश्यते, स साधर्म्य-दृष्टान्तः ॥४५॥

यथा यत्र यत्र धूमस्तत्र तत्र वह्निर्यथा महानसः ॥४६॥

દૃષ્ટાન્તનો પ્રથમ પ્રકાર—

જ્યાં સાધનધર્મ(હેતુ) હોવાથી અવશ્ય સાધ્ય ધર્મની સત્તા બતાવવામાં આવે તે સાધર્મ્ય દૃષ્ટાન્ત છે. ૪૫.

જેમકે—જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય છે. જેમકે—રસોડું. ૪૬

द्वितीयभेदं दर्शयन्ति—

यत्र तु साध्याभावे साधनस्यावश्यमभावः प्रदर्श्यते, स वैधर्म्य-दृष्टान्तः ॥४७॥

यथाऽग्न्यभावे न भवत्येव धूमः, यथा जलाशये ॥४८॥

દૃષ્ટાન્તનો બીજો ભેદ—

જ્યાં સાધ્યના અભાવથી અવશ્ય સાધનનો અભાવ દેખાડાય તે વૈધર્મ્ય દૃષ્ટાન્ત છે. ૪૭.

જેમકે-અગ્નિ નહિ હોવાથી ધૂમ પણ છે જ નહિ, જેમકે-જલાશયમાં. ૪૮.

उपनयं वर्णयन्ति—

हेतोः साध्यधर्मिण्युपसंहरणमुपनयः ॥४९॥

यथा धूमश्चात्र प्रदेशे ॥५०॥

ઉપનયનું વર્ણન -

સાધ્યધર્મી(પક્ષ)માં હેતુનો ઉપસંહાર કરવો-(અર્થાત્ પક્ષમાં હેતુનું પુનઃ કથન કરવું) તે ઉપનય કહેવાય છે. ૪૯.

જેમકે-આ પ્રદેશમાં ધૂમ છે. ૫૦

निगमनं लक्षयन्ति—

साध्यधर्मस्य पुनर्निगमनम् ॥५१॥

§१ साध्यधर्मिण्युपसंहरणमिति योगः ॥५१॥

यथा तस्मादग्निरत्र ॥५२॥

નિગમનનું લક્ષણ અને ઉદાહરણ—

પણ સાધ્યધર્મનો, તે નિગમન કહેવાય છે. ૫૧.

આ સૂત્રમાં ઉપરના સૂત્ર ૪૯ માંથી 'સાધ્યધર્મીમાં ઉપસંહાર' એ અંશનો સંબંધ કરી લેવો. ૫૧

જેમકે-માટે અહીં અગ્નિ છે. ૫૨.

पक्षवचनादीनां पूर्वाचार्यप्रवर्तितां संज्ञां कथयन्ति-

एते पक्षप्रयोगादयः पञ्चाप्यवयवसंज्ञया कीर्त्यन्ते ॥५३॥

§१ अपिशब्दात् तच्छुद्धीनामप्यवयवसंज्ञा विज्ञेया ॥५३॥

પક્ષવચનાદિની પૂર્વાચાર્યોએ કહેલ સંજ્ઞાનું કથન--

એ પક્ષપ્રયોગાદિ પાંચ પણ 'અવયવ' નામથી ઓળખાય છે. ૫૩.

સૂત્રગત 'પણ' શબ્દથી પક્ષાદિની પાંચ શુદ્ધિની પણ અવયવ સંજ્ઞા જાણવી. ૫૩.

प्रागुक्तमेव हेतुं प्रकारतो दर्शयन्ति—

उक्तलक्षणो हेतुर्द्विप्रकारः-उपलब्ध्यनुपलब्धिभ्यां भिद्यमानत्वात्॥५४॥

પૂર્વે કહેલ હેતુના ભેદ—

પૂર્વે કહેલ હેતુના બે પ્રકાર છે—ઉપલબ્ધિરૂપ, અને અનુપલબ્ધિરૂપ. ૫૪.

अथैतयोः साध्यमाहुः—

उपलब्धिर्विधिनिषेधयोः सिद्धिनिबन्धनम्, अनुपलब्धिश्च ॥५५॥

यथा चैतदेवं तथा वक्ष्यते ॥५५॥

બન્ને પ્રકારના હેતુના સાધ્યનું કથન—

ઉપલબ્ધિ હેતુથી વિધિ અને નિષેધ બન્ને સિદ્ધ થાય છે, અને અનુપલબ્ધિ હેતુથી પણ. ૫૫.

આ કેવી રીતે છે તે વિષે કહેવાશે. ૫૫.

विधिमभिदधति-

विधिः सदंशः ॥५६॥

§१ सदसदंशात्मनो वस्तुनो योऽयं सदंशो भावरूपः, स विधिरित्यभिधीयते ॥५६॥

વિધિનું લક્ષણ—

સત્ અંશ વિધિ છે. ૫૬.

§ ૧ સત્ અને અસત્ ઉભય સ્વરૂપ પદાર્થનો ભાવરૂપ જે સત્ અંશ છે, તે વિધિ કહેવાય છે. ૫૬.

प्रतिषेधं प्रकटयन्ति—

प्रतिषेधोऽसदंशः ॥५७॥

§१ तादृशस्यैव वस्तुनो योऽयमसदंशोऽभावस्वभावः, स प्रतिषेध इति गीयते ॥५७॥

પ્રતિષેધનું લક્ષણ—

અસત્ અંશ પ્રતિષેધ છે. ૫૭.

§ ૧ સત્ અને અસત્ ઉભય સ્વરૂપ પદાર્થનો અભાવરૂપ જે અસત્ અંશ છે તે પ્રતિષેધ કહેવાય છે. ૫૭.

(पं०) **तादृशस्यैवेति** सदसदंशात्मनः ॥५७॥

अस्यैव प्रकारानाहुः—

स चतुर्द्धा प्रागभावः प्रध्वंसाभाव इतरेतराभावोऽत्यन्ताभावश्च ॥५८॥

§१ प्राक् पूर्वं वस्तूत्पत्तेरभावः, प्रध्वंसश्चासावभावश्च, इतरस्येतरस्मिन्नभावः, अत्यन्तं सर्वदाऽभावः । विधिप्रकारास्तु प्राक्तनैर्नोचिरे । अतः सूत्रकृद्भिरपि नाभिदधिरे ॥५८॥

પ્રતિષેધના પ્રકારો—

તે ચાર પ્રકારે છે— ૧ પ્રાગભાવ, ૨ પ્રધ્વંસાભાવ, ૩ ઇતરેતરાભાવ, ૪ અત્યન્તાભાવ. ૫૮.

§ ૧ વસ્તુની ઉત્પત્તિની પૂર્વે જે અભાવ તે પ્રાગભાવ છે. પ્રધ્વંસ (નાશ) રૂપ અભાવ તે પ્રધ્વંસાભાવ છે. ઇતરનો ઇતરમાં અભાવ એટલે કે એક વસ્તુનો બીજી વસ્તુમાં અભાવ તે ઇતરેતરાભાવ છે અને અત્યન્ત એટલે સર્વદા અભાવ તે અત્યન્તાભાવ છે. પૂર્વાચાર્યોએ વિધિના ભેદ કહ્યા નથી, માટે સૂત્રકારે પણ કહ્યા નથી. ૫૮.

तत्र प्रागभावमाविर्भावयन्ति—

यन्निवृत्तावेव कार्यस्य समुत्पत्तिः सोऽस्य प्रागभावः ॥५९॥

§१ यस्य पदार्थस्य निवृत्तावेव सत्याम्, न पुनरनिवृत्तावपि; अतिव्याप्तिप्रसक्तेः; अन्धकारस्यापि निवृत्तौ क्वचिज्ज्ञानोत्पत्तिदर्शनादन्धकारस्यापि ज्ञानप्रागभावत्वप्रसङ्गात् । न चैवमपि रूपज्ञानं तन्निवृत्तावेवोत्पद्यत इति तत्प्रति तस्य तत्त्वप्रसक्तिरिति वाच्यम्, अतीन्द्रियदर्शिनि नक्तञ्चरादौ च तद्भावेऽपि तद्भावात् । स इति पदार्थः, अस्येति कार्यस्य ॥५९॥

પ્રાગભાવનું લક્ષણ—

જે પદાર્થની નિવૃત્તિ–નાશ થવાથી જ કાર્યની ઉત્પત્તિ થાય તે તેનો પ્રાગભાવ છે. ૫૯.

અહીં સૂત્રમાં "જે પદાર્થની નિવૃત્તિ થવાથી જ" એમ કહી એ જણાવ્યું છે, કે—જે પ્રાગભાવ હોય તેની નિવૃત્તિ કાર્યોત્પત્તિ માટે આવશ્યક છે. એટલે કે તે નિવૃત્તિ ન હોય તો કાર્ય ઉત્પન્ન ન જ થાય. આ પ્રકારે તેની નિવૃત્તિને આવશ્યક ન માનવામાં આવે તો જે પ્રાગભાવ ન હોય તે પણ પ્રાગભાવ થઈ જશે, અને તેથી અતિવ્યાપ્તિ દોષ આવશે. જેમ કે–અંધકારની નિવૃત્તિ થયે ક્વચિત રૂપજ્ઞાન થાય છે, માટે તે પણ રૂપજ્ઞાનનો પ્રાગભાવ થઈ જાય. પરંતુ રૂપજ્ઞાન અંધકારની નિવૃત્તિથી જ થાય છે એમ નથી. અંધકાર હોય છતાં પણ અતીન્દ્રિય દર્શિઓને તથા નક્તંચરોને રૂપજ્ઞાન થાય છે. માટે અંધકારને પ્રાગભાવ કહેવાય નહિ, કારણ કે–તેની રૂપજ્ઞાન માટે નિવૃત્તિ આવશ્યક નથી. સૂત્રમાં 'તે' એટલે પદાર્થ અને 'તેનો' એટલે 'કાર્યનો' સમજવું. ૫૯.

(प०) **तत्प्रतीति** ज्ञानं प्रति । **तस्येति** अन्धकारस्य । **तत्त्वप्रसक्तिरिति** प्रागभावत्वप्रसङ्गः । **वाच्यमिति** न चैवमपि वाच्यमिति योगः । **नक्तञ्चरादाविति** उलूकमार्जारादौ । **तद्भावेऽपीति** अन्धकारभावेऽपि । **तद्भावादिति** रूपज्ञानभावात् ॥५९॥

(टि०) **यस्य पदार्थस्य निवृत्तावित्यादि** । **क्वचिदिति** निशाचरादौ ॥ **तन्निवृत्ताविति** अन्धकारनिवृत्तावेव । न ह्यन्धकारपूरपरिप्लावितापवरककूणके रूपिघटादिज्ञानं कस्याप्युन्मज्जेत ॥ **तत्प्रतीति** रूपिज्ञानं प्रति । **तस्येति** अन्धकारस्य । तत्त्वप्रसक्तिरिति प्रागभावत्वप्रसंगः । **तद्भावेपीति** अन्धकारसद्भावेऽपि । **तद्भावादिति** ज्ञानसंभवात् ॥५९॥

अत्रोदाहरन्ति—

यथा मृत्पिण्डनिवृत्तावेव समुत्पद्यमानस्य घटस्य मृत्पिण्डः ॥६०॥

પ્રાગભાવનું ઉદાહરણ—

જેમકે-માટીના પિંડની નિવૃત્તિ થવાથી જ ઉત્પન્ન થનાર ઘડાનો, માટીનો પિંડ એ પ્રાગભાવ છે. ૬૦.

प्रध्वंसाभावं प्राहुः—

यदुत्पत्तौ कार्यस्यावश्यं विपत्तिः सोऽस्य प्रध्वंसाभावः ॥६१॥

६१ यस्य पदार्थस्योत्पत्तौ सत्यां प्रागुत्पन्नकार्यस्यावश्यं नियमेन, अन्यथातिप्रसङ्गाद् विपत्तिर्विघटनम्, सोऽस्य कार्यस्य प्रध्वंसाऽभावोऽभिधीयते ॥६१॥

उदाहरन्ति—

यथा कपालकदम्बकोत्पत्तौ नियमतो विपद्यमानस्य कलशस्य कपालकदम्बकम् ॥६२॥

પ્રધ્વંસાભાવનું લક્ષણ—

જેની ઉત્પત્તિથી કાર્યનો અવશ્ય નાશ થઈ જાય તે તેનો પ્રધ્વંસાભાવ છે. ૬૧.

૬૧ જે પદાર્થની ઉત્પત્તિ થવાથી પ્રથમ ઉત્પન્ન થયેલ કાર્યનો અવશ્ય નાશ થાય, તે પદાર્થ તે કાર્યનો પ્રધ્વંસાભાવ કહેવાય છે. કાર્યની વિપત્તિ—(નાશ) અવશ્ય માનવી જોઈએ. અન્યથા અતિપ્રસંગ છે. અર્થાત્ કાર્યની અવશ્ય વિપત્તિ ન સ્વીકારવામાં આવે તો-અંધકારની ઉત્પત્તિ થવાથી રૂપજ્ઞાનનો કવચિત્ નાશ થાય છે, તો અંધકાર પણ રૂપજ્ઞાનનો પ્રધ્વંસાભાવ થઈ જાય. આમ અતિવ્યાપ્તિ થાય. પણ સર્વદા એમ નથી બનતું કે-અંધકાર થવાથી રૂપજ્ઞાનનો નાશ જ થાય. માટે સૂત્રમાં કહ્યું છે કે-કાર્યની વિપત્તિ આવશ્યક છે. સૂત્રગત 'તે' એટલે પદાર્થ અને 'તેનો' એટલે કાર્યનો, એમ અર્થ સમજવો. ૬૧.

પ્રધ્વંસાભાવનું ઉદાહરણ—

જેમકે-કપાલસમૂહ-(ઠીકરાં-ટુકડા) ઉત્પન્ન થવાથી અવશ્ય નાશ પામનાર ઘટનો કપાલસમૂહ (ઠીકરાં) એ પ્રધ્વંસાભાવ છે. ૬૨.

इतरेतराभावं वर्णयन्ति—

स्वरूपान्तरात् स्वरूपव्यावृत्तिरितरेतराभावः ॥६३॥

§१ स्वभावान्तरान्न पुनः स्वस्वरूपादेव, तस्याभावप्रसक्तेः, स्वरूपव्यावृत्तिः स्वस्वभावव्यवच्छेद इतरेतराभावोऽन्यापोहनामा निगद्यते ॥६३॥

उदाहरणमाहुः—

यथा स्तम्भस्वभावात् कुम्भस्वभावव्यावृत्तिः ॥६४॥

ઇતરેતરાભાવનું લક્ષણ—

કોઈ એક સ્વરૂપનો બીજાના સ્વરૂપથી ભેદ તે ઇતરેતરાભાવ છે. ૬૩.

§૧ અહીં ભેદ બીજાના સ્વભાવથી સમજવાનો છે, પરંતુ સ્વસ્વરૂપથી નહિ. જો સ્વસ્વરૂપથી પણ ભેદ હોય તો પોતાનો જ અભાવ થઈ જાય. સ્વરૂપવ્યાવૃત્તિ એટલે અન્યથી સ્વસ્વભાવનો વ્યવચ્છેદ તે ઇતરેતરાભાવ કહેવાય છે. 'અન્યાપોહ' એ તેની બીજી સંજ્ઞા છે. ૬૩.

ઇતરેતરાભાવનું ઉદાહરણ—

જેમકે-સ્તમ્ભસ્વરૂપથી કુમ્ભસ્વરૂપની જે વ્યાવૃત્તિ-ભેદ છે, તે ઇતરેતરાભાવ છે. ૬૪.

अत्यन्ताभावमुपदिशन्ति—

कालत्रयाऽपेक्षिणी हि तादात्म्यपरिणामनिवृत्तिरत्यन्ताभावः ॥६५॥

§१ अतीताऽनागतवर्त्तमानरूपकालत्रयेऽपि याऽसौ तादात्म्यपरिणामनिवृत्तिरेकत्वपरिणतिव्यावृत्तिः, सोऽत्यन्ताभावोऽभिधीयते ॥६५॥

निदर्शयन्ति—

यथा चेतनाऽचेतनयोः ॥६६॥

§१ न खलु चेतनमात्मतत्त्वमचेतनपुद्गलात्मकतामचकलत्, कलयति, कलयिष्यति वा, तच्चैतन्यविरोधात् । नाप्यचेतनं पुद्गलतत्त्वं चेतनस्वरूपताम्, अचेतनत्वविरोधात् ॥६६॥

અત્યન્તાભાવનું લક્ષણ—

ત્રણે કાલમાં જે તાદાત્મ્ય—તદ્રૂપપરિણામની નિવૃત્તિ છે, તે અત્યન્તાભાવ છે. ૬૫.

§૧ અતીત, અનાગત અને વર્તમાન રૂપ ત્રણે કાલમાં જે તાદાત્મ્ય પરિણામ—એકત્વ પરિણામની વ્યાવૃત્તિ (અર્થાત એક સ્વરૂપે ન થવું) તે અત્યન્તાભાવ કહેવાય છે. ૬૫.

અત્યન્તાભાવનું ઉદાહરણ—

જેમકે-ચેતન અને અચેતનમાં અત્યંતાભાવ છે. ૬૬.

§૧ આત્મતત્ત્વરૂપ ચેતન કદી પણ અચેતન-પુદ્ગલરૂપે થયું નથી, થતું નથી અને થશે પણ નહિ, કારણ કે-ચેતનમાં રહેલ ચૈતન્ય સ્વભાવનો અચેતન સાથે વિરોધ છે. તે જ રીતે અચેતનત્વનો ચૈતન્ય સાથે વિરોધ હોવાથી અચેતન-પુદ્ગલતત્ત્વ પણ ચેતનસ્વરૂપને પામ્યું નથી, પામતું નથી અને પામશે પણ નહિ. ૬૬.

अथोपलब्धिं प्रकारतो दर्शयन्ति—

उपलब्धेरपि द्वैविध्यमविरुद्धोपलब्धिर्विरुद्धोपलब्धिश्च ॥६७॥

§१ न केवलमुपलब्ध्यनुपलब्धिभ्यां भिद्यमानत्वेन हेतोर्द्वैविध्यमित्यपेरर्थः । अविरुद्धो विरुद्धश्चात्र साध्येन सार्द्धं द्रष्टव्यः । ततस्तस्योपलब्धिरिति ॥६७॥

ઉપલબ્ધિના ભેદો—

ઉપલબ્ધિહેતુ પણ બે પ્રકારે છે–અવિરુદ્ધોપલબ્ધિ અને વિરુદ્ધોપલબ્ધિ ૬૭.

§૧ માત્ર ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ રૂપ ભેદથી, હેતુના બે ભેદ નથી. પરંતુ ઉપલબ્ધિના પણ બે ભેદ છે, એ સૂત્રમાં કહેલ 'પણ' શબ્દનો અર્થ છે. અહીં હેતુનો અવિરોધ કે વિરોધ સાધ્ય સાથે જાણવો. તેવા હેતુની ઉપલબ્ધિ તે–અવિરુદ્ધોપલબ્ધિ અને વિરુદ્ધોપલબ્ધિ કહેવાય છે. ૬૭

आद्याया भेदानाहुः—

तत्राविरुद्धोपलब्धिर्विधिसिद्धौ षोढा ॥६८॥

પહેલી અવિરુદ્ધોપલબ્ધિના ભેદો—

તે બન્નેમાંથી અવિરુદ્ધોપબ્ધિ વિધિરૂપ સાધ્યની સિદ્ધિમાં છ પ્રકારે છે. ૬૮.

(टि०) **विधिसिद्धा**वित्यादि ॥६८॥

तानेव व्याख्यान्ति—

साध्येनाविरुद्धानां व्याप्यकार्यकारणपूर्वचरोत्तरचरसहचराणामुपलब्धिः ॥६९॥

§१ ततो व्याप्याऽविरुद्धोपलब्धिः, कार्याऽविरुद्धोपलब्धिः, कारणाऽविरुद्धोपलब्धिः, पूर्वचराविरुद्धोपलब्धिः, उत्तरचराविरुद्धोपलब्धिः, सहचराविरुद्धोपलब्धिरिति षट् प्रकारा भवन्ति । अत्र हि साध्यं शब्दस्य परिणामित्वादि, तस्याऽविरुद्धं व्याप्यादि प्रयत्नानन्तरीयकत्वादि वक्ष्यमाणं तदुपलब्धिरिति ॥६९॥

વિધિસાધક અવિરુદ્ધોપલબ્ધિના છ ભેદોનું વર્ણન—

સાધ્યની સાથે અવિરુદ્ધ એવા વ્યાપ્ય, કાર્ય, કારણ, પૂર્વચર, ઉત્તરચર અને સહચરરૂપ હેતુઓની ઉપલબ્ધિ છે. ૬૯.

§૧. તેથી ૧ વ્યાપ્યાવિરુદ્ધોપલબ્ધિ, ૨ કાર્યાવિરુદ્ધોપલબ્ધિ, ૩ કારણાવિરુદ્ધોપલબ્ધિ, ૪ પૂર્વચરાવિરુદ્ધોપલબ્ધિ, ૫ ઉત્તરચરાવિરુદ્ધોપલબ્ધિ અને ૬ સહચરાવિરુદ્ધોપલબ્ધિ—આ પ્રમાણે અવિરુદ્ધોપલબ્ધિ હેતુના છ પ્રકાર થાય છે.

અહીં શબ્દનું પરિણામિત્વ સાધ્ય છે, તેથી અવિરુદ્ધ પ્રયત્નાનન્તરીયકત્વાદિ રૂપ વ્યાપ્યાદિ હેતુઓની ઉપલબ્ધિ સમજવી. એ બધા વિષે આગળ કહેવામાં આવશે. ૬૯

§१ अत्र भिक्षुर्भाषते–विधिसिद्धौ स्वभावकार्ये एव साधने साधीयसी, न कारणम् । तस्यावश्यंतया कार्योत्पादकत्वाभावात् , प्रतिबद्धावस्थस्य मुर्मुरावस्थस्य चाधूमस्यापि धूमध्वजस्य दर्शनात् । अप्रतिबद्धसामर्थ्यम्, उग्रसामग्रीकं च तद् गमकमिति चेत् । एवमेतत्, किन्तु नैतादृशमर्वाग्दृशाऽवसातुं शक्यमिति । तन्निराकर्तुं कीर्तयन्ति–

तमस्विन्यामास्वाद्यमानादाम्रादिफलरसादेकसामग्र्यनुमित्या रूपाद्यनुमितिमभिमन्यमानैरभिमतमेव किमपि कारणं हेतुतया यत्र शक्तेरप्रतिस्खलनमपरकारणसाकल्यं च ॥ ७० ॥

§ २ तमस्विन्यामिति रूपाप्रत्यक्षत्वसूचनाय । शक्तेरप्रतिस्खलनं सामर्थ्यस्याऽप्रतिबन्धः । अपरकारणसाकल्यं शेषनिःशेषसहकारिसम्पर्कः । रजन्यां रस्यमानात्किल रसात् तज्जनकसामग्र्यनुमानम्, ततोऽपि रूपानुमानं भवति ।

§ ३ प्राक्तनो हि रूपक्षणः सजातीयरूपान्तरक्षणलक्षणं कार्यं कुर्वन्नेव विजातीयं रसलक्षणं कार्यं करोतीति प्राक्तनरूपक्षणात्सजातीयोत्पाद्यरूपक्षणान्तरानुमानं मन्यमानैः सौगतैरनुमतमेव किञ्चित्कारणं हेतुः, यस्मिन् सामर्थ्याऽप्रतिबन्धः, कारणान्तरसाकल्यं च निश्चेतुं शक्यते ।

§१. અહીં બૌદ્ધ ભિક્ષુનું કહેવું છે કે વિધિરૂપ સાધ્યની સિદ્ધિમાં સ્વભાવ હેતુ અને કાર્ય હેતુ એ બે જ ઉત્તમ હેતુઓ છે પરંતુ કારણ હેતુ નથી. કારણ કે કારણ અવશ્ય કાર્યોત્પાદક હોતું નથી. જેમકે–ઢાંકેલો અને અંગારા રૂપ અગ્નિ ધૂમ વિનાનો પણ અનુભવાય છે. જો કે જેના સામર્થ્યનો પ્રતિબંધ ન થયો હોય અને જે ઉગ્ર સામગ્રીવાળું કારણ હોય તે કાર્યનું બોધક હોય છે પરંતુ અર્વાગ્દૃષ્ટિ(બાહ્યદૃષ્ટિ–ચર્મચક્ષુ)વાળો પુરુષ એવા કારણનો નિશ્ચય કરી શકતો નથી. માટે કારણને હેતુ માની શકાય નહિ બૌદ્ધની એ માન્યતાનું નિરાકરણ આચાર્ય આ પ્રમાણે કરે છે—

અંધારી રાતે આસ્વાદ્યમાન—ચૂસવામાં આવતી કેરી આદિના રસથી તે રસને ઉત્પન્ન કરનાર કારણસમગ્રીનું અનુમાન, અને તે સામગ્રીથી રૂપાદિ(કાર્ય)-નું અનુમાન માનનારે કોઈ પણ પ્રકારના કારણને હેતુરૂપે સ્વીકારેલ જ છે, જો તે કારણની શકિતનું અસ્ખલન હોય અને બીજાં સહકારી કારણોની પૂર્ણતા હોય. ૭૦.

§૨ સૂત્રમાં 'અંધારી રાતે' એમ કહ્યું તે રૂપનું પ્રત્યક્ષ નથી એમ સૂચવવાને છે. શક્તિનું અસ્ખલન એટલે સામર્થ્યનો અપ્રતિબંધ, એટલે શક્તિમાં રુકાવટ ન હોય. બીજાં સહકારી કારણોની પૂર્ણતા એટલે શેષ સમગ્ર કારણોની ઉપસ્થિતિ. અંધારી રાતે ચાખવામાં આવતા રસથી તે રસ એ કાર્ય હોઈ તે તે તેના પૂર્વના રસ, રૂપ, ગન્ધ અને સ્પર્શની સામગ્રીથી ઉત્પન્ન થયો છે એવું

અનુમાન કરાય છે ત્યાર પછી તે રસોત્પાદક સામગ્રીથી જેમ રસ ઉત્પન્ન થયો તેમ તેથી જ રૂપ પણ ઉત્પન્ન થયું છે—એવું અનુમાન થાય છે.

§૩ તો આ રીતે-પૂર્વકાલીન રૂપ ક્ષણ, સજાતીય રૂપાન્તર ક્ષણરૂપ કાર્યને ઉત્પન્ન કરતી વખતે જ, વિજાતીય રસ રૂપ કાર્યને પણ ઉત્પન્ન કરતું હોવાથી જો રસનું પ્રત્યક્ષ હોય તો-તેની ઉત્પાદક સામગ્રીમાં રહેલ પૂર્વકાલીન રૂપક્ષણથી સજાતીય કાર્યરૂપ બીજા રૂપક્ષણનું અનુમાન માનનાર બૌદ્ધોએ કોઈ પણ એક કારણને હેતુ તરીકે માનેલ જ છે, કે-જે કારણના સામર્થ્ય-શક્તિનો નાશ ન થયો હોય અને જેનાં અન્ય સમસ્ત સહકારી કારણોની ઉપસ્થિતિનો પણ નિશ્ચય થઈ શકતા હોય.

(प०) **रजन्यां रस्यमानात् किल रसात्तज्जनकसामग्र्यनुमानमिति** अत्रास्ति तथाविधरसजनिका सामग्री तथाविधरसान्यथानुपपत्तेः । **ततोऽपीति** तज्जनकसामग्र्यनुमानात् रूपानुमानमिति—अस्त्यत्र तथाविधं रूपम्, आस्वाद्यमानरसेन रूपस्यैकसामग्रीकत्वात् ।

रसलक्षणमिति सहकारित्वेन । **कारणान्तरसाकल्यमिति** सहकारिकारणान्तरसामग्र्यम् ।

(टि०) **तस्येति** कारणस्य। **प्रतिबद्धेति** मन्त्राद्यवष्टब्धस्य । **तदिति** कारणम् । **अर्वाग्**दृशेति सामान्येन भवादृशेन । **अवसातुमिति** ज्ञातुम् ।

रस्यमानादिति आस्वाद्यमानात् । **तज्जनकेति** रसोत्पादकसामग्र्यनुमानम् । **ततोऽपीति** रसोत्पादकसामग्र्यनुमानतः ।

यस्मिन्निति हेतौ ।

§४ अथ नैतत् कारणात् कार्यानुमानम्, किन्तु स्वभावानुमानमदः । ईदृशरूपान्तरोत्पादसमर्थमिदं रूपम्, ईदृशरसजनकत्वादित्येवं तत्स्वभावभूतस्यैव तज्जननसामर्थ्यस्यानुमानादिति चेत् । नन्वेतदपि प्रतिबन्धाभाव-कारणान्तरसाकल्यनिर्णयमन्तरेण नोपपद्यत एव । तन्निश्चये तु यदि कारणादेव तस्मात् कार्यमनुमास्यते, तदा किं नाम दुश्चरितं चेतस्वी विचारयेत् ? । एवम्—अस्त्यत्र च्छाया, छत्रादित्यादीन्यप्यव्यभिचारनिश्चयादनुमानान्येवेत्युक्तं भवति ॥७०॥

§૪ બૌદ્ધ: આ અનુમાન કારણથી કાર્યાનુમાન રૂપ નથી પરંતુ સ્વભાવાનુમાન છે. જેમ કે—આ રૂપ આવા બીજા રૂપને ઉત્પન્ન કરવા સમર્થ છે, કારણ કે તે આ પ્રકારે રસોત્પાદનમાં સમર્થ છે. અર્થાત્ એ પ્રમાણે રૂપથી રૂપનું અનુમાન નહિ પણ રૂપના અન્ય રૂપને ઉત્પન્ન કરવાના સામર્થ્યનું અનુમાન થાય છે. અને સામર્થ્ય એ તો રૂપનો સ્વભાવ છે, તેથી તે સ્વભાવાનુમાન કહેવાય.

જૈન: રૂપના એ સ્વભાવનું અનુમાન પણ પ્રતિબંધાભાવનો અને સમસ્ત સહકારી કારણોનો નિશ્ચય એ બે વિના થઈ શકતું જ નથી, એટલે પ્રતિબંધાભાવનો અને સમસ્ત સહકારી કારણોનો નિશ્ચય થઈ ગયો હોય ત્યારે કારણ હેતુથી કાર્યનું અનુમાન કરાય તેમાં બુદ્ધિમાન્ એવા તમોને શું અઘટિત થયાનું જણાય છે ?

એ રીતે–અહીં છાયા છે, કારણ કે છત્ર છે વગેરે પ્રયોગો પણ અનુમાન જ છે. કારણ કે તેમાં અવ્યભિચારનો નિશ્ચય છે, માટે કારણરૂપ હેતુથી કાર્ય-રૂપ અનુમાન થાય છે, એ સિદ્ધ થયું.

સારાંશ છે કે બૌદ્ધ ઉપલબ્ધિ હેતુના સ્વભાવ અને કાર્ય એ બે ભેદ જ માને છે. પરંતુ કારણાદિ ભેદો માનતા નથી સ્વમતની સિદ્ધિ માટે તેઓ કહે છે કે—કાર્યનો કારણ સાથે અવિનાભાવ છે પણ કારણનો કાર્ય સાથે અવિના-ભાવ નથી, કારણ કે–કારણ વિના કાર્ય હોતું નથી પણ કાર્ય વિનાનું કારણ તો હોય છે. માટે કારણને હેતુ તરીકે મનાય નહિ. બૌદ્ધોની આ માન્યતાનું નિરા-કરણ કરવાને એ વાત કહેવામાં આવી છે—

(૧) દરેક કારણ હેતુરૂપ હોતું નથી પણ જે કારણનું કાર્યોત્પાદક સામર્થ્ય મણિમન્ત્રઔષધિ વિગેરે પ્રતિબંધક દ્વારા રોકાયું ન હોય અને જેના સમસ્ત સહકારી કારણ વિદ્યમાન હોય. એવું વિશિષ્ટ કારણ જ હેતુ તરીકે માનવામાં આવેલ છે, કારણ કે–આવું કારણ હોય તો અવશ્ય કાર્યની ઉત્પત્તિ થાય છે.

(૨) બૌદ્ધ પોતે પણ કારણને હેતુ તરીકે માને છે, એ પણ દૃષ્ટાન્ત દ્વારા સમજાવ્યું છે. અંધારી રાત્રે કોઈ કેરી ખાતો હોય છે ત્યારે તેને રૂપનું પ્રત્યક્ષ નથી પણ રસનું પ્રત્યક્ષ છે એટલે તે કેરીના રસથી તે રસને ઉત્પન્ન કરનારી સામગ્રી (પૂર્વકાલીન રસ–રૂપ વિગેરે)નું અનુમાન કરે છે, અહીં ચાખવામાં આવતો રસ કાર્યરૂપ છે. અને પૂર્વકાલીન રસ–રૂપ વિગેરે કારણરૂપ છે આ કાર્યથી કારણનું અનુમાન થયું. ત્યાર પછી કેરી ખાનાર તે કારણભૂત રૂપાદિ સામગ્રીથી વર્તમાનકાલીન રૂપનું અનુમાન કરે છે. આ કારણથી કાર્યનું અનુમાન છે. આ રીતે બૌદ્ધ સ્વયં કારણથી કાર્યનું અનુમાન કરે છે તો પછી કારણને હેતુ કેમ ન માને? આ પ્રકારને બૌદ્ધો સ્વભાવાનુમાનાન્તર્ગત માને છે પણ તેમ કરવું અનાવશ્યક છે, એમ ઉપર જણાવ્યું છે. ૭૦.

(પ૦) अथ **नैतदि**त्यादि परवाक्यम्। नैतत्कारणात् कार्यानुमानमिति । को भावः ? बौद्धा हि कार्यात् कारणानुमानं मन्यन्ते, न तु कारणात् कार्यानुमानम् । **नन्वेतदपी**त्यादि गद्ये **प्रतिबन्धशब्देन** स्खलनम् । **छाये**ति कार्यभूता ॥७०॥

(टि०) **तत्स्वभावे**ति । ईदृशरूपान्तरोत्पादस्वभावस्यैव । **तज्जनने**ति ईदृशरसोत्पादन-सामर्थ्यस्य । **एतदपी**ति स्वभावानुमानमपि ॥७०॥

अथ पूर्वचरोत्तरचरयोः स्वभाव-कार्य-कारणहेत्वनन्तर्भावाद्भेदान्तरत्वं समर्थयन्ते–

पूर्वचरोत्तरचरयोर्न स्वभाव-कार्यकारणभावौ, तयोः कालव्यवहितावनुप-लम्भात् ॥७१॥

§१ साध्यसाधनयोस्तादात्म्ये सति स्वभावहेतौ, तदुत्पत्तौ तु कार्ये कारणे वाऽन्तर्भावो विभाव्येत । न चैते स्तः । तादात्म्यं हि समसमयस्य प्रयत्नानन्तरी-यकत्व-परिणामित्वादेरुपपन्नम् । तदुत्पत्तिश्चान्योऽन्यमव्यवहितस्यैव धूम-धूमध्वजादेः समधिगता, न तु व्यवहितकालस्य, अतिप्रसक्तेः ॥७१॥

સ્વભાવ, કાર્ય કે કારણ હેતુમાં અન્તર્ભાવ થતો ન હોવાથી પૂર્વચર અને ઉત્તરચર સ્વતંત્ર હેતુઓ છે એનું સમર્થન—

પૂર્વચર અને ઉત્તરચર હેતુઓ સાધ્યના સ્વભાવ કે કાર્યકારણભાવરૂપે નથી, કારણ કે-સ્વભાવ અને કાર્યકારણભાવ કાલનું વ્યવધાન હોય ત્યાં હોતા નથી. ૭૧.

§૧ સાધ્ય અને સાધનમાં જ્યારે તાદાત્મ્ય સંબંધ હોય ત્યારે હેતુનો સમાવેશ સ્વભાવ હેતુમાં થાય છે. પરંતુ જો સાધ્ય અને સાધનમાં તદુત્પત્તિ સંબંધ હોય તો હેતુનો સમાવેશ કાર્ય હેતુ કે કારણ હેતુમાં થઈ શકે છે. પરંતુ આ પૂર્વચર અને ઉત્તરચરમાં તાદાત્મ્ય કે તદુત્પત્તિ સંબંધ નથી. કારણ કે—તાદાત્મ્ય તો સમસમયે-એકકાલે વિદ્યમાન પ્રયત્નાનન્તરીયકત્વ અને પરિણામિત્વાદિ રૂપ સાધ્ય-સાધનમાં હોય છે; અને તદુત્પત્તિ તો—અન્યોન્ય કાલ વ્યવધાન રહિત અગ્નિ અને ધૂમમાં હોય છે. પરંતુ કાલના વ્યવધાનવાળા પદાર્થોમાં અતિપ્રસંગ હોવાથી તદુત્પત્તિ હોતી નથી, અર્થાત્ કાલનું વ્યવધાન હોય ત્યાં કાર્યકારણભાવ ઘટે નહિ આ પ્રકારે પૂર્વચર અને ઉત્તરચરની કાલાન્તરમાં ઉપલબ્ધિ હોવાથી તેનો સ્વભાવ, કાર્ય કે કારણમાં અન્તર્ભાવ થતો નથી.

સારાંશ કે તાદાત્મ્ય સંબંધ હોય ત્યાં સ્વભાવ હેતુ હોય છે અને તદુત્પત્તિ સંબંધ હોય ત્યાં કાર્યહેતુ કે કારણહેતુ હોય છે. તાદાત્મ્ય સંબંધ સમકાલીન વસ્તુઓમાં હોય છે અને તદુત્પત્તિ-કાર્યકારણભાવ સંબંધ અવ્યવહિત પૂર્વોત્તર ક્ષણવર્તી અગ્નિ અને ધૂમ આદિમાં હોય છે. આ રીતે કાલનું વ્યવધાન તાદાત્મ્ય અને તદુત્પત્તિ બન્નેમાં નથી. જ્યારે પૂર્વચર અને ઉત્તરચરમાં કાલનું વ્યવધાન હોય છે. માટે એ બન્નેનો સ્વભાવ, કાર્ય કે કારણ હેતુમાં સમાવેશ થઈ શકતો નથી. ૭૧.

(प०) **तयोरिति** स्वभाव-कार्यकारणभावयोः ॥७१॥

(टि०) **साध्यसाधनयोरित्यादि** ॥ **एते** इति तादात्म्यतदुत्पत्ती । **प्रयत्नानन्तरीयेति** शब्दादौ धर्मिणि ॥७१॥

§१ ननु कालव्यवधानेऽपि कार्यकारणभावो भवत्येव, जाग्रद्बोधप्रबोधयोर्मरणारिष्टयोश्च तथादर्शनादिति प्रतिजानानं प्रज्ञाकरं प्रतिक्षिपन्ति—

न चातिक्रान्तानागतयोर्जाग्रद्दशासंवेदन-मरणयोः प्रबोधोत्पातौ प्रति कारणत्वं, व्यवहितत्वेन निर्व्यापारत्वात् ॥७२॥

§२ अयमर्थः । जाग्रद्दशासंवेदनमतीतं सुप्तावस्थोत्तरकालभाविज्ञानं वर्तमानं प्रति; मरणं चानागतं ध्रुवावीक्षणादिकमरिष्टं साम्प्रतिकं प्रति व्यवहितत्वेन व्यापारपराङ्मुखम्—इति कथं तत्तत्र कारणत्वमवलम्बेत ? । निर्व्यापारस्यापि तत्कल्पने सर्वं सर्वस्य कारणं स्यात् ॥७२॥

§૧ કાલનું વ્યવધાન હોય તો પણ કાર્યકારણભાવ હોય છે જેમકે-જાગ્રત અવસ્થાનો બોધ અને પ્રબોધ(સૂઈને ઊઠ્યા પછીના જ્ઞાન)માં તથા મરણ અને

અરિષ્ટમાં. આ પ્રકારે કાલનું વ્યવધાન હોવા છતાં કાર્યકારણભાવ છે, એવું માનનાર પ્રજ્ઞાકરનું નિરાકરણ—

અતીતકાલીન જાગ્રત દશાનું સંવેદન અને અનાગતકાલીન મરણ અનુક્રમે વર્તમાનકાલીન પ્રબોધનું અને અરિષ્ટનું કારણ નથી, કારણ કે-કાલનું વ્યવધાન હોવાથી વ્યાપાર ઘટી શકતો નથી. ૭૨.

§૨ જાગ્રત અવસ્થાનું સંવેદન અતીત છે, તેથી તે સુપ્તાવસ્થા પછીના વર્તમાન જ્ઞાનમાં, અને એ જ રીતે મરણ એ અનાગત-ભવિષ્યત્ છે, તે વર્તમાનમાં ધ્રુવના અદર્શન રૂપ અરિષ્ટ-અમંગળ-માં, કાલનું અંતર હોવાથી વ્યાપાર રહિત છે. અર્થાત્ તે તે કાર્ય પદાર્થની ઉત્પત્તિકાલે તે તે કારણ પદાર્થ છે જ નહિ, તો તેની ઉત્પત્તિ માટેનો વ્યાપાર કેવી રીતે કરે ? માટે જાગ્રદવસ્થાનો બોધ પ્રબોધમાં અને મરણ અમંગળમાં કારણ રૂપ કઈ રીતે થઈ શકે ? વ્યાપાર રહિત પદાર્થને પણ કારણ તરીકે કલ્પવામાં આવે તો-સર્વ પદાર્થો સર્વનાં કારણ બની જશે. ૭૨.

(प०) प्रज्ञाकरमिति सौगतविशेषम् ।

वर्तमानं प्रतीत्यतः पुरः व्यापारपराङ्मुखमिति गम्यम् । **तदिति** जाग्रद्दशासंवेदनं मरणं च । **तत्रेति** प्रबोधे अरिष्टे च । **कथं तत्तत्र कारणत्वमालम्बेतेति** जाग्रद्दशासंवेदनं न प्रबोधस्य कारणं किन्तु क्षयोपशमः, मरणं चोत्पातस्य कारणं न, किन्तु धातुचित्तादिविपर्यय इति मर्म ॥७२॥

(टि०) **ननु कालेत्यादि** ॥ **तथेति** कालव्यवधानेऽपि कार्यकारणभावावीक्षणात् । **प्रतिजानानमिति** प्रज्ञाकरं मन्यमानम् । **कथं तदिति** जाग्रद्दशासंवेदनमतीतं, मरणागतं च ॥ **तत्रेति** वर्त्तमानज्ञाने अरिष्टवीक्षणादौ सांप्रतिके । **तत्कल्पने इति** कारणत्वकल्पने ॥७२॥

इदमेव भावयन्ति—

स्वव्यापारापेक्षिणी हि कार्यं प्रति पदार्थस्य कारणत्वव्यवस्था, कुलालस्येव कलशं प्रति ॥७३॥

§१ अन्वय-व्यतिरेकावसेयो हि सर्वत्र कार्यकारणभावः । तौ च कार्यस्य कारणव्यापारसव्यपेक्षावेव युज्येते । कुम्भस्येव कुम्भकारव्यापारसव्यपेक्षाविति ॥७३॥

ઉપરોક્ત કથનનું સમર્થન—

પોતાના વ્યાપારની અપેક્ષાએ જ પદાર્થને કાર્ય પ્રત્યે કારણતા છે. અર્થાત્ કાર્યની ઉત્પત્તિમાં વ્યાપારવાળો પદાર્થ જ કારણરૂપ મનાય છે. જેમ કે-કુંભાર પોતાના વ્યાપારની અપેક્ષાએ જ ઘટમાં કારણ છે. ૭૩.

§૧ કાર્યકારણભાવનો નિશ્ચય સર્વત્ર અન્વય અને વ્યતિરેકથી જ થાય છે. અને કાર્યનો તે અન્વય-વ્યતિરેક કારણના વ્યાપારને જ આધીન છે. જેમકે—કુંભનો અન્વય-વ્યતિરેક કુંભારના વ્યાપારને જ આધીન છે. ૭૩.

(प०) **ताविति** अन्वयव्यतिरेकौ ॥७३॥

(टि०) **अन्वयेत्यादि** । **ताविति** अन्वयव्यतिरेकौ ॥७३॥

ननु चातिक्रान्ताऽनागतयोर्व्यवहितत्वेऽपि व्यापारः कथं न स्यादित्यारेकामधरयन्ति—

न च व्यवहितयोस्तयोर्व्यापारपरिकल्पनं न्याय्यमतिप्रसक्तेः ॥७४॥

§१ तयोरतिक्रान्ताऽनागतयोर्जाग्रद्दशासंवेदन-मरणयोः ॥७४॥

વ્યવધાનયુક્ત હોવા છતાં અતીત અને અનાગત પદાર્થોનો વ્યાપાર કેમ નહિ થાય ? એ શંકાનો પરિહાર—

વ્યવધાનવાળા તે બંનેમાં પણ વ્યાપારની કલ્પના કરવી એ ન્યાયયુક્ત નથી. કારણ કે—એવું માનવાથી અતિપ્રસક્તિ દોષ આવશે. ૭૪.

§૧. 'બંનેમાં' એટલે અતીતકાલીન જાગ્રદ્દશા સંવેદન અને અનાગતકાલીન મરણ એ બન્નેમાં. ૭૪.

अतिप्रसक्तिमेव भावयन्ति—

परम्पराव्यवहितानां परेषामपि तत्कल्पनस्य निवारयितुमशक्यत्वात् ॥७५॥

§१ परेषामपि रावण-शङ्खचक्रवर्त्यादीनाम् । तत्कल्पनस्य व्यापारकल्पनस्य ।

§२ अथान्वय-व्यतिरेकसमधिगम्यः कार्यकारणभावः । ततो व्यवधानाविशेषेऽपि यस्यैव कार्यमन्वय-व्यतिरेकावनुकरोति, तदेव तत्कारणम् । अन्यथाऽव्यवधानाविशेषेऽपि किं न काष्ठकृशानुवत्तत्र स्थित एव शर्कराकणनिकरोऽपि धूमकारणं स्यात् ? ततो नातिप्रसङ्ग इति चेत् ।

नन्वन्वयस्तद्भावे भावः, स चात्र तावत् नास्त्येव । जाग्रद्दशासंवेदन-मरणयोरभाव एव सर्वदा तत्कार्योत्पादात् । अथ स्वकाले सतोरेव तयोस्तत्कार्योत्पत्तेरन्वयः कथं न स्यादिति चेत्; तर्हीदृशोऽयं रावणादिभिरप्यस्यास्त्येव । सत्यम्, अस्त्येव व्यतिरेकस्तु रिक्त इति चेत् ।

અતિપ્રસક્તિ દોષનું સ્પષ્ટીકરણ—

કારણ કે—પરંપરાથી વ્યવધાનવાળા અન્ય પદાર્થો વિષે પણ તેની કલ્પનાનું નિવારણ થઈ શકશે નહિ. ૭૫.

§૧. 'અન્ય પદાર્થો' એટલે રાવણ-શંખચક્રવર્તી આદિ. 'તેની કલ્પનાનું' એટલે વ્યાપારની કલ્પનાનું.

§૨ શંકા—કાર્યકારણભાવનું જ્ઞાન અન્વય-વ્યતિરેકથી થાય છે, એટલે જે પદાર્થોમાં વ્યવધાનને કારણે કશી વિશેષતા ન હોય છતાં પણ જેની સાથે કાર્યનો અન્વય-વ્યતિરેક હોય તે જ કારણ છે, એમ માનવું જોઈએ. અન્યથા અવ્યવધાનની સમાનતા છતાં લાકડાના અગ્નિની જેમ ત્યાં જ અવ્યવહિતરૂપે રહેલ રેતીનો કણસમૂહ પણ ધૂમનું કારણ કેમ ન બને ? માટે વ્યવધાન-અવ્યવધાન ગૌણ બાબત છે. તેથી ઉપરોક્ત અતિપ્રસંગ દોષ આવશે નહિ.

સમાધાન—તમારી વાત ખરી છે. અન્વય એટલે 'તે(કારણ)ની સત્તા હોય તો તે(કાર્ય)ની સત્તા હોય' તે. અને આ અન્વય પ્રસ્તુતમાં છે જ નહિ. કારણ કે–જાગ્રદ્દશાસંવેદન અને મરણનો અભાવ હોય ત્યારે જ તેના કાર્યોની (પ્રબોધ અને અમંગળની) ઉત્પત્તિ થાય છે. નહિ કે તેમનું સત્ત્વ હોય ત્યારે.

શંકા—જાગ્રદ્દશાસંવેદન અને મરણ સ્વકાલમાં વિદ્યમાન છે, તેથી જ તેમનાં ઉપરોક્ત કાર્યો ઉત્પન્ન થાય છે, તો અન્વય કેમ નહિ?

સમાધાન—આ પ્રકારનો અન્વય તો રાવણ આદિ સાથે પણ છે. એટલે કે તેમને કારણ કેમ ન માનવાં?

બૌદ્ધ—ખરીવાત. રાવણાદિ સાથે અન્વય તો છે, પરંતુ વ્યતિરેક તો નથી, માટે કારણ ન બને.

(प०) तत्कल्पनस्येति व्यापारकल्पनायाः ।

अथान्वयेत्यादि परवाक्यम् । कार्यमिति कार्यं कर्तृ ।

तत्कार्योत्पादादिति प्रबोधारिष्टकार्योत्पत्तेः । ईदृशोऽयमिति अयमन्वयः । अस्येति कार्यस्य ।

(टि०) अथान्वयेत्यादि । तद्भावे इति धूमसद्भावे भावोऽग्निमत्त्वस्य । स चेति भावो बोधारिष्टवीक्षणलक्षणः । अत्रेति भवदुक्तजाग्रद्दशासंवेदने मरणे च ॥ तत्कार्योत्पादादिति तयोर्ज्जाग्रद्दशासंवेदनमरणयोः कार्यबोधोत्पातयोरुत्पत्तिसंभवात् ॥ तयोरिति जाग्रद्दशासंवेदनमरणयोः । तत्कार्योत्पत्तेरिति तयोः कार्यं बोधोत्पातलक्षणं तत्कार्यं तस्योत्पत्तिः । अयमिति अन्वयः । अस्येति व्यापारस्य कार्यस्य ।

§३ ननु कोऽयं व्यतिरेको नाम ? तदभावेऽभाव इति चेत् । स तर्हि जाग्रद्दशासंवेदनादेः कथं स्यात् । तदभाव एव सर्वदा प्रबोधादेर्भावात् । स्वकाले त्वभावस्तस्य नास्त्येवेति कथं व्यतिरेकः सिद्धिमधिवसेत् ? इति न व्यवहितयोः कार्यकारणभावः संभवति ॥ ७५ ॥

§3 જૈન—જો એમ જ હોય તો તમે વ્યતિરેક કોને કહો છો?

બૌદ્ધ—'કારણના અભાવમાં કાર્યનો અભાવ' એ—વ્યતિરેક છે.

જૈન—તો જાગ્રદ્દશાસંવેદનાદિનો પોતાના કાર્ય સાથે આવો વ્યતિરેક કઈ રીતે થઈ શકશે? કારણ કે–જાગ્રદ્દશાસંવેદનાદિના અભાવકાલમાં જ પ્રબોધાદિ-કાર્યોનો સદા સદ્ભાવ છે અને જાગ્રદ્દશાસંવેદનાદિનો સ્વકાલમાં અભાવ તો છે જ નહિ. માટે વ્યતિરેક કઈ રીતે સિદ્ધ થશે? આ પ્રકારે વ્યવધાનવાળા પદાર્થોનો કાર્યકારણભાવ સિદ્ધ થઈ શકતો નથી. ૭૫.

(प०) तस्येति जाग्रद्दशासंवेदनादेः ॥७५॥

(टि०) तदभावे इति धर्माभावे । अभाव इति हेतोरसत्त्वम् । स इति व्यतिरेकः । तदभाव इति तस्य जाग्रद्दशासंवेदनस्याऽसत्त्वे । तस्येति जाग्रद्दशासंवेदनस्य मरणस्य वा ॥७५॥

सहचरहेतोरपि स्वभाव-कार्य-कारणेषु नान्तर्भाव इति दर्शयन्ति—

सहचारिणोः परस्परस्वरूपपरित्यागेन तादात्म्यानुपपत्तेः, सहोत्पादेन तदुत्पत्तिविपत्तेश्च सहचरहेतोरपि प्रोक्तेषु नानुप्रवेशः ॥ ७६ ॥

§ १ यदि हि सहसंचरणशीलयोर्वस्तुनोस्तादात्म्यं स्यात्, तदा परस्परपरिहारेण स्वरूपोपलम्भो न भवेत् । अथ तदुत्पत्तिः; तदा पौर्वापर्येणोत्पादप्रसङ्गात् सहोत्पादो न स्यात् । न चैवम् । ततो नास्य प्रोक्तेषु स्वभाव-कार्य-कारणेष्वन्तर्भावः ॥७६॥

સહચર હેતુનો પણ સ્વભાવ, કાર્ય કે કારણ હેતુમાં સમાવેશ થતો નથી. એનું સમર્થન—

સહચરોનું પરસ્પર સ્વરૂપ ભિન્ન ભિન્ન હોવાથી તેમાં તાદાત્મ્ય સંબંધ ઘટી શકતો નથી. વળી તેઓ એક સાથે જ ઉત્પન્ન થતા હોવાથી તદુત્પત્તિ પણ ઘટતી નથી. માટે સહચર હેતુનો સ્વભાવ, કાર્ય કે કારણ હેતુમાં સમાવેશ થતો નથી. ૭૬.

§૧ સહચર–સાથે રહેનાર પદાર્થોનો પરસ્પર તાદાત્મ્ય સંબંધ હોય તો તેઓ એક બીજાથી જુદા જણાય નહિ. તેવી જ રીતે તેઓનો તદુત્પત્તિ સંબંધ હોય તો આગળ પાછળ ઉત્પત્તિનો પ્રસંગ હોવાથી સહોત્પત્તિ ન થાય. પરંતુ એ પ્રમાણે નથી. અર્થાત્ સહચર પદાર્થો પરસ્પર ભિન્ન રૂપવાળા છે અને સાથે ઉત્પન્ન થાય છે. માટે પૂર્વે કહેલા સ્વભાવ, કાર્ય કે કારણ હેતુમાં તેનો સમાવેશ થતો નથી. ૭૬.

(પ૦) **सहसंचरणशीलयोरिति** अश्विनीकुमारयोरिव । **पौर्वापर्येणोत्पादप्रसङ्गादिति** नियतप्राक्कालभावि कारणं नियतोत्तरकालभावि कार्यम् ॥७६॥

इदानीं मन्दमतिव्युत्पत्तिनिमित्तं साधर्म्य-वैधर्म्याभ्यां पञ्चावयवां व्याप्याविरुद्धोपलब्धिमुदाहरन्ति—

ध्वनिः परिणतिमान्, प्रयत्नानन्तरीयकत्वात्, यः प्रयत्नानन्तरीयकः स परिणतिमान्, यथा स्तम्भः, यो वा न परिणतिमान् स न प्रयत्नानन्तरीयकः, यथा वान्ध्येयः, प्रयत्नानन्तरीयकश्च ध्वनिः, तस्मात् परिणतिमानिति व्याप्यस्य साध्येनाऽविरुद्धस्योपलब्धिः साधर्म्येण वैधर्म्येण च ॥ ७७ ॥

अत्र ध्वनिः परिणतिमानिति साध्यधर्मविशिष्टधर्म्यभिधानरूपा प्रतिज्ञा । प्रयत्नानन्तरीयकत्वादिति हेतुः । यः प्रयत्नानन्तरीयक इत्यादी तु व्याप्तिप्रदर्शनपूर्वौ साधर्म्य-वैधर्म्याभ्यां स्तम्भ-वान्ध्येयरूपौ दृष्टान्तौ । प्रयत्नानन्तरीयकश्च ध्वनिरित्युपनयः । तस्मात् परिणतिमानिति निगमनम् ।

§ २ यद्यपि व्याप्यत्वं कार्यादिहेतूनामप्यस्ति, साध्येन व्याप्यत्वात् । तथापि तन्नेह विवक्षितम्, किन्तु साध्येन तदात्मीभूतस्याकार्यादिरूपस्य प्रयत्नानन्तरीयकत्वादेः स्वरूपमित्यदोषः ॥ ७७ ॥

હવે મંદમતિ શ્રોતાને સમજાવવા સાધર્મ્ય અને વૈધર્મ્ય દ્વારા પાંચ અવયવવાળી વ્યાપ્યાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—

શબ્દ પરિણતિમાન-અનિત્ય છે, પ્રયત્નથી ઉત્પન્ન થતો હોવાથી. જે પ્રયત્ન દ્વારા ઉત્પન્ન થાય તે પરિણતિમાન હોય છે, જેમકે-થાંભલો. વળી જે પરિણતિમાન્-અનિત્ય ન હોય તે પ્રયત્નથી ઉત્પન્ન થતો નથી. જેમકે-વંધ્યાપુત્ર. શબ્દ પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. માટે પરિણતિમાન્ છે—આ પ્રમાણે આ સાધ્યની સાથે અવિરુદ્ધ એવા વ્યાપ્ય હેતુની ઉપલબ્ધિ સાધર્મ્ય અને વૈધર્મ્ય (અન્વય-વ્યતિરેક) દ્વારા છે. ૭૭.

§૧ આ સૂત્રમાં 'શબ્દ પરિણતિમાન્ છે' એ અંશ સાધ્યધર્મથી વિશિષ્ટ ધર્મીના કથનરૂપ પ્રતિજ્ઞા છે અને 'પ્રયત્નથી ઉત્પન્ન થતો હોવાથી' એ હેતુ છે. તથા 'જે પ્રયત્ન દ્વારા' ઇત્યાદિ કહ્યું છે તેમાં અન્વયવ્યાપ્તિ પ્રદર્શન કરી સ્તંભરૂપ સાધર્મ્ય દૃષ્ટાંત અને 'જે પરિણતિમાન ન હોય' ઇત્યાદિ કહ્યું છે તેમાં વ્યતિરેકવ્યાપ્તિનું પ્રદર્શન કરી વૈધર્મ્ય દૃષ્ટાન્ત બતાવ્યું છે. 'શબ્દ પ્રયત્નથી ઉત્પન્ન થાય છે' એ ઉપનય છે અને 'માટે પરિણતિમાન્ છે' એ નિગમન છે.

§૨ યદ્યપિ કાર્યાદિ હેતુઓમાં પણ વ્યાપ્યત્વ છે, કારણ કે-તેઓ પણ સાધ્યના વ્યાપ્ય છે, તો પણ તે વ્યાપ્યત્વ અહીં વિવક્ષિત નથી પરંતુ જે સાધ્યની સાથે કથંચિત્ તાદાત્મ્યપરિણામને પામેલ હોય પણ કાર્યકારણાદિ રૂપ ન હોય એવું પ્રયત્નાનન્તરીયકત્વાદિ હેતુનું વ્યાપ્યસ્વરૂપ જ અહીં વિવક્ષિત છે. તેથી કોઈ દોષ નથી. ૭૭

(टि०) **ध्वनिः परिणतिमा**नित्यादि । शब्दोऽनित्यः । यदा शब्दमुद्दिश्य प्रयत्नानन्तरीकत्वहेतुवशादनित्यत्वं साध्यते तदा विशिष्टं शब्दं पक्षीकृत्य प्रयत्नानन्तरीयकत्वं साधनमुपन्यसनीयम् । अन्यथा हि शब्दमात्रपरिग्रहे प्रयत्नानन्तरीयकत्वमव्यापकाऽसिद्धं स्यात् । नहि प्रयत्नानन्तरं सर्वशब्दानां जन्माऽस्ति । घण्टावेण्वादौ वातादपि शब्दप्रादुर्भावात् । **यद्य**पीत्यादि ॥ **व्याप्यत्व**मिति हेतुत्वम् । **कार्यादिहेतूना**मिति कृतकत्वादीनामपि । **तदि**ति कृतकत्वहेतुत्वम् । **इहे**ति शब्दानित्यत्वे साध्ये ॥ **तदात्मीभूतस्ये**ति व्याप्यरूपसंजातस्य कृतकत्वादिव्यतिरिक्तस्य । **स्वरूप**मिति विवक्षितम् ॥७८॥

अथ कार्याऽविरुद्धोपलब्ध्यादीनुदाहरन्ति—

अस्त्यत्र गिरिनिकुञ्जे धनञ्जयो धूमसमुपलम्भादिति कार्यस्य ॥७८॥

§ १ साध्येनाऽविरुद्धोऽस्योपलब्धिरिति पूर्वसूत्रादिहोत्तरत्र चानुवर्तनीयम् ॥ ७८ ॥

भविष्यति वर्षं तथाविधवारिवाहविलोकनादिति कारणस्य ॥ ७९ ॥

§ १ तथाविधेति सातिशयोन्नतत्वादिधर्मोपेतत्वं गृह्यते ॥ ७९ ॥

उदेष्यति मुहूर्त्तान्ते तिष्यतारकाः पुनर्वसूदयदर्शनादिति पूर्वचरस्य ॥ ८० ॥

§ १ तिष्यतारकेति पुष्यनक्षत्रम् ॥ ८० ॥

उदगुर्मुहूर्त्तात्पूर्वं पूर्वफल्गुन्य उत्तरफल्गुनीनामुद्गमोपलब्धेरित्युत्तरचरस्य॥८१॥

अस्तीह सहकारफले रूपविशेषः समास्वाद्यमानरसविशेषादिति सहचरस्य ॥८२॥

§ १ इयं च साक्षात् षोढाऽविरुद्धोपलब्धिरुक्ता। परम्परया पुनः संभवन्तीयमत्रैवान्तर्भावनीया । तद्यथा, कार्यकार्याऽविरुद्धोपलब्धिः कार्याविरुद्धोपलब्धौ । अभूदत्र कोशः कलशोपलम्भात् इति । कोशस्य हि कार्यं कुशूलस्तस्य चाविरुद्धं कार्यं कुम्भ इत्येवमन्या अप्यत्रैवान्तर्भावनीयाः ॥ ८२ ॥

કાર્યાવિરુદ્ધોપલબ્ધ્યાદિનાં ઉદાહરણો—

આ પર્વતના નિકુંજમાં અગ્નિ છે, કારણ કે-ધૂમ સ્પષ્ટ જોવામાં આવે છે—આ કાર્યની. ૭૮.

§૧ 'સાધ્યની સાથે અવિરુદ્ધ...ઉપલબ્ધિ છે' એ પ્રમાણે પૂર્વસૂત્રમાંથી અહીં અને હવે પછીના સૂત્રમાં અનુવૃત્તિ કરી લેવી. ૭૮.

વરસાદ થશે. કારણ કે-તથાવિધ વાદળાં જોવામાં આવે છે–આ કારણની. ૭૯.

§૧ પ્રસ્તુતમાં તથાવિધ એટલે અતિશય ઊંચા વગેરે વાદળાં સમજવાં. અર્થાત્ એવાં વાદળાં જે અવસ્ય વરસે. ૭૯.

એક મુહૂર્ત પછી તિષ્યતારકાનો ઉદય થશે. કારણ કે–અત્યારે પુનર્વસુ-નક્ષત્રનો ઉદય જોવામાં આવે છે—આ પૂર્વચરની. ૮૦

§૧ તિષ્યતારા એટલે પુષ્ય નક્ષત્ર સમજવું. ૮૦.

એક મુહૂર્ત પહેલાં પૂર્વફલ્ગુની નક્ષત્રનો ઉદય થઈ ગયો છે- આ ઉત્તર-ચરની. ૮૧.

આ કેરીમાં રૂપ વિશેષ છે. કારણ કે ચાખવામાં આવતો રસ વિશેષ છે, આ સહચરની. ૮૨.

§૧ આ પ્રમાણે છ પ્રકારની સાક્ષાત્ અવિરુદ્ધોપલબ્ધિ કહેવામાં આવી. અને પરંપરાએ તો જે અવિરુદ્ધોપલબ્ધિઓ થાય છે, તેમનો આમાં જ અન્તર્ભાવ કરવો. તે આ પ્રમાણે—કાર્યકાર્યાવિરુદ્ધોપલબ્ધિનો કાર્યવિરુદ્ધોપલબ્ધિમાં અન્તર્ભાવ છે. જેમકે-અહીં કોશ હતો, કારણ કે–કલશની ઉપલબ્ધિ થાય છે. અહીં કોશનું કાર્ય કુશૂલ છે અને તેનું અવિરુદ્ધ કાર્ય કલશ છે. આ પ્રમાણે અન્ય જે પરંપરાએ અવિરુદ્ધોપલબ્ધિઓ હોય તેમનો ઉપરોક્ત અવિરુદ્ધોપલબ્ધિઓમાં અન્તર્ભાવ કરી લેવો. ૮૨.

अधुना विरुद्धोपलब्धिभेदानाहुः—

विरुद्धोपलब्धिस्तु प्रतिषेधप्रतिपत्तौ सप्तप्रकारा ॥८३॥

હવે વિરુદ્ધોપલબ્ધિના ભેદો જણાવે છે –

પ્રતિષેધને સિદ્ધ કરનારી વિરુદ્ધોપલબ્ધિ સાત પ્રકારે છે. ૮૩.

प्रथमप्रकारं प्राक् प्रकाशयन्ति—

तत्राद्या स्वभावविरुद्धोपलब्धिः ॥८४॥

§ १ प्रतिषेध्यस्यार्थस्य यः स्वभावः स्वरूपम् , तेन सह यत् साक्षाद् विरुद्धम्, तस्योपलब्धिः स्वभावविरुद्धोपलब्धिः ॥८४॥

एतामुदाहरन्ति—

यथा नास्त्येव सर्वथैकान्तोऽनेकान्तस्योपलम्भात् ॥८५॥

§ १ स्पष्टो हि सर्वथैकान्तानेकान्तयोः साक्षाद्विरोधो भावाऽभावयोरिव ।

§ २ नन्वयमनुपलब्धिहेतुरेव युक्तः "यावान् कश्चित् प्रतिषेधः स सर्वोऽनुपलब्धेः" इति वचनादिति चेत् । तन्मलीमसम् । उपलम्भाभावस्यात्र हेतुत्वेनानुपन्यासात् । अथ विरुद्धयोः सर्वथैकान्तानेकान्तयोर्वह्निशीतस्पर्शयोरिव प्रथमं विरोधः स्वभावानुपलब्ध्या प्रतिपन्न इत्यनुपलब्धिमूलत्वात्स्वभावविरुद्धोपलब्धेरनुपलब्धिरूपत्वं युक्तमेवेति चेत् । तर्हि साध्यधर्मिणि भूधरादौ, साधने च धूमादावध्यक्षीकृते सतीदमप्यनुमानं प्रवर्तत इति प्रत्यक्षमूलत्वादिदमपि प्रत्यक्षं किं न स्यात्? इति ॥८५॥

પ્રથમ સ્વભાવવિરુદ્ધોપબ્ધિનો પહેલો પ્રકાર પ્રકટ કરે છે—

તેમાંનો પહેલો ભેદ સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ છે. ૮૪.

§૧ પ્રતિષેધ્ય પદાર્થના સ્વભાવ—સ્વરૂપની સાથે જેનો સાક્ષાત્ વિરોધ હોય તેની ઉપલબ્ધિ તે સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ છે. ૮૪.

તેનું ઉદાહરણ—

જેમકે-સર્વથા એકાન્ત નથી, કારણ કે અનેકાન્તની ઉપલબ્ધિ થાય છે. ૮૫.

§૧ ભાવ અને અભાવની જેમ એકાંત અને અનેકાન્તનો સાક્ષાત્ વિરોધ સ્પષ્ટ જ છે.

§૨ **શંકા** : પ્રસ્તુત વિરોદ્ધોપલબ્ધિરૂપ હેતુને અનુપલબ્ધિહેતુરૂપ જ માનવો જોઈએ કારણકે કહેવામાં આવ્યું છે કે—"જે કોઈ પ્રતિષેધ છે તે સૌ અનુપલબ્ધિથી જ સિદ્ધ થાય છે."

સમાધાન : આમ કહેવું યુક્તિહીન છે. કારણ કે—અહીં ઉપલબ્ધિના અભાવને હેતુ તરીકે કહેલ નથી. તો તે અનુપલબ્ધિ કેમ કહેવાય ?

શંકા : અગ્નિ અને શીત સ્પર્શની જેમ સર્વથા વિરુદ્ધ એવા એકાન્ત અને અનેકાન્તનો વિરોધ સર્વ પ્રથમ સ્વભાવાનુપલબ્ધિથી જ જાણ્યો છે માટે અનુપલબ્ધિમૂલક હોવાથી સ્વભાવવિરુદ્ધઉપલબ્ધિને પણ અનુપલબ્ધિરૂપ જ માનવી તે યુક્તિસિદ્ધ કહેવાય.

સમાધાન : તો પછી સાધ્ય ધર્મી પર્વતાદિનું અને ધૂમાદિ હેતુઓનું પ્રત્યક્ષ થયા પછી જ અનુમાન પ્રવૃત્ત થાય છે, તેથી પ્રત્યક્ષમૂલક હોવાથી એ અનુમાન પણ પ્રત્યક્ષરૂપ કેમ ન માનવું ? ૮૫.

(प०) **नन्वयमनुपलब्धिहेतुरिति** परवाक्यम् । **अथ विरुद्धयोरित्यादि** परवाक्यम् ॥८५॥

(टि०) **नास्ति सर्वथैकान्त** इत्यादि ।

उपलम्भाभावस्येति नात्र प्रसज्यप्रतिषेधमात्रं किन्तु पर्युदासः । स च वस्त्वन्तरविधिरूपः । अत्रेति सर्वथैकान्तनिषेधानुमाने ॥८५॥

विरुद्धोपलब्धेराद्यप्रकारं प्रदर्श्य शेषानाख्यान्ति—

प्रतिषेध्यविरुद्धव्याप्तादीनामुपलब्धयः षट् ॥८६॥

§ १ प्रतिषेध्येनार्थेन सह ये साक्षाद्विरुद्धास्तेषां ये व्याप्तादयो व्याप्य-कार्य-कारण-पूर्वचरोत्तरचर-सहचरास्तेषामुपलब्धयः षड् भवन्ति । विरुद्धव्याप्तोपलब्धिः, विरुद्धकार्योपलब्धिः, विरुद्धकारणोपलब्धिः, विरुद्धपूर्वचरोपलब्धिः, विरुद्धोत्तरचरोपलब्धिः, विरुद्धसहचरोपलब्धिश्चेति ॥८६॥

વિરુદ્ધોપલબ્ધિનો પ્રથમ પ્રકાર જણાવ્યો. હવે બીજા વિષે જણાવે છે—

પ્રતિષેધ્ય(જેનો પ્રતિષેધ કરવાનો છે)થી વિરુદ્ધ પદાર્થના વ્યાપ્તાદિની ઉપલબ્ધિઓ ૭ પ્રકારની છે. ૮૬

§૧ પ્રતિષેધ્ય પદાર્થની સાથે જેનો સાક્ષાત્ વિરોધ છે તેવા વિરુદ્ધ પદાર્થોના જે વ્યાપ્તાદિ—એટલે કે વ્યાપ્ય-કાર્ય-કારણ-પૂર્વચર-ઉત્તરચર અને સહચર છે તેની ઉપલબ્ધિઓ ૭ થાય છે. તે આ પ્રમાણે—૧ વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ, ૨ વિરુદ્ધકાર્યોપલબ્ધિ, ૩ વિરુદ્ધકારણોપલબ્ધિ, ૪ વિરુદ્ધપૂર્વચરોપલબ્ધિ, ૫ વિરુદ્ધોત્તરચરોપલબ્ધિ, અને ૬ વિરુદ્ધસહચરોપલબ્ધિ. ૮૬.

क्रमेणासामुदाहरणान्याहुः—

विरुद्धव्याप्तोपलब्धिर्यथा नास्त्यस्य पुंसस्तत्त्वेषु निश्चयस्तत्र सन्देहात् ॥८७॥

§ १ अत्र जीवादितत्त्वगोचरो निश्चयः प्रतिषेध्यः, तद्विरुद्धश्चानिश्चयः, तेन व्याप्तस्य सन्देहस्योपलब्धिः ॥८७॥

૭ પ્રકારની વિરુદ્ધોપલબ્ધિનાં અનુક્રમે ઉદાહરણો—

આ પુરુષને તત્ત્વોમાં નિશ્ચય નથી. કારણ કે-તેને તેમાં સંદેહ છે—આ વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ છે. ૮૭.

§૧ અહીં જીવાદિતત્ત્વોનો નિશ્ચય પ્રતિષેધ્ય છે, તેથી સાક્ષાત્ વિરુદ્ધ 'અનિશ્ચય' છે, તેનાથી વ્યાપ્ત સંદેહ છે. તે સંદેહની ઉપલબ્ધિ છે તેથી નિશ્ચય સંભવે નહિ. સારાંશ કે વ્યાપ્ત એટલે વ્યાપ્ય છે. તેની ઉપલબ્ધિ અહીં સમજવાની છે. એટલે જયાં વ્યાપ્ય-વ્યાપ્ત હોય ત્યાં વ્યાપક હોય જ તેથી સંદેહ હોઈ અનિશ્ચય હોય જ. ૮૭.

विरुद्धकार्योपलब्धिर्यथा न विद्यतेऽस्य क्रोधाद्युपशान्तिर्वदनविकारादेः ॥८८॥

§१ वदनविकारस्ताम्रतादिः, आदिशब्दादधरस्फुरणादिपरिग्रहः । अत्र च प्रतिषेध्यः क्रोधाद्युपशमः, तद्विरुद्धस्तदनुपशमः, तत्कार्यस्य वदनविकारादेरुपलब्धिः ॥८८॥

આ પુરુષમાં ક્રોધાદિની શાન્તિ નથી. કારણ કે-તેના મુખ ઉપર વિકારવગેરે જોવામાં આવે છે-આ વિરુદ્ધકાર્યોપલબ્ધિ છે. ૮૮.

§1 વદન વિકાર–એટલે મુખની લાલાશ વિગેરે જાણવાં અને આદિ શબ્દથી હોઠનું સ્ફુરાયમાન થવું—હોઠનું ફરકવું, ભ્રકુટિ વાંકી થવી, આંખ લાલ થવી વિગેરેનું ગ્રહણ જાણવું. આ અનુમાનમાં પ્રતિષેધ્ય છે ક્રોધાદિનો ઉપશમ, તેથી સાક્ષાત્ વિરુદ્ધ છે ક્રોધાદિનો અનુપશમ. અને તેનાં કાર્ય વદન વિકારાદિની ઉપલબ્ધિ છે, તેથી ક્રોધના ઉપશમનો અભાવ સિદ્ધ થાય છે. ૮૮.

विरुद्धकारणोपलब्धिर्यथा नास्य महर्षेरसत्यं वचः समस्ति रागद्वेषकालुष्याऽकलङ्कितज्ञानसंपन्नत्वात् ॥८९॥

§ १ प्रतिषेध्येन ह्यसत्येन सह विरुद्धं सत्यम्, तस्य कारणं रागद्वेषकालुष्याकलङ्कितज्ञानम् । तत् कुतश्चित्सूक्ताभिधानादेः सिद्धयत् सत्यं साधयति । तच्च सिद्धयदसत्यं प्रतिषेधति ॥८९॥

આ મહર્ષિ અસત્ય વચન બોલતા નથી, કારણ કે તે રાગદ્વેષરૂપ કાલુષ્યના કલંકરહિત જ્ઞાનવાળા છે. આ વિરુદ્ધકારણોપલબ્ધિ છે. ૮૯.

§1 અહીં પ્રતિષેધ્ય 'અસત્ય' છે તેનાથી સાક્ષાત્ વિરુદ્ધ સત્ય છે અને સત્યનું કારણ રાગદ્વેષરૂપ કાલિમાથી રહિત જ્ઞાન છે. એવા જ્ઞાનની સિદ્ધિ કોઈ પ્રકારની સૂક્તિથી થાય છે. તેવું જ્ઞાન સત્યને સિદ્ધ કરે છે અને સિદ્ધ થતું સત્ય અસત્યનો નિષેધ કરે છે. ૮૯.

(प०) प्रतिषेध्येन हीत्यादिग्रन्थे सिद्धयदिति ज्ञानं सिद्धयत् ॥८९॥

विरुद्धपूर्वचरोपलब्धिर्यथा नोद्गमिष्यति मुहूर्त्तान्ते पुष्यतारा रोहिण्युद्गमात् ॥९०॥

§ १ प्रतिषेध्योऽत्र पुष्यतारोद्गमः, तद्विरुद्धो मृगशीर्षोदयः, तदनन्तरं पुनर्वसूदयस्यैव भावात् । तत्पूर्वचरो रोहिण्युदयस्तस्योपलब्धिः ॥९०॥

એક મુહૂર્ત પછી પુષ્યતારા નક્ષત્રનો ઉદય નહિ થાય, કારણ કે–અત્યારે રોહિણી નક્ષત્રનો ઉદય છે. આ વિરુદ્ધપૂર્વચરોપલબ્ધિ છે. ૯૦.

§1 અહીં પુષ્યતારાનો ઉદય પ્રતિષેધ્ય છે. તેનાથી વિરુદ્ધ મૃગશીર્ષનો ઉદય છે. કારણ કે–પુષ્યતારાની પહેલાં પુનર્વસુ નક્ષત્રનો જ ઉદય થાય છે પણ અહીં તો મૃગશીર્ષના પણ પૂર્વચર રોહિણીના ઉદયની ઉપલબ્ધિ છે. ૯૦.

विरुद्धोत्तरचरोपलब्धिर्यथा नोदगान्मुहूर्तात्पूर्वं मृगशिरः पूर्वफल्गुन्युदयात् ॥९१॥

§ १ प्रतिषेध्योऽत्र मृगशीर्षोदयः, तद्विरुद्धो मघोदयः, अनन्तरमार्द्रोदयादेरेव भावात् । तदुत्तरचरः पूर्वफल्गुन्युदयस्तस्योपलब्धिः ॥९१॥

એક મુહૂર્ત પહેલાં મૃગશિર નક્ષત્રનો ઉદય થયો નથી. કારણ કે–અત્યારે પૂર્વફલ્ગુની નક્ષત્રનો ઉદય છે, આ વિરુદ્ધોત્તરચરોપલબ્ધિ છે. ૯૧.

§1 અહીં મૃગશીર્ષનો ઉદય પ્રતિષેધ્ય છે, તેનાથી વિરુદ્ધ મઘાનો ઉદય છે. અને મૃગશીર્ષના ઉદય પછી આર્દ્રાનો જ ઉદય થાય છે પણ અહીં તો મઘાના ઉત્તરચર પૂર્વ ફલ્ગુનીના ઉદયની ઉપલબ્ધિ છે. ૯૧.

विरुद्धसहचरोपलब्धिर्यथा नास्त्यस्य मिथ्याज्ञानं सम्यग्दर्शनात्॥९२॥

§ १ प्रतिषेध्येन हि मिथ्याज्ञानेन सह विरुद्धं सम्यग्ज्ञानम्, तत्सहचरं सम्यग्दर्शनम् । तच्च प्राण्यनुकम्पादेः कुतश्चित् लिङ्गात्प्रसिद्धचत्सहचरं सम्यग्ज्ञानं साधयति ।

§ २ इयं च सप्तप्रकाराऽपि विरुद्धोपलब्धिः प्रतिषेध्येनार्थेन साक्षाद्विरोधमाश्रित्योक्ता, परम्परया विरोधाश्रयणेन त्वनेकप्रकारा विरुद्धोपलब्धिः संभवन्त्यत्रैवाभियुक्तैरन्तर्भावनीया । तद्यथा कार्यविरुद्धोपलब्धिर्व्यापकविरुद्धोपलब्धिः कारणविरुद्धोपलब्धिरिति त्रयं स्वभावविरुद्धोपलब्धौ । तत्र कार्यविरुद्धोपलब्धिर्यथा—नात्र देहिनि दुःखकारणमस्ति, सुखोपलम्भादिति । साक्षादत्र सुखदुःखयोर्विरोधः । प्रतिषेध्यस्वभावेन तु दुःखकारणेन परम्परया । व्यापकविरुद्धोपलब्धिर्यथा—न सन्निकर्षादिः प्रमाणम्, अज्ञानत्वादिति । साक्षादत्र ज्ञानत्वाज्ञानत्वयोर्विरोधः, प्रतिषेध्यस्वभावेन तु ज्ञानत्वव्याप्येन प्रामाण्येन व्यवहितः । कारणविरुद्धोपलब्धिर्यथा—नासौ रोमहर्षादिविशेषवान्, समीपवर्त्तिपावकविशेषादिति । अत्र पावकः साक्षाद्विरुद्धः शीतेन । प्रतिषेध्यस्वभावेन तु रोमहर्षादिना शीतकार्येण पारम्पर्येण ।

§ ३ ये तु— नास्त्यस्य हिमजनितरोमहर्षादिविशेषो धूमात्; प्रतिषेध्यस्य हि रोमहर्षादिविशेषस्य कारणं हिमं तद्विरुद्धोऽग्निस्तत्कार्यं धूम इत्यादयः कारणविरुद्धकार्योपलब्ध्यादयो विरुद्धोपलब्धेर्भेदाः—ते यथासंभवं विरुद्धकार्योपलब्ध्यादिष्वन्तर्भावनीयाः ॥९२॥

આ પુરુષને મિથ્યાજ્ઞાન નથી, કારણ કે-તેને સમ્યગ્દર્શન છે. આ વિરુદ્ધ સહચરોપલબ્ધિ છે. ૯૨.

§૧ અહીં પ્રતિષેધ્ય મિથ્યાજ્ઞાન છે તેનાથી વિરુદ્ધ સમ્યગ્જ્ઞાન છે, અને તેનું સહચર સમ્યગ્દર્શન છે અને પ્રાણી ઉપર અનુકમ્પાદિ કોઈ પણ હેતુથી સધાતું તે સમ્યગ્દર્શન પોતાના સહચર સમ્યગ્જ્ઞાનને સિદ્ધ કરે છે.

§૨ આ સાત પ્રકારની વિરુદ્ધોપલબ્ધિ પ્રતિષેધ્ય પદાર્થ સાથે સાક્ષાત્ વિરોધને આધારે કહી છે. પરંતુ પરંપરાએ વિરોધનો આશ્રય કરવામાં આવે તો જે અનેક પ્રકારની વિરુદ્ધોપલબ્ધિઓ થાય છે, તેનો બુદ્ધિમાનોએ આમાં જ અન્તર્ભાવ કરી લેવો, તે આ પ્રમાણે-કાર્યવિરુદ્ધોપલબ્ધિ, વ્યાપકવિરુદ્ધોપલબ્ધિ, કારણવિરુદ્ધોપલબ્ધિ-આ ત્રણનો સ્વભાવવિરુદ્ધોપલબ્ધિમાં અન્તર્ભાવ કરવો. તેમાં કાર્યવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—આ આત્માને વિષે દુઃખનું કારણ નથી, કારણ કે-સુખની પ્રતીતિ થાય છે. સુખ અને દુઃખનો પરસ્પર સાક્ષાત્ વિરોધ છે, પણ પ્રસ્તુતમાં પ્રતિષેધ્ય સ્વભાવ દુઃખના કારણ સાથે સુખનો વિરોધ પરંપરાથી છે. વ્યાપકવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—સન્નિકર્ષાદિ પ્રમાણરૂપ નથી,

કારણ કે-તે અજ્ઞાનરૂપ છે. અહીં જ્ઞાનત્વ અને અજ્ઞાનત્વનો સાક્ષાત્ વિરોધ છે, પરંતુ પ્રતિષેધ્ય સ્વભાવ જ્ઞાનત્વના વ્યાપ્ય પ્રામાણ્ય સાથે અજ્ઞાનને પરંપરાએ વિરોધ છે. કારણવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—આ પુરુષ રોમહર્ષાદિરૂપ વિશેષવાળો નથી, કારણ કે-નજીકમાં અગ્નિવિશેષ છે. અહીં અગ્નિ અને શીતનો પરસ્પર સાક્ષાત્ વિરોધ છે, પરંતુ પ્રતિષેધ્ય સ્વભાવ શીતના કાર્યરૂપ રોમહર્ષાદિ સાથે અગ્નિનો પરંપરાએ વિરોધ છે.

§૩ વળી, આ પુરુષને હિમ(બરફ)જનિત રોમહર્ષાદિવિશેષ નથી. કારણ કે-અહીં ધૂમ છે. પ્રસ્તુતમાં પ્રતિષેધ્ય રોમહર્ષાદિવિશેષ છે, તેનું કારણ હિમ છે. તેનાથી સાક્ષાત્ વિરુદ્ધ અગ્નિ છે, અને તેનું કાર્ય ધૂમ છે—આ પ્રમાણે કારણવિરુદ્ધકાર્યોપલબ્ધિ વિગેરે જે વિરુદ્ધોપલબ્ધિઓ છે :તેનો યથાસંભવ વિરુદ્ધકાર્યોપલબ્ધિ આદિમાં અન્તર્ભાવ કરવો. ૯૨.

(प०) तत्र कार्यविरुद्धोपलब्धिरिति तत्र तासां मध्ये । ज्ञानत्वव्याप्येनेति ज्ञानत्वं साधकत्वं यस्येति विग्रहः । ये त्विति [1]धर्मोत्तरादयः (?) ॥९२॥

(टि०) कार्यविरुद्धोपलब्धिरित्यादि दुःखकारणं विषादि, कार्यं दुःखम् ॥९२॥

इति श्री साधुपूर्णिमागच्छीयश्रीमदाचार्यगुणचन्द्रसूरिशिष्यपं०ज्ञानचन्द्रविरचिते रत्नाकरावतारिकाटिप्पनके तृतीयः परिच्छेदः समाप्तः ॥ श्री ॥

सम्प्रत्यनुपलब्धिं प्रकारतः प्राहुः—

अनुपलब्धेरपि द्वैरूप्यम्, अविरुद्धानुपलब्धिर्विरुद्धानुपलब्धिश्च ॥९३॥

§ १ अविरुद्धस्य प्रतिषेध्येनार्थेन सह विरोधमप्राप्तस्यानुपलब्धिरविरुद्धाऽनुपलब्धिः । एवं विरुद्धानुपलब्धिरपि ॥९३॥

અનુપલબ્ધિના ભેદ—

અનુપલબ્ધિના પણ બે ભેદ છે- અવિરુદ્ધાનુપલબ્ધિ અને વિરુદ્ધાનુપલબ્ધિ. ૯૩.

§૧ અવિરુદ્ધ-એટલે પ્રતિષેધ્ય પદાર્થ સાથે જેને વિરોધ ન હોય, તેની જે અનુપલબ્ધિ, તે અવિરુદ્ધાનુપલબ્ધિ છે. એ જ રીતે વિરુદ્ધ-એટલે પ્રતિષેધ્ય પદાર્થ સાથે જેને વિરોધ હોય તેની અનુપલબ્ધિ, તે વિરુદ્ધાનુપલબ્ધિ છે. ૯૩.

(प०) अविरुद्धानुपलब्धिरिति निषेधसाधयित्री । विरुद्धानुपलब्धिरिति विधिसाधयित्री ॥९३॥

सम्प्रत्यविरुद्धानुपलब्धेर्निषेधसिद्धौ प्रकारसङ्ख्यामाख्यान्ति—

तत्राविरुद्धानुपलब्धिः प्रतिषेधाववोधे सप्तप्रकारा ॥९४॥

अमूनेव प्रकारान् प्रकटयन्ति—

प्रतिषेध्येनाविरुद्धानां स्वभावव्यापककार्यकारणपूर्वचरोत्तरचरसहचराणामनुपलब्धिः ॥९५॥

---

१ अत्र 'धर्मोत्तरादिना ये उक्ताः' इति सम्यक् स्यात् ।

१ एवं च स्वभावानुपलब्धिः, व्यापकानुपलब्धिः, कार्यानुपलब्धिः, कारणानुपलब्धिः, पूर्वचरानुपलब्धिः, उत्तरचरानुपलब्धिः, सहचरानुपलब्धिश्चेति ॥९५॥

પ્રતિષેધસાધક અવિરુદ્ધાનુપલબ્ધિના ભેદોની સંખ્યા જણાવે છે—

પ્રતિષેધને સિદ્ધ કરનારી અવિરુદ્ધાનુપલબ્ધિ સાત પ્રકારે છે. ૯૪.

તે પ્રકારોનું પ્રકાશન—

પ્રતિષેધ્ય પદાર્થની સાથે અવિરુદ્ધ એવાં સ્વભાવ-વ્યાપક-કાર્ય-કારણ-પૂર્વચર-ઉત્તરચર અને સહચરની અનુપલબ્ધિ છે. ૯૫.

§૧ એ રીતે ૧ સ્વભાવાનુપલબ્ધિ, ૨ વ્યાપકાનુપલબ્ધિ, ૩ કાર્યાનુપલબ્ધિ, ૪ કારણાનુપલબ્ધિ, ૫ પૂર્વચરાનુપલબ્ધિ, ૬ ઉત્તરચરાનુપલબ્ધિ અને ૭ સહચરાનુપલબ્ધિ—આ સાત ભેદ અવિરુદ્ધાનુપલબ્ધિનાં છે. ૯૫.

क्रमेणामूनुदाहरन्ति—

स्वभावानुपलब्धिर्यथा नास्त्यत्र भूतले कुम्भ उपलब्धिलक्षणप्राप्तस्य तत्स्वभावस्यानुपलम्भात् ॥९६॥

§ १ उपलब्धिलक्षणप्राप्तस्येति उपलब्धिर्ज्ञानम्, तस्य लक्षणानि कारणानि चक्षुरादीनि, तैर्ह्युपलब्धिर्लक्ष्यते जन्यत इति यावत् तानि प्राप्तः; जनकत्वेनोपलब्धिकारणान्तर्भावात् स तथा दृश्य इत्यर्थस्तस्यानुपलम्भात् ॥९६॥

સાત પ્રકારની અવિરુદ્ધાનુપલબ્ધિનાં અનુક્રમે ઉદાહરણો—

આ ભૂતલમાં કુંભ નથી, કારણ કે-ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત તેના સ્વભાવનો અનુપલંભ છે. આ સ્વભાવાનુપલબ્ધિ છે. ૯૬.

§૨. 'ઉપલબ્ધિલક્ષણપ્રાપ્ત'—આનો અર્થ આ પ્રમાણે છે-ઉપલબ્ધિ—એટલે જ્ઞાન. લક્ષણ એટલે કારણો-ચક્ષુ ઈન્દ્રિય વગેરે. કારણ કે ચક્ષુ આદિ કારણોથી જ્ઞાન લક્ષિત થાય છે. અર્થાત્ ઉત્પન્ન થાય છે. ચક્ષુ આદિ કારણોને પ્રાપ્ત થયેલ-એટલે કે જ્ઞાનનો જનક હોવાથી સ્વયં ઘટનો પણ જ્ઞાનના કારણોમાં અન્તર્ભાવ થાય છે. અર્થાત્ તે પણ પોતાના દર્શનનું કારણ બનતો હોઈ ઉપલબ્ધિ કારણને પ્રાપ્ત કહેવાય. એટલે કે તે દૃશ્ય છે. આમ કુંભ દૃશ્ય સ્વભાવ છતાં તેની અનુપલબ્ધિ છે. ૯૬.

(५०) **स तथा दृश्य** इति द्रष्टुं योग्यः ॥९६॥

व्यापकानुपलब्धिर्यथा नास्त्यत्र प्रदेशे पनसः पादपानुपलब्धेः ॥९७॥

कार्यानुपलब्धिर्यथा नास्त्यत्राप्रतिहतशक्तिकं बीजमङ्कुरानवलोकनात् ॥९८॥

§ १ अप्रतिहतशक्तिकत्वं हि कार्यं प्रत्यप्रतिबद्धसामर्थ्यत्वं कथ्यते । तेन बीजमात्रेण न व्यभिचारः ॥९८॥

कारणानुपलब्धिर्यथा न सन्त्यस्य प्रशमप्रभृतयो भावास्तत्त्वार्थश्रद्धानाभावात् ॥९९॥

§१ प्रशमप्रभृतयो भावा इति प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणजीवपरिणामविशेषाः। तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं तस्याऽभावः कुतोऽपि देवद्रव्यभक्षणादेः पापकर्मणः सकाशात्सिद्ध्यंस्तत्त्वार्थश्रद्धानकार्यभूतानां प्रशमादीनामभावं गमयति ॥९९॥

આ પ્રદેશમાં પનસ નથી કારણ કે-અહીં વૃક્ષ નથી. આ વ્યાપકાનુપલબ્ધિ છે. ૯૭.

અહીં અપ્રતિહત શક્તિવાળું બીજ નથી. કારણ કે અંકુર દેખાતા નથી. આ કાર્યાનુપલબ્ધિ છે. ૯૮.

§૧ કાર્યનિષ્પત્તિની દૃષ્ટિએ જે કારણનું સામર્થ્ય પ્રતિબંધ રહિત હોય તે કારણને અપ્રતિહતશક્તિક-એટલે કાર્યોત્પત્તિ માટે અવિકલ કહેવાય છે. આથી સામાન્ય બીજ વડે વ્યભિચાર થશે નહિ અર્થાત્ અહીં વિશિષ્ટ પ્રકારનું બીજ વિવક્ષિત છે, છે હોય તો અંકુર થાય જ. ૯૮.

આ પુરુષમાં પ્રશમ આદિ ભાવો નથી કારણકે-તેને તત્ત્વાર્થમાં શ્રદ્ધાનો અભાવ છે-આ કારણાનુપલબ્ધિ છે. ૯૯.

§૧ 'પ્રશમ આદિ'નું વિવરણ છે કે, પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકમ્પા અને આસ્તિક્ય. એ જીવના પરિણામવિશેષો છે. તત્ત્વાર્થશ્રદ્ધાન એટલે સમ્યગ્ દર્શન. તેનો અભાવ કોઈ દેવદ્રવ્યના ભક્ષણાદિ પાપકર્મથી સિદ્ધ થાય છે અને તેથી તે તત્ત્વાર્થશ્રદ્ધાનના કાર્યરૂપ પ્રશમાદિ ભાવોના અભાવનો બોધ કરાવે છે, ૯૯.

पूर्वचरानुपलब्धिर्यथा नोद्गमिष्यति मुहूर्त्तान्ते स्वातिनक्षत्रं चित्रोदयादर्शनात् ॥१००॥

उत्तरचरानुपलब्धिर्यथा नोदगमत् पूर्वभद्रपदा मुहूर्त्तात्पूर्वमुत्तरभद्रपदोद्गमानवगमात् ॥१०१॥

सहचरानुपलब्धिर्यथा नास्त्यस्य सम्यग्ज्ञानं सम्यग्दर्शनानुपलब्धेः ॥१०२॥

§१ इयं च सप्तधाऽप्यनुपलब्धिः साक्षादनुपलम्भद्वारेण, परम्परया पुनरेषा सम्भवन्त्यत्रैवाऽन्तर्भावनीया। तथाहि—नास्ति एकान्तनिरन्वयं तत्त्वम्, तत्र क्रमाक्रमानुपलब्धेरिति या कार्यव्यापकानुपलब्धिः, निरन्वयतत्त्वकार्यस्यार्थक्रियारूपस्य यद्व्यापकं क्रमाक्रमरूपं तस्यानुपलम्भसद्भावात्। सा व्यापकानुपलब्धावेव प्रवेशनीया। एवमन्या अपि यथासम्भवमास्वेव विशन्ति ॥१०२॥

એક મુહૂર્ત્ત પછી સ્વાતિ નક્ષત્રનો ઉદય નહિ થાય કારણ કે-ચિત્રાનો ઉદય જોવાતો નથી—આ પૂર્વચરાનુપલબ્ધિ છે. ૧૦૦.

સારાંશ છે કે ચિત્રાના ઉદય પછી સ્વાતિનો ઉદય થાય છે. અહીં સ્વાતિનો ઉદય પ્રતિષેધ્ય છે તેનાથી અવિરુદ્ધ પૂર્વચર ચિત્રાના ઉદયની અનુપલબ્ધિ છે, માટે આ અવિરુદ્ધપૂર્વચરાનુપલબ્ધિ છે. ૧૦૦.

એક મુહૂર્ત પહેલાં પૂર્વભદ્રપદા નક્ષત્રનો ઉદય થયો નથી. કારણ કે ઉત્તર ભદ્રપદાનો ઉદય જણાતો નથી. આ અવિરુદ્ધોત્તરચરાનુપલબ્ધિ છે. ૧૦૧.

સારાંશ કે અહીં પ્રતિષેધ્ય પૂર્વભદ્રપદાનો ઉદય છે. તેનાથી અવિરુદ્ધ ઉત્તરચર ઉત્તરભદ્રપદાના ઉદયની અનુપલબ્ધિ છે. ૧૦૧.

આ પુરુષને સમ્યગ્જ્ઞાન નથી કારણ કે-તેમાં સમ્યગ્દર્શનની અનુપલબ્ધિ છે. આ સહચરાનુપલબ્ધિ છે. ૧૦૨.

§૧ આ સાત પ્રકારની અનુપલબ્ધિ સાક્ષાત્ અનુપલંભ-અનુપલબ્ધિ દ્વારા કહી છે. પરંપરાએ તો તેના જે અનેક ભેદ થાય છે તેમનો આમાં જ અન્તર્ભાવ કરવો. તે આ પ્રમાણે-તત્ત્વ એકાન્તે નિરન્વય (ઉચ્છિન્ન) નથી, કારણ કે—તેમાં ક્રમાક્રમની અનુપલબ્ધિ છે—આમાં નિરન્વય તત્ત્વનું કાર્ય અર્થક્રિયા છે અને તેના વ્યાપક ક્રમ-અક્રમ છે. એટલે એ કાર્યવ્યાપકાનુપલબ્ધિ કહેવાય. તેનો વ્યાપકાનુપલબ્ધિમાં અન્તર્ભાવ કરવો. આ રીતે પરંપરાથી થતી બીજી અનુપલબ્ધિઓનો પણ યથાસંભવ ઉક્ત અનુપલબ્ધિઓમાં જ અન્તર્ભાવ થાય છે. ૧૦૨.

(પ૦) **इयं च सप्तधाऽप्यनुपलब्धिरि**ति इयमुक्तरूपा । **तत्रे**ति एकान्तानरन्वये तत्त्वे । **कार्यव्यापकानुपलब्धिरि**त्यतः पुरः कथमिति योज्यम् ॥१०२॥

विरुद्धोपलब्धिं विधिसिद्धौ भेदतो भाषन्ते—

विरुद्धानुपलब्धिस्तु विधिप्रतीतौ पञ्चधा ॥१०३॥

तानेव भेदानाहुः—

विरुद्धकार्यकारणस्वभावव्यापकसहचरानुपलम्भभेदात् ॥१०४॥

§१ विधेयेनार्थेन विरुद्धानां कार्यकारणस्वभावव्यापकसहचराणामनुपलम्भा अनुपलब्धयस्तैर्भेदो विशेषस्तस्मात् । ततश्च विरुद्धकार्यानुपलब्धिः, विरुद्धकारणानुपलब्धिः, विरुद्धस्वभावानुपलब्धिः, विरुद्धव्यापकानुपलब्धिः, विरुद्धसहचरानुपलब्धिश्चेति ॥१०४॥

વિધિસાધક વિરુદ્ધાનુપલબ્ધિના ભેદોની સંખ્યા—

વિધિને સિદ્ધ કરનારી વિરુદ્ધાનુપલબ્ધિ પાંચ પ્રકારે છે. ૧૦૩.

વિરુદ્ધાનુપલબ્ધિના ભેદો—

વિરુદ્ધ એવાં કાર્ય-કારણ-સ્વભાવ-વ્યાપક અને સહચરના ભેદથી વિરુદ્ધાનુપલબ્ધિ પાંચ પ્રકારની છે. ૧૦૪.

§૧ વિધેય પદાર્થથી વિરુદ્ધ કાર્ય-કારણ-સ્વભાવ-વ્યાપક અને સહચરની અનુપલબ્ધિના વિશેષથી વિરુદ્ધાનુપલબ્ધિના પાંચ ભેદ થાય છે. તે આ પ્રમાણે- ૧ વિરુદ્ધકાર્યાનુપલબ્ધિ, ૨ વિરુદ્ધકારણાનુપલબ્ધિ, ૩ વિરુદ્ધસ્વભાવાનુપલબ્ધિ, ૪ વિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ અને ૫ વિરુદ્ધસહચરાનુપલબ્ધિ. ૧૦૪.

क्रमेणैतासामुदाहरणान्याहुः—

विरुद्धकार्यानुपलब्धिर्यथाऽत्र शरीरिणि रोगातिशयः समस्ति, नीरोगव्यापारानुपलब्धेः ॥१०५॥

§१ विधेयस्य हि रोगातिशयस्य विरुद्धमारोग्यम्, तस्य कार्यं विशिष्टो व्यापारः, तस्यानुपलब्धिरियम् ॥१०५॥

અનુક્રમે એ બધીનાં ઉદાહરણો—

આ પ્રાણીમાં રોગનો અતિશય-છે, કારણ કે-નીરોગ વ્યાપાર જણાતો નથી. આ વિરુદ્ધકાર્યાનુપલબ્ધિ છે. ૧૦૫.

§૧ અહીં વિધેય-સાધ્ય રોગાતિશય છે. તેનાથી વિરુદ્ધ આરોગ્ય છે. તે આરોગ્યનું વિશિષ્ટ કાર્ય અનુપલબ્ધ છે. ૧૦૫.

विरुद्धकारणानुपलब्धिर्यथा विद्यतेऽत्र प्राणिनि कष्टम्, इष्टसंयोगाभावात्॥१०६॥

§१ अत्र विधेयं कष्टम्, तद्विरुद्धं सुखम्, तस्य कारणं इष्टसंयोगः, तस्यानुपलब्धिरेषा ॥१०६॥

આ પ્રાણીને કષ્ટ છે, કારણ કે-(તેને) ઇષ્ટસંયોગનો અભાવ છે. આ વિરુદ્ધકારણાનુપલબ્ધિ છે. ૧૦૬.

§૧ અહીં વિધેય કષ્ટ છે, તેનાથી વિરુદ્ધ સુખ છે, તેનું કારણ ઇષ્ટ સંયોગની અનુપલબ્ધિ છે. ૧૦૬.

विरुद्धस्वभावानुपलब्धिर्यथा वस्तुजातमनेकान्तात्मकमेकान्तस्वभावानुपलम्भात् ॥१०७॥

§१ वस्तुजातमन्तरङ्गो बहिरङ्गश्च विश्ववर्ती पदार्थसार्थः । अम्यते गम्यते निश्चायत इत्यन्तो धर्मः, न एकोऽनेकः, अनेकश्चासावन्तश्चानेकान्तः । स आत्मा स्वभावो यस्य वस्तुजातस्य तदनेकान्तात्मकं सदसदाद्यनेकधर्मात्मकमित्यर्थः । अत्र हेतुः एकान्तस्वभावस्य सदसदाद्यन्यतरधर्मावधारणस्वरूपस्यानुपलम्भादिति । अत्र विधेयेनानेकान्तात्मकत्वेन सह विरुद्धः सदाद्येकान्तस्वभावः, तस्यानुपलब्धिरसौ ॥१०७॥

સમસ્ત વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે, કારણ કે એકાન્ત સ્વભાવ પ્રતીત નથી- આ વિરુદ્ધસ્વભાવાનુપલબ્ધિ છે. ૧૦૭.

§૧ સમસ્ત વસ્તુ—એટલે જગત્માં રહેલ અંતરંગ અને બાહ્ય એ બન્ને પ્રકારનો અર્થ સમૂહ. अम्यते—એટલે બોધ કરાય, નિશ્ચય કરાય, તે 'અન્ત'— એટલે ધર્મ. એક ન હોય તે અનેક. આ અનેક અને અન્ત બન્ને શબ્દોનો કર્મ- ધારય સમાસ કરવાથી એટલે કે અનેક એવાં જે અન્ત તે "અનેકાન્ત". એ અનેકાન્ત સ્વભાવ છે જેનો તે અનેકાન્તાત્મક. એટલે કે બધી વસ્તુઓ સત્- અસત્ આદિ અનેકધર્મસ્વરૂપ છે—આ પ્રમાણે અર્થ થયો. આ અનુમાનમાં સત્-અસત્ વગેરે ધર્મમાંથી કોઈ પણ એક ધર્મના નિશ્ચયરૂપ એકાન્તસ્વભાવની અનુપલબ્ધિ, એ હેતુ છે. અહીં વિધેય અનેકાન્તાત્મકત્વ—અનેકાન્ત સ્વભાવ છે, તેની વિરુદ્ધ સદાદિ એકાન્ત સ્વભાવ છે. તેની અનુપલબ્ધિ છે માટે આ વિરુદ્ધ- સ્વભાવાનુપલબ્ધિ છે. ૧૦૭.

(प०) अन्तरङ्ग इति आत्मकर्मादिः । बहिरङ्ग इति घटादिः ॥१०७॥

विरुद्धव्यापकानुपलब्धिर्यथा अस्त्यत्र च्छाया, औष्ण्यानुपलब्धेः ॥१०८॥

§१ विधेयया छायया विरुद्धस्तापः, तद्व्यापकमौष्ण्यम्, तस्यानुपलब्धिरियम् ॥१०८॥

અહીં છાયા છે, કારણ કે-ઉષ્ણતાની અનુપલબ્ધિ છે. આ વિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ છે. ૧૦૮.

§૧અહીં વિધેય છાયા છે, તેની વિરુદ્ધ તાપ છે. અને તાપની વ્યાપક ઉષ્ણતાની અનુપલબ્ધિ છે. ૧૦૮.

विरुद्धसहचरानुपलब्धिर्यथा अस्त्यस्य मिथ्याज्ञानम्, सम्यग्दर्शनानुपलब्धेः ॥१०९॥

§१ विधेयेन मिथ्याज्ञानेन विरुद्धं सम्यग्ज्ञानम्, तत्सहचरं सम्यग्दर्शनम्, तस्यानुपलब्धिरेषा ॥१०९॥

इति प्रमाणनयतत्त्वालोके[1] श्रीरत्नप्रभाचार्यविरचितायां रत्नाकरावतारिकाख्यलघुटीकायां स्मरणप्रत्यभिज्ञानतर्कानुमानस्वरूपनिर्णयस्तृतीयः परिच्छेदः ॥

આ પુરુષમાં મિથ્યાજ્ઞાન છે, કારણ કે-તેનામાં સમ્યગ્દર્શન દેખાતું નથી. —આ વિરુદ્ધસહચરાનુપલબ્ધિ છે. ૧૦૯.

§૧ અહીં વિધેય-સાધ્ય મિથ્યાજ્ઞાન છે, તેથી વિરુદ્ધ સમ્યગ્જ્ઞાન છે, અને તેના સહચર સમ્યગ્દર્શનની અનુપલબ્ધિ છે. ૧૦૯.

એ પ્રમાણે 'પ્રમાણનયતત્ત્વાલોક' નામના ગ્રંથમાં શ્રી. રત્નપ્રભાચાર્ય વિરચિત 'રત્નાકરાવતારિકા' નામની લઘુટીકામાં 'સ્મરણ-પ્રત્યભિજ્ઞાન-તર્ક-અનુમાનસ્વરૂપનિર્ણય' નામના ત્રીજા પરિચ્છેદનો શ્રી રૈવતાચલચિત્રકૂટાદિ પ્રાચીન-(જીર્ણ)તીર્થોદ્ધારક શ્રીવિજયનીતિસૂરીશ્વરજીના શિષ્યાણુ મુનિ મલયવિજયજીએ સ્વઅભ્યાસ સમયે કરેલ ગુર્જર ભાષાનુવાદ પૂર્ણ થયો.

(प०) स्मृतेः प्रामाण्यस्थापनं १, नैयायिकमीमांसकाभिप्रेतप्रामाण्यस्योपमानस्य प्रत्यभिज्ञायामन्तर्भावः २, बौद्धाप्रामाण्यस्थापनं ३, बौद्धाप्रमाणीकृततर्कप्रामाण्यस्थापनं ४, नास्तिकाप्रमाणितानुमानप्रामाण्यस्थापनं ५, बौद्धाभिमतत्रिलक्षणकयौगाभिप्रेतपञ्चलक्षणहेतुनिराकरणेन निश्चितान्यथानुपपत्त्येकलक्षणहेतुस्थापनं ६, विकल्पसिद्धधर्मिस्थापनं ७, बौद्धानामपि पक्षाङ्गीकारणं ८, दृष्टान्तोपनयनिगमनानां परप्रतिपत्त्यङ्गतानिरासः ९, अत एव व्याप्तिपक्षधर्मतारूपस्य सौगतानां, पक्षहेतुदृष्टान्तस्वरूपस्य भाट्टप्राभाकरकापिलानां, पक्षहेतुदृष्टान्तोपनयनिगमनात्मकस्य यौगवैशेषिकाणां अनुमानस्य निरासः १०, कारणात् कार्यानुमानस्य बौद्धानभिप्रेतस्य स्थापनं ११, पूर्वचरोत्तरचरसहचराणां स्वभावकार्यकारणतानिरासः १२, प्रज्ञाकराभिप्रेतजाग्रद्दशासंवेदनमरणयोः प्रबोधारिष्टे प्रति कारणत्वनिरासः १३ ॥ छ ॥

॥ इति तृतीयपरिच्छेदवादसंग्रहः ॥

---

१ °लोकालङ्कारे-मु ।

अर्हम् ।

अथ चतुर्थः परिच्छेदः ।

संप्रति परोक्षस्य पञ्चमप्रकारमागमाख्यं बहुवक्तव्यत्वात् परिच्छेदान्तरेणोपदिशन्ति—

आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः ॥१॥

§१ आप्तः प्रतिपादयिष्यमाणस्वरूपः, तद्वचनाज्जातमर्थज्ञानमागमः । आगम्यन्ते मर्यादयाऽवबुध्यन्तेऽर्था अनेनेत्यागमः ॥१॥

પરોક્ષપ્રમાણના આગમ નામના પાંચમા ભેદમાં વિશેષ કહેવાનું હોવાથી ગ્રંથકાર તેનું જુદા પરિચ્છેદમાં વર્ણન કરે છે—

આપ્તપુરુષના વચનથી ઉત્પન્ન થયેલું અર્થજ્ઞાન આગમ છે. ૧.

§૧ જેના સ્વરૂપનું પ્રતિપાદન કરાશે તેવા આપ્તપુરુષના વચનથી ઉત્પન્ન થયેલું અર્થજ્ઞાન તે આગમ પ્રમાણ છે. મર્યાદાપૂર્વક જેના વડે પદાર્થ જણાય તે આગમ છે. ૧.

(प०) ॥र्द॥ ॐ नमः॥ **चतुर्थपरिछेदे प्रतिपादयिष्यमाणस्वरूप** इति । अभिधेयं वस्तु यथावस्थितं यो जानीते यथाज्ञातं चाभिधत्ते स आप्तः ॥१॥

ननु यद्यर्थसंवेदनमागमः, तर्हि कथमाप्तवचनात्मकोऽसौ सिद्धान्तविदां प्रसिद्ध इत्याशङ्क्याऽऽहुः—

उपचारादाप्तवचनं च ॥२॥

§१ प्रतिपाद्यज्ञानस्य ह्याप्तवचनं कारणमिति कारणे कार्योपचारात् तदप्यागम इत्युच्यते, अनन्योपायताख्यापनार्थम् ।

§२ अत्रैवं वदन्ति काणादाः—शब्दोऽनुमानम्, व्याप्तिग्रहणबलेनार्थप्रतिपादकत्वाद्, धूमवत्, इति । तत्र हेतोरामुखे कूटाकूटकार्षापणनिरूपणप्रवणप्रत्यक्षेण व्यभिचारः, तथाभूतस्यापि तत्प्रत्यक्षस्यानुमानरूपताऽपायात् । आः ! कथं प्रत्यक्षं नाम भूत्वा व्याप्तिग्रहणपुरस्सरं पदार्थं परिच्छिन्द्यात् ? उन्मीलितं हि चेल्लोचनम्, जातमेव परीक्षकाणां कूटाकूटविवेकेन प्रत्यक्षमिति क्व व्याप्तिग्रहणावसर इति चेत् । एतदेवान्यत्रापि प्रतीहि । तथाहि—समुच्चारितश्चेद् ध्वनिः; जातमेव जनस्य शब्दार्थसंवेदनमिति क्व व्याप्तिग्रहणावसर इति ? एवं तर्हि नालिकेरद्वीपवासिनोऽपि पनस-

शब्दात् तदर्थसंवित्तिः स्यादिति चेत्। किं नापरीक्षकस्यापि कार्षापणे कूटाकूटविवेकेन प्रत्यक्षोत्पत्तिः ?।

જો આગમપ્રમાણ અર્થના જ્ઞાનરૂપ છે, તો સિદ્ધાન્તવેત્તાઓમાં આપ્તના વચનરૂપ આગમ પ્રમાણ કઈ રીતે પ્રસિદ્ધ છે ? એ શંકાનું નિવારણ—

ઉપચારથી આપ્તનું વચન પણ આગમ છે. ૨

§૧ શિષ્ય(શ્રોતા)ના જ્ઞાનનું કારણ આપ્તવચન છે માટે કારણમાં કાર્યનો ઉપચાર કરી આપ્તવચન પણ આગમ કહેવાય છે. આ ઉપચાર એટલા માટે જરૂરી છે કે આગમ પ્રમાણમાં વચન સિવાય બીજું કોઈ કારણ નથી.

§૨ વૈશેષિક—શબ્દ અર્થાત્ આગમ અનુમાન છે, કારણ કે-ધૂમની જેમ વ્યાપ્તિજ્ઞાનના બળથી અર્થનો બોધક છે.

જૈન—પ્રસ્તુત અનુમાનના પ્રારંભમાં જ સિક્કાઓમાંથી ખરાખોટાનો વિવેક કરનાર પ્રત્યક્ષથી હેતુનો વ્યભિચાર છે. કારણ કે એવું પ્રત્યક્ષ વ્યાપ્તિજ્ઞાનના બળથી પરીક્ષા કરે છે, છતાં તે અનુમાન નથી.

વૈશેષિક— અરે ! પ્રત્યક્ષ છતાં તે વ્યાપ્તિગ્રહણપૂર્વક પદાર્થબોધક કઈ રીતે હોઈ શકે ? આપણો અનુભવ છે કે આંખ ઉઘાડતાંની સાથે જ પરીક્ષક પુરુષોને ખરા-ખોટાનો વિવેક કરનાર પ્રત્યક્ષ ઉત્પન્ન થઈ જાય છે. એટલે તેમાં વ્યાપ્તિનું ગ્રહણ કરવાનો અવસર જ ક્યાં છે ?

જૈન— એ જ પ્રમાણે શબ્દ વિષે પણ સમજી લો. તે આ પ્રમાણે–શબ્દોચ્ચાર થતાં જ પુરુષને શબ્દના અર્થનું જ્ઞાન થઈ જ જાય છે તો તેમાં પણ વ્યાપ્તિનું ગ્રહણ કરવાનો અવકાશ ક્યાં છે ?

વૈશેષિક—શબ્દોચ્ચાર માત્રથી જ જો બોધ થઈ જતો હોય તો નાલિયેર દ્વીપમાં વસનાર પુરુષને પણ 'પનસ' શબ્દના શ્રવણથી તેના વાચ્ય અર્થનું જ્ઞાન થવું જોઈએ.

જૈન—તો પછી અપરીક્ષક પુરુષને સિક્કા જોતાંવેંત જ ખરા-ખોટા સિક્કાનો ભેદ કરનાર પ્રત્યક્ષની ઉત્પત્તિ કેમ થતી નથી, તે તમે જ કહોને ?

(प०) **प्रतिपाद्यज्ञानस्ये**ति शिष्यज्ञानस्य। **अनन्योपायताख्यापनार्थ**मिति आप्तवचनं विनाऽर्थसंवेदनं न भवत्येव।

आमुखे इति आदावेव। **व्यभिचार** इति व्याप्तिग्रहणबलेनार्थप्रतिपादकमपि भविष्यति, अनुमानमपि न भविष्यति, यथा कूटाकूटकार्षापणनिरूपणप्रगुणं प्रत्यक्षम्। **तथाभूतस्यापी**ति व्याप्तिग्रहणबलेनार्थप्रतिपादकस्यापि। **तत्प्रत्यक्षस्ये**ति कूटाकूटकार्षापणनिरूपणप्रवणप्रत्यक्षस्य। **आ** इत्यादि काणादः। **परिच्छिन्द्या**दित्यतः पुरः किमितीति गम्यम्। **एतदे**वेत्यादि सूरिवाक्यम्। **अन्यत्रापी**ति आगमेऽपि। **प्रतीही**त्यतः पुरः कथमिति गम्यम्। **एवं तर्ही**त्यादि परः। **किं ने**त्यादि सूरिः।

(टि०) ॥**चतुर्थपरिच्छेदः**॥ **तर्हि कथमि**त्यादि। **असावि**ति आगमः। **सिद्धान्तविदामि**ति जैनागमप्रवीणानामित्युपहासः।

तदपीति आप्तवचनमपि । **अनन्योपाये**ति । आप्तवचनप्रकारं परित्यज्य केनाप्यपरेणोपायेनागमो न सिद्ध्यतीत्यर्थः ।

तत्रेति शब्दस्यानुमानसाधकेऽनुमाने । **हेतोरि**ति व्याप्तिग्रहणेनेत्यादिकस्य । **आमुखे**[1] इति अनुमानप्रारम्भे । **तथाभूतस्ये**ति व्याप्तिग्रहणबलेनार्थप्रतिपादकस्य । **तत्प्रत्यक्षस्ये**ति कूटाकूटकार्षापणप्रत्यक्षस्य । **अन्यत्रापी**ति शब्देऽपि जानीहि । **एवं तर्हि**त्यादि । **तदर्थसंवित्तिरि**ति पनसशब्दवाच्यपदार्थज्ञानम् ।

§३ अथ यावानेतादृशविशेषसमाकलितकलेवरः कार्षापणः, तावानशेषः कूटोऽकूटो वा निष्टङ्कनीयस्त्वया—इत्युपदेशसाहायकापेक्षं चक्षुरादि तद्विवेके[2] कौशलं कलयति, न चापरीक्षकस्यायं प्राक् प्रावर्त्तिष्टेति चेत् । तर्हि शब्दोऽपि यावान् पनसशब्दस्तावान् पनसार्थवाचक इति संवित्तिसहायः तत्प्रतिपादने पटीयान् । न च नालिकेरद्वीपवासिनः प्रागियं प्रादुरासीदिति कथं तस्य तत्प्रतीतिः स्यात् ? । अथैतादृशसंवेदनं व्याप्तिसंवेदनरूपमेव । तदपेक्षायां च शब्दार्थज्ञानमनुमानमेव भवेदिति चेत् । कूटाकूटकार्षापणविवेकप्रत्यक्षमपि किं न तथा, तत्रापि तथाविधोपदेशस्य व्याप्त्युल्लेखस्वरूपत्वात् ? ।

§४ अथ व्याप्तेः प्राक् प्रवृत्तावपि तदानीमभ्यासदशापन्नत्वेनानपेक्षणात् प्रत्यक्षमेवैतत्, तदपेक्षायां तु भवत्येवैतदनुमानम्—कूटोऽयं कार्षापणः, तथाविधविशेषसमन्वितत्वात्, प्राक्प्रेक्षितकार्षापणवत्—इति चेत् । एतदेव समस्तमन्यत्रापि तुल्यं विदाङ्करोतु भवान् ।

§५ न खल्वभ्यासदशायां कोऽपि व्याप्तिं शब्देऽप्यपेक्षते, सहसैव तज्ज्ञानोत्पत्तेः । अनभ्यासे तु को नाम नानुमानतां मन्यते ? यथा कस्यचिद्विस्मृतसङ्केतस्य कालान्तरे पनसशब्दश्रवणे—यः पनसशब्दः स आमूलफलेग्रहिविटपिविशेषवाचकः, यथा यज्ञदत्तोक्तः प्राक्तनः, तथा चायमपि देवदत्तोक्त इति । एवं च पक्षैकदेशे सिद्धसाध्यता, शब्दोऽनुमानमित्यत्र सकलवाचकानां पक्षीकृतानामेकदेशस्यानुमानरूपतया स्वीकृतत्वात् । यस्त्वागमरूपतया स्वीकृतः शब्दः, तत्राभ्यासदशापन्नत्वेन व्याप्तिग्रहणापेक्षैव नास्ति, अन्यथा कूटाकूटकार्षापणप्रत्यक्षेण व्यभिचारापत्तेः । तथा च हेतोरसिद्धिः । एवं च शब्दत्वस्य व्याप्तिग्रहणानपेक्षत्वे सिद्धे विवादास्पदः[3] शब्दो नानुमानम्, तद्भिन्नसामग्रीकत्वात्, कूटाकूटकार्षापणविवेकप्रत्यक्षवत्, इति सिद्धम् ।

§3 વૈશેષિક—આવા આવા વિશેષોથી યુક્ત સ્વરૂપવાળા સિક્કાને ખરા-ખોટો જાણવો એવા ઉપદેશની સહાય હોય તો આંખ આદિ ખરા-ખોટાના વિવેકમાં કુશળ બને છે. પણ આ પ્રકારનો ઉપદેશ અપરીક્ષક પુરુષને પહેલાં મળ્યો નથી માટે તેનું જ્ઞાન તેવું થતું નથી.

---

१ आमुख्ये–डे–३। २ डे–३–टिप्पणसंमतः 'तद्विवेककौ°' इति पाठः । ३ °स्पदं–इति टिप्पणे पाठः ।

જૈન—તે જ પ્રમાણે જ 'પનસ' શબ્દ છે તે પનસરૂપ અર્થનો વાચક છે' એવા જ્ઞાનની સહાયતા હોય તો જ શબ્દ અર્થનું પ્રતિપાદન કરી શકે છે. પણ તેવું જ્ઞાન નાલિયેર દ્વીપવાસી પુરુષને પહેલાં થયું ન હતું, માટે પનસ શબ્દ સાંભળવાથી 'પનસ' અર્થનો બોધ તે પુરુષને કઈ રીતે થઈ શકે ?

વૈશેષિક—પણ આવું જ્ઞાન તો વ્યાપ્તિ જ્ઞાનરૂપ જ છે અને તેવા જ્ઞાનની શબ્દના અર્થજ્ઞાનમાં જો અપેક્ષા હોય તો શબ્દાર્થજ્ઞાન અનુમાન જ થશે.

જૈન—તે જ ન્યાયે ખરા-ખોટા સિક્કાનો વિવેક કરનાર પ્રત્યક્ષ પણ અનુમાનરૂપ કેમ નહિ થાય ? કારણ કે-ત્યાં પણ પૂર્વોક્ત ઉપદેશ વ્યાપ્તિના પ્રયોગરૂપ જ છે.

§૪ વૈશેષિક—વ્યાપ્તિનું જ્ઞાન પ્રથમ થઈ ગયું છે. છતાં પણ જ્યારે પરીક્ષક ખરા-ખોટાનો વિવેક કરે છે ત્યારે અભ્યાસને કારણે વ્યાપ્તિની અપેક્ષા નથી માટે તે જ્ઞાન પ્રત્યક્ષસ્વરૂપ જ છે. પરંતુ જો વ્યાપ્તિની અપેક્ષા રાખે તો તે જ્ઞાન અનુમાનરૂપ જ થાય. જેમકે-આ સિક્કો ખોટો છે, કારણ કે-ખોટા સિક્કામાં રહેલ વિશેષોથી યુક્ત છે, પૂર્વે જોયેલ ખોટા કાર્ષાપણ-સિક્કાની જેમ.

જૈન—આ બધુંય શબ્દમાં પણ સમાન જ છે, એમ જાણો.

§૫ અભ્યાસ દશામાં શબ્દજ્ઞાન વખતે કોઈ પણ પુરુષ વ્યાપ્તિની અપેક્ષા રાખતો નથી કારણ કે-શબ્દોચ્ચારની સાથે જ જ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. અને અનભ્યાસ દશામાં તો વળી શબ્દમાં કોણ તેની અનુમાનતા નથી માનતું ? જેમકે-સંકેત ભૂલી જનાર પુરુષને કાલાન્તરમાં 'પનસ' શબ્દ સાંભળવાથી એવું થાય છે કે-આ 'પનસ' શબ્દ મૂળ સુધી ફળવાળા વૃક્ષ વિશેષનો વાચક છે. કેમકે-પહેલાં યજ્ઞદત્તે કહેલ પનસની જેમ દેવદત્તે કહેલ આ પનસ શબ્દ પણ તેવો જ છે. અને આ રીતે શબ્દમાં અનુમાનરૂપતા સિદ્ધ કરવાને તમોએ જે અનુમાન કહેલ છે તેમાં પક્ષૈકદેશમાં સિદ્ધસાધ્યતા રૂપ દોષ પણ છે. કારણ કે-તમે જ્યારે એમ કહો છો કે 'શબ્દ એ અનુમાન છે' ત્યારે પક્ષરૂપ બનાવેલ જેટલા શબ્દો છે તેમાંથી એક દેશ-એટલે અનભ્યસ્ત શબ્દોની બાબતમાં અમોએ પણ અનુમાનરૂપતા સ્વીકારી છે. પણ આગમ તરીકે જે શબ્દ અમે સ્વીકાર્યો છે તે અભ્યસ્ત હોવાથી તેમાં તો વ્યાપ્તિગ્રહણની અપેક્ષા જ નથી. તેમ ન માનવામાં તો સિક્કામાં ખરા-ખોટાનો વિવેક કરનાર પ્રત્યક્ષથી વ્યભિચાર આવશે. એ અમે કહ્યું જ છે. માટે તમારો હેતુ અસિદ્ધ થયો અને એ રીતે શબ્દમાં વ્યાપ્તિ ગ્રહણની અપેક્ષા સિદ્ધ નથી માટે વિવાદાસ્પદ-(અભ્યાસદશાપન્ન) શબ્દ પણ અનુમાનથી ભિન્ન સામગ્રીવાળો હોવાથી કૂટાકૂટ કાર્ષાપણના વિવેચક પ્રત્યક્ષની જેમ અનુમાન નથી એ સિદ્ધ થયું.

(प०) अथेत्यादि परः। **एतादृशविशेषेति** तथाविधमुद्रोपलक्षणम्। तद्विवेके इति कूटविवेके **अयमिति** उपदेशः। **तर्हि शब्दोऽपीत्यादि** सूरिगीः। **तत्प्रतिपादने** इति पनसार्थपरि[1]-

---

१ परिज्ञाने ल।

ज्ञापने । **इयमिति** संवित्तिः । **तस्येति** नालिकेरद्वीपवासिनः । **तत्प्रतीतिरिति** पनसार्थपरिज्ञानम् । **अथेति** परवाक्यम् । **एतादृशसंवेदनमिति** पूर्वसंवित्तिसहायम् । **यदपेक्षायामिति** व्याप्त्यपेक्षायाम् । **कूटेत्यादि** सूरिः । **किं न तथेति** किं नानुमानमित्यर्थः । **किं न तथेत्यग्रे** किमितीति गम्यम् । **तत्राऽपीति** कूटाकूटविवेकप्रत्यक्षेऽपि । **व्याप्त्युल्लेखस्वरूपत्वादिति** अनुमानत्वं प्राप्नोतीति भावः

अथ व्याप्तेरित्यादि परः । **तदपेक्षायमिति** व्याप्त्यपेक्षायाम् । **एतदिति** प्रत्यक्षम् । **अनुमानमिति** अनुमानरूपत्वमेव दर्शयति । **तथाविधविशेषेत्यादि** प्राक्संकेतितं ज्ञेयम् । **एतदेवेत्यादि** सूरिः । **अन्यत्रापीति** आगमेऽपि ।

शब्देऽपीति प्रत्यक्षे इव तथाविधे शब्दे व्याप्त्यपेक्षा नास्तीत्यर्थः । **शब्दश्रवणे** इति शब्दश्रवणे सति । **अयमपीति** अनुभूयमानः । **एवं चेत्यादिना** आचार्य एव प्रपञ्चयति । सिद्धसाध्यतेत्यग्रे कथमिति गम्यम् । **अनुमानरूपतयेति** अनभ्यासदशायाम् । **अन्यथेति** तत्रापि व्याप्तिग्रहणापेक्षायाम् । **हेतोरिति** भवदीयस्य ।

टि०) **तद्विवेके** इति[1] कूटाकूटकार्षापणविचारदक्षताम् । **अपरीक्षकस्येति** परीक्षानभिज्ञस्य । **अयमिति** उपदेशः । **तत्प्रतिपादके** इति पनसशब्दवाच्यार्थप्रतिपादने । **पटीयानिति** प्रकृष्टः पटुः पटीयान् । "गुणादिष्ठेयन्सौ वा" [कातन्त्रे नाम्नि च० २।६।४० वृत्तौ पृ० १३५] ईयन्सप्रत्ययः । "तद्वदिष्ठेमेयस्य वहुलम्" [कातन्त्रे आख्याते ३।२।१२ वृत्तौ पृ० १७३] उकारलोपः । **इयमिति** संवित्तिः । **तस्येति** नालिकेरद्वीपवासिनः । **तत्प्रतीतिरिति** पनसवाच्यार्थप्रतीतिः । **तदपेक्षायामिति** व्याप्त्यपेक्षायाम् । **तथेति** कथं नानुमानम् । **तत्रापीति** कूटाकूटकार्षापणप्रत्यक्षेपि । **तथाविधेति** शब्दस्यार्थमभिव्यञ्जयतो यादृश उपदेशस्तादृश उपदेशः कूटकार्षापणप्रत्यक्षेऽपि समस्तीति भावः ।

एतदिति कूटाकूटकार्षापणप्रत्यक्षम् । **तदपेक्षायामिति** व्याप्त्यपेक्षायाम् ॥ **अन्यत्रापीति** शब्देऽपि ।

एवं च पक्षेत्यादि ॥ **वाचकानामिति** शब्दानाम् । **विवादास्पदमिति**[2] अभ्यासदशापन्नः ॥ **तद्विभिन्नेति** अनुमानव्यतिरिक्तसामग्रीकत्वात् ।

§६ किंच । वाचामनुमानमानतामातन्वानोऽसौ कथं पक्षधर्मतादिकमादर्शयेत् ? । चैत्रः ककुदादिमदर्थविवक्षावान्, गोशब्दोच्चारणकर्तृत्वात्, अहमिव—इतीत्थमिति चेत् । नन्वतो विवक्षामात्रस्यैव प्रतीतिः स्यात् । तथा च कथमर्थे प्रवृत्तिर्भवेत् ? । विवक्षातोऽर्थसिद्धिरिति चेत् । मैवम् । अस्यास्तद्व्यभिचारात्, अनाप्तानां अन्यथाऽपि तदुपलब्धेः । अथ यथोक्तात्[3] च्छब्दात् तथाऽऽप्तविवक्षातोऽक्षूणै[4]वार्थसिद्धिर्भविष्यतीति चेत् । सत्यम् । किन्त्वप्रतीतिपराहतैवेयं परम्परा, शब्दश्रुतौ सत्यां प्रतीत्यन्तराव्यवहितस्यैव अर्थस्य संवेदनात्, यथा लोचनव्यापारे सति रूपस्य । अपि च, अप्रातीतिकैतादृक्कल्पनामहापातकं क्रियतां नाम, यदि नान्या गतिः स्यात् । अस्ति चेयम्, शब्दस्य स्वाभाविकवाच्यवाचकभावसंबन्धद्वारेण अर्थप्रत्यायकत्वोपपत्तेः । एतच्च "स्वाभाविकसामर्थ्यसमयाभ्यां—' [४. ११] इत्यादि सूत्रे निर्णेष्यते ॥२॥

---

१ तद्विवेककौशलमिति- डे३ । २ मूले 'स्पदः—इति पाठः । ३ यथा प्रोक्ता° मु । ४ °क्षाऽतो मु ।

§६ વળી શબ્દને અનુમાન માનનાર આ વૈશેષિક પક્ષધર્મતા વગેરે હેતુ-લક્ષણો કઈ રીતે જણાવશે ?

વૈશેષિક—ચૈત્ર ખુંધવાળા પદાર્થની વિવક્ષાવાળો છે, ગો શબ્દનો ઉચ્ચાર કરતો હોવાથી, મારી જેમ, આ પ્રમાણે પક્ષધર્માદિ છે.

જૈન—આ અનુમાનથી તો કેવળ વિવક્ષાની જ સિદ્ધિ થશે, તો એ રીતે અર્થમાં પ્રવૃત્તિ કઈ રીતે થશે ? વળી, વિવક્ષાથી અર્થસિદ્ધિ થાય છે એમ પણ નથી, કારણ કે-વિવક્ષાનો અર્થ સાથે વ્યભિચાર પણ છે, કારણ કે-અનાપ્ત પુરુષોની વિવક્ષા વિપરીત પણ જોવામાં આવે છે.

વૈશેષિક—જેમ આપ્તના કહેલ શબ્દથી અર્થસિદ્ધિ થાય છે, તેવી જ રીતે આપ્ત પુરુષની વિવક્ષાથી પણ અર્થસિદ્ધિ થશે.

જૈન--તે વાત ઠીક છે પરંતુ આ પરંપરા(પ્રથમ શબ્દનું સાંભળવું, પછી વિવક્ષાની પ્રતીતિ, પછી અર્થની પ્રતીતિ એવી પરંપરા)ની પ્રતીતિ થતી જ નથી તેથી તે નિરાકૃત છે, કારણ કે-નેત્રનો વ્યાપાર થતાં જ જેમ રૂપનું જ્ઞાન થાય છે, તેવી જ રીતે શબ્દ સાંભળતાંવેંત જ અન્ય કોઈ વિવક્ષાની પ્રતીતિના વ્યવધાન વિના જ અર્થનું જ્ઞાન થાય છે. વળી. બીજો કોઈ માર્ગ ન હોય તો આવી પ્રતીતિથી વિરુદ્ધ કલ્પના કરવાનું મહાપાતક વહોરી લેવું યોગ્ય બને છે, પરંતુ અહીં બીજો માર્ગ તો છે જ. કારણ કે- શબ્દમાં સ્વાભાવિક વાચ્યવાચકભાવ સંબંધ છે અને તેથી તે અર્થનો બોધક બની શકે છે. એ વાત **'स्वाभाविकसामर्थ्यसमयाभ्याम्'** ઈત્યાદિ સૂત્રમાં ગ્રંથકાર પોતે જ કહેશે. ૨.

(पं०) **असाविति** काणादः । **तथा चेति** विवक्षामात्रप्रतीतौ सत्याम् । **तथा च कथमिति** अनुमानाद्धि अनुमेयेऽर्थे प्रवृत्तिर्भवत्येव । **अस्या** इति विवक्षातः । **तद्व्यभिचारादिति** अर्थसिद्धेर्व्यभिचारात् । **अन्यथापीति** अर्थसिद्धिं विनाऽपि । **तदुपलब्धेरिति** विवक्षोपलब्धेः । **अथ यथेत्यादि** परः । **इयं परम्परेति** आदौ विवक्षा, ततः शब्दोच्चारणं, ततोऽर्थे प्रतीतिः । **प्रतीत्यन्तराव्यवहितस्यैवेति** विवक्षारूपप्रतीत्यन्तराव्यवहितस्यैव । **इयमिति** गतिः । **सम्बन्धद्वारेणेति** सङ्केतद्वारेण । **अर्थप्रत्यायकत्वोपपत्तेरिति** [1]शब्दस्यार्थप्रत्यायकत्वोपपत्तेरिति योगः ॥२॥

(टि०) **असाविति** कणभक्षः । **पक्षधर्मतादिकमिति** नहि घटादिके द्रव्ये शब्दः समस्ति किन्तु वक्तर्येव । **नन्वत** इति अनुमानात् । अस्या इति विवक्षायाः । **तद्व्यभिचारादिति** तेनार्थेन सह व्यभिचारात् । **अन्यथापीति** अर्थाऽभावे अपि । **तदुपलब्धेरिति** विवक्षोपलब्धेः । **परंपरेति** प्रथमं शब्दाकर्णनं ततो विवक्षाविचारणम्, तत आप्ताऽनाप्तपरीक्षा इति परिपाटी अप्रतीतैव । **प्रतीत्यन्तरेति** विवक्षाया अन्तरेणानन्तरितस्य शब्दश्रवणादेवाभ्यासदशापन्नत्वेन विवक्षाविचारादृतेऽर्थज्ञानोत्पादात् ॥ **अपि चेत्यादि** । **इयमिति** गतिः ॥२॥

उदाहरन्ति—

समस्त्यत्र प्रदेशे रत्ननिधानम्, सन्ति रत्नसानुप्रभृतयः ॥३॥

§१ वक्ष्यमाणलौकिकजनकादिलोकोत्तरतीर्थकराद्यपेक्षया क्रमेणोदाहरणोभयी॥ ३॥

---

१ शब्दार्थप्र°–ल।

આગમનું ઉદાહરણ—

આ પ્રદેશમાં રત્નોનો ખજાનો છે, રત્નનાં શિખરવાળો પર્વત (મેરુ) આદિ છે. ૩

§૧ હવે પછીના સૂત્રમાં આગમના ભેદ કહેવાશે એક તો લૌકિક, પિતા આદિ અને બીજો લોકોત્તર, તીર્થંકરાદિ, આ બન્નેની અપેક્ષાએ સૂત્રકારે આ સૂત્રમાં ક્રમશઃ બે ઉદાહરણ કહ્યાં છે. ૩.

आप्तस्वरूपं प्ररूपयन्ति—

अभिधेयं वस्तु यथावस्थितं यो जानीते यथाज्ञानं चाभिधत्ते स आप्तः ॥४॥

§१ आप्यते प्रोक्तोऽर्थोऽस्मादित्याप्तः । यद्वा, आप्ती रागादिदोषक्षयः, सा विद्यते यस्येत्यर्शआदित्वादति आप्तः । जानन्नपि हि रागादिमान् पुमानन्यथाऽपि पदार्थान् कथयेत्, तद्व्युच्छित्तये यथाज्ञानमिति । तदुक्तम्—

"आगमो ह्याप्तवचनमाप्तिं दोषक्षयं विदुः ।
क्षीणदोषोऽनृतं वाक्यं न ब्रूयाद्धेत्वसम्भवात्" ॥१॥ इति ।

§२ अभिधानं च ध्वनेः परम्परयाऽप्यत्र द्रष्टव्यम् । तेनाक्षरविलेखनद्वारेण, अङ्कोपदर्शनमुखेन, करपल्लव्यादिचेष्टाविशेषवशेन वा शब्दस्मरणाद्यः परोक्षार्थविषयं विज्ञानं परस्योत्पादयति, सोऽप्याप्त इत्युक्तं भवति । स च स्मर्यमाणः शब्द आगम इति ॥४॥

આપ્તનું સ્વરૂપ—

જે અભિધેય વસ્તુને યથાર્થરૂપે જાણે અને જે પ્રમાણે જાણતો હોય તે પ્રમાણે જ કહે, તે આપ્ત છે. ૪.

§૧ જેના કહેવાથી પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય તે આપ્ત છે, અથવા આપ્તિ–એટલે રાગાદિ દોષનો ક્ષય, તે આપ્તિવાળો હોય તે આપ્ત. અહીં આ શબ્દ વ્યાકરણપ્રસિદ્ધ અર્શાદિ ગણનો હોવાથી મત્વર્થીય અત્ પ્રત્યય થવાથી 'આપ્ત' રૂપ સિદ્ધ થયેલ છે. રાગાદિ દોષવાળો પુરુષ પદાર્થને જાણતો હોવા છતાં કોઈ વખતે અન્યથા–(અયથાર્થ રૂપે) પણ કથન કરે માટે તેનું નિરાકરણ કરવા સૂત્રમાં 'यथाज्ञानं' વિશેષણ કહેલ છે, આ જ વાત પુષ્ટ કરવાને કહ્યું છે છે કે–"આપ્ત પુરુષનું વચન એ આગમ છે, અને દોષના ક્ષયને આપ્તિ કહે છે. ક્ષીણ દોષવાળો પુરુષ જૂઠું વાક્ય બોલતો નથી કારણ કે–તેમાં અસત્ય બોલવાનું કોઈ કારણ નથી."

§૨. અહીં શબ્દમાં અર્થાભિધાનતા પરંપરાથી પણ છે એમ જાણવું. માટે અક્ષર વિલેખનથી અથવા અંકના ઉપદર્શનાદિથી, કરપલ્લવી આદિ ચેષ્ટા વિશેષથી શબ્દસ્મરણ કરાવી પરોક્ષ પદાર્થ વિષયક જ્ઞાન બીજાને ઉત્પન્ન કરાવે તે

પણ આપ્ત કહેવાય છે, અને અક્ષર વિલેખનાદિ દ્વારા જે શબ્દનું સ્મરણ થયું તે શબ્દ આગમ કહેવાય છે. ૪.

(प०) **आप्यते** इति श्रोतृभिः । **प्रोक्त** इति तेनैव वक्त्रा । **यथाज्ञानमिति** यथाज्ञानं चाभिधत्ते ।

अभिधानमिति अर्थस्य भणनम् । **ध्वनेरिति** शब्दस्य ॥४॥

(टि०) **आगमो हीत्यादि** ॥ **हेत्वसंभवादिति** अनृतवाक्यस्य कारणाभावात् । रागद्वेषमोहाद्यशेषदोषान् विहायानृतभाषणे नान्यन्निदानम् ।

अभिधानमित्यादि ॥ **ध्वनेरिति** ध्वनेरुपलक्षणं शब्दस्य प्रसिद्धत्वात् करपल्लवीप्रभृतयोऽष्टादशलिपयो मूलदेव्यादयः कपालिलाटमुख्या देशभाषा उपचारादाक्षिप्ता ज्ञातव्याः ॥४॥

कस्मादमूदृशस्यैवाप्तत्वमित्याहुः—

तस्य हि वचनमविसंवादि भवति ॥५॥

§१ यो हि यथावस्थिताभिधेयवेदी; परिज्ञानानुसारेण तदुपदेशकुशलश्च भवति तस्यैव यस्माद्वचनं विसंवादशून्यं संजायते । मूढवञ्चकवचने विसंवादसंदर्शनात् । ततो यो यस्यावञ्चकः, स तस्याप्त इति ऋष्यार्यम्लेच्छसाधारणं वृद्धानामाप्तलक्षणमनूदितं भवति ॥५॥

ઉપર જણાવેલ પુરુષને જ આપ્ત કહેવાનું કારણ—

કારણ કે-તેનું વચન અવિસંવાદી હોય છે. ૫

§૧ જે પુરુષ પદાર્થને જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે જાણનાર છે, અને વળી પોતાના જ્ઞાનને અનુસારે પદાર્થના ઉપદેશમાં કુશલ છે, તેવા પુરુષનું જ વચન વિસંવાદથી રહિત છે માટે તે આપ્ત છે. કેમકે મૂઢ અને વંચક પુરુષના વચનમાં વિસંવાદ જોવાય છે. તેથી જે જેનો અવંચક હોય તે તેનો આપ્ત છે, આ પ્રકારે ઋષિ, આર્ય અને મ્લેચ્છમાં સાધારણ એવા આ વૃદ્ધોએ કરેલ આપ્ત લક્ષણનો અનુવાદ કર્યો છે. ૫.

(प०) **मूढवञ्चकवचने** इति मूढो न जानाति, वञ्चकस्तु जानन्नप्यन्यथा वक्ति ॥५॥

(टि०) **यो यस्यावञ्चक** इति अत्राप्तशब्देन केवलज्ञानशाली नम्रामरासुरनरेश्वरनिकुरम्बमौलिमौलिमणिप्रभाजालोत्तेजितचरणनखकान्तिस्तीर्थंकरः केवल एव नाभ्युपगम्यते जैनैः, किन्तु म्लेच्छादिरपि यो यं न वञ्चयेत्स तं प्रति आप्तः । मगधाधिपश्रेणिकं प्रति अभयकुमारमहामा[त्य]बुद्धिवद्धोप्यविकलविद्याद्वयदायी मातङ्गो यथा ॥५॥

आप्तभेदौ दर्शयन्ति—

स च द्वेधा लौकिको, लोकोत्तरश्च ॥६॥

१ लोके सामान्यजनरूपे भवो लौकिकः । लोकादुत्तरः प्रधानं मोक्षमार्गोपदेशकत्वाल्लोकोत्तरः ॥६॥

આપ્ત પુરુષના ભેદ—

આપ્ત બે પ્રકારના છે-લૌકિક અને લોકોત્તર. ૬.

तावेव वदन्ति—

लौकिको जनकादिर्लोकोत्तरस्तु तीर्थकरादिः ॥७॥

§१ प्रथमादिशब्देन जनन्यादिग्रहः । द्वितीयादिशब्देन तु गणधरादिग्रहणम् ।

§२ ये तु श्रोत्रियाः श्रुतेरपौरुषेयत्वे पौरुषं स्फोरयांचक्रुः, ते कीदृशीं श्रुतिममूमास्थाय–किं वर्णरूपाम्, आनुपूर्वीरूपां वा ? यदि प्राचिकीम्, तदस्पष्टम्, उपरिष्टात् "अकारादिः पौद्गलिको वर्णः" (४. ९) इत्यत्र वित्रास्यमानत्वादस्याः । अथोदीचीनाम्, तर्हि तत्र तत्प्रतीतौ प्रत्यक्षम्, अनुमानम्, अर्थापत्तिः, आगमो वा प्रमाणं प्रणिगद्येत । न प्रत्यक्षम्, अस्य तादात्विकभावस्वभावावभासमात्रचरित्रपवित्रत्वात्, "सम्बद्धं वर्तमानं च गृह्यते चक्षुरादिना" [मी० श्लो० प्र० ८४] इति वचनात् ।

यैव श्रुतिर्मया प्रागध्यगायि, सैवेदानीमपीति प्रत्यभिज्ञाप्रत्यक्षमक्षूणं लक्ष्यत एवास्याः सदात्वमवद्योतयदिति चेत्, नन्वसौ "समुदयमात्रमिदं कलेवरम्" इत्यादिलोकायतागमेष्वप्येकरसैवास्तीति तेऽपि तथा स्युः । तथा च तत्पठितानुष्ठाननिष्ठा पटिष्ठता विप्राणामपि प्राप्नोति, अन्यथा प्रत्यवायसंभवात् । अथात्रेयमभिधानानन्तरानुपलम्भेन बाध्यते, किं न श्रुतावपि ? । अभिव्यक्त्यभावसंभवी तदानीमनुपलम्भः श्रुतौ, नाभावनिबन्धन इति चेत् । किं न नास्तिकसिद्धान्तेऽप्येवम्, इति सकलं समानम् ।

§१ લોક-સામાન્ય જનમાં જે હોય, તે લૌકિક અને મોક્ષમાર્ગનો ઉપદેશ કરવાથી લોકથી ઉત્તર-પ્રધાન તે લોકોત્તર છે. ૬.

તે બન્ને વિષે કહે છે—

જનક—પિતા આદિ લૌકિક અને તીર્થંકર આદિ લોકોત્તર આપ્ત છે. ૭.

§૧ સૂત્રમાં 'જનક' શબ્દ સાથે રહેલ આદિ પદથી માતા આદિનું અને તીર્થંકર શબ્દ સાથે રહેલ 'આદિ' પદથી ગણધર આદિનું ગ્રહણ જાણવું.

§૨ જે મીમાંસકો વેદમાં અપૌરુષેયત્વ-નિત્યત્વ સિદ્ધ કરવાને પુરુષાર્થ ફોરવી રહેલ છે, તેમને અમે પૂછીએ છીએ કે-શ્રુતિ-વેદને કેવા પ્રકારે તેઓ માને છે-વર્ણરૂપ કે આનુપૂર્વીરૂપ ? જો શ્રુતિને વર્ણરૂપ માનવામાં આવે તો તે યોગ્ય નથી, કારણ કે-આગળ "अकारादिः पौद्गलिको वर्णः" ४. ९. એ સૂત્રમાં આ વર્ણરૂપ વેદની અપૌરુષેયતાનું નિરાકરણ કરવામાં આવશે. શ્રુતિને આનુપૂર્વીરૂપ માનીને અપૌરુષેય કહો તો-તે આનુપૂર્વીરૂપ અપૌરુષેયત્વ-નિત્યત્વને સિદ્ધ કરનારું પ્રમાણ પ્રત્યક્ષ છે, અનુમાન છે, અર્થાપત્તિ છે કે આગમ છે ? પ્રત્યક્ષ પ્રમાણ તો કહી શકશો નહિ. કારણ કે-"સંબદ્ધ અને વર્તમાન

વસ્તુનું ચક્ષુ વિગેરે ઇન્દ્રિયોથી ગ્રહણ થાય છે." એ વચનથી પ્રત્યક્ષ તત્કાલિક-(વર્તમાન) પદાર્થને જ જણાવવામાં ચરિતાર્થ છે.

મીમાંસક—જે શ્રુતિનું મેં પહેલાં ગાન કરેલું તે જ અત્યારે પણ ગાઈ, એ પ્રમાણે શ્રુતિના નિત્યત્વને સિદ્ધ કરનાર પ્રત્યભિજ્ઞાન રૂપ પ્રત્યક્ષ સમર્થ છે.

જૈન—તો 'समुदयमात्रमिदं कलेवरम्'–ભૂતોના સમુદાય માત્રરૂપ આ શરીર છે, અર્થાત્ કોઈ આત્મા સિદ્ધ નથી–આદિ નાસ્તિકના આગમને વિષે પણ તેવી પ્રત્યભિજ્ઞા સમાન જ છે, માટે નાસ્તિકોના આગમો પણ નિત્ય થશે. અને એમ થતાં નાસ્તિકોના આગમોમાં પઠિત–જણાવેલ આચરણની પટુતા વેદપાઠી બ્રાહ્મણોએ પણ પ્રાપ્ત કરવી પડશે અને તેમ નહિ કરો તો આપત્તિ આવી પડશે.

મીમાંસક—લોકાયતના આગમ વિષેની પ્રત્યભિજ્ઞા બાધિત છે; કારણ, તેના અભિધાન પછી તરત જ તે આગમની અનુપલબ્ધિ છે.

જૈન—તે જ પ્રમાણે વેદમાં પ્રત્યભિજ્ઞા કેમ બાધિત નહિ થાય?

મીમાંસક—અભિધાન પછી વેદનો જે અનુપલંભ છે, તે અભિવ્યક્તિના અભાવને કારણે છે, પરંતુ વેદના અભાવના કારણે નથી.

જૈન—નાસ્તિકોના સિદ્ધાન્ત વિષે પણ એમ કેમ નહિ બને? આ રીતે તો વેદ અને નાસ્તિક આગમમાં બધી વાતો સમાન છે.

(प०) **प्रथमादिशब्देने**ति **जनकादि**रिति सूत्रस्थेन । **द्वितीयादिशब्देने**ति **तीर्थकरादि**रिति सूत्रस्थेन ।

अकारादिरित्यादि । पुरुषप्रेरितभाषाद्रव्यवर्गणाभिर्निष्पाद्यते एता वर्णरूपा श्रुतिर्नापौरुषेयी । **अस्या** इति वर्णरूपायाः । **तत्रे**ति आनुपूर्वीरूपश्रुतौ । **तत्प्रतीता**विति अपौरुषेयत्वप्रतीतौ । **तादात्विके**त्यादिगद्ये तादात्विकाः पुरोवर्त्तिनः ।

यैवेत्यादिपरः । **अस्या** इति श्रुतेः । **एकरसैवे**ति परिपूर्णा । **तथा स्यु**रिति सनातना स्युः । **अथे**त्यादि परः । **अत्रे**ति लोकायतागमे । **इय**मिति प्रत्यभिज्ञा । **किं न श्रुताव**पीति सूरिः । **अभिव्यक्ती**त्यादि परः । **तदानी**मिति अभिधानानन्तरम् । **अभावनिबन्धन** इति अभिव्यक्त्यभावहेतुकः । **किं ने**त्यादि सूरिः । **एव**मिति अभिव्यक्त्यभावसम्भवी अनुपलम्भः ।

(टि०) **ये तु श्रोत्रिया** इत्यादि ॥ **ते** इति श्रोत्रियाः । **आस्थाये**ति अङ्गीकृत्य । **अस्या** इति वर्णरूपायाः श्रुतेर्निराचिकीर्षया प्रचिक्रंसितत्वात् । **तर्हि तत्रे**ति श्रुतौ । **तत्प्रतीता**विति तस्याऽपौरुषेयत्वस्य प्रतीतिस्तत्प्रतीतिस्तस्याम् । **अस्ये**ति प्रत्यक्षस्य । **तादात्विकभावे**ति वर्तमानकालभावपदार्थप्रकटनकृतार्थत्वात् ।

संबद्धमिति स्वयोग्यतया गोचरीभूतं, न च वैशेषिकादिवद्रश्मिचक्रवद्यान्नेत्रसंलग्नं, तस्य प्रागेव प्राप्यकारिवादे व्यपास्तत्वात् ।

अध्यगायीति कै गै रै शब्दे ॥ "संध्यक्षरान्तानामा०" [कातन्त्र ३।४।२०। पृ० २०६] अद्यतनीत "भावकर्मणोश्च" [कातन्त्र ३।२।३०। पृ० १८०] इच् । "आयिरिच्यादन्तानाम् [कातन्त्र ३।६।२०। पृ० २४८] "इचस्तलोपः" [कातन्त्र ३।४।३२। पृ० २११] **अस्या** इति श्रुतेः । **सदात्व**मिति सनातनत्वम् । **नन्वसावि**ति प्रतिज्ञा ॥ **लोकायते**ति । नास्ति-

कसिद्धान्तेष्वपि । **एकरसैवेति** समानैव । **तेऽपीति** लोकायतागमाः । **तथा स्युरिति** अपौरुषेया नित्याश्च भवेयुः ॥ **तत्पठितेति** तेषां लोकायतागमानां पठनाचरणपटुता । **अन्यथेति** तदपठनेऽनाचरणे च । **प्रत्यवायेति** अपवादोत्पत्तेः । **अथात्रेति** लोकायतागमे । **इयमिति** प्रत्यभिज्ञा । **अनुपलम्भेति** तदैव विनष्टत्वात् । **अभिव्यक्त्यभावेति** यैः कारणैः शब्दोऽभिव्यज्यते तदभावे संभवतीत्येवंशीलः । **तदानीमिति** अभिव्यञ्जककारणासाकल्ये प्रत्यभिज्ञानुपलब्धेर्वेदनाऽभावहेतुः ॥

§३ किंच । अनुभवानुचरणचतुरं प्रत्यभिज्ञानम्, अनुभवश्च प्रायेण प्रत्यभिज्ञां तद्भविकीम्, जातिस्मृत्यादिमतः कस्यापि कतिपयभवविषयां च प्रभावयितुं प्रभुः— इति कथमनादौ काले केनापि नेयं श्रुतिः सूत्रिता—इति प्रकटयितुं पटीयसीयं स्यात् ? । तन्न तत्र प्रत्यक्षं क्षमते ।

नाप्यनुमानम्, तद्धि कर्त्रस्मरणम्, वेदाध्ययनवाच्यत्वम्, कालत्वं वा । तत्रैतेषु सर्वेष्वपि प्रत्यक्षानुमानागमबधितत्वं तावत्पक्षदोषः । तत्र प्रत्यक्षबाधः तावत्— तथाविधमठपीठिकाप्रतिष्ठशठवठराध्वर्यूद्गातृहोतृप्रायप्रचुरखण्डिकेषु यजुःसामर्च्चं उच्चैस्तरां युगपत् पूत्कुर्वत्सु कोलाहलममी कुर्वन्तीति प्रत्यक्षं प्रादुरस्ति, तेन चापौरुषेयत्वपक्षो बाध्यते । अभिव्यक्तिसद्भावादेवेयं प्रतीतिरिति चेत् । तर्हि हंसपक्षादिहस्तकेष्वपि किं नेयं तथा ?—इति तेऽपि नित्याः स्युः । वर्णयिष्यमाणवर्णव्यक्तिव्यपाकरणं चेहाप्यनुसन्धानीयम् ।

§ ३ વળી, પ્રત્યભિજ્ઞાન અનુભવનું અનુસરણ કરવામાં ચતુર છે. અર્થાત્ જેવો અનુભવ હોય તેવું પ્રત્યભિજ્ઞાન થાય છે. અને અનુભવ સામાન્યરીતે તે જ ભવ(જન્મ)માં પ્રત્યભિજ્ઞાને ઉત્પન્ન કરવા સમર્થ છે અને ક્યારેક વળી જાતિસ્મરણ (પૂર્વજન્મના સ્મરણ) વાળા પુરુષને કેટલાક પૂર્વભવવિષયક પ્રત્યભિજ્ઞાનને ઉત્પન્ન કરવા સમર્થ છે. પરંતુ અનાદિ કાળમાં કોઈએ આ શ્રુતિ (વેદ)-ની રચના કરી નથી એ વાત પ્રકટ-(સિદ્ધ) કરવાને આ પ્રત્યભિજ્ઞા કઈ રીતે સમર્થ થશે ? આ પ્રત્યક્ષ શ્રુતિ—વેદના અપૌરુષેયત્વ (નિત્યત્વ) ને સિદ્ધ કરવા સમર્થ પ્રકારે નથી.

પે નિશ્ચિત હોઈ તેમાનાં કોઈના પણ સદ્ભાવમાં કાર્યોત્પત્તિ થવી જોઈએ.

§૧૬ નૈયાયિક—બધા પ્રતિબંધકાભાવો સમુદિતરૂપે જ કારણ છે, પરંતુ
ુંભારની જેમ પ્રત્યેક કારણરૂપ નથી.

જૈન—તો પછી કદી પણ દાહાદિ કાર્યની ઉત્પત્તિ નહિ થાય, કારણ કે-
સમસ્ત પ્રતિબંધકાભાવોનો કદી પણ સંભવ નથી. કારણ કે-જગત્‌માં મણિમંત્રે
ાન્ત્ર વિગેરે અનેક પ્રતિબંધકો વિદ્યમાન હોય જ છે.

§૧૭ નૈયાયિક -જે પ્રતિબન્ધકોનું તે અગ્નિનો પ્રતિબન્ધ કરવાનું સામર્થ્ય
પ્રસિદ્ધ છે, તેઓના જ અભાવો કારણ છે પરન્તુ સઘળા પ્રતિબન્ધકોના સમુ-
દિત અભાવો કારણ નથી, કારણ કે અમે અહીં સર્વશબ્દને તે તે પ્રકારની સમ-
ગ્રતા એ અર્થમાં સ્વીકારેલ છે,

જૈન—અહીં તમે 'સામર્થ્ય પ્રસિદ્ધ છે' એમ જે કહ્યું તેમાં સામર્થ્ય
શબ્દનો અર્થ અતીન્દ્રિય શક્તિ છે કે પ્રતિબન્ધકોનું સ્વરૂપ છે ?. પ્રથમ પક્ષ-
એટલે કે 'અતીન્દ્રિયશક્તિ' સ્વીકારો તો-આપણો ઝઘડો પતી ગયો. કારણ કે-
તમે જ અતીન્દ્રિયશક્તિનો સ્વીકાર કરી લીધો. અને જો સ્વરૂપ પક્ષ સ્વીકારો
તો તે પદાર્થો જ તે કાર્ય પ્રત્યે પ્રતિબંધકો છે, અને બીજા નથી એ નીતિ શા
માટે ? કારણ કે-સ્વરૂપ તો પ્રતિબંધ કરવાને સમર્થ અને અસમર્થ બન્ને પ્રકા-
રના પ્રતિબન્ધક પદાર્થમાં છે જ. વળી મણિમન્ત્રાદિનું જે પ્રતિબંધક સ્વરૂપ
છે તે કોઈ એક અગ્નિની અપેક્ષાએ જ છે, અને બીજા અગ્નિની અપેક્ષાએ
નથી એમ તો નથી.

(५०) **किञ्चेत्यादि** जैनो यौगं पृच्छति । **कारणत्वे** इति दाहादेः । **प्रतिबन्धकस्येति**
मण्यादेः । **कस्यचिदिति** एकस्य । **कश्चिदिति** विवक्षितः कश्चिन्मण्यभावादिः । **तद्वदिव**
विवक्षितः कश्चिदिव । **कदाचिदभावादिति** देशकालान्तरिताः सर्वेऽपि प्राप्यन्ते इति नास्ति ।

प्रसिद्धसामर्थ्या इति प्रसिद्धसामर्थ्या अत एव ये निकट भवन्ति न पुनर्देशान्तरिता
योजनान्तरिताश्च । **प्रकारकात्स्न्र्ये** इति अवधितासमर्थप्रकारः ।

नन्वित जैनः पृच्छति । **स्वीकारादिति** त्वयाऽपि । **द्वितीयपक्षे** इति स्वरूपपक्षे ।
कौतुकुस्ती नीतिरिति अग्रे 'किम्' इति गम्यम् । **उभयेषामिति** निकटस्थानां दूरस्थानां
चेति यावत् । **जातवेदसमिति** अग्निम् ।

(टि०) **कस्यचिदि**ति मणि-मन्त्रसद्भावेपि। **प्रतिवन्धके**ति औषधमन्त्राद्यभावानां वहूनां **यदभावादि**ति यस्य एकस्य प्रतिवन्धकस्याभावात्। **तद्वदे**वेति एकप्रतिवन्धकवत्। **त्वन्मतेने**ति यौगाभिप्रायेण। **सर्वेषामि**ति प्रतिबन्धकाभावादीनाम्। **अवधृते**ति गृहीतसावल्यात्।

समुदिता एवेति मिलिता एव दाहादिकार्यस्य कारणतां व्रजेयुः पञ्चकुलवत्। **तेषामि**ति प्रतिवन्धकाभावानाम्।

अथ ये इत्यादि ॥ **तनूनपातमि**ति वैश्वानरम्। **प्रतिवद्धुम्** इति कार्योत्पादसामर्थ्यविकलं विधातुं प्रत्यलम्। **तेषामि**ति प्रतिवन्धकाभावानाम्।

द्वितीयेति- स्वरूपमात्रपक्षकक्षीकारे **त एवे**ति प्रसिद्धसामर्थ्या एव **तं प्रती**ति तनूनपातं प्रति। **अपरे** इति असमर्थाः। **उभयेषामि**ति प्रतिवद्धुं समर्थानामसमर्थानां च स्वरूपमात्रे सामर्थ्याऽसामर्थ्यभेदस्यासंभवात्। **तत्स्वरूपमि**ति प्रतिवन्धकस्वरूपम्।

§१८ तथा न प्रतिबन्धकस्यात्यन्ताभावस्तावत् कारणतया वक्तुं युक्तः, तास्य सत्त्वात् अन्यथा जगति प्रतिबन्धककथां प्रत्यस्तमयप्रसङ्गात्। अपरे पुनः प्रतिबन्धकाभावा एकैकशः सहकारितां दधीरन्, द्वित्रा वा। प्रथमपक्षे प्रागभावः, प्रध्वंसाभावः, परस्पराभावः, यः कश्चिद्वा सहकारी स्यात्। न प्रथमः, प्रतिबन्धकप्रध्वंसेऽपि पावकस्य प्लोषकार्योपलम्भात्। न द्वितीयः, प्रतिबन्धकप्रागभावेऽपि दहनस्य दाहोत्पादकत्वात्। न तृतीयः, प्रतिबन्धकसंबन्धबन्धोरपि धनञ्जयस्य स्फोटघटनप्रसङ्गात्, तस्य तदानीमपि भावात्। न चतुर्थः, प्ररूपयिष्यमाणानियतहेतुकत्वदोषानुषङ्गात्। द्वित्रप्रतिबन्धकाभावभेदे तु किं प्रागभावप्रध्वंसाभावौ, प्रागभावपरस्पराभावौ, प्रध्वंसाभावपरस्पराभावौ, त्रयोऽपि वा हेतवो भवेयुः। नाद्यः पक्षः, उत्तम्भकनैकट्ये तावन्तरेणापि पावकस्य प्लोषकार्यार्जनदर्शनात्। न द्वितीयतृतीयतुरीयाः, प्रतिबन्धकपरस्पराभावस्य प्राक् तदकारणत्वेन वर्णितत्वात्, भेदत्रयस्यापि चास्य परस्पराभावसंवलितत्वात्।

§૧૮ વળી, પ્રતિબન્ધકના અત્યન્તાભાવને તો કારણ તરીકે કહી શકશો જ નહિ. કારણ કે–તેનો અત્યંતાભાવ છે જ નહિ. અન્યથા જગત્‌માં પ્રતિબંધકની કથા રહેશે જ નહિ. અને પ્રતિબંધકના પ્રાગભાવાદિ અન્ય અભાવો એકલા જ સહકારી બને છે કે બે કે ત્રણ મળીને સહકારી બને છે ? એકલો જ અભાવ-સહકારી બનતો હોય તો તે–પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, પરસ્પરાભાવ, કે ગમે તે કોઈ સહકારી છે ? પ્રતિબન્ધકના પ્રાગભાવને સહકારી કારણ કહી શકશો નહિ. કારણ કે–પ્રતિબન્ધકના પ્રધ્વંસ કાલમાં પણ અર્થાત્ તે વખતે પણ પ્રાગભાવ નથી છતાં પણ અગ્નિનું દાહાદિ કાર્ય જોવામાં આવે છે. પ્રતિબંધકનો પ્રધ્વંસાભાવ પણ સહકારી કારણ નથી કારણ કે–પ્રતિબંધકના પ્રાગભાવ કાલમાં પણ એટલે કે તે વખતે પ્રધ્વંસાભાવ નથી છતાં પણ અગ્નિનું દાહાદિ કાર્ય જોવાય છે. એ જ રીતે તૃતીય–અન્યોન્યાભાવને પણ સહકારી કારણ કહી શકાય નહિ કારણ કે–પ્રતિ-

બંધકનો સંબંધ હોય ત્યારે પણ અગ્નિથી સ્ફોટ (ફોડલા)ની ઉત્પત્તિનો પ્રસંગ આવશે કારણ કે-અન્યોન્યાભાવ તો પ્રતિબંધક કાલમાં પણ વિદ્યમાન છે જ. ગમે તે કોઈ સહકારી માનવો એ ચોથો પક્ષ પણ યોગ્ય નથી. કારણ કે તેમ માનવામાં નિયત હેતુનું નિરૂપણ થતું ન હોવાથી અનિયત હેતુકતા રૂપ દોષ આવશે. એને વિષે આગળ કહેવાશે. આ પ્રકારે કોઈ એક અભાવ સહકારી કારણ બને છે એ પક્ષ સંગત નથી અને જો બે કે ત્રણ પ્રતિબંધકાભાવ મળીને સહકારી કારણ છે-એ પક્ષ સ્વીકારો તો-પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ, પ્રાગભાવ અને પરસ્પરાભાવ કે પ્રધ્વંસાભાવ અને પરસ્પરાભાવ સહકારી કારણ છે કે પછી ત્રણે સમુદિત સહકારી કારણ છે ? પહેલો પક્ષ યોગ્ય નથી કારણ કે-અગ્નિ પાસે પ્રતિબંધક હોય ત્યારે તેનો પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ નથી. છતાં પણ જો ઉત્તેજક (સૂર્યકાન્તમણિ) સમીપમાં હોય તો અગ્નિનું કાર્ય જોવાય છે. અર્થાત્ ઉક્ત બન્ને અભાવ કારણ હોય તો—ઉત્તેજકના સદ્ભાવમાં કાર્ય નિષ્પત્તિ થવી ન જોઈએ. અને બીજો, ત્રીજો અને ચોથો પક્ષ પણ કહી શકશો નહિ, કારણ કે-પ્રતિબંધકના પરસ્પરાભાવને પહેલાં દાહાદિ કાર્યના અહેતુ તરીકે જણાવેલ છે અને આ ત્રણે પક્ષો પરસ્પરાભાવથી યુક્ત છે.

तथा **ने**त्यादिना सूरिरेव चर्चयति । **तस्ये**ति अत्यन्ताभावस्य । **असत्त्वादि**ति अत्यन्तमभावस्य कदाचिदप्यविद्यमानत्वात् । **यः कश्चिदि**ति एतेषामन्यतमः कश्चित् । **प्रतिबन्धकप्रध्वंसेऽपी**ति न केवलं प्रतिबन्धकप्रागभावे एव । **प्रतिबन्धकप्रागभावेऽपी**ति प्रध्वंसाभावेऽपि । **तस्ये**ति परस्पराभावस्य । **त्रयोऽपी**ति मिलिता इत्यर्थः । **तावि**ति मिलितौ । प्लोषकार्याजनदर्शनादिति केवलादेव प्रागभावात् । **तदकारणत्वेने**ति दाहाद्यकारणत्वेन ।

(टि०) **तस्ये**ति अत्यन्ताभावस्याभावात् । **अन्यथे**ति अत्यन्ताभावसंभवे प्रतिबन्धकानामत्यन्ताभावस्वीकारे रासभश्रृङ्गवत्तेषामसत्त्वापत्तेः । **अपरे** इति प्रागभावादयस्त्रयः । **न चतुर्थ** इति यः कश्चित्पक्षः । **उत्तम्भके**ति प्रतिबन्धकमन्त्रसामर्थ्यहन्ता उत्तम्भको निगद्यते ॥ **तावि**ति प्रागभावप्रध्वंसाभावौ विना-यतः—प्रतिबन्धकानां प्रागभावो नास्ति मणेः सद्भावात्, प्रध्वंसाभावोऽपि नास्ति मणेरेव सद्भावात् । **प्लोषकार्ये**ति दाहकार्यजननविलोकनात् । **तदकारणत्वेने**ति दाहादिकार्यहेतुत्वेन कथनात् ।

§१९ अथ प्रागभावप्रध्वंसाभावोत्तम्भकमणिमन्त्रतन्त्रादयो यथायोगं कारणमिति चेत् । तदस्फुटम् । स्फोटादिकार्यस्यैवमनियतहेतुकत्वप्रसङ्गात् । अनियतहेतुकं चाहेतुकमेव । तथाहि—अन्वयव्यतिरेकावधार्यः कार्यकारणभावो भावानाम्, धूमधूमध्वजयोरिव । प्रस्तुते तु प्लोषादि यदेकदैकस्मादुत्पद्यमानमीक्षामासे, तदन्यदा यद्यन्यतोऽपि स्यात्, तर्हि तत्कारणकमेव तन्न भवेदिति कथं नाहेतुकं स्यात् ?

§२० अथ गोमयाद्, वृश्चिकाच्च वृश्चिकोत्पादः प्रेक्ष्यते । न च तत्रानियतहेतुकत्वं स्वीकृतं त्वयाऽपीति चेत् । तदपि त्रपापात्रम् । सर्वत्र हि शालूकगोमयादौ वृश्चिक-

डिम्भाऽऽरम्भशक्तिरेकास्ति–इति यानि तच्छक्तियुक्तानि, तानि तत्कार्योत्पादकानि–इति नायं नः कलङ्कः संक्रामति । भवतां पुनरत्राप्ययं प्रादुर्भवन् दुष्प्रतिषेधः, येषां वृश्चिकगोमयसाधारणमेकं किञ्चिन्नास्ति । न च प्रागभावप्रध्वंसाभावोत्तम्भकादीनामप्येकं किञ्चित्तुल्यं रूपं वर्त्तते । इति नानियतहेतुकत्वेन दुर्विधदैवेनेवामी मुच्यन्ते ।

§२१ एतेन भावस्वभावोऽप्यभाव एवास्तु हेतुर्न त्वतीन्द्रियशक्तिस्वीकारः सुन्दरः- इत्यप्युच्यमानमपास्तम्, उक्ताभावविकल्पानामत्राप्यविशेषात् ।

§१९ નૈયાયિક—પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, ઉત્તેજકમણિ, મન્ત્ર, તન્ત્ર વિગેરેમાંથી જ્યાં જેની યોગ્યતા હોય ત્યાં તે કારણ છે.

જૈન—એમ કહો તો તે અસ્પષ્ટ હોવાથી યોગ્ય નથી. કારણ કે-સ્ફોટાદિ (ફોડાદિ) કાર્યમાં અનિયતહેતુકતા એટલે કે તેના કોઈ નિયત હેતુનો અભાવ છે એવા દોષની આપત્તિ આવશે, કારણ કે જે અનિયતહેતુક હોય છે, તે હેતુ રહિત જ છે. તે આ પ્રમાણે-પદાર્થોના કાર્યકારણભાવનો નિશ્ચય અન્વયવ્યતિરેક દ્વારા થાય છે. જેમકે—ધૂમ અને અગ્નિનો કાર્યકારણભાવ અન્વય વ્યતિરેકથી છે. અહીં પ્રકૃતમાં તો દાહાદિ કાર્ય એક સમયે કોઈ એક પ્રતિબંધકાભાવથી ઉત્પન્ન થતું જેવાય છે, તો બીજે સમયે વળી અન્ય ઉત્તેજકથી ઉત્પન્ન થતું જેવાય છે. એટલે તે દાહાદિકાર્યનું તે જ કારણ છે, એવો નિશ્ચય થશે નહિ. આ રીતે તે અનિયત હેતુવાળું કાર્ય 'અહેતુક' કેમ નહિ થાય ?

§૨૦ નૈયાયિક—ગોમય(છાણ)થી અને વીંછીથી વીંછીની ઉત્પત્તિ જેવાય છે, છતાં પણ તમોએ ત્યાં અનિયતહેતુકતા સ્વીકારી નથી, તો પ્રકૃત પ્રકરણમાં પણ એ રીતે દોષ માનવો ન જોઈએ.

જૈન - તમારી આ વાત લજ્જાસ્પદ છે. કારણ કે-વીંછી અને છાણ આદિ દરેક સ્થળે વીંછીનાં બચ્ચાંને ઉત્પન્ન કરનારી શક્તિ એક જ છે. માટે જે જે તેવી શક્તિવાળું હોય તે તે કાર્યજનક હોય છે. માટે અમને તે દોષ લાગતો નથી, પણ તમે તો તે દોષને અહીં પણ રોકી શકશો નહિ; કારણ કે તમારા મતમાં વીંછી અને છાણમાં કોઈ એક સાધારણ ધર્મ નથી, અને પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ અને ઉત્તેજક વિગેરેમાં પણ કોઈ એક સાધારણ ધર્મ નથી. માટે આ અનિયતહેતુકતારૂપ દુર્ભાગ્યથી તમારો છૂટકારો નથી.

§૨૧ અમારી આ દલીલોથી—ભાવસ્વરૂપ અભાવ જ ભલે કારણ બને પરંતુ અતીન્દ્રિય શક્તિનો સ્વીકાર તો યોગ્ય નથી–એ કથનનું પણ ખંડન થઈ ગયું કારણ કે-પૂર્વોક્ત અભાવ વિષેના વિકલ્પો અહીં પણ સમાન જ છે.

(९०) **अथे**त्यादि परः । **तदस्फुट**मिति सूरिः । **एव**मिति अनेन प्रकारेण ।

अथ गोमयादित्यादिना यौगः पृच्छति । **त्वयाऽपी**ति जैनेनापि । **सर्वत्र ही**त्यादिग्रन्थे **शालूक**शब्देन वृश्चिकाख्या । **न** इति अस्माकम् । **अय**मिति अनियतहेतुकत्वदोषः । **एक**मिति शक्तिलक्षणम् । **तुल्य**मिति शालूकादीनां तु वर्त्तते तुल्यं रूपं शक्तिलक्षणम् ।

उच्यमानमिति यौगैः ।

(टि०) **प्रस्तुते** इति प्रागभाव-प्रध्वंसाभावकारणत्वे **तत्कारणकमिति** प्रागभावादिकारणकम् । **तदिति** पूर्वविदितं दाहादि ।

अथ गोमयादित्यादि ॥ **तत्रेति** वृश्चिकोत्पादे । **तच्छक्तियुक्तानीति** वृश्चिकडिम्भारम्भकशक्तियुक्तानि । **तत्कार्येति** वृश्चिकडिम्भोत्पादकानि । **अयमिति** अनियतहेतुकलक्षणः । **न** इति अस्माकम् । **अत्रापीति** वृश्चिकोत्पादेऽपि । **अयमिति** अनियतहेतुकत्वकलङ्कः प्रकटीभवन् दुर्निवारः ॥ **अमी** इति यौगाः ।

§२२ अथ शक्तिपक्षप्रतिक्षेपदीक्षिता आक्षपादा एवं साक्षेपमाचक्षते—ननु भवत्पक्षे प्रतिबन्धकोऽकिञ्चित्करः, किञ्चित्करो वा भवेत् । अकिञ्चित्करप्रकारे, अतिप्रसङ्गः, शृङ्गभृङ्गभृङ्गारादेरप्यकिञ्चित्करस्य प्रतिबन्धकत्वप्रसङ्गात् । किञ्चित्करस्तु किञ्चिदुपचिन्वन्, अपचिन्वन् वा स्यात् । प्राचि पक्षे, किं दाहशक्तिप्रतिकूलां शक्तिं जनयेत्, तस्या एव धर्मान्तरं वा । न प्रथमः, प्रमाणाभावात् । दाहाभावस्तु, प्रतिबन्धकसन्निधिमात्रेणैव चरितार्थ इति न तामुपपादयितुमीश्वरः । धर्मान्तरजनने तदभावे सत्येव दाहोत्पाद इत्यभावस्य कारणत्वस्वीकारः, त्वदुक्ताशेषप्रागभावादिविकल्पावकाशश्च । अपचयपक्षे तु प्रतिबन्धकस्तां शक्तिं विकुट्टयेत्, तद्धर्मं वा । प्रथमप्रकारे, कुतस्त्यं कृपीटयोनेः पुनः स्फोटघटनपाटवम् । तदानीमन्यैव शक्तिः संजातेति चेत् । ननु सा संजायमाना किमुत्तम्भकात्, प्रतिबन्धकाभावाद्, देशकालादिकारकचक्राद्, अतीन्द्रियार्थान्तराद्वा जायते । आद्यभिदायाम्, उत्तम्भकाभावेऽपि प्रतिबन्धकाभावमात्रात् कौतस्कुतं कार्यार्जनं जातवेदसः । द्वितीये भेदे, तत एव स्फोटोत्पत्तिसिद्धेः शक्तिकल्पनावैयर्थ्यम् । तृतीये, देशकालादिकारकचक्रस्य प्रतिबन्धककालेऽपि सद्भावेन शक्त्यन्तरप्रादुर्भावप्रसङ्गः । चतुर्थे, अतीन्द्रियार्थान्तरनिमित्तकल्पने तत एव स्फोटः स्फुटं भविष्यति, किमनया कार्यम् ? । तन्न शक्तिनाशः श्रायसः, तद्वदेव तद्धर्मनाशपक्षोऽपि प्रतिक्षेपणीयः ।

§૨૨ નૈયાયિક—શક્તિ પક્ષનું ખંડન કરવાને અમે આક્ષપાદો-નૈયાયિકો પ્રતિજ્ઞાબદ્ધ છીએ. અમારો આક્ષેપ છે કે - હે શક્તિવાદીઓ મણિ-મંત્ર-તંત્રાદિ જે પ્રતિબંધક છે તે તમારા મતમાં અકિંચિત્કર છે કે કિંચિત્કર- (કંઈ પણ કરનાર) ? અકિંચિત્કર હોય તો—અતિપ્રસંગદોષ આવશે કારણ કે—અકિંચિત્કર એવા શૃંગ-ભૃંગ ભૃંગારાદિને પ્રતિબંધકતાની પ્રાપ્તિ થશે. કિંચિત્કર હોય તો શું કાંઈક ઉત્પન્ન કરે છે માટે કે કોઈનો નાશ કરે છે તેથી પ્રતિબંધક કહેવાય છે ? કાંઈક ઉત્પન્ન કરવાથી તે કિંચિત્કર હોય તો—તે દાહ શક્તિથી પ્રતિકૂળ શક્તિને ઉત્પન્ન કરે છે કે શક્તિના કોઈ ધર્માન્તરને ઉત્પન્ન કરે છે ? પ્રતિકૂળ શક્તિની ઉત્પત્તિ તો માની શકાશે નહિ, કારણ કે તેમાં કોઈ પ્રમાણ નથી. દાહાભાવને પ્રતિકૂલ શક્તિની ઉત્પત્તિમાં પ્રમાણરૂપે ઉપસ્થિત કરી શકાશે નહિ, અર્થાત્ પ્રતિકૂલ

શક્તિ ન હોત તો દાહાભાવ ન થયો હોત એમ કહી શકશો નહિ. કારણ કે-દાહાભાવ તો પ્રતિબંધકના સાન્નિધ્યથી જ ચરિતાર્થ છે, એટલે દાહાભાવ પ્રતિકૂલ શક્તિનો સાધક થઈ શકે નહિ. પ્રતિબંધક ધર્માન્તર ઉત્પન્ન કરે છે એ બીજો પક્ષ કહો તો-તેથી એમ ફલિત થાય છે કે-તે ધર્માન્તરનો અભાવ હોય ત્યારે જ દાહ થાય. આ રીતે તો તમે અભાવની કારણતા માની. એટલે તમોએ કહેલા પ્રાગભાવાદિ વિષેના સમગ્ર વિકલ્પોને પણ અવકાશ આપ્યો. પ્રતિબંધક અપચય (નાશ) કરે છે, એ પક્ષ માનો તો-પ્રશ્ન છે કે પ્રતિબંધક દાહકશક્તિનો નાશ કરે છે કે તે શક્તિના ધર્મનો? દાહકશક્તિનો જ નાશ કરે છે એમ કહો તો-અગ્નિમાં ફોલ્લાદિ કાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય (શક્તિ) પુનઃ ક્યાંથી આવશે? અર્થાત્ એક વખત શક્તિનો નાશ થયા પછી પ્રતિબંધક દૂર કર્યા પછીના કાલમાં તે શકિત ક્યાંથી આવશે? તે કાળમાં એટલે કે પ્રતિબંધકાભાવ સમયે બીજી જ શકિત ઉત્પન્ન થઈ જાય છે, એમ કહો તો પુનઃ ઉત્પન્ન થનારી આ શકિત કોનાથી ઉત્પન્ન થાય છે? શું ૧-ઉત્તેજકમણિથી, ૨-પ્રતિબંધકના અભાવથી, ૩-દેશકાલાદિ કારક સમૂહથી, કે ૪-અતીન્દ્રિય પદાર્થથી ઉત્પન્ન થાય છે? પહેલો પક્ષ કહો તો-ઉત્તેજકમણિનો અભાવ હોય છતાં પણ પ્રતિબંધકના અભાવ માત્રને લીધે અગ્નિથી દાહાદિ કાર્યો કેમ થાય છે? અર્થાત્ ઉત્તેજક નથી માટે કાર્યોત્પત્તિ ન થવી જોઈએ. બીજો પક્ષ કહો તો-પ્રતિબંધકાભાવથી જ ફોલ્લાની ઉત્પત્તિ સિદ્ધ થઈ જવાથી શક્તિની કલ્પના કરવી વ્યર્થ છે, ત્રીજો પક્ષ કહો તો-દેશકાલાદિ કારકસમૂહ તો પ્રતિબંધક હોય ત્યારે પણ વિદ્યમાન હોય છે. એટલે બીજી શક્તિનો ઉત્પાદ થવાનો પ્રસંગ આવશે. ચોથો પક્ષ કહો તો અતીન્દ્રિય પદાર્થથી જ ફોલ્લાદિ કાર્ય થઈ જશે. તો પછી શક્તિની શી આવશ્યકતા છે? અર્થાત્ અન્ય અતીન્દ્રિય પદાર્થને શક્તિનું કારણ અને શક્તિને ફોલ્લાનું કારણ માનો છો તેના કરતાં તે અતીન્દ્રિય પદાર્થને જ ફોલ્લાદિ કાર્યનું કારણ માની લો, તો પછી શક્તિને માનવાની જરૂર રહેશે નહિ. આ રીતે પ્રતિબંધક શક્તિનો નાશ કરે છે એ પક્ષ શ્રેયસ્કર નથી અને તે જ રીતે શક્તિના ધર્મના નાશ પક્ષનું પણ બુદ્ધિમાન્ પુરુષે સ્વયં ખંડન કરી લેવું.

(પ૦) **दाहोत्पाद** इति यावद्धर्मान्तरं नोत्पद्यते तावद्दहति दहनः एतावता प्रागभावः कारणम् । **अभावस्ये**ति प्रागभावस्य । **पुनः स्फोटघटन**मिति शक्तौ एकदा कुट्टितायां सत्यामिति भावः । **आद्यमिदाया**मिति एतावताऽऽदावप्युत्तम्भकादेव शक्तिरुत्पन्नेति पराशयः । **जातवेदस** इत्यग्रे अथ च प्रतिबन्धकाभावमात्रेऽपि कार्यमुत्पद्यत एवेति । **शक्तिकल्पनावैयर्थ्य**मिति अस्मन्मताङ्गीकारश्च । **तत एवे**ति अतीन्द्रियार्थान्तरादेव । **शक्तिनाश** इति प्रतिबन्धककृतः ।

(टि०) **प्राचि पक्षे** इत्यादि ॥ **तस्या** इति शक्तेरेव । **प्रतिबन्धके**ति प्रतिबन्धकसामीप्यवशादेव कृतार्थः । **ता**मिति प्रतिकूलशक्तिम् । **तदभावे** इति धर्मान्तराभावे । **विकुट्टयेद्** इति विनाशयेच्चूर्णीकुर्यात् ॥ **तद्धर्म्म**मिति शक्तिधर्म्मम् ॥ **कुतस्त्य**मिति चूर्णीकृतत्वेन तस्याः पुनरुद्भवाभावात् । **तदानी**मिति दाहोत्पत्तिकाले उत्तम्भकादिसद्भावे । **से**ति शक्तिः । यावद् धर्मान्तरं नोपपद्यते तावद् दहति एतावता प्रागभावः कारणम् । **उत्तम्भके**ति उत्तम्भकसकाशाच्छक्त्युत्पत्तौ उत्तम्भकं विनापि वह्निजन्यदाहादिकार्यं प्रतिबन्धकाभावे न स्यात् । दृश्यते-

च प्रतिबन्धकाभावे तं विनापि कार्योत्पत्तिः ॥ **तत एवेति** प्रतिबन्धकाभावादेव ॥ **तृतीय** इति प्रतिबन्धकसद्भावेपि देशकालादिसामग्री विद्यते, ततः शक्त्यन्तरदाहजनकं प्रादुर्भवति । **तत एवेति** अतीन्द्रियार्थान्तरनिमित्तत एव । **अनयेति** शक्तिकल्पनया, **तद्धिति** तस्मात्कारणात् प्रतिबन्धकसद्भावे । **न श्रायस** इति नोत्तमः । **तद्वदेवेति** शक्तिनाशवदेव । **तद्धर्मेति** शक्तिधर्म्मनाशः ।

§२३ अत्राभिदध्महे । एतपु शक्तिनाशपक्ष एव कक्षीक्रियत इत्यपरविकल्पशिल्पकल्पनाजल्पाकता कण्ठशोषायैव वः संबभूव । यत्तूक्तम्—कुतः पुनरसावुत्पद्येतेति । तत्र शक्त्यन्तरसहकृतात् कृपीटयोनेरेवेति ब्रूमः ।

§२४ ननु प्रतिबन्धकदशायां सा शक्तिरस्ति नवा । नास्ति चेत्, कुतः पुनरुत्पद्येत । शक्त्यन्तरसहकृतादग्नेरेवेति चेत्, तर्हि साऽपि शक्त्यन्तरसध्रीचस्तस्मादेवोन्मज्जेदित्यनवस्था । अथास्ति, तदानीमपि स्फोटोत्पादिकां शक्तिं संपादयेत्, ततोऽपि स्फोटः स्फुटं स्यादेवेति ।

§२५ अत्रोच्यते । प्रविन्धकावस्थायामप्यस्त्येव शक्त्यन्तरम्, घटयति च स्फोटघटनलम्पटां शक्तिं तदाऽपि । यस्तु तदा स्फोटानुत्पादः, स प्रतिबन्धकेनोत्पन्नोत्पन्नायास्तस्याः प्रध्वंसात् । प्रतिबन्धकापगमे तु स्फोटः स्फुटीभवत्येवेत्यतीन्द्रियशक्तिसिद्धिः । अत्राऽऽशङ्कान्तरपरीहारप्रकारमौक्तिककणप्रचयावचायः स्याद्वादरत्नाकरात् तार्किकैः कर्त्तव्यः । एवं च स्वाभाविकशक्तिमान् शब्दोऽर्थं बोधयतीति सिद्धम् ।

अथ तदङ्गीकारे तत एवार्थसिद्धेः सङ्केतकल्पनाऽनर्थिकैव स्यादिति चेत् । नैवम् । अस्य सहकारितया स्वीकारात्; अङ्कुरोत्पत्तौ पयःपृथिव्यादिवत् । अथ स्वाभाविकसंबन्धाभ्युपगमे देशभेदेन शब्दानामर्थभेदो न भवेद्, भवति चायम्, चौरशब्दस्य दाक्षिणात्यैरोदने प्रयोगादिति चेत् । तदशस्यम् । सर्वशब्दानां सर्वार्थप्रत्यायनशक्तियुक्तत्वात् । यत्र च देशे यदर्थप्रतिपादनशक्तिसहकारी संकेतः, स तमर्थं तत्र प्रतिपादयतीति सर्वमवदातम् ।

§२३. જૈન—હે નૈયાયિકો ! તમોએ શક્તિના વિષયમાં ઉપર જે વિકલ્પો કર્યા તેમાંથી ફક્ત શક્તિનાશ પક્ષનો જ અમે સ્વીકાર કરીએ છીએ. તેથી બાકીના બીજા વિકલ્પો કરવા એ નિષ્ફળ છે. અને તમે જે કહ્યું હતું કે શક્તિ પુનઃ ક્યાંથી ઉત્પન્ન થાય છે તો તેના ઉત્તરમાં કહેવાનું કે, તે શક્તિ અન્ય શક્તિના સહકારવાળા અગ્નિથી ઉત્પન્ન થાય છે.

§૨૪ નૈયાયિક—પ્રતિબંધક દશામાં તે અન્ય શક્તિ છે કે નથી? જો નથી એમ કહો તો–એ શક્તિ વળી કોનાથી ઉત્પન્ન થાય છે? કદાચ તેથી અન્ય શક્તિના સહકારવાળા અગ્નિથી તે શક્તિ ઉત્પન્ન થાય છે–એમ કહો તો–તે શક્તિ પણ

તેથી અન્ય શક્તિના સહકારવાળા અગ્નિથી ઉત્પન્ન થશે. એ રીતે અનવસ્થા આવશે. પ્રતિબંધક દશામાં તે અન્ય શક્તિ છે, એમ કહો તો તે પ્રતિબંધક દશામાં પણ ફોલ્લાને ઉત્પન્ન કરનારી શક્તિને ઉત્પન્ન કરે, અને તેથી સ્પષ્ટરૂપે ફોલ્લાદિ કાર્ય થવું જોઈએ.

§૨૫ જૈન—આનો ઉત્તર એ છે કે-પ્રતિબંધક દશામાં પણ અન્ય શક્તિ વિદ્યમાન છે જ, અને તે પ્રતિબંધક કાલમાં પણ દાહજનિકા શક્તિને ઉત્પન્ન કરે છે, છતાં પણ તે વખતે શક્તિનું કાર્ય ફોલ્લો ઉત્પન્ન થતો નથી તેનું કારણ એ છે પ્રતિબંધક દ્વારા પુનઃ પુનઃ ઉત્પન્ન થતી દાહજનિકા શક્તિનો નાશ કરવામાં આવે છે. અને જ્યારે પ્રતિબંધક દૂર થઈ જાય છે, ત્યારે ફોલ્લો સ્પષ્ટ થઈ જ જાય છે. આ રીતે અતીન્દ્રિય શક્તિની સિદ્ધિ થઈ. આ સ્થળે બીજી અનેક શંકાઓ અને તેનું સમાધાનરૂપ મોતીના દાણાનો સંગ્રહ અને વિસ્તરણ સ્યાદ્વાદરત્નાકરમાંથી તાર્કિક પુરુષોએ જાણી લેવું. આ પ્રમાણે શક્તિ સિદ્ધ થવાથી સ્વાભાવિક શક્તિવાળો શબ્દ અર્થનો બોધ કરાવે છે-એ સિદ્ધ થયું.

શંકા— જો શબ્દમાં શક્તિનો સ્વીકાર કરવામાં આવે છે તો તે શક્તિથી જ અર્થ સિદ્ધ થઈ જશે, તો સંકેતની કલ્પના નિરર્થક જ થશે.

સમાધાન—એમ નથી. અંકુરની ઉત્પત્તિમાં પાણી અને પૃથ્વી આદિ જેમ સહકારી છે તેમ શબ્દથી અર્થજ્ઞાનમાં સંકેત પણ સહકારી છે.

શંકા—સ્વાભાવિક સંબંધ હોય તો દેશભેદથી શબ્દોનો અર્થભેદ થવો ન જોઈએ, પરંતુ અર્થભેદ થાય તો છે, જેમકે-દક્ષિણ દેશના લોકો ચૌર શબ્દનો પ્રયોગ ઓદન-ભાત અર્થમાં કરે છે.

સમાધાન—આ કથન બરાબર નથી, કારણ કે સર્વ શબ્દોમાં સર્વ અર્થનો બોધ કરાવવાની શક્તિ છે. પરંતુ જે દેશમાં જે અર્થને પ્રતિપાદન કરનારી શક્તિનો સહકારી સંકેત હોય છે, તે શબ્દ તે દેશમાં તે અર્થનું પ્રતિપાદન કરે છે. આ રીતે સર્વ નિર્દોષ છે.

(પ૦) **शक्त्यन्तरसहकृतादि**ति शक्त्यन्तरं प्रकाशकत्वादि ।

नन्विति नैयायिकः । **पुनरुत्पद्येते**ति प्रतिबन्धके गते सति । **शक्त्यन्तरसहकृतादि**ति शक्त्यन्तरं प्रकाशकत्वादि । **अथास्तीत्यादि**ग्रये । **तदानीमपी**ति प्रतिबन्धकदशायामपि ।

स्याद्वादरत्नाकरादिति तत्रायं श्लोकः—

"जयन्त ! हन्त का तत्र गणना त्वयि कीटके ।
यत्रास्यां शक्तिसंसिद्धौ मज्जत्युदयनद्विपः ॥१॥"

दाक्षिणात्यैरिति द्राविडैः ।

(टि०) **प्रतिवन्धके**त्यादि ॥ **उत्पन्नोत्पन्नाया** इति संजातायाः संजातायाः । **तस्या** इति शक्तेः ॥ **अथ तदङ्गीकारे** इति शक्तिस्वीकारे ॥ **तत एवे**ति शक्तेरेव । **अस्ये**ति संकेतस्य । **अयमि**ति अर्थभेदः । **स** इति शब्दः । **तत्रे**ति देशे ।

§२६ सौगतांस्तु प्रत्येवं विधेयानुवाद्यभावः—योऽयं शब्दो वर्णात्माऽऽवयोः प्रसिद्धः, स स्वाभाविकसामर्थ्यसमयाभ्यां कृत्वाऽर्थबोधनिबन्धनमेवेति ।

§२७ अथ स्वाभाविकसामर्थ्यसमयाभ्यां शब्दस्यार्थे सामान्यरूपे, विशेषलक्षणे, तदुभयस्वभावे वा वाचकत्वं व्याक्रियेत । न प्रथमे,सामान्यस्यार्थक्रियाकारित्वाभावेन नभोऽम्भोजसन्निभत्वात् । न द्वैतीयीके, विशेषस्य स्वलक्षणलक्षणस्य वैकल्पिकविज्ञानागोचरत्वेन संकेतास्पदत्वासंभवात् । तत्सम्भवेऽपि विशेषस्य व्यवहारकालाननुयायित्वेन संकेतनैरर्थक्यात् । तार्तीयीके तु स्वतन्त्रयोः, तादात्म्यापन्नयोर्वा सामान्य-विशेषयोस्तद्गोचरता संगीर्येत । नाद्यः पक्षः, प्राच्चिकविकल्पोपदर्शितदोषानुषङ्गात् । न द्वितीयः । सामान्यविशेषयोर्विरुद्धधर्माध्यासितत्वेन तादात्म्यायोगादिति नार्थो वाच्यो वाचाम् , अपि तु परमार्थतः सर्वतो व्यावृत्तस्वरूपेषु स्वलक्षणेष्वेकार्थकारित्वेन, एककारणत्वेन चोपजायमानैकप्रत्ययवमर्शरूपविकल्पस्याकारो बाह्यत्वेनाभिमन्यमानो बुद्धिप्रतिबिम्बव्यपदेशभागपोहः; शब्दश्रुतौ सत्यां तादृशोल्लेखशेखरस्यैव वेदनस्योत्पादात् । अपोहत्वं चास्य स्वाकारविपरीताकारोन्मूलकत्वेनावसेयम् । अपोह्यते स्वाकाराद्विपरीत आकारोऽनेनेत्यपोह इति व्युत्पत्तेः । तत्त्वतस्तु न किञ्चिद्वाच्यं वाचकं वा विद्यते, शब्दार्थतया कथिते बुद्धिप्रतिबिम्बात्मन्यपोहे कार्यकारणभावस्यैव वाच्यवाचकतया व्यवस्थापितत्वात् ।

§२६ સૌગતો(બૌદ્ધો)ની અપેક્ષાએ અનુવાદ્ય-વિધેયભાવ આ પ્રમાણે છે—આપણુ બન્નેને વર્ણસ્વરૂપ જે શબ્દ પ્રસિદ્ધ છે(અનુવાદ્ય) તે સ્વાભાવિક સામર્થ્ય અને સંકેત દ્વારા પદાર્થ બોધમાં કારણુ છે જ (વિધેય). આ પ્રમાણે અનુવાદ્ય-વિધેયભાવ થયો.

§૨૭ બૌદ્ધ—સ્વાભાવિક સામર્થ્ય અને સંકેત દ્વારા શબ્દ વાચક છે, તો તે શું સામાન્ય અર્થનો, વિશેષ અર્થનો કે સામાન્યવિશેષ ઉભયસ્વરૂપઅર્થનો વાચક છે? પહેલો પક્ષ તો યોગ્ય નથી, કારણુ કે સામાન્ય અર્થ ક્રિયાકારી ન હોવાથી આકાશ કમલની તુલ્ય છે, અર્થાત્ સામાન્ય અસતરૂપ હોવાથી છે જ નહિ. બીજો પક્ષ પણુ યોગ્ય નથી કારણુ કે–સ્વલક્ષણુ સ્વરૂપ વિશેષ વિકલ્પ જ્ઞાનનો વિષય નથી. માટે સંકેતનો વિષય બની શકતો નથી. અને જો સંકેતનો વિષય કોઈપણુ રીતે માનવામાં આવે તો પણુ વ્યવહાર કાલ સુધી વિશેષ રહેતો ન હોવાથી તેમાં સંકેત કરવો એ નિરર્થક છે. ત્રીજા પક્ષમાં તો પ્રશ્ન છે કે-સ્વતંત્ર સામાન્ય અને વિશેષ સંકેતનો વિષય છે કે તાદાત્મ્યને પ્રાપ્ત થયેલ સામાન્યવિશેષ સંકેતનો વિષય છે ? આદ્ય પક્ષ તો યોગ્ય નથી કારણુ કે–એમ માનવાથી ઉપરના બે

१ 'संज्ञायमान'—इति टिप्पणसंमतः पाठः । २ टिप्पणे 'संवेदनस्य' इति पाठः ।

વિકલ્પમાં કહેલ દોષોની પ્રાપ્તિ થશે. બીજો પક્ષ પણ યોગ્ય નથી કારણ-કે સામાન્ય અને વિશેષ પરસ્પર વિરુદ્ધ ધર્મના આશ્રય હોવાથી તે બન્નેમાં તાદાત્મ્ય (એક રૂપતા)નો સંભવ જ નથી માટે શબ્દોનો વાચ્ય અર્થ નથી. પરંતુ પરમાર્થથી તો સર્વથી વ્યાવૃત્ત સ્વરૂપવાળા-ભિન્ન સ્વરૂપવાળા સ્વલક્ષણોમાં એકાર્થકારી હોવાથી અને એક કારણથી થતા હોવાથી એક પ્રત્યવમર્શ(બોધ) રૂપ વિકલ્પનો આકાર જે બાહ્યરૂપે મનાય છે અને જે બુદ્ધિ પ્રતિબિંબ નામે ઓળખાય છે તે અપોહ જ વાચ્ય છે. કારણ કે-શબ્દ સાંભળ્યા પછી તે પ્રકારના ઉલ્લેખવાળા જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તે વિકલ્પ જ્ઞાન અપોહ એટલા માટે કહેવાય છે કે તે પોતાના આકારથી વિપરીત આકારનું ઉન્મૂલન કરે છે, કારણ કે-પોતાના આકારથી વિપરીત આકાર જેનાથી દૂર કરાય તે અપોહ-એવી વ્યુત્પત્તિ અપોહ શબ્દની છે. તત્ત્વથી વિચારીએ તો-ન કોઈ વાચ્ય છે, કે ન કોઈ વાચક છે, પરંતુ શબ્દ અને અર્થરૂપે કહેલ બુદ્ધિના પ્રતિબિંબ સ્વરૂપ અપોહમાં જ કાર્યકારણભાવ છે, તેની જ વાચ્યવાચક તરીકે વ્યવસ્થા છે.

(प०) अथ **स्वाभाविके**त्यादिना सौगतः पूर्वपक्षयति । **स्वाभाविकसामर्थ्यसमयाभ्या-मि**ति भवत्परिकल्पिताभ्याम् । **तदुभयस्वभावे** इति सामान्यविशेषात्मके । **सर्वतो व्यावृत्ते**-त्यादिगद्ये । **स्वलक्षणेष्वि**ति इतरेतरविशकलितपरमाणुषु । **एकार्थकारित्वे** इति एकार्थकारित्वं जलाहरणलक्षणम् । **एककारणत्वेने**ति एकस्य विकल्पस्य कारणानि एकविकल्पकारणानि तेषां भावस्तत्त्वं तेन । **कार्यकारणभावस्यैवे**त्यादि । अत्र श्लोकः—

"विकल्पयोनयः शब्दा विकल्पाः शब्दयोनयः ।
कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यपि ॥१॥"

(टि०) **विशेषस्ये**त्यादि । **तत्संभवे**ऽपीति संकेतसंभवेऽपि यो विशेषः स्वलक्षणलक्षणः संकेतगोचरमनायि तस्य क्षणिकत्वेन तदानीमेव विनष्टत्वाद्व्यवहारसमये संकेतो निरर्थक एव भवेत् । अपि च, तत्कालमुत्पन्ने स्वलक्षणे आकाशात्पतित इव नवीनः संकेतः कल्पनीयः । पूर्व-संकेतानामपि विनष्टत्वात् । पूर्वमनाक्षिते वस्तुनि नवीनसंकेतकल्पनाप्यल्पीयसी । **तद्गोच-रते**ति शब्दविषयताऽऽचक्षीत । **नार्थो वाच्य** इति वाचां शब्दानामर्थः स्वलक्षणरूपो न वाच्यः किन्तु तत्त्वतोऽपोह एवेति संबन्धः ॥ **सर्वत** इति सामान्यतो घटादेर्व्यावृत्तेषु विशेषत्वाद्विश-कलितत्वाद्वा । **एकार्थे**ति एकमर्थं घटादिकं करोतीति तद्भावस्तत्त्वम् तेन । एकस्य एव पदा-र्थस्य कारणं तद्भावस्तत्त्वं तेन [1]**संजायमान** उत्पद्यमानः 'एकोऽयं घटः' इत्याद्येकाकारो यः प्रत्य-वमर्शो विचारस्तद्रूपस्य । **बाह्यत्वेने**ति अन्तर्मुखोऽपि सर्वं बाह्यमिति जानानः । **शब्दश्रुता-वि**ति शब्दाकर्णने सति । **तादृशोल्लेखे**ति अपोहोल्लेखशेखरस्य । [2]**संवेदनस्ये**ति ज्ञानस्य । **अस्ये**ति विकल्पाकारस्य ।

§२८ अथ श्रीमदनेकान्तसमुद्घोषपिपासितः ।

अपोहमापिबामि द्राग् वीक्षन्तां भिक्षवः क्षणम् ॥१॥

१ मूले 'उपजायमान' इति पाठः । २ वेदनस्य—इति मूले ।

इह तावद्विकल्पानां तथाप्रतीतिपरिहृतविरुद्धधर्माध्यासकथञ्चित्तादात्म्यापन्नसामान्यविशेषस्वरूपवस्तुलक्षणाक्षूणदीक्षादीक्षितत्वं प्राक् प्राकटयत। ततस्तत्त्वतः शब्दानामपि तत्प्रसिद्धमेव। यतोऽजल्पि युष्मदीयैः "स एव शब्दानां विषयो यो विकल्पानाम्" इति कथमपोहः शब्दार्थः स्यात्। अस्तु वा तथाऽप्यनुमानवत् किं न शब्दः प्रमाणमुच्यते। अपोहगोचरत्वेऽपि परम्परया पदार्थे प्रतिबन्धात् प्रमाणमनुमानमिति चेत्, तत एव शब्दोऽपि प्रमाणमस्तु। अतीतानागताम्बरसरोजादिष्वसत्स्वपि शब्दोपलम्भान्नात्रार्थप्रतिबन्ध इति चेत्। तर्ह्यभूद् वृष्टिः, गिरिनदीवेगोपलम्भाद, भावी भरण्युदयः; रेवत्युदयात, नास्ति रासभश्रृङ्गम्; समग्रप्रमाणैरनुपलम्भात इत्यादेरर्थाभावेऽपि प्रवृत्तेऽनुमानेऽपि नार्थप्रतिबन्धः स्यात्। यदि वचोवाच्यापोहोऽपि पारम्पर्येण पदार्थप्रतिष्ठः स्यात्, तदानीमलावूनि मज्जन्तीत्यादिविप्रतारकवाक्यापोहोऽपि तथा भवेदिति चेत्, अनुमेयापोहेऽपि तुल्यमेतत, प्रमेयत्वादिहेत्वनुमेयापोहेऽपि पदार्थप्रतिष्ठताप्रसक्तेः। प्रमेयत्वं हेतुरेव न भवति, विपक्षासत्त्वतल्लक्षणाभावादिति कुतस्त्या तदपोहस्य तन्निष्ठतेति चेत्। तर्हि विप्रतारकवाक्यमप्यागम एव न भवति, आप्तोक्तत्वतल्लक्षणाभावादित्यादि समस्तं समानम्।

§२८ જૈન—"શ્રીમાન અનેકાન્તવાદની ઉદ્‌ઘોષણા કરવાથી પિપાસુ (તૃષાવાન્) થયેલો હું અપોહનું શીઘ્ર પાન કરી જાઉં છું તે હે બૌદ્ધો ! તમે ક્ષણમાત્ર જુઓ."

પ્રથમ તો અહીં તથાપ્રકારની પ્રતીતિ હોવાથી વિરુદ્ધધર્માધ્યાસનો પરિહાર થઈ જતો હોઈ કથંચિત્ ઐક્યભાવને પામેલ સામાન્યવિશેષાત્મક વસ્તુલક્ષણની નિર્દોષ દીક્ષામાં વિકલ્પો દીક્ષિત છે. આ બાબત પહેલાં જ પ્રકટ થઈ ચૂકી છે. અર્થાત્ વિકલ્પો સામાન્ય વિશેષરૂપ વસ્તુને વિષય કરે છે એ કહેવાઈ ગયું છે. તેથી તત્ત્વતઃ શબ્દો પણ ઉભયાત્મક વસ્તુને વિષય કરનારા સિદ્ધ થાય છે, કારણ કે—તમારા જ આચાર્યોએ કહ્યું છે કે—"જે વિકલ્પોનો વિષય છે તે જ શબ્દોનો વિષય છે." તો પછી શબ્દનો અર્થ અપોહ કઈ રીતે થઈ શકશે ? તાત્પર્ય કે—જે વિકલ્પનો વિષય હોય તે જ શબ્દનો વિષય બનતો હોય તો વિકલ્પનો વિષય સામાન્યવિશેષોભયાત્મક વસ્તુ હોઈ શબ્દનો પણ વિષય તેવી જ વસ્તુ સિદ્ધ થાય છે, પણ અપોહ તો બને જ નહિ. અથવા અપોહને શબ્દનો અર્થ (વ.૨૫) માની લેવામાં આવે તો પણ અનુમાનની જેમ શબ્દ કેમ પ્રમાણ નહિ કહેવાય ?

બૌદ્ધ—અનુમાન અપોહને વિષય કરતું હોવા છતાં પરંપરાએ પદાર્થમાં સંબંધ હોવાથી પ્રમાણરૂપ છે.

જૈન—શબ્દ પણ તે જ રીતે પ્રમાણ હો.

બૌદ્ધ—અતીત અને અનાગત તથા આકાશકમલ વિગેરે અસત્ પદાર્થો વિષે પણ શબ્દ ઉપલબ્ધ હોવાથી શબ્દનો અર્થ સાથે સંબંધ નથી.

જૈન—તો પછી વરસાદ થયો હોવો જોઈએ, કારણ કે પર્વતમાંથી આવતી-નદીમાં પાણીનો વેગ જોવાય છે, રેવતી નક્ષત્રનો ઉદય થયો છે માટે ભરણીનો ઉદય હવે પછી થશે, ગધેડાનું શીંગડું જગત્‌માં નથી, કારણ કે-સમસ્ત પ્રમાણોથી પણ તેની ઉપલબ્ધિ થતી નથી-વિગેરે સ્થળે પદાર્થ નથી છતાં અનુમાનની પ્રવૃત્તિ થાય છે, માટે અનુમાનનો પણ પદાર્થ સાથે સંબંધ ન હોવો જોઈએ.

બૌદ્ધ—જો શબ્દનો વાચ્ય અપોહ પણ પરંપરાથી પદાર્થ સાથે સંબદ્ધ હોય તો 'તુંબડું ડૂબે છે' ઈત્યાદિ છેતરપીંડી કરનાર ઠગ પુરુષના વાક્યોનો વિષય અપોહ પણ પરંપરાએ સંબંધવાળો થવો જોઈએ.

જૈન—તે જ પ્રમાણે અનુમેયાપોહમાં પણ બનશે, કારણ કે પ્રમેયત્વાદિ હેતુના અનુમેયાપોહમાં પણ પરંપરાએ પદાર્થનો સંબંધ માનવો પડશે.

બૌદ્ધ—પ્રમેયત્વ હેતુ જ થઈ શકતો નથી, કારણ કે-વિપક્ષાસત્ત્વરૂપ હેતુનું લક્ષણ તેમાં નથી, એટલે પ્રમેયત્વના અનુમેયાપોહના અર્થમાં પરંપરાએ સંબંધ કઈ રીતે હોઈ શકે ?

જૈન—તો પછી આપ્તોક્તત્વરૂપ લક્ષણ છેતરપીંડી કરનાર પુરુષના વાક્યમાં ન હોવાથી તે આગમરૂપ પ્રમાણ પણ બની શકતું નથી, માટે એ સમસ્ત બાબત પરસ્પર સમાન જ છે.

(प०) **अपोऽहमिति** अपः कर्मतापन्नाः अहम् ।

इह तावदित्यादिग्रये **लक्षण**शब्देन परिज्ञानम् । **अस्तु** वेत्यादि अस्तु वाऽपोहः शब्दार्थः । **पदार्थे** इति स्वलक्षणे । **अत्रे**ति शब्दे । **यदि च** इत्यादि सौगतः । **तथा भवेदि**ति पदार्थ-प्रतिष्ठः । **अनुमेयाऽपोहेऽपी**त्यादि सूरिः । प्रमेयत्वमित्यादि सौगतः । तदपोहस्य प्रमेयापोहस्य **तन्निष्ठते**ति पदार्थनिष्ठता । **तर्ही**त्यादि सूरिः । **आप्तोक्तत्वतल्लक्षणाभावादि**ति आप्तोक्तत्वाख्यागमलक्षणाभावात् ।

(टि०) **इह तावदि**त्यादि । **तथाप्रतीती**ति तथाविधा विरुद्धधर्माध्यासरहिता या प्रतीतिस्तया परिहृतो विरुद्धधर्माध्यासो येन तत् तथा कथंचित्तादात्म्यापन्नौ अविष्वग्भावसमाश्रितौ यौ सामान्य-विशेषौ तत्स्वरूपं तदात्मकं यद् वस्तुलक्षणं स्वलक्षणरूपं तस्य या अक्षूणा दीक्षा तया दीक्षितत्वम् विकल्पानां स्वलक्षणान्तःप्रवेशः प्रागभावित इति भावः । **तदि**ति उभयात्मकवस्तुविषयत्वम् । **तत एवे**ति परंपरया पदार्थप्रतिबन्धाभावादेव । **अतीतानागते**त्यादि । **अत्रे**ति शब्दे ॥ **अलावूनी**ति तुम्बकादीनि जलतलगतान्यपि न मज्जन्ति ॥ तथा चोक्तम्—
"तुम्बकं तृणकाष्ठं च तैलं जलसमागतम् । पुनः स्वस्थानमायाति......" ॥ इत्यादि ॥

अत एव विप्रतारकः ॥ **तथे**ति पारंपर्येण पदार्थप्रतिष्ठः स्यात् । **अनुमेये**ति अनुमेयश्चासावपोहश्चेति कर्म्मधारयः ॥ **प्रमेयत्वे**ति प्रमेयत्वादिहेतुभिः कृत्वा प्रमेयत्वादिहेतुभिरनुमेयापोहे पदार्थप्रतिष्ठा न स्यात् हेतोरालीकत्वात् । **प्रमेयत्वमित्यादि** ॥ **विपक्षासत्त्वे**ति-विपक्षासत्त्वं तल्लक्षणं हेतुलक्षणं तस्यासत्त्वात् ॥ **तदपोहस्ये**ति अनुमेयापोहस्य । **तन्निष्ठते**ति पदार्थनिष्ठता । **तल्लक्षणे**ति आगमलक्षणासत्त्वात् ।

§२९ यस्तु नाप्तोक्तत्वं वचसि विवेचयितुं शक्यमिति शाक्यो वक्ति, स पर्यनुयोज्यः । किमाप्तस्यैव कस्याप्यभावादेवमभिधीयेत, भावेऽप्यस्य निश्चयाभावात्, निश्चयेऽपि मौनव्रतिकत्वाद्, वक्तृत्वेऽप्यनाप्तवचनात् तद्वचसो विवेकावधारणाभावाद्वा । सर्वमप्येतच्चार्वाकादिवाचां प्रपञ्चात् मातापितृपुत्रभ्रातृगुरुसुगतादिवचसां विशेषमातिष्ठमानैरप्रकटनीयमेव । न च नास्ति विशेषस्वीकारः, तत्पठितानुष्टानघटनायामेव प्रवृत्तेर्निर्निबन्धनत्वापत्तेः ।

§२९. બૌદ્ધ—આ વચન આપ્તનું છે કે અનાપ્તનું એવો વિવેક થઈ શકતો નથી તેનું શું ?

જૈન—અહીં તમને પૂછવું જોઈએ કે 'વિવેકનો સંભવ નથી' એ તમારા કથનનું કારણ શું ? કોઈ આપ્ત પુરુષ તો છે પણ નિશ્ચય નથી. (તે આપ્ત જ છે એવો નિશ્ચય નથી) માટે, આપ્ત પુરુષ છે એવો નિશ્ચય હોવા છતાં તે શું મૌનવ્રતી (સદા મૌન રહેવાની પ્રતિજ્ઞાવાળા) છે માટે, કે બોલે છે પરંતુ અનાપ્તના વચનથી તેમના વચનમાં શું ભેદ છે તેનો નિશ્ચય નથી માટે ? ચાર્વાકાદિ-નાસ્તિકાદિ લોકોની વાણીના પ્રપંચથી માતા, પિતા, પુત્ર ભાઈ, ગુરુ, સુગત વિગેરેની વાણી-શબ્દમાં વિશેષતા છે એમ માનનારા બૌદ્ધોએ આ બધું કહેવું જ ન જોઈએ, અને જો માતા પિતાદિકના વચનની ચાર્વાકના વચનની અપેક્ષાએ વિશેષતા સ્વીકારતા ન હો તો તેમની-માતપિતાદિકની વાણીને આધારે જ જે અનુષ્ઠાન થાય છે તે નિષ્કારણ બની જશે.

(प०) **अनाप्तवचनादि**ति अनाप्तवचनसकाशात् । **तद्वचस** इति आप्तवचसः ।

(टि०) **सर्वमप्येतदि**ति । **तत्पठिते**ति तेषां पितृमातृसुगतादिवाक्यानां पठनाचरणघटनायाम् । **निर्निबन्धने**ति निष्कारणत्वप्रसङ्गात् आदराभावप्रसक्तेः ।

§३० अथानुमानिक्येवाप्तशब्दादर्थप्रतीतिः—

पादपार्थविवक्षावान् पुरुषोऽयं प्रतीयते ।
वृक्षशब्दप्रयोक्तृत्वात् पूर्वावस्थास्वहं यथा ॥ १ ॥

इति विवक्षामनुमाय 'सत्या विवक्षेयम्; आप्तविवक्षात्वात्, मद्विवक्षावत्' इति वस्तुनो निर्णयादिति चेत् ।

§३१ तदचतुरस्रम् । अमूदृशव्यवस्थाया अनन्तरोक्तवैशेषिकपक्षप्रतिक्षेपेण कृतनिर्वचनत्वात् । किञ्च, शाखादिमति पदार्थे वृक्षशब्दसङ्केते सत्येतद्विवक्षाऽनुमानमातन्येत, अन्यथा वा । न तावदन्यथा । केनचित्कक्षे वृक्षशब्दं संकेत्य तदुच्चारणात्, उन्मत्तसुप्तशुकसारिकादिना गोत्रस्खलनवता चान्यथाऽपि तत्प्रतिपादनाच्च हेतोर्व्यभिचारापत्तेः । संकेतपक्षे तु यद्येष तपस्वी शब्दस्तद्वशाद्वस्त्वेव वदेत्, तदा किं नाम क्षूणं स्यात् । न खल्वेषोऽर्थाद् बिभेति । विशेषलाभश्चैवं सति यदेवंविधाननुभूयमानपारंपर्यपरित्याग इति ।

१ अत्र मुद्रिते '(कथम् ?)'-इति अधिकम् ।

§૩૦. બૌદ્ધ—આપ્તવચનથી જે અર્થજ્ઞાન થાય છે તે અનુમાનથી થાય છે. કારણ કે-"આ પુરુષ વૃક્ષ અર્થની વિવક્ષાવાળો છે, વૃક્ષ શબ્દનો પ્રયોગ કરતો હોવાથી, જેમ પૂર્વાવસ્થામાં વૃક્ષરૂપ અર્થની વિવક્ષાથી મેં વૃક્ષ શબ્દનો પ્રયોગ કર્યો હતો." આ રીતે પ્રથમ વિવક્ષાનું અનુમાન કરીને પછી-આ વિવક્ષા સાચી છે, આપ્તની વિવક્ષા હોવાથી, મારી વિવક્ષાની જેમ-આ રીતે અનુમાનથી વસ્તુનો અર્થાત્ પદના અર્થનો નિર્ણય થાય છે.

§૩૧. જૈન—તે અસંગત છે. કારણ કે તમારી આ વ્યવસ્થાનું હમણાં જ કરેલ વૈશેષિકના ખંડન દ્વારા(૪.૨.) ખંડન થઈ જ જાય છે. વળી, શાખા પ્રશાખા-(ડાળ-ડાળીઓ) વિગેરેથી યુક્ત પદાર્થમાં વૃક્ષ શબ્દનો સંકેત હોય ત્યારે આવું વિવક્ષાનું અનુમાન કરો છો કે તેવા પદાર્થમાં સંકેત કર્યા વિના ? 'તેવા પદાર્થમાં સંકેત કર્યા વિના' એ બીજો પક્ષ તો કહી શકશો નહિ. કારણ કે-કોઈ પુરુષ કક્ષ-ઘાસ વિગેરે પદાર્થ વિષે વૃક્ષ શબ્દનો સંકેત કરી ઉચ્ચાર કરે, કે ઉન્મત્ત પુરુષ, સૂતેલ પુરુષ, પોપટ, મેના અને ગોત્ર સ્ખલનાવાળો (કંઈ બોલવાને બદલે બીજું કંઈ બોલનાર) પુરુષ તથારૂપ પદાર્થમાં સંકેત કર્યા વિના પણ વૃક્ષશબ્દનો ઉચ્ચાર કરે છે, તેથી વૃક્ષશબ્દપ્રયોક્તૃત્વ હેતુમાં વ્યભિચાર આવશે. અર્થાત્ વૃક્ષશબ્દનો પ્રયોગ હોવા છતાં આ બધામાં શાખાદિમાન્ પદાર્થની વિવક્ષા નથી અને જો 'તથારૂપ અર્થમાં સંકેત કરીને વૃક્ષશબ્દનો ઉચ્ચાર કરે' એ પક્ષ માન્ય હોય તો-આ બિચારો શબ્દ સંકેતના બલથી વસ્તુનો વાચક બને છે એમ માનવામાં શું નુકશાન છે ? એ શબ્દ કંઇ અર્થથી ડરતો તો નથી અને સંકેતગમ્ય અર્થ માનવાથી વિશેષ લાભ તો એ છે કે-પ્રથમ વિવક્ષાનું અનુમાન, પછી તેની સત્યતાનું અનુમાન અને પછી શબ્દાર્થ બોધ-આવી અનુભવમાં નહિ આવતી પરંપરાનો ત્યાગ આપોઆપ થઈ જાય છે.

(પ૦)**अथानुमानिक्येवे**त्यादि सौगतः । **अर्थप्रतीति**रित्यतोऽग्रे 'कथम्' इति गम्यम् । **किञ्चे**त्यादि सूरिः । **हेतो**रिति वृक्षशब्दप्रयोक्तृत्वादिति हेतोः । **तद्वशा**दिति सङ्केतवशादिति । **वस्त्वेव वदे**दिति न विवक्षाम् । **अर्थाद् बिभेती**ति येन विवक्षामेव वदेत् ।

(टि०) **अमूदृशे**ति पुरा वैशेषिकमतापासनमातन्वानैर्विवक्षा निर्मूलकाषमुन्मूलितैव । **तदुच्चारणा**दिति वृक्षशब्दप्रकटनात् । **उन्मत्तसुप्ते**ति उन्मत्त-शुक-सारिकाप्रभृतयो ह्यभिधेयशून्यं वदन्ति । **अन्यथापी**ति संकेतं विनापि । **तत्प्रतिपादना**दिति वृक्षशब्दप्रयोगात् ॥ **हेतो**रिति अन्दत्वलक्षणस्य । **तद्वशा**दिति संकेतबलात् । **वस्त्वेवे**ति विवक्षानुमानं परित्यज्य वृक्षादिपदार्थमेवावगमयेत् । तदा किं हीनम् ? **एष** इति संकेतः । **एवं सती**ति संकेतगम्येऽर्थे । **एवंविधे**ति विवक्षानुमानसत्यतादिपरंपराया अकिंचित्करत्वात् साक्षादेव शुभम् ।

§३२ यदकथि-परमार्थतः '[1]सर्वतोऽन्याव्यावृत्तस्वरूपेषु स्वलक्षणेष्वेकार्थकारित्वेनेत्यादि । तदवद्यम् । यतोऽर्थस्य वाहदोहादेरेकत्वम्-अद्विरूपत्वं, समानत्वं वा विवक्षितम् । न तावदाद्यः पक्षः, पण्डमुण्डादौ कुण्डकाण्डभाण्डादिवाहादेरर्थस्य भिन्न-

---

१ सर्वतोऽन्या° मु ।

भिन्नस्यैव संदर्शनात् । द्वितीयपक्षेऽपि सदृशपरिणामास्पदत्वम्, अन्यव्यावृत्त्यधिष्ठितत्वं वा समानत्वं स्यात् । न प्राच्यः प्रकारः, सदृशपरिणामस्य सौगतैरस्वीकृतत्वात् । न द्वितीयः, अन्यव्यावृत्तेरतात्त्विकत्वेन वान्ध्येयस्येव स्वलक्षणेऽधिष्ठानासंभवात् ।

§३३ किञ्च, अन्यतः सामान्येन, विजातीयाद्वा व्यावृत्तिरन्यव्यावृत्तिर्भवेत् । प्रथमपक्षे, न किञ्चिदसमानं स्यात्, सर्वस्यापि सर्वतो व्यावृत्तत्वात् । द्वितीये तु विजातीयत्वं वाजिकुञ्जरादिकार्याणां वाहादिसजातीयत्वे सिद्धे सति स्यात्, तच्चान्यव्यावृत्तिरूपमन्येषां विजातीयत्वे सिद्धे सति, इति स्पष्टं परस्पराश्रयत्वमिति । एवं च कारणैक्यं, प्रत्यवमर्शैक्यं च विकल्प्य दूषणीयम् ।

§૩૨ વળી, તમોએ પરમાર્થથી તો સર્વથી વ્યાવૃત્ત સ્વરૂપવાલા (ભિન્ન સ્વરૂપવાળા) સ્વલક્ષણોમાં એકાર્થકારી હોવાથી (§૨૮) વિગેરે જે કંઈ કહ્યું તે નિર્દોષ નથી. કારણ કે- વાહ દોહાદિ અર્થનું એકત્વ એટલે તમને શું અભિપ્રેત છે ? શું તે એ અર્થ નથી તે કે બન્ને સમાન છે એ ? પહેલો પક્ષ તો કહેવા યોગ્ય નથી. કારણ કે ષંડમુંડાદિ (ખંડિત શીંગવાળા કે શૃંગહીન) ગૌમાં કોઈ કુંડવાહી, કોઈ કાંડવાહી તો કોઈ ભાંડવાહી હોય છે એમ ભિન્ન ભિન્ન અર્થ જોવાય છે. બીજો પક્ષ કહો તો-સમાન એટલે સદૃશ પરિણામવાળું છે કે અન્ય વ્યાવૃત્તિ એટલે અન્યાપોહથી સંબદ્ધ છે ? પહેલો પક્ષ તો કહી શકશો નહિ કારણ કે બૌદ્ધોને સદૃશ પરિણામ માન્ય નથી. બીજો પક્ષ પણ સંગત નથી. કારણ કે અન્ય વ્યાવૃત્તિ (અન્યાપોહ) વંધ્યાપુત્રની જેમ અતાત્ત્વિક-તુચ્છરૂપ હોવાથી સ્વલક્ષણમાં તે રહી શકશે નહિ.

§૩૩. વળી, અન્ય વ્યાવૃત્તિ એ અન્ય એટલે સામાન્યથી કે વિજાતીયથી વ્યાવૃત્તિ છે ? સામાન્યથી વ્યાવૃત્તિરૂપ પહેલો પક્ષ કહો તો-કોઈ કોઈથી અસમાન થશે જ નહિ, કારણ કે સર્વે ઘટાદિ પદાર્થ સર્વ સજાતીય ઘટોથી વ્યાવૃત્ત (પૃથગ્) છે. અર્થાત્ સજાતીયથી વ્યાવૃત્તિ હોવાથી વિજાતીયથી વ્યાવૃત્તિનો અવકાશ રહેશે નહિ. તેથી તે વિજાતીયથી સમાન બની જતો હોઈ અસમાન બનશે નહિ.

બીજો પક્ષ કહો તો-પ્રથમ વાહાદિ પદાર્થમાં સજાતીયત્વ સિદ્ધ હોય તો વાજિ-અશ્વ, કુંજર-હાથી, વિગેરે કાર્યોમાં વિજાતીયના સિદ્ધ થાય, અને તે સજાતીયતા પણ અન્યવ્યાવૃત્તિરૂપ હોઈ અન્યની વિજાતીયતા સિદ્ધ હોય તો થાય છે, એમ પરસ્પરાશ્રય નામનો દોષ સ્પષ્ટ જણાય છે. એ જ રીતે કારણૈક્ય અને પ્રત્યવમર્શૈક્ય (§૨૮) વિષે પણ વિકલ્પો કરીને તેમને દૂષિત કરવાં.

(५०) **षण्डमुण्डादावित्यादिग्रन्थे काण्डशब्देन** शरभारस्याख्या । **सदृशपरिणामास्पदत्वमिति** सामान्यमित्यर्थः । **अन्यव्यावृत्त्यधिष्ठितत्वमिति** अन्यापोहाधिष्ठितत्वम् । **सामान्येनेति** सजातीयाद् विजातीयाच्च । **सर्वस्यापीति** घटादेः । **कार्याणामिति** वाहानाम् । **वाहादीति** वाहा गवादयः ।

(टि०) **यतोऽर्थस्ये**त्यादि ॥ **अतात्त्विकत्वे**नेति अभावस्वरूपतया । यथा वान्ध्येयः सत्त्वाभावात् स्वलक्षणान्तःप्रवेशं न लभते ।

सामान्येनेति सजातीयाद्विजातीयाच्च ॥ **असमान**मिति सजातीयात् परमाणुसमूहाद् व्यावृत्तौ सामान्ये घटः पटेन समम् पटो घटेन सह समानः आप्नोति । **सर्वस्यापी**ति घटस्यापि सजातीयापरसमग्रघटेभ्यो व्यावृत्तत्वात्पटेन साम्यम् पटस्य सजातीयापरपटेभ्यो व्यावृत्त्या घटेन साम्यम् । **तच्चे**ति सजातीयत्वम् । **अन्येषा**मिति धवलादीनाम् ।

§३४ अपि च यदि बुद्धिप्रतिबिम्बात्मा शब्दार्थः स्यात्, तदा कथमतो बहिरर्थे प्रवृत्तिः स्यात् ? । स्वप्रतिभासेऽनर्थेऽर्थाध्यवसायाच्चेत् । ननु कोऽयमर्थाध्यवसायो नाम । अर्थसमारोप इति चेत्, तर्हि सोऽयमर्थानर्थयोरग्निमाणवकयोरिव तद्विकल्पविषयभावे सत्येव समुत्पत्तुमर्हति । न च समारोपविकल्पस्य स्वलक्षणं कदाचन गोचरतामञ्चति । यदि चानर्थेऽर्थसमारोपः स्यात्, तदा दाहदोहाद्यर्थक्रियार्थिनः सुतरां प्रवृत्तिर्न स्यात् । नहि दाहपाकाद्यर्थी समारोपितपावकत्वे माणवके कदाचित् प्रवर्त्तते । रजतरूपताऽवभासमानशुक्तिकायामिव रजतार्थिनो अर्थक्रियार्थिनो विकल्पात् तत्र प्रवृत्तिरिति चेत् । भ्रान्तिरूपस्तर्ह्ययं समारोपः, तथा च कथं ततः प्रवृत्तोऽर्थक्रियार्थी कृतार्थः स्यात् । यथा शुक्तिकायां प्रवृतो रजतार्थक्रियार्थीति ।

§૩૪. વળી, શબ્દાર્થ બુદ્ધિપ્રતિબિંબરૂપ હોય તો-શબ્દથી બાહ્ય અર્થમાં કઈ રીતે પ્રવૃત્તિ થશે ?

બૌદ્ધ—બુદ્ધિના પ્રતિભાસરૂપ અનર્થ (અન્યાપોહ)માં અર્થનો અધ્યવસાય (નિશ્ચય) થવાથી પ્રવૃત્તિ થશે.

જૈન—અહીં પ્રશ્ન એ છે કે અર્થનો અધ્યવસાય એટલે શું ?

બૌદ્ધ—અર્થનો અધ્યવસાય એટલે અર્થનો સમારોપ.

જૈન—તમારો કહેલ આ અર્થસમારોપ તો-અર્થ અને અનર્થ બન્ને અગ્નિ અને માણવક (છોકરા)ની જેમ વિકલ્પના વિષય હોય ત્યારે જ ઘટી શકે છે, પરંતુ સ્વલક્ષણરૂપ અર્થ તો કદી પણ સમારોપ વિકલ્પનો વિષય બનતો જ નથી. અને જો અનર્થમાં અર્થનો સમારોપ હોય તો વાહદોહાદિ અર્થક્રિયાના ઇચ્છુક પુરુષોની કદી પ્રવૃત્તિ થશે જ નહિ, કારણ કે-જગત્માં દાહપાકાદિ અર્થક્રિયાની ઇચ્છાવાળો કોઈ પણ પુરુષ જેમાં અગ્નિત્વધર્મનો આરોપ કરવામાં આવ્યો છે, એવા માણવક (છોકરા)માં કદી પણ પ્રવૃત્ત થતો નથી.

બૌદ્ધ—રજતરૂપે જણાતી છીપલીમાં રજતાર્થી પુરુષની જેમ પ્રવૃત્તિ થાય છે, તેમ અર્થક્રિયાના અર્થી પુરુષની સમારોપિત પદાર્થમાં વિકલ્પ જ્ઞાનથી પ્રવૃત્તિ થાય છે

જૈન—તો પછી સમારોપ ભ્રાન્તિરૂપ જ છે, અને એ રીતે ભ્રાન્તિરૂપ સમારોપથી પ્રવૃત્ત થયેલો અર્થક્રિયાનો અર્થી પુરુષ કઈ રીતે કૃતાર્થ થઈ શકે ?

અર્થાત્ ન થઈ શકે. જેમકે-છીપમાં પ્રવૃત્ત થયેલો રજતની અર્થક્રિયાનો અર્થી પુરુષ કૃતાર્થ થતો નથી.

(प०) स्वप्रतिभासे इत्यादि सौगतः । नन्विति सूरिः । तद्विकल्पविषयभावे इति स चासौ विकल्पश्च तद्विकल्प इत्यादि विग्रहः । विषयत्वं च वस्तुनोऽसतोरेव भवति । तद्विकल्पोऽग्निविकल्पः । गोचरतामिति भवन्मतेऽपि । अर्थक्रियार्थिन इत्यादि बौद्धः । तत्रेति पावके ।

(टि०) यदि बुद्धीत्यादि ॥ अतो बहिरिति किन्त्वन्तर्मुखैव परमाणुनिविष्टैव । न च गिरि-नगर-सागर-कुरङ्ग-शृङ्ग-भृङ्ग-विहङ्ग-भुजङ्ग-मातुलिङ्ग-नारङ्ग-पूग-लवङ्गरूपा प्रवृत्तिः प्रथते । अनर्थे इति अन्यापोहलक्षणे । सोऽयमिति अर्थाध्यवसायः । तद्विकल्पेति अर्थाध्यवसायविकल्पगोचरसत्त्वे । विकल्पस्येति शब्दाल्पितज्ञानस्य । सुतरामिति सादरतया । नहि विषममृततयोपचरितमपि प्राणितुमिच्छुः पुमान् सप्रणयं प्रायेणाऽऽदर्नीयात । तत्रेति अर्थसमारोपमा(प्रा)पितेनार्थे । तत इति भ्रान्तिरूपात् समारोपात् ॥

§३५ यदपि प्रोक्तम्—कार्यकारणभावस्यैव वाच्य-वाचकतया व्यवस्थापितत्वादिति । तदप्ययुक्तम् । यतो यदि कार्यकारणभाव एव वाच्य-वाचकभावः स्यात्, तदा श्रोत्रज्ञाने प्रतिभासमानः शब्दः स्वप्रतिभासस्य भवत्येव कारणमिति तस्याप्यसौ वाचकः स्यात् । यथा च विकल्पस्य शब्दः कारणम्, एवं परंपरया स्वलक्षणमपि । अतस्तदपि वाचकं भवेदिति प्रतिनियतवाच्यवाचकभावव्यवस्थापनं प्रलयपद्धतिमनुधावेत् । ततः शब्दः सामान्यविशेषात्मकार्थावबोधनिबन्धनमेवेति स्थितम् ॥११॥

§૩૫—વળી, કાર્યકારણભાવ જ વાચ્ય-વાચકભાવ તરીકે વ્યવસ્થાપિત છે, એમ જે તમે કહ્યું (§૨૯), તે અયોગ્ય છે, કારણ કે-કાર્યકારણભાવ એ જ વાચ્ય-વાચકભાવ હોય તો-શ્રોત્રજ્ઞાનમાં પ્રતિભાસમાન શબ્દ પોતાના પ્રતિભાસનું કારણ છે માટે તે શબ્દ સ્વજ્ઞાનનો પણ વાચક થશે. વળી, જેમ વિકલ્પનું શબ્દ કારણ છે તેમ પરંપરાએ સ્વલક્ષણ પણ કારણ છે, તો તે પણ વાચક થશે, આથી પ્રતિનિયત વાચ્ય-વાચકભાવવ્યવસ્થા-એટલે અમુક શબ્દ અમુક અર્થનો વાચક છે, એવી વ્યવસ્થા તો પ્રલયમાર્ગમાં જ ચાલી જશે. અર્થાત્ તેથી વ્યવસ્થા બની શકશે નહિ. માટે શબ્દ સામાન્યવિશેષાત્મક અર્થના બોધનું કારણ છે એ વાત સિદ્ધ થઈ. ૧૧.

(प०) तस्यापीति प्रतिभासस्यापि । असाविति शब्दः ॥११॥

(टि०) यतो यदीत्यादि । श्रोत्रज्ञाने इति श्रोत्रजन्यज्ञाने । तस्यापीति स्वप्रतिभासस्यापि । असाविति शब्दः । अत इति कारणात् ॥ तदपीति स्वलक्षणमपि, स्वलक्षणस्य विकल्पे जायमाने कारणत्वात् ॥११॥

स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थबोधनिबन्धनं शब्द इत्युक्तम् । अथ किमस्य शब्दस्य स्वाभाविकं रूपं, किञ्च परापेक्षमिति विवेचयन्ति—

अर्थप्रकाशकत्वमस्य स्वाभाविकं प्रदीपवद्यथार्थायथार्थत्वे पुनः पुरुषगुणदोषावनुसरतः ॥१२॥

§१ अर्थप्रकाशकत्वम्, अर्थावबोधसामर्थ्यम् । अस्य शब्दस्य । स्वाभाविकं परानपेक्षम् । प्रदीपवत् । यथा हि प्रदीपः प्रकाशमानः शुभमशुभं वा यथासन्निहितं भावमवभासयति, तथा शब्दोऽपि वक्त्रा प्रयुज्यमानः श्रुतिवर्त्तिर्नमवतीर्णः सत्येऽनृते वा, समन्वितेऽसमन्विते वा, सफले निष्फले वा, सिद्धे साध्ये वा वस्तुनि प्रतिपत्तिमुत्पादयतीति तावदेवास्य स्वाभाविकं रूपम् । अयं पुनः प्रदीपाच्छब्दस्य विशेषः— यदसौ संकेतव्युत्पत्तिमपेक्षमाणः पदार्थप्रतीतिमुपजनयति, प्रदीपस्तु तन्निरपेक्षः । यथार्थत्वायथार्थत्वे सत्यार्थत्वासत्यार्थत्वे पुनः प्रतिपादकनराधिकरणशुद्धत्वाशुद्धत्वे अनुसरतः । पुरुषगुणदोषापेक्षे इत्यर्थः । तथाहि—सम्यग्दर्शिनि शुचौ पुरुषे वक्तरि यथार्था शाब्दी प्रतीतिरन्यथा तु मिथ्यार्थेति । स्वाभाविके तु याथार्थ्ये मिथ्यार्थत्वे चास्याः स्वीक्रियमाणे विप्रतारकेतरपुरुषप्रयुक्तवाक्येषु व्यभिचाराव्यभिचारनियमो न भवेत् ।

पुरुषस्य च करुणादयो गुणा द्वेषादयो दोषाः प्रतीता एव । तत्र यदि पुरुषगुणानां प्रामाण्यहेतुत्वं नाभिमन्यते जैमिनीयैः, तर्हि दोषाणामप्यप्रामाण्यनिमित्तता मा भूत् । दोषप्रशमनचरितार्था एव पुरुषगुणाः, प्रामाण्यहेतवस्तु न भवन्तीत्यत्र च कोशपानमेव शरणं श्रोत्रियाणामिति ॥१२॥

સ્વાભાવિક સામર્થ્ય અને સંકેત એ બન્ને દ્વારા શબ્દ અર્થબોધનું કારણ છે, એમ ઉપરના જ સૂત્રમાં કહેલ છે. તો હવે શબ્દનું સ્વાભાવિક(નૈસર્ગિક) સ્વરૂપ કેવું છે અને પરની અપેક્ષાએ સ્વરૂપ કેવું છે, તેનું વિવેચન—

શબ્દ અર્થબોધ સ્વાભાવિક રીતે જ કરે છે, પ્રદીપની જેમ, પરંતુ તે અર્થબોધની યથાર્થતા કે અયથાર્થતાનો આધાર વક્તા પુરુષના ગુણ–દોષો છે. ૧૨.

§૧ **अर्थप्रकाशकत्वम्**—અર્થબોધ સામર્થ્ય, **अस्य**—શબ્દનું, **स्वाभाविकं**—બીજાની અપેક્ષા નહિ રાખનાર. પ્રદીપની જેમ. જેમ પ્રકાશવંત દીપક યથાયોગ્ય નજીક સ્થાનમાં રહેલ શુભ કે અશુભ પદાર્થને જણાવે છે, તેમ વક્તાથી પ્રયુક્ત શબ્દ પણ શ્રવણમાર્ગમાં પ્રવેશીને સાચા કે જૂઠા, સમન્વિત કે અસમન્વિત—(સમ્બદ્ધ કે અસમ્બદ્ધ) સફલ કે નિષ્ફલ, સિદ્ધ કે સાધ્ય વસ્તુવિષયક જ્ઞાન ઉત્પન્ન કરે છે. શબ્દનું સ્વાભાવિક સ્વરૂપ આ જ છે. પરતુ પ્રદીપથી શબ્દમાં એટલી વિશેષતા છે, કે શબ્દ સંકેતની વ્યુત્પત્તિ–જ્ઞાનની અપેક્ષા રાખીને પદાર્થ જ્ઞાન ઉત્પન્ન કરે છે, જ્યારે પ્રદીપ તેવી અપેક્ષાથી રહિત છે. શાબ્દબોધગત જે યથાર્થતા કે અયથાર્થતા હોય છે, તે વક્તા પુરુષમાં રહેલ શુદ્ધતા કે અશુદ્ધતા(પાવિત્ર્ય કે અપાવિત્ર્ય)ને અધીન છે. અર્થાત્ પુરુષગત ગુણદોષને આધીન છે, જેમકે-સમ્યગ્દર્શનવાળો અને પવિત્ર વક્તા હોય તો-યથાર્થ-સાચો શાબ્દબોધ થાય છે, અને તેનાથી વિરુદ્ધ-સમ્યગ્દર્શનથી રહિત અપવિત્ર વક્તા હોય તો-મિથ્યા-ખોટો શાબ્દબોધ થાય છે. જો શાબ્દબોધમાં યથાર્થત્વ કે અયથાર્થત્વને પણ સ્વાભાવિક માનવામાં આવે તો છેતરપીંડી કરનાર (ઠગ) અને

તેનાથી અન્ય (પ્રામાણિક) પુરુષોએ પ્રયુક્ત વાક્યમાં વ્યભિચાર કે અવ્યભિચારનો નિયમ નહિ રહે.

વળી, પુરુષમાં કરુણાદિ ગુણો અને દ્વેષાદિ દોષો પ્રસિદ્ધ જ છે. હવે જો પુરુષના ગુણોને મીમાંસકો પ્રામાણ્યનું કારણ ન માને તો દોષો પણ અપ્રામાણ્યનું કારણ નહિ બને. પુરુષના ગુણો તો દોષોના પ્રશમન (નાશ)માં જ ચરિતાર્થ છે, તે પ્રામાણ્યનું કારણ નથી બનતા એવું કહેવામાં શ્રોત્રિયો (મીમાંસકો) ને કોશપાન (સોગંદ) જ શરણરૂપ છે. અર્થાત્ એ કથન પ્રમાણ નથી. ૧૨.

(प०) **तथा शब्दोऽपी**त्यादिगद्ये **समन्विते** इति संबद्धे । **असमन्विते** इति असम्बद्धे । **असावि**ति शब्दः । **दोषप्रशमने**त्यादिगद्ये **न भवन्ती**त्यग्रे इति 'यत्ते प्रमाणयन्ति' शेषः ।१२॥

(टि०) **तथा शब्द** इत्यादि ॥ **समन्विते** इति संबद्धे । **अस्ये**ति शब्दस्य । **असावि**तिशब्दः । **तन्निरपेक्ष** इति संकेत-व्युत्पत्तिनिरपेक्षः । **अन्यथे**ति मिथ्यादर्शिनि अशुचौ पुंसि वक्तरि । **अस्या** इति शब्दप्रतीतेः ॥१२॥

§ १ इह यथैवान्तर्बहिर्वा भावराशिः स्वरूपमाविभर्त्ति तथैव तं शब्देन प्रकाशयतां प्रयोक्तॄणां प्रावीण्यमुपजायते । तं च तथाभूतं सप्तभङ्गीसमनुगत एव शब्दः प्रतिपादयितुं पटीयानित्याहु :—

सर्वत्रायं ध्वनिर्विधिप्रतिषेधाभ्यां स्वार्थमभिदधानः सप्तभङ्गीमनुगच्छति ॥

§२ सदसन्नित्यानित्यादिसकलैकान्तपक्षविलक्षणानेकान्तात्मके वस्तुनि विधिनिषेधविकल्पाभ्यां प्रवर्त्तमानः शब्दः सप्तभङ्गीमङ्गीकुर्वाण एव प्रवर्त्तेत इति भावः ॥१३॥

§૧. આ જગતમાં આભ્યન્તર (અહિંસાદિ) અને બાહ્ય (ઘટપટાદિ) પદાર્થોનું જેવું સ્વરૂપ છે, તે સ્વરૂપે જ તે પદાર્થોને શબ્દ દ્વારા પ્રગટ કરનાર વક્તાઓ પ્રવીણ બને છે અને તે તે સ્વરૂપવાલા ભાવરાશિને યથાર્થરૂપે પ્રતિપાદન કરવાને સપ્તભંગીનું અનુસરણ કરનાર શબ્દ જ સમર્થ છે–એ વાતનું નિરૂપણ—

સર્વત્ર વિધિ અને નિષેધ દ્વારા શબ્દ પોતાના અર્થનું પ્રતિપાદન કરે છે ત્યારે સપ્તભંગીને અનુસરે છે. ૧૩

§૨. સત્ કે અસત્, નિત્ય કે અનિત્ય આદિ સમસ્ત એકાન્ત પક્ષોથી વિલક્ષણ અનેકાન્તસ્વરૂપ પદાર્થમાં વિધિ અને નિષેધરૂપ વિકલ્પો દ્વારા પ્રવર્તમાન શબ્દ સપ્તભંગીને સ્વીકારીને જ પ્રવર્તે છે. ૧૩.

(प०) **अन्तर्बहिर्वे**ति अन्तः आत्मादिः, बहिर्घटादिः । **तमि**ति भावराशिम् ॥१३॥

(टि०) **इह यथे**त्यादि ॥ **बहिरि**ति घटादि ॥ **तथैवे**ति तत्स्वरूपमेव ॥ **तमि**ति भावराशिम् । **तं चे**ति भावराशिम् । **तथाभूतमि**ति तथास्वरूपं नित्यानित्यस्वभावं सदसत्स्वरूपं च ।

सदसन्नित्येति सत् असत् सर्वम्, नित्यमनित्यं वा इत्यादि । **सकलाः** विश्ववर्त्तिसमस्तवस्तुवर्त्तिन **एकान्तपक्षास्तद्विलक्षणं** स्वरूपं तदेवा**नेकान्तः** स्याद्वादवादः कथंचिदुभयस्वभावम् । स **एवात्मा** यस्य वस्तुनः तस्मिन् । **सप्तभङ्गीमि**ति । स्यादस्त्येव, स्यान्नास्त्येव, स्यादस्त्येव स्यान्नास्त्येव, स्यादवक्तव्यम्, स्यादस्त्येव स्यादवक्तव्यम्, स्यान्नास्त्येव स्यादवक्त-

व्यम्, स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यम् इति सप्तभङ्गीप्रयोगः अस्तिनास्तित्व-साधने वस्तुनः कर्त्तव्यः ॥१३॥

अथ सप्तभङ्गीमेव स्वरूपतो निरूपयन्ति—

एकत्र वस्तुन्येकैकधर्मपर्यनुयोगवशादविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधि-निषेधयोः कल्पनया स्यात्काराङ्कितः सप्तधा वाक्यप्रयोगः सप्तभङ्गी ॥१४॥

§ १ एकत्र जीवादौ वस्तुन्येकैकसत्त्वादिधर्मविषयप्रश्नवशादविरोधेन प्रत्यक्षादि-बाधापरिहारेण पृथग्भूतयोः समुदितयोश्च विधिनिषेधयोः पर्यालोचनया कृत्वा स्याच्छब्दलाञ्छितो वक्ष्यमाणैः सप्तभिः प्रकारैर्वचनविन्यासः सप्तभङ्गी विज्ञेया । भज्यन्ते भिद्यन्तेऽर्था यैस्ते भङ्गा वचनप्रकारास्ततः सप्त भङ्गाः समाहृताः सप्तभङ्गीति कथ्यते ।

नानावस्त्वाश्रयविधिनिषेधकल्पनया शतभङ्गीप्रसङ्गनिवर्त्तनार्थमेकत्र वस्तुनीत्यु-पन्यस्तम् । एकत्रापि जीवादिवस्तुनि विधीयमाननिषिध्यमानानन्तधर्मपर्यालोचनया-ऽनन्तभङ्गीप्रसक्तिव्यावर्त्तनार्थमेकैकधर्मपर्यनुयोगवशादित्युपात्तम् ।

§ २ अनन्तेष्वपि हि धर्मेषु प्रतिधर्मं पर्यनुयोगस्य सप्तधैव प्रवर्त्तमानत्वात् तत्प्रतिवचनस्यापि सप्तविधत्वमेवोपपन्नमित्येकैकस्मिन् धर्मे एकैकैव सप्तभङ्गी साधी-यसी । एवं चानन्तधर्मापेक्षया सप्तभङ्गीनामानन्त्यं यदायाति, तदभिमतमेव । एतच्चाग्रे सूत्रत एव निर्णेष्यते ।

§ ३ प्रत्यक्षादिविरुद्धसदाद्येकान्तविधिप्रतिषेधकल्पनयाऽपि प्रवृत्तस्य वचन-प्रयोगस्य सप्तभङ्गीत्वानुषङ्गभङ्गार्थमविरोधेनेत्यभिहितम् ।

अवोचाम च—

"या प्रश्नाद्विधिपर्युदासभिदया बाधच्युता सप्तधा
धर्मं धर्ममपेक्ष्य वाक्यरचनाऽनेकात्मके वस्तुनि ।
निर्दोषा निरदेशि देव ! भवता सा सप्तभङ्गी यया
जल्पन् जल्परणाङ्गणे विजयते वादी विपक्षं क्षणात् ॥१॥"

§ ४ इदं च सप्तभङ्गीलक्षणं प्रमाणनयसप्तभङ्ग्योः साधारणमवधारणीयम् । विशेषलक्षणं पुनरनयोरग्रे वक्ष्यते ॥१४॥

સપ્તભંગીના સ્વરૂપનું નિરૂપણ—

એક પદાર્થમાં કોઈ એકેક ધર્મવિષેના પ્રશ્નને કારણે વિરોધ ટાળી જુદા જુદા અથવા સંમિલિત વિધિ અને નિષેધની કલ્પના દ્વારા 'સ્યાત્' પદથી યુક્ત સાત પ્રકારનો વચનપ્રયોગ સપ્તભંગી છે. ૧૪.

§१. જીવાદિ એક પદાર્થમાં સત્ત્વ આદિ કોઈ એક ધર્મવિષયક પ્રશ્નને કારણે, વિરોધ ટાળીને એટલે કે પ્રત્યક્ષાદિ પ્રમાણોની બાધાનો પરિહાર કરીને જુદા જુદા અથવા સંમિલિત વિધિ અને નિષેધની પર્યાલોચના–કલ્પના કરીને સ્યાત્-પદથી યુક્ત આગળ કહેવાશે એ રીતે સાત પ્રકારની વચનરચનાને સપ્તભંગી જાણવી. પદાર્થ જેનાથી ભેદાય તે ભંગ અર્થાત્ વચનપ્રકાર છે. તેવા સાત-ભંગોનો સમૂહ તે સપ્તભંગી કહેવાય છે.

§૨. ભિન્ન ભિન્ન વસ્તુઓ વિષે વિધિ અને નિષેધની કલ્પનાથી તો સેંકરો ભંગોનો પ્રસંગ થાય તેનું નિવારણ કરવા 'એક પદાર્થમાં' એવું વિશેષણ ગ્રહણ કર્યું છે, એમ જાણવું. એક જીવાદિ પદાર્થમાં વિધીયમાન અને નિષિધ્યમાન અનન્ત ધર્મોની કલ્પનાથી અનન્ત ભંગીના પ્રસંગને દૂર કરવા 'કોઈ એક ધર્મના પ્રશ્નને કારણે' એવું વિશેષણ ગ્રહણ કર્યું છે, એમ જાણવું. કારણ કે –અનન્ત ધર્મોમાંથી પણ પ્રત્યેક ધર્મમાં સાત પ્રકારના જ પ્રશ્નોની પ્રવૃત્તિ થાય છે, માટે તે ધર્મના ઉત્તર પણ સાત પ્રકારે જ યુક્તિસંગત થાય છે; માટે પ્રત્યેક ધર્મની એક એક સપ્તભંગી સિદ્ધ થઈ. અને એમ થતાં અનંતધર્મની અપેક્ષાએ જે અનન્ત સપ્તભંગી થાય છે તે તો ઈષ્ટ જ છે અને આ વિષયમાં સૂત્રકાર પોતે જ સૂત્રદ્વારા નિર્ણય કરશે.

§૩. પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરુદ્ધ એવા એકાન્ત સત્ અસત્ વિગેરેની વિધિ અને નિષેધની કલ્પનાથી પ્રવૃત્ત થયેલ વચનપ્રયોગ સપ્તભંગી રૂપે અમાન્ય છે તે જણાવવા 'વિરોધ ટાળીને' એમ કહ્યું છે. આ બાબતમાં અમે પણ કહ્યું છે કે—

"હે દેવ! આપે અનેકાન્તાત્મક પદાર્થમાં એકેક ધર્મની અપેક્ષાએ પ્રશ્નના કારણે વિધિ અને નિષેધરૂપ ભેદ કરીને બાધારહિત જે સાત પ્રકારની વચન રચનાનો—ઉપદેશ કર્યો છે, તેનો પ્રયોગ કરીને જલ્પ (શાસ્ત્રાર્થ–વાદ) રૂપ રણાંગણમાં વાદી ક્ષણવારમાં પ્રતિવાદીને જીતી લે છે."

§૪. સપ્તભંગીનું આ લક્ષણ પ્રમાણ સપ્તભંગી અને નયસપ્તભંગી એ બન્નેનું સાધારણ—સામાન્ય લક્ષણ જાણવું અને એ બન્નેનાં વિશેષલક્ષણો તો હવે પછી કહેવાશે.

સારાંશ છે કે દરેક પદાર્થમાં અનન્ત ધર્મ જોવામાં આવે છે, અથવા એમ કહીએ કે અનન્ત ધર્મોનો પિંડ એ જ પદાર્થ કહેવાય છે. આ અનન્ત ધર્મોમાંથી કોઈ એક ધર્મને લઈને અમુક ધર્મ સત્ છે કે અસત્ છે? ઇત્યાદિ પ્રશ્ન પૂછે તો એ પ્રશ્નને અનુસારે તે એક ધર્મના વિષયમાં સાત પ્રકારના ઉત્તર દેવા પડશે. દરેક ઉત્તર સાથે 'સ્યાત્' (કથંચિત્) શબ્દ જોડેલ હોય છે. કોઈ ઉત્તર વિધિરૂપ હશે કોઈ નિષેધરૂપ હશે અર્થાત્ કોઈ ઉત્તર 'હા'માં હશે તો કોઈ 'ના'માં હશે પરન્તુ વિધિ અને નિષેધમાં વિરોધ આવવો ન જોઈએ. આ રીતે વિધિ અને નિષેધ—એકેક લઈને અને મેળવીને સાત ભંગ બને છે. તેથી તે વચનપ્રયોગને સપ્તભંગી એવું નામ આપવામાં આવ્યું છે. ૧૪

(पं०) अवोचाम चेति पञ्चाशति या प्रश्नादित्यादिपद्ये पर्युदासशब्देन निषेधस्याख्या । बाधच्युते प्रत्यक्षादिबाधच्युता ॥१४॥

(टि०) **या प्रश्नादि**त्यादि ॥ **प्रश्नादि**ति प्राश्निकानुयोगवशात्, विधिनिषेधभेदेन, पर्युदासस्य नञ्वाचकत्वाद् निषेधः। **बाधे**ति प्रत्यक्षादिविरुद्धसदाद्येकान्तपीडावर्जिता। **सप्तधे**ति सप्तप्रकारा। **धर्ममि**ति सदसदाद्यम् नित्यानित्याद्यं वा। **अनेकात्मके** इति अनेकधर्माधारभूते कथंचित्पक्षपवित्रिते इति। **निरदेशी**ति निर्दिष्टा। **यये**ति सप्तभङ्ग्या। **जल्पे**ति वादसंगरचत्वरे। **विजयत**े इति 'वि'पूर्वः 'जि जये' 'वि-पराभ्यां जिः" [कान्तन्त्रे पृ० १८४ ३ २१४२ सूत्रान्तर्गतम्] इति वचनादात्मनेपदम्।

प्रमाणेति अनेकान्तात्मकवस्तुग्राहकज्ञानम्। **नये**ति वस्त्वेकदेशग्राहकं ज्ञानम्, तयोः सप्तभङ्ग्यौ, तयोः। **साधारणमि**ति समानम्। **अनयो**रिति प्रमाणनयसप्तभङ्ग्योः ॥१४॥

अथास्यां प्रथमभङ्गोल्लेखं तावद् दर्शयन्ति—

तद्यथा– स्यादस्त्येव सर्वमिति विधिविकल्पनया प्रथमो भङ्गः ॥१५॥

§ १ स्यादित्यव्ययमनेकान्तावद्योतकं स्यात्कथञ्चित्स्वद्रव्यक्षेत्रकालभावरूपेणास्त्येव सर्वं कुम्भादि, न पुनः परद्रव्यक्षेत्रकालभावरूपेण। तथाहि कुम्भो द्रव्यतः पार्थिवत्वेनास्ति, न जलादिरूपत्वेन; क्षेत्रतः पाटलिपुत्रकत्वेन, न कान्यकुब्जादित्वेन; कालतः शैशिरत्वेन, न वासन्तिकादित्वेन; भावतः श्यामत्वेन, न रक्तत्वादिना। अन्यथेतररूपापत्त्या स्वरूपहानिप्रसङ्ग इति।

§ २ अवधारणं चात्र भङ्गेऽनभिमतार्थव्यावृत्त्यर्थमुपात्तम्। इतरथाऽनभिहिततुल्यतैवास्य वाक्यस्य प्रसज्येत, प्रतिनियतस्वार्थानभिधानात्।

तदुक्तम्—

"वाक्येऽवधारणं तावदनिष्टार्थनिवृत्तये।
कर्त्तव्यमन्यथाऽनुक्तसमत्वात् तस्य कुत्रचित्" ॥१॥

§ ३ तथाऽप्यस्त्येव कुम्भ इत्येतावन्मात्रोपादाने कुम्भस्य स्तम्भाद्यस्तित्वेनापि सर्वप्रकारेणास्तित्वप्राप्तेः प्रतिनियतस्वरूपानुपपत्तिः स्यात्, तत्प्रतिपत्तये स्यादिति प्रयुज्यते, स्यात्कथञ्चित्स्वद्रव्यादिभिरेवायमस्ति, न परद्रव्यादिभिरपीत्यर्थः। यत्रापि चासौ न प्रयुज्यते तत्रापि व्यवच्छेदफलैवकारवद् बुद्धिमद्भिः प्रतीयत एव। यदुक्तम्—

"सोऽप्रयुक्तोऽपि वा तज्ज्ञैः सर्वत्रार्थात् प्रतीयते।
यथैवकारोऽयोगादिव्यवच्छेदप्रयोजनः" ॥१॥१५॥

સપ્તભંગીના પ્રથમ ભંગનો ઉલ્લેખ--

ઘટાદિ પદાર્થ સ્યાત્ છે જ–આ પ્રકારે વિધિની કલ્પનાથી પહેલો ભંગ છે. ૧૫.

§૧. 'સ્યાત્' અવ્યય અનેકાન્તને જણાવનાર છે. સ્યાત્ એટલે કથંચિત્ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવથી કુંભાદિ સમસ્ત પદાર્થ વિદ્યમાન છે જ, પરન્તુ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવથી વિદ્યમાન નથી. તે આ પ્રમાણે–

કુંભ દ્રવ્યથી પાર્થિવરૂપે વિદ્યમાન છે પરંતુ જલાદિરૂપે નથી. ક્ષેત્રથી પાટલી પુત્રનો છે પણ કાન્યકુબ્જાદિનો નથી. કાળથી શિશિર ઋતુનો છે પરન્તુ વસન્તાદિ ઋતુનો નથી. ભાવથી શ્યામ છે પરન્તુ રક્તાદિ રૂપે નથી. પરરૂપાદિ વડે પણ અસ્તિત્વ માનવામાં પરરૂપાદિની પ્રાપ્તિ થવાથી સ્વરૂપાદિની હાનિનો પ્રસંગ આવશે.

§૨. આ ભંગમાં જે "જ" એવું અવધારણ છે તે અનભિમત (અનિષ્ટ) ધર્મની નિવૃત્તિ (નિવારણ) માટે છે, એવી નિવૃત્તિ ન માનવામાં કહ્યું ન કહ્યા બરાબર થઈ જશે. કારણ કે–તે વાક્ય વડે પોતાના નિયત અર્થનું કથન તો થયું નથી. કહ્યું છે કે–વાક્યમાં અવધારણ અવશ્ય કરવું જોઈએ, અન્યથા એ વાક્ય કોઈક સ્થળે અકથિત સમાન થઈ જશે, એટલે કે કહ્યા છતાં અભિપ્રેત અર્થ પ્રકટ નહિ કરી શકે.

§૩. 'જ'કારનું ગ્રહણ કરવા છતાં એટલે કે 'કુંભ છે જ' એટલું કહેવામાં આવે અને 'સ્યાત્' પદનું ગ્રહણ કરવામાં ન આવે તો કુંભમાં સ્તંભાદિ સર્વ-પ્રકારના અસ્તિત્વની પ્રાપ્તિ થશે, અર્થાત્ કુંભ સર્વપ્રકારે અસ્તિ બની જશે, અને તેમ થતાં પ્રતિનિયત સ્વરૂપની અનુપપત્તિ થશે એટલે કે–કુંભ કુંભરૂપે નહિ રહે, તેથી પ્રતિનિયત સ્વરૂપના બોધ માટે સ્યાત્પદનો પ્રયોગ કરવો જરૂરી છે, એટલે કે—આ ઘટાદિ પદાર્થ સ્યાત્ (કથંચિત્) સ્વદ્રવ્યાદિથી જ 'છે,' પરન્તુ પરદ્રવ્યાદિથી પણ છે નહિ—આવો અર્થ થશે. વળી, જ્યાં પણ આ સ્યાત્પદનો પ્રયોગ ન કરાયો હોય ત્યાં પણ તે વ્યવચ્છેદ કરનાર 'જ'કારની જેમ બુદ્ધિ-માન્ પુરુષો જાણી જ લે છે. કહ્યું છે કે–"અયોગાદિવ્યવચ્છેદક 'જ'કારનો પ્રયોગ ન હોય તો પણ જેમ તજ્જ્ઞ પુરુષો અર્થાત્ તેને જાણી જ લે છે તેમ પ્રયુક્ત ન હોય તો પણ સ્યાત્કારને તેઓ જાણી લે છે." ૧૫.

(પ૦) **अन्यथेतररूपापत्त्येति** अन्यथा पररूपेणाप्यस्तित्वेऽङ्गीक्रियमाणे।
स्यादिति स्याच्छब्दः ॥१५॥

(टि०) **तथाहि** इत्यादि ॥ **अन्यथेति** द्रव्यक्षेत्रकालभावानियमे ॥ **अनभिमतेति** स्वयोग-व्यवस्थापनार्थमित्यर्थः। **इतरथेति** स्वयोगव्यवस्थापनं विना। **वाक्येऽवधारणमित्यादि** ॥ **समत्वादिति** तुल्यत्वात्। **तस्येति** वाक्यस्य।

तत्प्रतिपत्तये इति। प्रतिनियतस्वरूपप्रतिपत्तये। **अयमिति** भावराशिः। **असाविति** स्याच्छब्दः। **सोऽप्रयुक्त** इति। **स** इति स्यात्कारशब्दः। **तज्ज्ञैरिति** स्यात्कारशब्दज्ञैः ॥१५॥

अथ द्वितीयभङ्गोल्लेखं व्यापयन्ति–

स्यान्नास्त्येव सर्वमिति निषेधकल्पनया द्वितीयः ॥१६॥

§ १ स्वद्रव्यादिभिरिव परद्रव्यादिभिरपि वस्तुनोऽसत्त्वानिष्टौ हि प्रतिनियत-स्वरूपाभावाद् वस्तुप्रतिनियमविरोधः।

§ २ न चास्तित्वैकान्तवादिभिरत्र नास्तित्वमसिद्धमित्यभिधानीयम्। कथञ्चित्तस्य वस्तुनि युक्तिसिद्धत्वात् साधनवत्। नहि क्वचिदनित्यत्वादौ साध्ये सत्त्वादिसाधनस्यास्तित्वं विपक्षे नास्तित्वमन्तरेणोपपन्नम्, तस्य साधनाभासत्वप्रसङ्गात्।

§ ३ अथ यदेव नियतं साध्यसद्भावेऽस्तित्वं तदेव साध्याभावे साधनस्य नास्तित्वमभिधीयते, तत्कथं प्रतिषेध्यम्? स्वरूपस्य प्रतिषेध्यत्वानुपपत्तेः, साध्यसद्भावे नास्तित्वं तु यत् तत्प्रतिषेध्यम्, तेनाविनाभावित्वे साध्यसद्भावास्तित्वस्य व्याघातात् तेनैव स्वरूपेणास्ति नास्ति चेति प्रतीत्यभावादिति चेत्।

§ ४ तदसत्। एवं हेतोस्त्रिरूपत्वविरोधात्, विपक्षासत्त्वस्य तात्त्विकस्याभावात्। यदि चायं भावाभावयोरेकत्वमाचक्षीत; तदा सर्वथा न क्वचित् प्रवर्तेत, नापि कुतश्चिन्निवर्त्तेत। प्रवृत्तिनिवृत्तिविषयस्य भावस्याभावपरिहारेणासंभवात्, अभावस्य च भावपरिहारेणेति वस्तुनोऽस्तित्वनास्तित्वयो रूपान्तरत्वमेष्टव्यम्। तथाचास्तित्वं नास्तित्वेन प्रतिषेध्येनाविनाभावि सिद्धम्। यथा च प्रतिषेध्यमस्तित्वस्य नास्तित्वं तथा प्रधानभावतः क्रमार्पितोभयत्वादिधर्मपञ्चकमपि वक्ष्यमाणं लक्षणीयम् ॥१६॥

સપ્તભંગીના બીજા ભંગનો ઉલ્લેખ-શબ્દ પ્રયોગ બતાવે છે—

ઘટાદિ સમસ્ત પદાર્થ સ્યાત્ નથી જ એ નિષેધની કલ્પનાથી બીજો છે.૧૬

§૧. જેમ સ્વદ્રવ્યાદિથી વસ્તુમાં અસત્ત્વ નથી, તેમ પરદ્રવ્યાદિથી પણ અસત્ત્વ ન માનવામાં આવે તો પ્રતિનિયતસ્વરૂપનો અભાવ થવાથી વસ્તુના પ્રતિનિયમનો વિરોધ આવશે, અર્થાત્ પરદ્રવ્યથી અસત્ છે માટે જ વસ્તુનું એક નિયત સ્વરૂપ બને છે.

§૨. એકાન્ત અસ્તિત્વવાદીઓએ તેમાં નાસ્તિત્વ અસિદ્ધ છે, એમ કહેવું ન જોઈએ. કારણ કે હેતુની જેમ વસ્તુમાં કથંચિત્ નાસ્તિત્વ પણ યુક્તિસિદ્ધ છે. અનિત્યત્વાદિ સાધ્ય કોઈ પણ વસ્તુમાં સિદ્ધ કરવું હોય ત્યારે સત્ત્વાદિ હેતુનું અસ્તિત્વ વિપક્ષમાં નાસ્તિત્વ વિના યુક્તિસંગત થઈ શકતું નથી, અન્યથા તે હેત્વાભાસ બની જશે, અર્થાત્ સત્ત્વાદિ હેતુનું પક્ષ અને સપક્ષમાં જેમ અસ્તિત્વ છે તેમ વિપક્ષમાં નાસ્તિત્વ ન માનવામાં આવે તો તે હેત્વાભાસ બની જશે.

§૩ શંકા—સાધ્ય વિદ્યમાન હોય ત્યારે સાધનનું જે નિયમપૂર્વક અસ્તિત્વ છે, તે જ સાધ્યના અભાવમાં નાસ્તિત્વ કહેવાય છે. તો આ પ્રકારનું નાસ્તિત્વ સ્વયં અસ્તિત્વરૂપ હોઈ કઈ રીતે પ્રતિષેધ્ય હોઈ શકે? અર્થાત્ તેનો પ્રતિષેધ ન થઈ શકે કારણ કે-સ્વરૂપ પ્રતિષેધ્ય બનતું નથી. અર્થાત્ સ્વરૂપનો નિષેધ થઈ શકતો નથી. પરન્તુ સાધ્યના સદ્ભાવમાં જે નાસ્તિત્વ છે તે તો પ્રતિષેધ્ય છે, એટલે તે પ્રતિષેધ્યરૂપ નાસ્તિત્વ સાથે સાધ્યના સદ્ભાવમાં રહેલ અસ્તિત્વનો આવિનાભાવ બાધિત છે, કારણ કે જે સ્વરૂપથી અસ્તિત્વ છે, તે જ સ્વરૂપથી નાસ્તિત્વ છે એવી પ્રતીતિ થતી નથી.

§૪. સમાધાન—આ કથન યોગ્ય નથી, કારણ કે એમ માનવામાં હેતુની ત્રિરૂપતા (ત્રિલક્ષણતા)માં વિરોધ આવશે, કારણ કે હેતુનું વિપક્ષાસત્ત્વ લક્ષણ તાત્ત્વિક નહિ બને. વળી. જો અસ્તિત્વૈકાન્તવાદી (સાંખ્ય-વેદાન્તી) ભાવ અને અભાવ

ઉભયને એકસ્વરૂપ કહે તો તે સર્વથા ક્યાંઈ પ્રવૃત્ત નહિ થાય અને ક્યાંઈથી નિવૃત્ત પણ નહિ થાય. કારણ કે-પ્રવૃત્તિ અને નિવૃત્તિના વિષયરૂપ ભાવનો અભાવના પરિહારથી અને અભાવનો ભાવના પરિહારથી ક્યાંઇ પણ સંભવ નથી. વસ્તુમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્નેને ભિન્ન ભિન્ન માનવા જોઈએ. અને એમ થતાં પ્રતિષેધ્ય નાસ્તિત્વનું અસ્તિત્વ અવિનાભાવિ સિદ્ધ થયું અને જેમ પ્રતિષેધ્ય નાસ્તિત્વનું અવિનાભાવિરૂપે અસ્તિત્વ સિદ્ધ છે; તેમ હવે પછી કહેવાતું પ્રધાનભાવથી ક્રમની અપેક્ષાએ ઉભયત્વાદિ ધર્મપંચકનું પણ અવિનાભાવિ સિદ્ધ છે, એમ જાણવું. ૧૬.

(प०) अथ[1] यदेवेत्यादिगद्ये **तदि**ति नास्तित्वम् । **कथं प्रतिषेध्यमि**ति स्वरूपं हि तत् । **स्वरूपस्ये**ति अस्तित्वनास्तित्वलक्षणस्य । **तेने**ति प्रतिषेध्येन नास्तित्वेन[2] । **अविनाभावित्वे** इति जैनाभिमते ।

तदसदित्यादि जैनो वक्ति । **अयमि**ति पूर्वोपन्यस्तवादी । **निवर्त्तते**त्यतोऽग्रे 'यतः' इति गम्यम् । **प्रवृत्तिनिवृत्तिविषयस्ये**त्यादिगद्ये **भावस्ये**ति प्रवृत्तिविषयस्य । **अभावस्ये**ति निवृत्तिविषयस्य । **असम्भवादि**ति ऐक्यात् तयोः । **अभावस्य च भावपरिहारेणे**त्यतोऽग्रे 'असम्भवात्' इति योज्यम् । अथ च प्रवर्त्तते निवर्तते चेति समग्रवाक्यार्थः । **स्वरूपान्तरत्वमेष्टव्यमि**ति न पुनरैक्यम् । अन्यथा प्रवृत्तिनिवृत्ती न सम्भवतः । **तथा चे**त्यादिना तत्त्वमाह । **अविनाभावि सिद्धमि**ति न पुनरैक्यं तयोः । **अस्तित्वस्ये**ति अस्तित्वस्य नास्तित्वं प्रतिषेध्यम् इति योगः । यथा द्वितीयभङ्गे अस्तित्वस्य प्रतिषेध्यं नास्तित्वं प्राधान्येनाभवदिति वाच्यार्थः । **क्रमार्पितोभयत्वादी**त्यादि क्रमार्पितोभयत्वाख्यस्तृतीयो भङ्गः । **लक्षणीयमि**ति अस्तित्वस्येव ॥१६॥

(टि०) **स्वद्रव्यादिभिरि**त्यादि ॥ यथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैर्वस्तुनोऽसत्त्वमनिष्टं तथा यदि परद्रव्यादिभिरपि असत्त्वमनिष्टम् प्रतिनियतस्वरूपत्वं तत्र न स्यात् । अत एव विरोधः संभवी ।

अत्रेति वस्तुनि । **तस्ये**ति अनित्यत्वस्य । **साधनवदि**ति हेतुवत् । विपक्षे नास्तित्ववर्जितस्यास्तित्वस्य ।

तदिति नास्तित्वम् । **स्वरूपस्ये**ति अस्तित्वस्य । यतोऽस्तित्वमेव नास्तित्वम् यतो न घटस्वरूपं घटेनैव निषिध्यते । **साध्यसद्भावे** इति । साध्यसद्भावे नास्तित्वं यत् तेनास्तित्वेन सहाविनाभावित्वेनास्तित्वमिति हेतोः । **तेने**ति नास्तित्वेन । **तेनैवे**ति येनैव स्वरूपेणास्तित्वं न तेनैव नास्तित्वम् । एकस्वरूपे उभयोरस्तित्व-नास्तित्वयोः प्रतीत्यनुपपत्तेः । **यदि चायमि**ति । अस्तित्वैकान्तवादी । **यथा चे**ति नास्तित्वमिति अविनाभावि ॥१६॥

अथ तृतीयं भङ्गमुल्लेखतो व्यक्तीकुर्वन्ति—

स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमतो विधिनिषेधकल्पनया तृतीयः ॥१७॥

§ १ सर्वमिति पूर्वसूत्रादिहोत्तरत्र चानुवर्त्तनीयम् । ततोऽयमर्थः । क्रमार्पितस्वपरद्रव्यादिचतुष्टयापेक्षया क्रमार्पिताभ्यामस्तित्वनास्तित्वाभ्यां विशेषितं सर्वं कुम्भादि वस्तु स्यादस्त्येव स्यान्नास्त्येवेत्युल्लेखेन वक्तव्यमिति ॥१७॥

---

१ अथ यथेत्या°-ल । २ इतः परं 'अविनाभावित्वेन' इति ल ।

સપ્તભંગીના ત્રીજા ભંગનો ઉલ્લેખ—

ઘટાદિ સમસ્ત પદાર્થ કથંચિત્ છે જ અને કથંચિત્ નથી. જ એ રીતે ક્રમિક વિધિ અને નિષેધની કલ્પનાથી ત્રીજો ભંગ છે. ૧૭.

इदानीं चतुर्थभङ्गोल्लेखमाविर्भावयन्ति—

स्यादवक्तव्यमेवेति युगपद्विधिनिषेधकल्पनया चतुर्थः ॥१८॥

§ १ द्वाभ्यामस्तित्वनास्तित्वाख्यधर्माभ्यां युगपत्प्रधानतयाऽर्पिताभ्यामेकस्य वस्तुनोऽभिधित्सायां तादृशस्य शब्दस्यासंभवादवक्तव्यं जीवादि वस्त्विति । तथाहि—सदसत्त्वगुणद्वयं युगपदेकत्र सदित्यभिधानेन वक्तुमशक्यम् । तस्यासत्त्वप्रतिपादनासमर्थत्वात् । तथैवासदित्यभिधानेन न तद्वक्तुं शक्यम् । तस्य सत्त्वप्रत्यायने सामर्थ्याभावात् । साङ्केतिकमेकं पदं तदभिधातुं समर्थमित्यपि न सत्यम् । तस्यापि क्रमेणार्थद्वयप्रत्यायने सामर्थ्योपपत्तेः । शतृशानचौ सदिति शतृशानचोः सङ्केतितसच्छब्दवत् । द्वन्द्ववृत्तिपदं तयोः सकृदभिधायकमित्यप्यनेनापास्तम् । सदसत्त्वे इत्यादि पदस्य क्रमेण धर्मद्वयप्रत्यायने समर्थत्वात् । कर्मधारयादिवृत्तिपदमपि न तयोरभिधायकं तत एव वाक्यं तयोरभिधायकमनेनैवापास्तमिति सकलवाचकरहितत्वादवक्तव्यं वस्तु युगपत् सदसत्त्वाभ्यां प्रधानभावार्पिताभ्यामाक्रान्तं व्यवतिष्ठते ।

§ २ अयं च भङ्गः कैश्चित् तृतीयभङ्गस्थाने पठ्यते, तृतीयश्चैतस्य स्थाने । न चैवमपि कश्चिद्दोषः, अर्थविशेषस्याभावात् ॥१८॥

આ સૂત્રમાં અને ભંગના પ્રતિપાદક હવે પછીના સૂત્રોમાંથી પૂર્વ સૂત્રમાં 'સર્વ' પદની અનુવૃત્તિ કરી લેવી તેથી કરીને આ અર્થ થયો—ક્રમથી અર્પિત સ્વપરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ ક્રમાર્પિત અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મયુક્ત કુંભાદિ સર્વ વસ્તુ સ્યાત્ છે જ, અને સ્યાત્ નથી જ. ૧૭.

સપ્તભંગીના ચોથા ભંગનો ઉલ્લેખ—

ઘટાદિ સમસ્ત પદાર્થ સ્યાત્ અવક્તવ્ય જ છે. આ રીતે યુગપત્ (એકી સાથે) વિધિ અને નિષેધની કલ્પનાથી આ ચોથો ભંગ છે. ૧૮.

યુગપત્ પ્રધાન સ્વરૂપે વિવક્ષિત અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બન્ને ધર્મ દ્વારા એક વસ્તુને કહેવાની ઇચ્છા હોય ત્યારે કોઈ શબ્દ નથી કે જે પૂર્વોક્ત બન્ને ધર્મોથી યુક્ત પદાર્થને કહી શકે. માટે જીવાદિ સમસ્ત પદાર્થ સ્યાત્ અવક્તવ્ય જ છે, તે આ પ્રમાણે—

સત્ત્વ અને અસત્ત્વરૂપ બન્ને ગુણો—(ધર્મો) એક સ્થળે એકી સમયે 'સત્' શબ્દથી કહી શકાતા નથી, કારણ 'કે-'સત્' શબ્દ અસત્ત્વનું પ્રતિપાદન (કથન)

કરવાને અસમર્થ છે, તેવી જ રીતે 'અસત્' શબ્દથી પણ કથન થઈ શકતું નથી કારણ કે-અસત્ શબ્દ સત્ત્વનું પ્રતિપાદન કરવાને અસમર્થ છે. અર્થાત્ સત્' શબ્દ જેમ બન્ને ધર્મોને એકી સાથે કહી શકતો નથી તેમ 'અસત્' શબ્દ પણ બન્ને ધર્મોને એકી સાથે કહી શકતો નથી. સંકેતિત કોઈ એક શબ્દ તે બન્ને ધર્મોને એકી સાથે કહેવા સમર્થ થશે, એમ પણ નથી, જેમકે "शतृ-शानचौ सत्" (૩. ૪. ૧૨૪ પાણિનિ)સૂત્રથી શતૃ અને શાનચ્ પ્રત્યયના અર્થમાં સંકેતિત 'સત્' શબ્દ शतृ અને शानच् એ બન્નેનું ક્રમથી જ પ્રતિપાદન કરે છે, પરંતુ યુગપત્ પ્રતિપાદન કરતો નથી. દ્વન્દ્વ સમાસથી બનેલ પદ(શબ્દ) એકી સમયે આ બન્ને ધર્મોને કહી શકશે એ કથન પણ ઉપરોક્ત કથનથી ખંડિત થઈ ગયેલું જાણવું. કારણ કે 'સદસત્' આદિ સમસ્ત પદો પણ અનુક્રમે જ બન્ને ધર્મોને જણાવવાને સમર્થ છે. કર્મધારય વિગેરે સમાસથી બનેલ પદ પણ તે બન્ને ધર્મોનું એકી સમયે એક જ સ્થળે અભિધાયક થઈ શકતું નથી. તેવી જ રીતે વાક્ય પણ તે બન્ને ધર્મોનું એક સાથે બોધક છે એવું કથન પણ ઉપરોક્ત કથનથી ખંડિત થઈ ગયેલ જાણવું. માટે પ્રધાનભાવે વિવક્ષિત સત્ત્વ અને અસત્ત્વ ધર્મથી યુક્ત વસ્તુ સર્વ પ્રકારના વાચકથી રહિત હોવાથી 'અવક્તવ્ય' જ છે એ સિદ્ધ થયું.

§૨. આ ભંગને કોઈ ત્રીજા ભંગના સ્થાને અને ત્રીજાને આ ભંગના સ્થાને કહે છે. તેમાં કોઈ જાતનો અર્થભેદ નથી માટે તેમાં દોષ નથી. ૧૮.

(प०) **तथाहि सदसत्त्वगुणद्वय**मित्यादिगद्ये **एकत्रेति** एकत्र वस्तुनि । **तदिति** सदसत्त्वगुणद्वयम् । **साङ्केतिक**मित्यादि परः । **तदभिधातुमिति** सदसत्त्वगुणद्वयं वक्तुम् । **तस्यापीति** साङ्केतिकपदस्यापि । "**शतृशानचौ**"[३।२।१२४]इति पाणिनिसूत्रम् । **शतृ-शानचोरिति**–शतृ-शानचोर्विषये । **अनेनेति** वक्ष्यमाणप्रकारेण । **अपास्तमि**त्यतोऽग्रे 'यतः' इति गम्यम् । **सदसत्त्वे इत्यादि** । **पदस्ये**त्यादि काक्वा व्याख्या । **तत एवेति** क्रमेण धर्मद्वयप्रत्यायने समर्थत्वादेव । **अनेनेति** पूर्वोक्तप्रकारेण ।

कैश्चिदिति गन्धहस्तिप्रभृतिभिः ॥१८॥

(टि०) **तथाहि-त**दित्यादि ॥ **तस्ये**ति सत्त्वस्य । **तस्ये**ति असत्त्वस्य ॥ **तदिति** गुणद्वयम् । **तस्यापीति** सांकेतिकपदस्यापि । **द्वन्द्ववृत्तीति** सदसद्रूपं पदम् । **तयोरिति** अस्तित्व-नास्तित्वयोः । **तत एवेति** सदसत्त्वे इत्यादिपदस्य क्रमेण धर्मद्वयप्रत्यायने समर्थत्वादेव । **वाक्यमिति** पद-समूहात्मकम् । **तयोरिति** सदसतोः ॥१८॥

अथ पञ्चमभङ्गोल्लेखमुपदर्शयन्ति–

स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च पञ्चमः ॥१९॥

§१ स्वद्रव्यादिचतुष्टयापेक्षयाऽस्तित्वे सत्यस्तित्वनास्तित्वाभ्यां सह वक्तुमशक्यं सर्वं वस्तु । ततः स्यादस्त्येव स्यादवक्तव्यमेवेत्येवं पञ्चमभङ्गेनोपदर्श्यत इति ॥१९॥

સપ્તભંગીના પાંચમા ભંગનો ઉલ્લેખ—

ઘટાદિ સમસ્ત પદાર્થ સ્યાત્ છે જ, સ્યાત્ અવક્તવ્ય જ છે, એ રીતે વિધિની કલ્પના અને યુગપત્‌વિધિનિષેધની કલ્પનાથી આ પાંચમો ભંગ જાણવો. ૧૯.

§૧ સમસ્ત વસ્તુનું સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ અસ્તિત્વ છતાં તે અસ્તિ અને નાસ્તિ શબ્દો વડે યુગપત્ કહી શકાતી નથી, માટે સ્યાત્ છે જ અને સ્યાત્ અવક્તવ્ય જ છે. આવા પ્રકારના પાંચમા ભંગથી તેનું નિરૂપણ થાય છે. ૧૯

अथ षष्ठभङ्गोल्लेखं प्रकटयन्ति—

स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च षष्ठः ॥२०॥

§ १ परद्रव्यादिचतुष्टयापेक्षया नास्तित्वे सत्यस्तित्वनास्तित्वाभ्यां यौगपद्येन प्रतिपादयितुमशक्यं समस्तं वस्तु । ततः स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेत्येवं षष्ठभङ्गेन प्रकाश्यते ॥२०॥

સપ્તભંગીના છઠ્ઠા ભંગનો ઉલ્લેખ—

ઘટાદિ સમસ્ત પદાર્થ સ્યાત્ નથી જ અને સ્યાત્ અવક્તવ્ય જ છે. એ રીતે નિષેધની કલ્પના અને યુગપત્ વિધિનિષેધની કલ્પનાથી આ છઠ્ઠો ભંગ જાણવો. ૨૦.

§૧, સમસ્ત વસ્તુનું પરદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ નાસ્તિત્વ છતાં તે અસ્તિ અને નાસ્તિ શબ્દોથી એકી સાથે કહી શકાતી નથી માટે સ્યાત્ નથી જ અને સ્યાત્ અવક્તવ્ય જ છે આવા પ્રકારના છઠ્ઠા ભંગથી તેનું પ્રકાશન થાય છે. ૨૦.

संप्रति सप्तमभङ्गमुल्लिखन्ति—

स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति क्रमतो विधिनिषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च सप्तम इति ॥२१॥

§ १ इतिशब्दः सप्तभङ्गीसमाप्त्यर्थः । स्वपरद्रव्यादिचतुष्टयापेक्षयाऽस्तित्वनास्तित्वयोः सतोरस्तित्वनास्तित्वाभ्यां समसमयमभिधातुमशक्यमखिलं वस्तु तत एवमेनन भङ्गेनोपदर्श्यते ॥२१॥

સપ્તભંગીના સાતમા ભંગનો ઉલ્લેખ—

ઘટાદિ સમસ્ત પદાર્થ સ્યાત્ છે જ, સ્યાત્ નથી જ અને સ્યાત્ અવક્તવ્ય જ છે, એ રીતે ક્રમથી વિધિ-નિષેધની કલ્પના અને યુગપત્ વિધિનિષેધની કલ્પનાથી આ સાતમો ભંગ જાણવો. ૨૧.

§૧ સૂત્રમાં इति શબ્દ સપ્તભંગી પ્રકરણની સમાપ્તિ માટે છે. સમસ્ત

વસ્તુ સ્વદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ અસ્તિત્વથી યુક્ત અને પરદ્રવ્યાદિ ચારની અપેક્ષાએ નાસ્તિત્વથી યુકત છે. છતાં તેનું અસ્તિ અને નાસ્તિ શબ્દ દ્વારા સમ-સમયે કથન થઈ શકતું નથી માટે સ્યાત્ છે જ, સ્યાત્ નથી જ, સ્યાત્ અવકતવ્ય જ છે, આ સાતમા ભંગ દ્વારા તેનું ઉપદર્શન થાય છે. ૨૧.

(૫૦) समसमयमिति समकालम् ॥२१॥

अथास्यामेव सप्तभङ्ग्यामेकान्तविकल्पान्निराचिकीर्षवः सूत्राण्याहुः—

विधिप्रधान एव ध्वनिरिति न साधु ॥२२॥

प्राधान्येन विधिमेव शब्दोऽभिधत्ते इति न युक्तम् ॥२२॥

अत्र हेतुमाहुः—

निषेधस्य तस्मादप्रतिपत्तिप्रसक्तेः ॥२३॥

§ १ तस्मादिति शब्दात् ॥२३॥

आशङ्कान्तरं निरस्यन्ति—

अप्राधान्येनैव ध्वनिस्तमभिधत्ते इत्यप्यसारम् ॥२४॥

§ १ तमिति निषेधम् ॥२४॥

अत्र हेतुमाचक्षते—

क्वचित् कदाचित् कथञ्चित् प्राधान्येनाप्रतिपन्नस्य तस्याप्राधान्यानुपपत्तेः ॥२५॥

§ १ न खलु मुख्यतः स्वरूपेणाप्रतिपन्नं वस्तु क्वचिदप्रधानभावमनुभवतीति ॥२५॥

આ સપ્તભંગીમાં એકાન્ત વિકલ્પોનું નિરાકરણ—

ધ્વનિ–શબ્દ મુખ્યપણે વિધિનું જ પ્રતિપાદન કરે છે, એ કથન યુકિત-સંગત નથી, ૨૨.

§૧. શબ્દ પ્રધાનરૂપે વિધિનું જ કથન કરે છે, એ યુકિતયુકત નથી. ૨૨

એ વિષે હેતુનું કથન—

કારણ કે-તો પછી શબ્દથી નિષેધનો બોધ થશે નહિ. ૨૩.

§૧. સૂત્રગત तस्मात् પદનો અર્થ શબ્દથી એમ છે. ૨૩.

એ જ વિષયમાં બીજી શંકાનું નિરસન—

શબ્દ નિષેધને ગૌણરૂપે જ કહે છે. એ કથન પણ યોગ્ય નથી. ૨૪.

§૧ સૂત્રગત तम् પદનો અર્થ નિષેધ છે. ૨૪.

એ વિષે હેતુનું કથન—

કારણ કે–કોઈ પણ સ્થળે, કોઈ પણ વખતે, કોઈ પણ રીતે મુખ્યરૂપે નિષેધ ન જણાયો હોય તો તે અન્યત્ર ગૌણરૂપે સિદ્ધ થઈ શકતો નથી ૨૫.

§૧. મુખ્ય સ્વરૂપે અજ્ઞાત વસ્તુ કદી પણ ગૌણભાવને અનુભવતી નથી. ૨૫.

इत्थं प्रथमभङ्गैकान्तं निरस्येदानीं द्वितीयभङ्गैकान्तनिरासमतिदिशन्ति—

निषेधप्रधान एव शब्द इत्यपि प्रागुक्तन्यायादपास्तम् ॥२६॥

व्यक्तम् ॥२६॥

अथ तृतीयभङ्गैकान्तं पराकुर्वन्ति—

क्रमादुभयप्रधान एवायमित्यपि न साधीयः ॥२७॥

अयमिति शब्दः ॥२७॥

एतदुपपादयन्ति—

अस्य विधिनिषेधान्यतरप्रधानत्वानुभवस्याप्यबाध्यमानत्वात् ॥२८॥

§१ प्रथमद्वितीयभङ्गगतैकैकप्रधानत्वप्रतीतेरप्यबाधितत्वान्न तृतीयभङ्गैकान्ताभ्युपगमः श्रेयान् ॥२८॥

ઉપર મુજબ પહેલા ભંગના એકાન્તનું નિરસન કરીને બીજા ભંગના એકાન્તના નિરસનની ભલામણ—

શબ્દ પ્રધાનરૂપે નિષેધનો જ વાચક છે આ કથન પણ પૂર્વોક્ત ન્યાયથી ખંડિત થઈ ગયેલ છે. ૨૬.

ત્રીજા ભંગના એકાન્તનું નિરાકરણ—

શબ્દ અનુક્રમે વિધિ અને નિષેધ બન્નેનો જ પ્રધાનરૂપે વાચક છે, એ કથન પણ સમીચીન નથી. ૨૭.

§૧. સૂત્રમાં 'અયમ્' થી શબ્દ સમજવો. ૨૭.

એ વિષેનું સમર્થન—

કારણ કે-શબ્દ માત્ર વિધિ કે માત્ર નિષેધનો પણ પ્રધાનસ્વરૂપે વાચક છે, એ રીતે થતો અનુભવ બાધિત (ખોટો) નથી. ૨૮.

§૧. પ્રથમ ભંગ અને બીજા ભંગ-એ પ્રત્યેકની પ્રાધાન્યતા બાધિત થયા વિના જ જ્ઞાત થાય છે, માટે એકાન્ત ત્રીજા ભંગનો સ્વીકાર શ્રેયસ્કર નથી. ૨૮.

अथ चतुर्थभङ्गैकान्तपराभवाय प्राहुः—

युगपद्विधिनिषेधात्मनोऽर्थस्यावाचक एवासाविति च न चतुरस्रम् ॥२९॥

§१ स्यादवक्तव्यमेवेति चतुर्थभङ्गैकान्तो न श्रेयानित्यर्थः ॥२९॥

कुत इत्याहुः—

तस्यावक्तव्यशब्देनाप्यवाच्यत्वप्रसङ्गात् ॥३०॥

ચોથા ભંગના એકાન્તનું નિરાકરણ—

શબ્દ એકી સાથે વિધિ અને નિષેધરૂપ પદાર્થનો અવાચક જ છે-આમ બોલવું તે ઉચિત નથી. ૨૯.

§૧ વસ્તુ કથંચિત્ અવક્તવ્ય જ છે-આ ચોથા ભંગનો એકાન્ત પણ શ્રેયસ્કર નથી. ૨૯.

ચોથા ભંગના એકાન્તની અનુચિતતાનું કારણ—

કારણ કે-એવું માનવામાં પદાર્થ અવક્તવ્ય શબ્દથી પણ વાચ્ય બની શકશે નહિ. ૩૦.

अथ पञ्चमभङ्गैकान्तमपास्यन्ति—

विध्यात्मनोऽर्थस्य वाचकः सन्नुभयात्मनो युगपदवाचक एव स इत्येकान्तोऽपि न कान्तः ॥३१॥

अत्र निमित्तमाहुः—

निषेधात्मनः सह द्वयात्मनश्चार्थस्य वाचकत्वावाचकत्वाभ्यामपि शब्दस्य प्रतीयमानत्वात् ॥३२॥

§१ निषेधात्मनोऽर्थस्य वाचकत्वेन सह विधिनिषेधात्मनोऽर्थस्यावाचकत्वेन च शब्दः षष्ठभङ्गे प्रतीयते यतः, ततः पञ्चमभङ्गैकान्तोऽपि न श्रेयान् ॥३२॥

षष्ठभङ्गैकान्तमपाकुर्वन्ति—

निषेधात्मनोऽर्थस्य वाचकः सन्नुभयात्मनो युगपदवाचक एवायमित्यप्यवधारणं न रमणीयम् ॥३३॥

अत्र हेतुमुपदर्शयन्ति—

इतरथाऽपि संवेदनात् ॥३४॥

§१ आद्यभङ्गादिषु विध्यादिप्रधानतयाऽपि शब्दस्य प्रतीयमानत्वादित्यर्थः ॥३४॥

अथ सप्तमभङ्गैकान्तमपाकुर्वन्ति—

क्रमाक्रमाभ्यामुभयस्वभावस्य भावस्य वाचकश्चावाचकश्च ध्वनिर्नान्यथेत्यपि मिथ्या ॥३५॥

अत्र बीजमाख्यान्ति—

विधिमात्रादिप्रधानतयाऽपि तस्य प्रसिद्धेः ॥३६॥

પાંચમા ભંગના એકાન્તનું નિરાકરણ—

શબ્દ વિધિરૂપ અર્થનો વાચક છતાં યુગપત્ વિધિ-નિષેધાત્મક પદાર્થનો અવાચક જ છે-અર્થાત્ શબ્દ પાંચમા ભંગનો જ વાચક છે એવું એકાન્તે માનવું તે પ્રશસ્ય નથી. ૩૧.

એકાન્ત પાંચમા ભંગની અનુચિતતાનું કારણ—

કારણ કે શબ્દ નિષેધાત્મક અર્થના વાચક અને યુગપદ્વિધિનિષેધાત્મક અર્થના અવાચક તરીકે પ્રતીત થાય છે. ૩૨.

§૧ કારણ કે નિષેધાત્મક અર્થના વાચક તરીકે અને વિધિનિષેધાત્મક (ઉભય-સ્વરૂપ) અર્થના અવાચક તરીકે શબ્દ છઠ્ઠા ભંગમાં પ્રતીત થાય છે માટે પાંચમા ભંગનો એકાન્ત શ્રેયસ્કર નથી. ૩૨.

છટ્ઠા ભંગના એકાન્તનું નિરાકરણ—

શબ્દ નિષેધરૂપ પદાર્થનો વાચક છતાં યુગપત્ વિધિનિષેધાત્મક પદાર્થનો અવાચક જ છે-અર્થાત્ શબ્દ છટ્ઠા ભંગનો જ વાચક છે એવો એકાન્ત નિર્ણય પ્રશંસનીય નથી. ૩૩

તેનું કારણ—

કારણ કે-અન્ય પ્રકારે પણ પદાર્થના વાચક તરીકે શબ્દ અનુભવાય છે. ૩૪

§૧. પ્રથમ વગેરે ભંગોમાં વિધિ આદિમાં પણ પ્રધાનપણે શબ્દ પ્રતીત થાય છે, આ સૂત્રનો અર્થ છે. ૩૪.

સાતમાં ભંગના એકાન્તનું નિરાકરણ--

શબ્દ ક્રમથી ઉભયાત્મક પદાર્થનો વાચક, અને યુગપત્ ઉભયાત્મક પદાર્થનો અવાચક જ છે, પરંતુ બીજા કોઈ પ્રકારે પદાર્થનો વાચક નથી એ માન્યતા પણ ખોટી છે. ૩૫.

તેનું કારણ—

કારણ કે-માત્ર વિધિ આદિના પ્રધાનરૂપે પણ વાચક તરીકે શબ્દ પ્રતીત થાય છે. ૩૬.

(टि०) अथ सप्तमभङ्गैकान्तेत्यादि ॥ अवाचकश्चेति क्रमाक्रमाभ्याम् ॥३५॥ वीजमिति हेतुम् ॥३६॥

§ १ नन्वेकस्मिन् जीवादौ वस्तुन्यनन्तानां विधीयमाननिषिध्यमानानां धर्माणामङ्गीकरणादनन्ता एव वचनमार्गाः स्याद्वादिनां भवेयुः, वाच्येयत्ताऽऽयत्तत्वाद् वाचकेयत्तायाः; ततो विरुद्धैव सप्तभङ्गीति ब्रुवाणं निरस्यन्ति—

एकत्र वस्तुनि विधीयमाननिषिध्यमानानन्तधर्माभ्युपगमेनानन्तभङ्गीप्रसङ्गादसङ्गतैव सप्तभङ्गीति न चेतसि निधेयम् ॥३७॥

अत्र हेतुमाहुः—

विधिनिषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुन्यनन्तानामपि सप्तभङ्गीनामेव संभवात् ॥३८॥

§१ एकैकं पर्यायमाश्रित्य वस्तुनि विधिनिषेधविकल्पाभ्यां व्यस्तसमस्ताभ्यां सप्तैव भङ्गाः संभवन्ति, न पुनरनन्ताः । तत्कथमनन्तभङ्गीप्रसङ्गादसङ्गतत्वं सप्तभङ्ग्याः समुद्भाव्यते ? ॥३८॥

§૧. એક જીવાદિ પદાર્થમાં વિધીયમાન અને નિષિધ્યમાન અનંત ધર્મોના સ્વીકારથી સ્યાદ્વાદીઓને અનંત વચનમાર્ગોની પ્રાપ્તિ થશે કારણ કે-વાચકની ઇયત્તા (મર્યાદા) વાચ્યની ઇયત્તાને આધીન હોય છે, માટે સપ્તભંગીની માન્યતા ન્યાયવિરુદ્ધ છે, એવું બોલનાર વાદીનું નિરાકરણ—

જીવાદિ પ્રત્યેક વસ્તુમાં વિધિરૂપ અને નિષેધરૂપ અનન્તધર્મોનો સ્વીકાર કરેલ છે માટે અનન્તભંગીનો પ્રસંગ આવશે તેથી કરીને સપ્તભંગી અસંગત છે, એવું (કોઈએ) મનમાં વિચારવું નહિ. ૩૭.

તેમાં હેતુ—

કારણ કે વિધિ-નિષેધના પ્રકારોની અપેક્ષાએ એક એક પર્યાય (ધર્મ)ને લઈને વસ્તુમાં અનન્ત સપ્તભંગીઓ થઈ શકે છે. ૩૮.

§૧. વસ્તુ(પદાર્થ)માં એક એક પર્યાય(ધર્મ)ની અપેક્ષાએ તેના એકેક અને સંમિલિત એવા વિધિ અને નિષેધના વિકલ્પો–ભેદો માત્ર સાત ભંગરૂપે જ થાય છે પણ અનન્ત થતા નથી. તો પછી અનન્ત ભંગીના પ્રસંગને કારણે સપ્તભંગીને અસંગત કઈ રીતે કહી શકાય ?

સારાંશ છે કે શંકાકારનું કહેવું છે કે-જૈનો એક વસ્તુમાં અનંત ધર્મો માને છે, માટે તેઓએ સપ્તભંગીને બદલે અનન્તભંગીને માનવી જોઈએ, તેનો ઉત્તર એ આપવામાં આવ્યો છે-કે એક વસ્તુમાં અનન્તધર્મ છે અને એક ધર્મને લઈને એક એક સપ્તભંગી બને છે માટે અનંત ધર્મોની અનન્ત સપ્તભંગીઓ થશે, આમ જૈનોએ અનંત સપ્તભંગીનો સ્વીકાર કરેલ છે, પણ અનંત ભંગોનો નહિ. ૩૮.

कुतः सप्तैव भङ्गाः संभवन्तीत्याहुः—

प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव संभवात् ॥३९॥

एतदपि कुत इत्याहुः—

तेषामपि सप्तत्वं सप्तविधतज्जिज्ञासानियमात् ॥४०॥

अथ सप्तविधतज्जिज्ञासानियमे निमित्तमाहुः—

तस्या अपि सप्तविधत्वं सप्तधैव तत्सन्देहसमुत्पादात् ॥४१॥

§१ तस्या अपीति प्रतिपाद्यजिज्ञासायाः । तत्संदेहसमुत्पादादिति प्रतिपाद्यसंशयसमुत्पत्तेः ॥४१॥

સાત જ ભંગ કેમ થઈ શકે તેનું સમાધાન—

પ્રતિપર્યાય-એક એક ધર્મની અપેક્ષાએ શિષ્યના સાત જ પ્રશ્નો થઈ શકે છે, માટે સાત ભંગ થાય છે. ૩૯.

સાત પ્રકારના પ્રશ્નો થવાનું કારણ—

તે (પ્રશ્નો) પણ સાત એટલા માટે છે કે તેને સાત જ પ્રકારની જિજ્ઞાસા થાય છે. ૪૦.

સાત પ્રકારે જિજ્ઞાસા થવાનું કારણ—

સાત જ પ્રકારની 'તે' (જિજ્ઞાસા) એટલા માટે છે કે તેને સાત જ સંદેહ ઉત્પન્ન થાય છે. ૪૧.

§१ મૂળમાં 'तस्याः' શબ્દનો અર્થ શિષ્યની જિજ્ઞાસાનો એમ થાય છે અને 'तत्संदेहसमुत्पादात्'—નો અર્થ શિષ્યમાં સંદેહની ઉત્પત્તિ થવાથી એમ છે. ૪૧.

सन्देहस्यापि सप्तधात्वे कारणमाहुः—

तस्यापि सप्तप्रकारत्वनियमः स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वस्यैवोपपत्तेः ॥४२॥

§१ तस्य प्रतिपाद्यगतसन्देहस्य । स्वगोचरवस्तुधर्माणां सन्देहविषयीकृतानामस्तित्वादिवस्तुपर्यायाणाम् ॥४२॥

સાત પ્રકારના સંદેહ થવાનું કારણ—

સંદેહના વિષયભૂત વસ્તુના ધર્મો સાત પ્રકારના જ હોવાથી સંદેહ સાત જ થાય છે. ૪૨.

§૧ મૂળમાં 'तस्य' એટલે શિષ્યના સંદેહના, અને 'स्वगोचरवस्तुधर्माणां' એટલે 'સંદેહના વિષયભૂત અસ્તિત્વાદિ વસ્તુના પર્યાયોની'–એવો અર્થ છે. ૪૨.

इयं सप्तभङ्गी किं सकलादेशस्वरूपा, विकलादेशस्वरूपा वेत्यारेकां पराकुर्वन्ति—

इयं सप्तभङ्गी प्रतिभङ्गं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च ॥४३॥

§१ एकैको भङ्गोऽस्याः संबन्धी सकलादेशस्वभावः, विकलादेशस्वभावश्चेत्यर्थः ॥४३॥

આ સપ્તભંગી સકલાદેશ સ્વરૂપ છે કે વિકલાદેશસ્વરૂપ ? એ શંકાનું નિરાકરણ—

આ સપ્તભંગી પ્રત્યેક ભંગમાં બે પ્રકારે છે, ૧–સકલાદેશસ્વભાવવાળી અને ૨–વિકલાદેશસ્વભાવવાળી. ૪૩.

§૧ આ સપ્તભંગી સંબંધી પ્રત્યેક ભંગ સકલાદેશસ્વભાવ અને વિકલાદેશસ્વભાવવાળો છે. ૪૩

अथ सकलादेशं लक्षयन्ति—

प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः ॥४४॥

§१ कालादिभिरष्टाभिः कृत्वा यदभेदवृत्तेर्धर्मधर्मिणोरपृथग्भावस्य प्राधान्यं तस्मात्, कालादिभिर्भिन्नात्मनामपि धर्मधर्मिणामभेदाध्यारोपाद्वा समकालमभिधायकं वाक्यं सकलादेशः प्रमाणवाक्यमित्यर्थः ।

§२ अयमर्थः—यौगपद्येनाशेषधर्मात्मकं वस्तु कालादिभिरभेदवृत्त्या, अभेदोपचारेण वा प्रतिपादयति सकलादेशः, तस्य प्रमाणाधीनत्वात् । विकलादेशस्तु क्रमेण भेदोपचाराद्, भेदप्राधान्याद्वा तदभिधत्ते, तस्य नयायत्तत्वात् ।

સકલાદેશનું લક્ષણ –

પ્રમાણથી જાણેલ અનન્ત ધર્મવાળી વસ્તુનું કાલાદિ દ્વારા અભેદની પ્રધાનતાથી અથવા અભેદના ઉપચારથી એકી સાથે પ્રતિપાદન કરનારું વચન સકલાદેશ છે. ૪૪.

§૧. ધર્મધર્મીમાં જ્યાં કાલાદિ આઠની અપેક્ષાએ અભેદવૃત્તિ(ઐક્યભાવ)-ની પ્રધાનતા હોય તેથી અને જ્યાં કાલાદિ આઠની અપેક્ષાએ ધર્મ-ધર્મીમાં ભેદ હોય ત્યાં અભેદનો ઉપચાર કરવાથી વસ્તુનું સમકાલે (એકી સાથે) અભિધાયક વચન એ સકલાદેશ એટલે પ્રમાણવાક્ય કહેવાય છે.

§૨. અર્થાત્ અશેષ (સમસ્ત) ધર્માત્મક વસ્તુનું કાલાદિવડે અભેદરૂપે અથવા અભેદના ઉપચારથી એકી સાથે સકલાદેશ પ્રતિપાદન કરે છે, કારણ કે સકલાદેશ પ્રમાણને આધીન છે.

અને વિકલાદેશ તો–અનુક્રમે ભેદના ઉપચારથી કે ભેદની પ્રાધાન્યતાથી વસ્તુનું પ્રતિપાદન કરે છે, કારણ કે વિકલાદેશ નયવાક્યને આધીન છે.

(प०) **यौगपद्येनाशेषधर्मात्मकमि**त्यादि । **कालादिभिरि**ति कालादिभिर्वक्ष्यमाणैः । **अभेदोपचारणे**ति भेदेऽपि सति । **क्रमेणे**ति न यौगपद्येन । **भेदोपचारादि**ति अभेदेऽपि सति ।

(टि०) **यौगपद्येने**त्यादि ॥ **तस्ये**ति सकलादेशस्य । **तदि**ति वस्तु । **तस्ये**ति विकलादेशस्य ।

§३ कः पुनः क्रमः ? किं वा यौगपद्यम् ? । यदाऽस्तित्वादिधर्माणां कालादिभिर्भेदविवक्षा, तदैकस्य शब्दस्यानेकार्थप्रत्यायने शक्त्यभावात् क्रमः, यदा तु तेषामेव धर्माणां कालादिभिरभेदेन वृत्तमात्मरूपमुच्यते, तदैकेनापि शब्देनैकधर्मप्रत्यायनमुखेन तदात्मकतामापन्नस्यानेकाशेषरूपस्य वस्तुनः प्रतिपादनसंभवाद्यौगपद्यम् ।

§૩ ક્રમ કોને કહેવાય ? અને યૌગપદ્ય (અક્રમ)કોને કહેવાય ? એ પ્રશ્નના સમાધાનમાં પ્રથમ ક્રમનું સ્વરૂપ આ પ્રમાણે છે–જ્યારે અસ્તિત્વાદિ ધર્મોમાં કાલાદિદ્વારા ભેદની વિવક્ષા હોય (અર્થાત્ ભેદ સિદ્ધ કરવાનો હોય) ત્યારે એક શબ્દમાં અનેક ધર્મને કહેવાનું સામર્થ્ય નથી (અર્થાત્ એક શબ્દથી અનેક ધર્મોનું જ્ઞાન થઈ શકતું નથી) માટે ધર્મોનું એક પછી એક કરીને કથન કરી શકાય છે, આને ક્રમ કહેવામાં આવે છે. પણ જ્યારે વસ્તુના તે અસ્તિત્વાદિ અનેક ધર્મોનું કાલાદિદ્વારા અભેદને પ્રાપ્ત થયેલ આત્મરૂપ-સ્વરૂપ કહેવાનું હોય ત્યારે એક ધર્મનું કથન કરવામાં તત્પર એક જ શબ્દથી અસ્તિત્વધર્મ સાથે તાદાત્મ્યને એટલે અભેદને પ્રાપ્ત થયેલ શેષ સમસ્ત ધર્મસ્વરૂપ વસ્તુનું કથન થઈ જાય છે તે યૌગપદ્ય છે અર્થાત્ અસ્તિત્વાદિ કોઈ પણ એક ધર્મનો વાચક 'અસ્તિ' આદિ શબ્દ કાલાદિથી અભિન્ન બની ગયેલા બાકીના બધા ધર્મોનું પણ પ્રતિપાદન જ્યારે કરે છે ત્યારે યૌગપદ્ય જાણવું.

(टि०) **वृत्तमि**ति निष्पन्नम् । **तदात्मकतामि**ति अभेदात्मकताम् ।

§४ के पुनः कालादयः ? । कालः, आत्मरूपं, अर्थः, संबन्धः, उपकारः, गुणिदेशः, संसर्गः, शब्दः इत्यष्टौ । तत्र स्याज्जीवादि वस्त्वस्त्येवेत्यत्र यत्कालमस्तित्वं तत्कालाः शेषानन्तधर्मा वस्तुन्येकत्रेति तेषां कालेनाभेदवृत्तिः (१), यदेव चास्तित्वस्य तद्गुणत्वमात्मरूपम्, तदेव चान्यानन्तगुणानामपीत्यात्मरूपेणाभेदवृत्तिः (२), य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य, स एवान्यपर्यायाणामित्यर्थेनाभेदवृत्तिः (३), य एव चाविष्वग्भावः कथञ्चित्तादात्म्यलक्षणः संवन्धोऽस्तित्वस्य, स एवाशेषविशेषाणामिति संवन्धेनाभेदवृत्तिः (४), य एव चोपकारोऽस्तित्वेन स्वानुरक्तत्वकरणम्, स एव शेषैरपि गुणैरित्युपकारेणाभेदवृत्तिः (५), य एव गुणिनः संवन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य, स एवान्यगुणानामिति गुणिदेशेनाभेदवृत्तिः (६), य एव चैकवस्त्वात्मनाऽस्त्वित्वस्य संसर्गः, स एवाशेषधर्माणामिति संसर्गेणाभेदवृत्तिः। ननु प्रागुक्तः संवन्धादस्य कः प्रतिविशेषः ? । उच्यते, अभेदप्राधान्येन भेदगुणभावेन च प्रागुक्तः संवन्धः, भेदप्राधान्येनाभेदगुणभावेन चैष संसर्ग इति (७), य एवास्तीति शब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वाचकः, स एव शेषानन्तधर्मात्मकस्यापीति शब्देनाभेदवृत्तिः (८) पर्यायार्थिकनयगुणभावे द्रव्यार्थिकनयप्राधान्यादुपपद्यते ।

§४. 'કાલાદિ કયા કયા છે ? ૧ કાલ, ૨ આત્મરૂપ, ૩ અર્થ, ૪ સંબંધ, ૫ ઉપકાર, ૬ ગુણિદેશ, ૭ સંસર્ગ અને ૮ શબ્દ–આ આઠ છે. કાલાદિથી અભેદવૃત્તિનું સમર્થન આ પ્રકારે છે—

(૧) કાલ–જીવાદિ પદાર્થ સ્યાત્ છે જ. આમાં જીવાદિ પદાર્થમાં જે કાળે અસ્તિત્વ છે તે જ કાળે બાકીના અનંતધર્મો પણ એ પદાર્થમાં પ્રાપ્ત થાય છે, માટે આ કાલથી અભેદવૃત્તિ કહેવાય છે. અર્થાત્ કાલની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે, આ કાલરૂપે અભેદવૃત્તિ થઈ. (૨) આત્મરૂપ–જે રીતે 'અસ્તિત્વ' જીવાદિ વસ્તુના ગુણરૂપ–સ્વભાવરૂપ છે, તે જ રીતે બાકીના બીજા પણ અનંતધર્મો જીવાદિના સ્વભાવરૂપે છે, માટે સ્વભાવ–સ્વરૂપની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે, આ આત્મરૂપે અભેદ વૃત્તિ થઈ. (૩) અર્થ–જે રીતે જીવાદિ અર્થ–દ્રવ્ય 'અસ્તિત્વ'નો આધાર છે, તે જ રીતે બીજા અનંત પર્યાયો–ધર્મોનો પણ આધાર છે, માટે અર્થની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે. આ અર્થરૂપે અભેદવૃત્તિ થઈ. (૪) સંબંધ–જીવાદિ પદાર્થમાં અસ્તિત્વનો જે અવિષ્વગ્ભાવ–કથંચિત્ તાદાત્મ્યરૂપ સંબંધ છે તે જ સંબંધ બાકીના અનંત ધર્મોનો પણ છે, માટે સંબંધની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે. આ સંબંધ દ્વારા અભેદવૃત્તિ થઈ. (૫) ઉપકાર–અસ્તિત્વધર્મ જે રીતે જીવાદિદ્રવ્યને પોતાથી રંગી નાખવા (અસ્તિત્વમય કરી નાખવા)રૂપ જે ઉપકાર કરે છે તે જ રીતે બીજા ધર્મો પણ દ્રવ્યને સ્વમય કરી નાખવારૂપ ઉપકાર કરે છે, માટે

ઉપકારની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે. અર્થાત્ આ ઉપકાર દ્વારા અભેદવૃત્તિ થઈ. (૬) ગુણિદેશ-અસ્તિત્વના ગુણી જીવાદિ દ્રવ્ય સંબંધી જે ક્ષેત્રરૂપ દેશ છે તે જ ક્ષેત્રરૂપ દેશ બાકીના બધા ગુણોના ગુણીનો પણ છે. અર્થાત્ જે ક્ષેત્ર દ્રવ્યની સાથે સંબંધ રાખનાર અસ્તિત્વનું છે તે જ ક્ષેત્ર અન્ય ધર્મોનું પણ છે માટે ગુણિદેશની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે. આ ગુણિદેશ દ્વારા અભેદવૃત્તિ થઈ. (૭) સંસર્ગ-જીવાદિ વસ્તુરૂપે જે પ્રકારે અસ્તિત્વનો સંસર્ગ છે તે જ સંસર્ગ બીજા અન્ય ધર્મોનો પણ વસ્તુ સાથે છે માટે આ સંસર્ગની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે. આ સંસર્ગ દ્વારા અભેદવૃત્તિ છે

શંકા—પહેલાં કહેલ સંબંધથી સંસર્ગમાં શું ભેદ છે ?

સમાધાન—અભેદની પ્રાધાન્યતા અને ભેદની ગૌણતા હોય ત્યારે સંબંધ કહેવાય છે અને ભેદની પ્રાધાન્યતા અને અભેદની ગૌણતા હોય ત્યારે સંસર્ગ કહેવાય છે.

(૮) શબ્દ—અસ્તિત્વધર્માત્મક વસ્તુનો વાચક જે 'અસ્તિ' શબ્દ છે, તે જ 'અસ્તિ' શબ્દ અન્ય અનન્ત ધર્માત્મક વસ્તુનો પણ વાચક છે. માટે શબ્દની અપેક્ષાએ અસ્તિત્વાદિ ધર્મો અભિન્ન છે--આ શબ્દદ્વારા અભેદવૃત્તિ થઈ.

(૧૦) **कालादय** इति—

> हेतुः कालात्मरूपार्थाः सम्बन्धोपकृतिः तथा ।
> गुणिदेशश्च संसर्गः शब्दश्चाष्टौ भिदाऽभिदोः ॥१॥

एते अष्ट भेदाभेदयोर्हेतुरिति योगः । आत्मरूपमिति स्वरूपम् । **एकवस्त्वात्मने**त्यादि एकवस्तु घटादि । ।

तत्र स्याज्जीवादीत्यादि ॥ **तेषामिति** शेषानन्तधर्म्माणाम् । **तद्गुणत्वमिति** । तस्य जीवादिवस्तुनो गुणत्वम् । **स्वात्मरूपमिति** स्वकीयस्वरूपम् । **अर्थ**-इति घटादिः ॥ **स्वानुरक्तत्वेति** व्यापकनिमित्तम्। **एकवस्त्विति** एकस्य वस्तुनो घटादेरात्मनः । **स एवेति** संसर्गः । **अस्येति** संसर्गस्य ॥४४॥

§५ द्रव्यार्थिकगुणभावेन पर्यायार्थिकप्राधान्ये तु न गुणानामभेदवृत्तिः संभवति, समकालमेकत्र नानागुणानामसंभवात्, संभवे वा तदाश्रयस्य तावद्धा भेदप्रसङ्गात् (१), नानागुणानां संबन्धिन आत्मरूपस्य च भिन्नत्वात्, आत्मरूपाभेदे तेषां भेदस्य विरोधात् (२), स्वाश्रयस्यार्थस्यापि नानात्वात्, अन्यथा नानागुणाश्रयत्वविरोधात् (३), संबन्धस्य च संबन्धिभेदेन भेददर्शनात्, नानासंबन्धिभिरेकत्रैकसंबन्धाघटनात् । (४), तैः क्रियमाणस्योपकारस्य च प्रतिनियतरूपस्यानेकत्वात्, अनेकैरुपकारिभिः क्रियमाणस्योपकारस्यैकस्य विरोधात् (५), गुणिदेशस्य च प्रतिगुणं भेदात, तदभेदे भिन्नार्थगुणानामपि गुणिदेशाभेदप्रसङ्गात (६), संसर्गस्य च

प्रतिसंसर्गिभेदात्, तदभेदे संसर्गिभेदविरोधात् (७), शब्दस्य च प्रतिविषयं नानात्वात्, सर्वगुणानामेकशब्दवाच्यतायां सर्वार्थानामेकशब्दवाच्यताऽऽपत्तेः शब्दान्तरवैफल्यापत्तेः (८) तत्त्वतोऽस्तित्वादीनामेकत्र वस्तुन्येवमभेदवृत्तेरसंभवे कालादिभिर्भिन्नात्मनामभेदोपचारः क्रियते । तदेताभ्यामभेदवृत्त्यभेदोपचाराभ्यां कृत्वा प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकस्य वस्तुनः समसमयं यदभिधायकं वाक्यं स सकलादेशः प्रमाणवाक्यापरपर्याय इति स्थितम् ।

§६ "कालात्मरूपसंबन्धाः संसर्गोपक्रिये तथा ।
गुणिदेशार्थशब्दाश्चेत्यष्टौ कालादयः स्मृताः" ॥१॥४४॥

§૫. આ અભેદવૃત્તિ જ્યારે પર્યાયાર્થિકનયની ગૌણતા અને દ્રવ્યાર્થિકનયની પ્રાધાન્યતા હોય ત્યારે ઘટી શકે છે, પરંતુ જ્યારે દ્રવ્યાર્થિકનયની ગૌણતા અને પર્યાયાર્થિક નયની પ્રાધાન્યતા હોય ત્યારે ઘટી શકતી નથી. કારણ કે-(૧) એક કાલે એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન ગુણો રહી શકતા નથી અને જો નાના ગુણો એક સમયે એક વસ્તુમાં રહે તો ગુણોના આશ્રયરૂપ દ્રવ્યમાં ગુણો જેટલા જ ભેદનો પ્રસંગ આવશે. (૨) અનેક ગુણોનું આત્મરૂપ (સ્વરૂપ) પરસ્પર ભિન્ન છે, કારણ કે તે ગુણો એક બીજાના સ્વરૂપમાં રહેતા નથી પરંતુ પોતપોતાના સ્વરૂપમાં રહે છે માટે ગુણોમાં અભેદ નથી. જો ગુણોમાં આત્મરૂપ અભિન્ન માનશો (પરસ્પર ભેદ નહિ માનો) તો ગુણોમાં ભેદનો વિરોધ આવશે. અર્થાત્ ગુણોમાં ભેદ ઘટશે નહિ. (૩) ગુણોના આશ્રય-આધારરૂપ અર્થ પણ ભિન્ન ભિન્ન છે. જો ગુણોના આધાર અર્થને ભિન્ન ભિન્ન નહિ માનો તો ભિન્ન ભિન્ન ગુણોનો તે આધાર બની શકશે નહિ. (૪) સંબંધીઓના ભેદથી સંબંધનો ભેદ જોવાય છે. માટે નાના સંબંધીઓનો એક સ્થળે એક સંબંધ ઘટી શકતો નથી (૫) ગુણોથી પ્રતિનિયતરૂપે કરાતો ઉપકાર પણ અનેક પ્રકારે છે. કારણ કે— અનેક ઉપકારીઓથી કરાતો ઉપકાર એક હોય તો એમાં વિરોધ છે. (૬) દરેક ગુણમાંનો ગુણિદેશ ભિન્ન ભિન્ન છે. કારણ કે-ગુણિદેશને ભિન્ન નહિ માનો તો ભિન્ન પદાર્થના ગુણોને પણ અભિન્ન ગુણિદેશનો પ્રસંગ આવશે. (૭) દરેક સંસર્ગીના ભેદથી સંસર્ગને ભિન્ન માનવામાં ન આવે તો સંસર્ગીના ભેદનો વિરોધ થશે. (૮) શબ્દ પણ દરેક વિષયમાં જુદો જુદો છે કારણ કે-સમસ્ત ગુણોને જો એક જ શબ્દના વાચ્ય માનવામાં આવે તો સમસ્ત પદાર્થોનો પણ એક જ શબ્દના વાચ્ય બનવાનો પ્રસંગ આવશે. આથી અન્ય શબ્દો નિષ્ફલ બની જશે. આ પ્રમાણે વાસ્તવિક રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અસ્તિત્વાદિ સમસ્ત ગુણોની અભેદવૃત્તિ (યુગપત્‌ભાવ)નો એક વસ્તુમાં અસંભવ છે. અર્થાત્ અભેદવૃત્તિ થઈ શકતી નથી માટે કાલ, આત્મસ્વરૂપ આદિ દ્વારા ભિન્ન સ્વરૂપવાળા અસ્તિત્વાદિ ધર્મોમાં અભેદનો ઉપચાર કરવામાં આવે છે. તેથી દ્રવ્યાર્થિક નયની મુખ્યતા હોય ત્યારે વાસ્તિવિક અભેદવૃત્તિ અને પર્યાયાર્થિક નયની મુખ્યતા હોય ત્યારે અભેદવૃત્તિનો ઉપચાર કરીને અનંત ધર્મવાળા પદાર્થને યુગપદ્

एतद्[1]व्यवच्छेद्यमाचक्षते—

न तदुत्पत्तितदाकारताभ्याम्, तयोः पार्थक्येन सामस्त्येन च व्यभिचारोपलम्भात् ॥४७॥

§१ तथाहि-ज्ञानस्य तदुत्पत्तितदाकारताभ्यां व्यस्ताभ्यां, समस्ताभ्यां वा प्रतिनियतार्थव्यवस्थापकत्वं स्यात्? यदि प्राच्यः पक्षः, तदा कपालक्षणः कलशान्त्यक्षणस्य व्यवस्थापकः स्यात्, तदुत्पत्तेः केवलायाः सद्भावात्। स्तम्भः स्तम्भान्तरस्य च व्यवस्थापकः स्यात्, तदाकारतायास्तदुत्पत्तिरहितायाः संभवात्। अथ द्वितीयः, तदा कलशस्योत्तरक्षणः पूर्वक्षणस्य व्यवस्थापको भवेत्, समुदितयोस्तदुत्पत्तितदाकारतयोर्विद्यमानत्वात्। अथ विद्यमानयोरप्यनयोर्ज्ञानमेवार्थस्य व्यवस्थापकम्; नार्थः, तस्य जडत्वादिति मतम्। तदपि न न्यायानुगतम्, समानार्थसमनन्तरप्रत्ययोत्पन्नज्ञानैर्व्यभिचारात्। तानि हि यथोक्तार्थव्यवस्थापकत्वलक्षणस्य समग्रस्य सद्भावेऽपि प्राच्यं जनकज्ञानक्षणं न गृह्णन्ति।

अपि च, किमिदमर्थाकारत्वं वेदनानाम्, यद्वशात् प्रतिनियतार्थपरिच्छेदः स्यात्? किमर्थाकारोल्लेखित्वम्, अर्थाकारधारित्वं वा? प्रथमप्रकारे, अर्थाकारोल्लेखोऽर्थाकारपरिच्छेद एव, ततश्च ज्ञानं प्रतिनियतार्थपरिच्छेदात् प्रतिनियतमर्थमवद्योतयतीति साध्याविशिष्टत्वं स्पष्टमुपढौकते। द्वितीयप्रकारे पुनरर्थाकारधारित्वं ज्ञानस्य सर्वात्मना, देशेन वा। प्रथमपक्षे, जडत्वादर्थस्य ज्ञानमपि जडं भवेत्, उत्तरार्थक्षणवत्। प्रमाणरूपत्वाभावश्चोत्तरार्थक्षणवदेवास्य प्रसज्येत, सर्वात्मना प्रमेयरूपताऽनुकरणात्। अथ देशेन नीलत्वादिनाऽर्थाकारधारित्वमिष्यते ज्ञानस्य, तर्हि तेनाजडाकारेण जडताप्रतिपत्तेरसंभवात् कथं तद्विशिष्टत्वमर्थस्य प्रतीयेत?। न हि रूपज्ञानेनाप्रतिपन्नरसेन तद्विशिष्टता सहकारफलादौ प्रतीयते। किञ्च, देशेनार्थाकारधारित्वान्नीलार्थवन्निःशेषार्थानामपि ज्ञानेन ग्रहणापत्तिः, सत्त्वादिमात्रेण तस्य सर्वत्रार्थाकारधारित्वाविशेषात्। अथ तदविशेषेऽपि नीलाद्याकारवैलक्षण्यान्निखिलार्थानामग्रहणम्, तर्हि समानाकाराणां समस्तानां ग्रहणप्राप्तिः। अथ यत एव ज्ञानमुत्पद्यते, तस्यैवाकारानुकरणद्वारेण ग्राहकम्। हन्त! एवमपि समानार्थसमनन्तरप्रत्ययस्य तद्ग्राहकं स्यादित्युक्तम्। ततो न तदुत्पत्तितदाकारताभ्यां ज्ञानस्य प्रतिनियतार्थावभासः, किन्तु प्रतिबन्धकापगमविशेषादिति सिद्धम् ॥४७॥

इति प्रमाणनयतत्त्वालोके[2] श्रीरत्नप्रभाचार्यविरचितायां रत्नाकरावतारिकाख्यलघुटीकायामागमस्वरूपनिर्णयो नाम चतुर्थः परिच्छेदः।

---

१ एतयोः—टिप्पनसंमतः पाठः। २ °लोकालङ्कारे-मु०।

આનું વ્યવચ્છેદ્ય બતાવે છે—

તદુત્પત્તિ અને તદાકારતા દ્વારા પ્રમાણ પ્રતિનિયત અર્થનું પ્રકાશક નથી કારણ કે એકલી તદુત્પત્તિ કે તદાકારતા અથવા સમુદિત તદુત્પત્તિ અને તદાકારતાને કારણ માનવામાં વ્યભિચાર છે. ૪૭.

§૧. પ્રમાણ દ્વારા અર્થ પ્રકાશનમાં તદુત્પત્તિ અને તદાકારતાને કારણ માનનાર(બૌદ્ધ)ને ગ્રંથકાર પ્રશ્ન કરે છે કે–જ્ઞાન એકલી તદુત્પત્તિ અને એકલી તદાકારતા દ્વારા પ્રતિનિયત અર્થનું વ્યવસ્થાપક છે કે સમુદિત તદુત્પત્તિ-તદાકારતા દ્વારા પ્રતિનિયત અર્થનું વ્યવસ્થાપક છે? જો પહેલો પક્ષ કહો તો કપાલ (ઠીકરું) કલશના અન્ત્ય ક્ષણનો અને એક સ્તંભ બીજા સ્તંભનો વ્યવસ્થાપક થઈ જશે કારણ કે–કલશના નાશને કારણે ઉત્પન્ન થયેલ કપાલમાં કેવલ તદુત્પત્તિ અને સમાન આકારવાલા બે સ્તંભમાં કેવલ તદાકારતાનો સદ્ભાવ છે. બીજો પક્ષ કહો તો કલશનો ઉત્તર ક્ષણ કલશના પૂર્વક્ષણનો વ્યવસ્થાપક થવો જોઈએ કારણ કે–અહીં સમુદિત તદુત્પત્તિ અને તદાકારતા છે.

બૌદ્ધ—તદુત્પત્તિ અને તદાકારતા હોવા છતાં જ્ઞાન જ અર્થનું વ્યવસ્થાપક છે, પણ જડ રૂપ અર્થ વ્યવસ્થાપક નથી.

જૈન—તમારું આ કથન ન્યાયસિદ્ધ નથી. કારણ કે સમાન અર્થને વિષય કરનાર સમનન્તર પ્રત્યયથી ઉત્પન્ન થનાર જ્ઞાનોથી આમાં વ્યભિચાર છે. કારણ કે તમોએ કહેલ અર્થવ્યવસ્થાપકનું સંપૂર્ણ લક્ષણ તેમાં હોવા છતાં પણ તે જ્ઞાનો પોતાના જનક પૂર્વજ્ઞાનને વિષય કરતાં નથી. અર્થાત્ ઉત્તર ઘટજ્ઞાનોમાં પૂર્વજ્ઞાનથી ઉત્પત્તિ અને પૂર્વજ્ઞાનનો આકાર હોવા છતાં પણ તે જ્ઞાનોનો વિષય પૂર્વજ્ઞાન બનતું નથી પણ ઘટ જ બને છે, માટે વ્યભિચાર છે. માટે સમુદિત તદુપત્તિ તદાકારતા પણ પ્રતિનિયત અર્થ પ્રકાશનમાં કારણ નથી.

§૨ વળી, જ્ઞાનમાં અર્થાકારતા–તદાકારતા એ શું છે કે જેના બળથી પ્રતિનિયત અર્થનો પરિચ્છેદ–બોધ થાય છે? શું તે અર્થાકારોલ્લેખિત્વ છે કે અર્થાકારધારિત્વ છે? પહેલો પ્રકાર કહો તો અર્થાકારોલ્લેખ તે અર્થપરિચ્છેદરૂપ જ છે અને તેથી જ્ઞાન પ્રતિનિયત અર્થના પરિચ્છેદથી પ્રતિનિયત અર્થનું પ્રકાશક છે એવું તમારું કહેવું થયું અને આથી હેતુમાં સાધ્યાવિશિષ્ટત્વ-સાધ્યસમત્વ દોષ આવે છે અર્થાત્ હેતુ અને સાધ્ય બંને સમાન થઈ ગયા. બીજા પ્રકારમાં જ્ઞાનનું અર્થાકારધારિત્વ સંપૂર્ણપણે છે કે એક દેશથી? પ્રથમ પક્ષ કહો તો અર્થ જડ હોવાથી સંપૂર્ણ અર્થાકારને પામેલું જ્ઞાન પણ જડ થઈ જશે, જેમકે–અર્થનો ઉત્તરક્ષણ. એટલે કે જ્ઞાનમાં પ્રમાણરૂપતાનો અભાવ થશે, કારણ કે તે સંપૂર્ણપણે પ્રમેય અર્થરૂપતાને ધારણ કરનાર છે. ઉત્તરાર્થક્ષણની જેમ. જ્ઞાનમાં નીલત્વાદિરૂપ એક દેશથી અર્થાકારધારિત્વ છે, એ બીજો પક્ષ કહો તો પ્રશ્ન એ છે કે અજડાકાર જ્ઞાનમાં જડ સ્વભાવ (જડાકારતા)નો સંભવ નથી તો અજડાકાર જ્ઞાન (તદાકાર ન હોવાથી) જડતાવિશિષ્ટ અર્થને કઈ રીતે જણાવશે? કારણ કે–રસને નહિ જાણનાર રૂપજ્ઞાનથી

કહેનાર વાક્યને સકલાદેશ અથવા પ્રમાણવાક્ય કહેવામાં આવે છે, એ સિદ્ધ થયું.

§૬ "૧ કાલ, ૨ આત્મસ્વરૂપ, ૩ સંબંધ, ૪ સંસર્ગ, ૫ ઉપકાર, ૬ ગુણિદેશ, ૭ અર્થ અને ૮ શબ્દ" આ આઠ કાલાદિ કહેવાય છે."

સારાંશ છે કે વસ્તુમાં અનંત ધર્મો છે, એ વાત પ્રમાણથી સિદ્ધ છે માટે કોઈપણ એક વસ્તુનું પૂર્ણરૂપથી પ્રતિપાદન કરવાને માટે અનંત શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ, કારણ કે–એક શબ્દ એક જ ધર્મનું પ્રતિપાદન કરી શકે છે પરંતુ એ રીતે કરવાથી લોકવ્યવહાર ચાલી ન શકે. માટે એક શબ્દનો પ્રયોગ કરીએ છીએ, તે એક શબ્દ મુખ્ય રૂપથી એક ધર્મનું પ્રતિપાદન કરે છે અને બાકી રહેલ બીજા ધર્મોને તે એક ધર્મથી અભિન્ન માની લેવામાં આવે છે. આ રીતે એક શબ્દથી એક ધર્મનું પ્રતિપાદન થયું અને તેનાથી અભિન્ન હોવાના કારણે શેષ ધર્મનું પણ પ્રતિપાદન થઈ ગયું. આ ઉપાયથી એક જ શબ્દ એકી સાથે અનંત ધર્મોનો અર્થાત્ સંપૂર્ણ વસ્તુનો પ્રતિપાદક થઈ જાય છે, આને સકલાદેશ કહે છે.

શબ્દ દ્વારા સાક્ષાત્ રૂપે પ્રતિપાદિત ધર્મથી બાકીના ધર્મોનો અભેદ કે અભેદોપચાર કાલાદિ દ્વારા થાય છે, તે કાલાદિ આઠ પ્રકારે છે. (૧) કાલ, (૨) આત્મરૂપ, (૩) અર્થ, (૪) સંબંધ, (૫) ઉપકાર, (૬) ગુણિદેશ. (૭) સંસર્ગ, (૮) શબ્દ.

અસ્તિત્વ ધર્મથી બીજા ધર્મોનો અભેદ છે, તે આ પ્રકારે થશે–જીવમાં જે કાલે અસ્તિત્વ છે તે જ કાલમાં અન્ય ધર્મો પણ છે, માટે કાલની અપેક્ષાએ અસ્તિત્વ ધર્મ સાથે અન્ય ધર્મોનો અભેદ છે. આ જ રીતે બાકીના સાતની અપેક્ષાએ પણ અભેદ સમજવો જોઈએ. આ પ્રકારને અભેદની પ્રાધાન્યતા કહે છે. દ્રવ્યાર્થિક નયની મુખ્યતા અને પર્યાયાર્થિક નયની ગૌણતા કરવાથી અભેદની પ્રાધાન્યતા થાય છે. જ્યારે પર્યાયાર્થિક નયની મુખ્યતા અને દ્રવ્યાર્થિક નયની ગૌણતા હોય ત્યારે અનંત ગુણો વાસ્તવિક રીતે અભિન્ન થઈ શકતા નથી, માટે તે ગુણોમાં અભેદનો ઉપચાર કરવો પડે છે. આ રીતે અભેદની પ્રાધાન્યતા અને અભેદના ઉપચારથી એકી સાથે અનંત ધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન કરનાર વાક્ય (વચન) સકલાદેશ કહેવાય છે. ૪૪

(प०) **गुणिदेशस्ये**त्यादि गद्ये **तद्भेदे** इति गुण्यभेदे । **तद्भेदे** इति संसर्गभेदे ॥४४॥

अधुना नयवाक्यस्वभावत्वेन नयविचारावसरलक्षणीयस्वरूपमपि विकलादेशं सकलादेशस्वरूपनिरूपणप्रसङ्गेनात्रैव लक्षयन्ति—

तद्विपरीतस्तु विकलादेशः ॥४५॥

१ नयविषयीकृतस्य वस्तुधर्मस्य भेदवृत्तिप्राधान्याद्, भेदोपचाराद्वा क्रमेण यदभिधायकं वाक्यम्, स विकलादेशः । एतदुल्लेखस्तु नयस्वरूपानभिज्ञश्रोतॄणां दुरवगाह इति नयविचारावसर एव प्रदर्शयिष्यते ॥४५॥

વિકલાદેશ નયસ્વરૂપ હોવાથી નયવિચારના સમયે જ તેનું લક્ષણ કરવું જોઈએ, છતાં સકલાદેશના સ્વરૂપના નિરૂપણના પ્રસંગથી અહીં જ તે જણાવવામાં આવે છે—

ઉપર્યુક્ત સકલાદેશથી વિપરીત વચન વિકલાદેશ છે. ૪૫.

§૧. ભેદની પ્રાધાન્યતાથી અથવા ભેદના ઉપચારથી નયના વિષયરૂપ વસ્તુ ધર્મને ક્રમે કરી પ્રતિપાદન કરનારું વાક્ય (વચન) વિકલાદેશ કહેવાય છે, વિકલાદેશનો ઉલ્લેખ (શબ્દપ્રયોગ) નયવાક્યને નહિ જાણનાર શ્રોતાને દુર્બોધ છે, માટે તે નયવિચારના સમયે જણાવવામાં આવશે.

સારાંશ છે કે સકલાદેશમાં દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાને કારણે વસ્તુના અનંત ધર્મોનો અભેદ કરવામાં આવે છે, વિકલાદેશમાં પર્યાયાર્થિક નયની પ્રધાનતાને કારણે તે ધર્મોનો ભેદ છે. અહીં પણ કાલાદિ આઠના આધારે જ ભેદ કરવામાં આવે છે, પર્યાયાર્થિકનય કહે છે કે–એક કાલમાં એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન ધર્મોની સત્તા સ્વીકારવામાં આવે તો વસ્તુ પણ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળી થઈ જશે પણ એક સ્વરૂપવાળી નહિ રહે. આ જ રીતે ભિન્ન ભિન્ન ગુણો સંબંધી આત્મરૂપ ભિન્ન ભિન્ન જ હોઈ શકે છે, પરંતુ એક હોઈ શકતું નથી. ૪૫.

प्रमाणं निर्णीयाथ यतः कारणात् प्रतिनियतमर्थमेतद् व्यवस्थापयति, तत् कथयन्ति—

तद् द्विभेदमपि प्रमाणमात्मीयप्रतिबन्धकापगमविशेषस्वरूपसामर्थ्यतः प्रतिनियतमर्थमवद्योतयति ॥४६॥

१ प्रत्यक्ष-परोक्षरूपतया द्विप्रकारमपि प्रागुपवर्णितस्वरूपं प्रमाणं स्वकीयज्ञानावरणाद्यदृष्टविशेषक्षयक्षयोपशमलक्षणयोग्यतावशात् प्रतिनियतं नीलादिकमर्थं व्यवस्थापयति ॥४६॥

પ્રમાણનો નિર્ણય કરીને હવે જે કારણથી આ પ્રમાણ પ્રતિનિયત અર્થનું વ્યવસ્થાપન કરે છે તે કારણનું કથન—

પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભેદવાળું પ્રમાણ પોતાના પ્રતિબંધકના અપગમ વિશેષરૂપ સામર્થ્યથી પ્રતિનિયત અર્થને પ્રકાશિત કરે છે. ૪૬.

§૧ પૂર્વે જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેવાં પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણો પોતપોતાના જ્ઞાનાવરણાદિરૂપ કર્મવિશેષના ક્ષય અથવા તો ક્ષયોપશમરૂપ યોગ્યતાને કારણે નીલાદિક પ્રતિનિયત અર્થનું વ્યવસ્થાપન –નિશ્ચય કરે છે.

સારાંશ છે કે પરોક્ષ જ્ઞાનવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પરોક્ષ પ્રમાણ ઉત્પન્ન થાય છે અને પ્રત્યક્ષ જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. કોઈ જ્ઞાનમાં માત્ર ઘટ જ પ્રતીત થાય છે તો કોઈ જ્ઞાનમાં માત્ર પટ જ પ્રતીત થાય છે. તેમાં આ જ એટલે કે તે સંબંધી આવરણ કર્મનો ક્ષય કે ક્ષયોપશમ જ કારણ છે અર્થાત્ કહેવાનો આશય એ છે કે–પદાર્થને જાણનાર જ્ઞાનના આવરણનો ક્ષય કે ક્ષયોપશમ હશે તો જ તે પદાર્થ તે જ્ઞાનમાં પ્રકાશિત થશે. આ રીતે ક્ષય કે ક્ષયોપશમરૂપ શક્તિ જ નિયત પદાર્થને જણાવવામાં કારણ છે. ૪૬.

(५०) प्रमाणं निर्णीयेत्यादिगद्ये । एतदिति प्रमाणम् ॥४६॥

આમ્રફલાદિમાં રસવિશિષ્ટતાનું એટલે કે આમ્રફલ તથાપ્રકારના રસયુક્ત છે એવું જ્ઞાન થતું નથી. વળી, જ્ઞાન દેશથી અર્થાકારધારી હોવાથી નીલ અર્થની જેમ સમસ્ત પદાર્થોને વિષય કરે–એવી આપત્તિ આવશે, કારણ કે જ્ઞાનમાં સત્ત્વાદિરૂપે અર્થાકારધારિત્વ સર્વત્ર અવિશિષ્ટ–સમાન જ છે. અર્થાત્ જ્ઞાન સર્વત્ર સત્ત્વાદિરૂપે સરખું જ અર્થાકારધારી છે.

બૌદ્ધ—સત્ત્વાદિરૂપે અર્થાકારધારિત્વ સમાન હોય છતાં નીલાદિ આકાર વિલક્ષણ–જુદો જ હોવાથી સમસ્ત પદાર્થોનું જ્ઞાન થતું નથી.

જૈન—તો પછી સમાન આકારવાળા સમસ્ત પદાર્થોના ગ્રહણ(જ્ઞાન)ની પ્રાપ્તિ થશે.

બૌદ્ધ—જ્ઞાન જેનાથી ઉત્પન્ન થાય છે તે જ પદાર્થના આકારને અનુસરણ કરવા દ્વારા ગ્રહણ થાય છે.

જૈન—અમે તેનો ઉત્તર કહી ચૂકયા જ છીએ કે–સમાન પદાર્થને વિષય કરનાર ઉત્તરજ્ઞાનમાં પૂર્વજ્ઞાનના ગ્રહણની આપત્તિ આવશે. અર્થાત ઉત્તરજ્ઞાન પણ પૂર્વજ્ઞાનનું ગ્રાહક થશે માટે તદુત્પત્તિ અને તદાકારતા દ્વારા જ્ઞાન પ્રતિનિયત અર્થનું પ્રકાશક નથી, પરંતુ પ્રતિબંધકના નાશથી એટલે કે આવરણના ક્ષય કે ક્ષયોપશમથી જ જ્ઞાન પ્રતિનિયત અર્થનું પ્રકાશક છે એ સિદ્ધ થયું. ૪૭

એ પ્રમાણે 'પ્રમાણનયતત્ત્વાલોક' નામના ગ્રંથમાં શ્રીરત્નપ્રભાચાર્ય મહારાજ વિરચિત 'રત્નાકરાવતારિકા' નામની લઘુટીકામાં 'આગમસ્વરૂપનિર્ણય' નામના ચોથા પરિચ્છેદનો રૈવતાચલચિત્રકૂટાદિ પ્રાચીન (જીર્ણ)તીર્થોદ્ધારક શ્રીવિજયનીતિસૂરીશ્વરજીના શિષ્યાણુ મુનિ મલયવિજયજીએ સ્વઅભ્યાસ સમયે કરેલ ગુર્જરભાષાનુવાદ પૂર્ણ થયો.

(प०) **अथ देशेने**त्यादि गद्ये त द्ध **तद्विशिष्टत्व**मिति नीलादिविशिष्टत्वम् । **तद्विशिष्टते**ति रसविशिष्टता । **किञ्चे**त्यादिना प्रसङ्गमुत्पादयति जैनः । **तदविशेषे**ऽपीति सत्त्वादिमात्राऽविशेषे ॥४७॥

॥ इति चतुर्थः परिच्छेदः समाप्तः ॥

चतुर्थपरिच्छेदे वादस्थलानि—

काणादाभिमतं शब्दस्य यदनुमानत्वं तस्य निरासः १, श्रुतेरपौरुषेयत्वनिरासः २, शब्दाभिव्यक्तिनिरासेन शब्दानित्यत्वस्थापनं ३, यौगाभिमताकाशगुणत्वनिरासेन शब्दपौद्गलिकत्वस्थापनं च ४, शक्तिसाधनं ५, सङ्केतस्थापनम् ६, अपोहः शब्दार्थ इत्यस्य निराकरणं ७, सामान्यविशेषात्मनोऽर्थस्य वाचकः शब्द इति स्थापनम् ८, सप्तभङ्गीप्ररूपणम् ९, तदुत्पत्तितदाकारतानिरासेन स्वकीयप्रतिबन्धकापगमविशेषस्वरूपसामर्थ्यतः प्रमाणस्यार्थावद्योतकत्वव्यवस्थापनम् १०। एवं दश ॥

(टि०) **एतद्व्यवच्छेद्य**मित्यादि । **तयो**रिति तदुत्पत्ति–तदाकारतयोः । [1]**एतयो**रिति तदुत्पत्ति-तदाकारतयोः । **तस्ये**ति अर्थस्य । **तानी**ति ज्ञानानि ॥ **अथ देशेने**त्यादि ॥ **तद्विशिष्टत्व**मिति जडताविशिष्टताम् । **तस्ये**ति ज्ञानस्य । **तदविशेषे**पीति सत्त्वाकाराविशेषेऽपि । **प्रत्ययस्ये**ति ज्ञानस्य ॥४७॥

इति श्रीसाधुपूर्णिमागच्छीयश्रीमदाचार्यगुणचन्द्रसूरिशिष्यपं०ज्ञानचन्द्रविरचिते रत्नाकरावतारिकाटिप्पनके चतुर्थः परिच्छेदः समाप्तः ॥ श्री ॥

१ अत्र मूले अनयोः इति पाठः ।

अर्हम्

अथ पञ्चमः परिच्छेदः ।

इत्थं प्रमाणस्य स्वरूपसंख्ये समाख्याय विषयमाचक्षते–

तस्य विषयः सामान्य-विशेषाद्यनेकान्तात्मकं वस्तु ॥१॥

§१ तस्य प्रमाणस्य । विसीयन्ते निबध्यन्ते विषयिणोऽस्मिन्निति विषयो गोचरः परिच्छेद्यमिति यावत् । सामान्य-विशेषौ वक्ष्यमाणलक्षणावादिर्यस्य सदसदाद्यनेकान्तस्य तत्तदात्मकं तत्स्वरूपं वस्त्विति । एवं च केवलस्य सामान्यस्य, विशेषस्य, तदुभयस्य वा स्वतन्त्रस्य प्रमाणविषयत्वं प्रतिक्षिप्तं भवति ।

§२ अथैतदाकर्ण्य कर्णाम्रेडपीडिता इव यौगाः संगिरन्ते । नन्वहो जैनाः ! केनेदं सुहृदा कर्णपुटविटङ्कितमकारि युष्माकम्–स्वतन्त्रौ सामान्यविशेषौ न प्रमाणभूमिरिति । सर्वगतं हि सामान्यं गोत्वादि, तद्विपरीतास्तु शबलशाबलेयबाहुलेयादयो विशेषाः, ततः कथमेषामैक्यमाकर्णयितुमपि सकर्णैः शक्यम् ? तथा च सामान्य-विशेषावत्यन्तभिन्नौ, विरुद्धधर्माध्यस्तत्वात्, यावेवं तावेवम् , यथा पाथःपावकौ, तथा चेतौ, तस्मात्तथा, ततो न सामान्यविशेषात्मकत्वं घटादेर्घटते ।

પ્રમાણુના સ્વરૂપ અને સંખ્યા કહીને પ્રમાણુના વિષયનું કથન—

સામાન્ય, વિશેષ આદિ અનેકાન્તાત્મક વસ્તુ તેનો વિષય છે. ૧.

§૧ તેનો એટલે પ્રમાણુનો, વિષયી-જ્ઞાન જેમાં બંધાય તે વિષય છે, તે ગોચર કે પરિચ્છેદ્ય પણ કહેવાય છે. સૂત્રમાં 'આદિ' પદ ગ્રહણ કરેલ છે, તેથી જેમનું સ્વરૂપ આગળ કહેવાશે તે સામાન્ય અને વિશેષ જેમની આદિમાં છે, એવા સત્-અસત્, નિત્ય-અનિત્ય, અભિલાપ્ય-અનભિલાપ્ય આદિ ધર્મોનું પણ ગ્રહણ કરવું, એટલે કે- તે તે સામાન્ય-વિશેષ આદિ અનેકાન્તાત્મક-અનેક ધર્મયુક્ત વસ્તુ પ્રમાણુનો વિષય છે, એમ સમજવું. આ પ્રમાણે કહેવાથી જેઓ કેવળ સામાન્યને કે કેવળ વિશેષને અથવા સામાન્ય અને વિશેષ ઉભયને સ્વતંત્રરૂપે પ્રમાણુનો વિષય માને છે, તેમની માન્યતાનું નિરસન કર્યું છે.

§૨ ઉપરોક્ત સૂત્રરચના સાંભળી જાણે કે કાન ભરડવાથી પીડાએલા હોય તેવા યૌગ આ પ્રમાણે કહે છે—અહો હે જૈનો ! કયા હિતેચ્છુએ તમારા કાનમાં આ ટાંકણાં માર્યાં (એટલે કે-શલ્યયુક્ત કાન થવાથી બીજાનું કશું સાંભળી શકાય નહિ) કે સ્વતંત્ર સામાન્ય કે સ્વતંત્ર વિશેષ પ્રમાણુનો વિષય નથી ? ગોત્વાદિરૂપ સામાન્ય તો સર્વગત (સર્વત્ર વ્યાપ્ત) છે અને તેથી વિપરીત શબલ-(ટપકવાળી ગાય) શાબલેય, બહુલ (બહુ જ દૂધ દેનાર ગાય) બાહુલેય આદિ વિશેષોનું ઐક્ય-એકતા સકર્ણ (વિદ્વાન્) માનવથી સાંભળી પણ કેમ શકાય ? સામાન્ય અને વિશેષ બન્ને પરસ્પર અત્યન્ત ભિન્ન છે,

કારણ કે તેઓ વિરુદ્ધ ધર્મના આશ્રય છે, જે વિરુદ્ધ ધર્મના આશ્રય હોય તે અત્યન્ત ભિન્ન હોય છે, જેમકે-પાણી અને અગ્નિ. તેવી જ રીતે સામાન્ય અને વિશેષ બન્ને પરસ્પર વિરુદ્ધ ધર્મના આશ્રય છે. તેથી તે બન્ને પરસ્પર અત્યન્ત ભિન્ન છે. માટે ઘટાદિ(પદાર્થ)ની સામાન્યવિશેષાત્મકતા–સામાન્ય અને વિશેષ ઉભયસ્વરૂપતા) યુક્તિસિદ્ધ નથી.

(पं०) ई॑ नमः ॥ पञ्चमपरिच्छेदे **विषयिण** इति प्रमाणानि । **स्वतन्त्रस्ये**ति **यौगा**भिमतस्य ।

युष्माकमित्यतोऽग्रे यदिति गम्यम् । **सर्वगतमित्या**दिना त एव प्रमाणयन्ति। **तद्विपरीता** इति असर्वगताः

(टि०) **एवं चे**त्यादि॥ **सामान्यस्ये**ति सांख्यमतम्, केवलसामान्यस्याङ्गीकारात्। **विशेषस्ये**ति । सामान्यममान्यम्, विशेष एव चित्ततोपपोषक इति प्रतिपादयत् सौगतमतम्। **उभयस्ये**ति स्वतन्त्रौ सामान्यविशेषौ प्रमाणभूमिरिति साधयत् यौगमतम्।

नन्वहो जैना इत्यादि। **तद्विपरी**ता इति सामान्यविपर्ययभूताः। **एषामि**ति सामान्यविशेषानाम् ।

§३ तदेतत्परमप्रणयपरायणप्रणयिनीप्रियालापप्रायं वासवेश्मान्तरेव राजते। तथाहि-यदिदं सर्वगतत्वं सामान्यस्य न्यरूपि, तत् किं व्यक्तिसर्वगतत्वम्, सर्वसर्वगतत्वं वा स्वीकृत्य ? यदि प्राक्तनम्, तदा तर्णकोत्पाददेशे तदविद्यमानं वर्णनीयम्, अन्यथा व्यक्तिसर्वगतत्वव्याघातात्। तत्रोत्पन्नायां च व्यक्तौ कुतस्तत् तत्र भवेत् ? किं व्यक्त्या सहैवोत्पद्येत, व्यक्त्यन्तराद्वा समागच्छेत् ? । नाद्यः पक्षः, नित्यत्वेनास्य स्वीकृतत्वात्। द्वितीयपक्षे तु ततस्तदागच्छत् पूर्वव्यक्तिं परित्यज्यागच्छेत्, अपरित्यज्य वा ? । प्राचिकविकल्पे, प्राक्तनव्यक्तेर्निःसामान्यताऽऽपत्तिः । द्वितीयपक्षे तु किं व्यक्त्या सहैवागच्छेत्, केनचिदंशेन वा ? आद्ये शाबलेयेऽपि बाहुलेयोऽयमिति प्रतीतिः स्यात् । द्वितीयपक्षे तु सामान्यस्य सांशताऽऽपत्तिः । सांशत्वे चास्य व्यक्तिवदनित्यत्वप्राप्तिः ।

§४ अथ विचित्रा वस्तूनां शक्तिः; यथा मन्त्रादिसंस्कृतमन्नमुदरस्थं व्याधिविशेषं छिनत्ति, नोदरम्; तद्वदिहापि सामान्यस्येदृशी शक्तिः, यया स्वहेतुभ्यः समुत्पद्यमानेऽर्थे पूर्वस्थानादचलदेव तत्र वर्त्तत इति चेत् ।

§५ स्यादेतदेवम्, यद्येकान्तेनैक्यं सामान्यस्य प्रमाणेन प्रसिद्धं स्यात्; न चैवम्, तस्यैव तत्त्वतो विचारयितुमुपक्रान्तत्वात् । यथाहि–यद्यस्यैकान्तैक्यं कीर्त्यते, तदा भिन्नदेशकालासु व्यक्तिषु वृत्तिर्न स्यादिति । यदि तु स्वभाववादालम्बनमात्रेणैवेयमुपपाद्यते तदा किममुना सामान्येन ? किंतरां वाऽन्येनापि भूयसा वस्तुना परिकल्पितेन ? एकैव काचित् पद्मनिधीयमाना व्यक्तिरभ्युपगम्यताम् । सा हि तथास्वभावत्वात् तथा तथा प्रथिष्यत इति लाभाभिलाषुकस्य मूलोच्छेदः । तन्न व्यक्तिसर्वगतत्वमेतस्य सङ्गतिगोचरीभावमभजत् ।

१ यथा मु ।

§3 જૈન—હે યૌગો ! અત્યન્ત પ્રેમાસક્ત પ્રિયાના આલાપ સમાન તમારું આ કથન માત્ર શયનગૃહમાં જ શોભાસ્પદ છે (અર્થાત્ વિદ્વાનોની સભામાં શોભાસ્પદ નથી). તે આ પ્રમાણે—તમોએ સામાન્યને સર્વગત કહ્યું તો શું તે-વ્યક્તિમાં સર્વગત છે એવું સ્વીકારીને કે સર્વ સર્વગત છે—એવું સ્વીકારીને ? પહેલો વિકલ્પ કહો તો-વાછરડાના ઉત્પત્તિસ્થાન-ગર્ભમાં તે સામાન્ય વિદ્યમાન ન હતું એમ કહેવું જોઈએ. અન્યથા વ્યક્તિ સર્વગતત્વનો વ્યાઘાત-બાધ થશે. અર્થાત્ વ્યક્તિમાં જ જો વ્યાપ્ત હોય તો જ્યાં વ્યક્તિ જ ન હોય ત્યાં તે હોવું ન જોઈએ. એટલે હવે પ્રશ્ન થાય છે કે-ગર્ભ સ્થાનમાં ઉત્પન્ન થનાર વ્યક્તિમાં તે સામાન્ય ક્યાંથી આવે ? શું તે સામાન્ય, વ્યક્તિ સાથે જ ઉત્પન્ન થાય છે કે બીજી વ્યક્તિમાંથી આવે છે ? સામાન્યને નિત્ય માનેલ હોવાથી તેની ઉત્પત્તિ રૂપ પ્રથમ પક્ષ કહી શકશો નહિ, બીજો પક્ષ કહો તો-પ્રશ્ન થાય છે કે અન્ય વ્યક્તિમાંથી આવનાર સામાન્ય તે અન્ય વ્યકિતનો ત્યાગ કરીને આવે છે કે ત્યાગ કર્યા વિના ? પ્રથમ વિકલ્પ કહો તો તે અન્ય વ્યકિત સામાન્ય વિનાની થઈ જશે. બીજો વિકલ્પ કહો તો-શું તે વ્યકિતની સાથે જ આવે છે કે કોઈક અંશથી આવે છે ? પ્રથમ પ્રકાર માનો તો શાબલેયમાં પણ આ બાહુલેય છે, એવી પ્રતીતિ થવી જોઈએ. બીજો પ્રકાર માનો તો-સામાન્ય સાંશ બની જશે અને સામાન્યને સાંશ માનવાથી વ્યકિતની જેમ સામાન્ય પણ અનિત્ય બની જશે.

§4 યૌગ-વસ્તુઓની શકિત વિચિત્ર હોય છે. જેમકે-મન્ત્ર આદિથી સંસ્કૃત અસ્ત્ર (દિવ્ય શસ્ત્ર) ઉદરસ્થ વ્યાધિવિશેષનો નાશ કરે છે પરંતુ ઉદરનો છેદ કરતું નથી. તેની જેમ સામાન્યની પણ એવી શકિત છે, કે જેથી તે પૂર્વસ્થાન-પૂર્વવ્યકિતમાંથી ચલાયમાન થયા સિવાય જ પોતાના કારણોથી ઉત્પન્ન થનાર અર્થ (તર્ણકાદિ વ્યકિત)માં રહે છે.

§5 જૈન—આવું તો જ બને જો પ્રમાણથી સામાન્ય સર્વથા એક સિદ્ધ થયું હોય પરંતુ એમ તો નથી, કારણ કે-પ્રસ્તુતમાં સામાન્યની એકરૂપતા વાસ્તવિક છે કે નહિ એ જ તો વિચારવાનું છે. તે આ પ્રમાણે-જો સામાન્યમાં એકાન્ત ઐક્ય માનવામાં આવે અર્થાત્ સામાન્ય સર્વથા એક છે એવું માનવામાં આવે તો ભિન્ન દેશ અને ભિન્ન કાલમાં ઉત્પન્ન થનારી વ્યકિતમાં સામાન્યની સત્તા ઘટી શકશે નહિ, અને જો સામાન્યનો સ્વભાવ જ એવો છે એમ કહી સ્વભાવવાદના આલમ્બન માત્રથી ભિન્ન દેશ અને ભિન્ન કાલમાં ઉત્પન્ન થનારી વ્યકિતમાં સામાન્યની સત્તા સિદ્ધ કરતા હો તો-વળી આ સામાન્યની પણ શું જરૂર છે ? તેમજ બીજી ઘણી બધી વસ્તુઓની પણ કલ્પના કરવાની શી જરૂર છે ? કોઈ એક જ પદ્મનિધિ(કુબેર) જેવી વ્યકિત માની લ્યો, તે વ્યકિત તથાપ્રકારના સ્વભાવથી તે તે પ્રકારે પ્રકટ થશે. એ પ્રમાણે સ્વીકારતાં લાભની ઇચ્છાવાળા તમને પોતાની માન્યતાનો મૂલમાંથી ઉચ્છેદ થયો, માટે સામાન્યનું તે વ્યક્તિ સર્વગત છે એવું લક્ષણ સંગતિનો વિષય બની શકતું નથી. અર્થાત્ સિદ્ધ થઈ શકતું નથી.

(प०) **तदेतदित्यादि** जैनः। **न्यरूपि** इति भवद्भिः। **उत्पाददेशे** इति यत्र तर्णक उत्पद्यते। **अन्यथेति** यदि तत्रापि भवेत् सामान्यम्। **व्यक्तिसर्वगतत्वव्याघातादिति** **तत्र** व्यक्तेरभावात्। **कुत** इति कुतः स्थानात्, **तदिति** सामान्यम्। **तत्रेति** तर्णकव्यक्तौ। **स्वीकृतत्वादिति** भवद्भिः। **तत** इति वक्त्यन्तरात्। **तदिति** सामान्यम्। **शावलेयेऽपि वाहुलेयोऽयमिति प्रतीतिः स्यादिति** व्यक्त्या सहैव तत्र सामान्यस्य प्रवेशात्।

व्याधिविशेषमिति व्याधिविशेषं कर्म। **ययेति** शक्त्या। **तत्रेति** अर्थे।

स्यादित्यादि सूरिः। **न चैवमित्यतो**ऽग्रे यत इति गम्यम्। **तथा हीत्यादिना** जैन एवं प्रपञ्चयति। **अस्येति** सामान्यस्य। **इयमिति** वृत्तिः। **अभ्युपगम्यतामिति** यौगैः अभ्युपगम्यतामित्यतोऽग्रे ततः किं स्यादिति गम्यम्। **मूलोच्छेद** इति सामान्यसर्वगतत्वे साधयितुमिष्टे सामान्यस्यैवोच्छेदः। **तन्न व्यक्तीत्यादिना**चार्य एव निगमयति। **एतस्येति** सामान्यस्य।

(टि०) **तथाहि यदिदमित्यादि**। **तदिति** सामान्यस्य व्यक्तिसर्वगतत्वं पूर्वमविद्यमानायां तत्तर्णकव्यक्तावाश्रयाभावेन सामान्यस्याऽसंभवात्। अत एवासत्। **अन्यथेति** असत्सामान्यवर्णनामन्तरेण। **व्यक्तिसर्वेति** या या तर्णकरूपा व्यक्तिः संसारचक्रे क्रीडति तत्र तत्र सामान्यं सर्वदा समवेतं संजायत इति पक्षप्रहाणप्रसङ्गात्। **तदिति** सामान्यम्॥ **तत्रेति** व्यक्तौ। **अस्येति** सामान्यस्य "नित्यमेकमनेकवर्ति सामान्यम्" इति वचनात्। **तत** इति व्यक्त्यन्तरात्। **तदिति** सामान्यम्। **अस्येति** सामान्यस्य।

ययेति शक्त्या। **स्वहेतुभ्य** इति आत्मीयात्मीयसहकारिकारणेभ्यः। **अर्थे** इति तर्णकादौ **पूर्वस्थानादिति** पूर्वव्यक्तेः॥ [1]**तत्रेति** अर्थे, **न चैवमिति** सामान्यस्यैकान्तैक्यं न प्रमाणात् सिद्धिपद्धतिमशिश्रयत्। **तस्यैवेति** सामान्यैकान्तैक्यस्यैव। **उपक्रान्तेति** प्रारब्धत्वात्। **तथाहि यदीत्यादि**। **अस्येति** सामान्यस्य। **एकान्तेति** एकान्तेन एकमेव सामान्यमिति भावः। **इयमिति** वृत्तिः। **सा हीति** व्यक्तिः। **तथास्वभावत्वादिति** भिन्नकालासु व्यक्तिषु वर्त्तिस्वभावत्वात्। **तथातथेति** भिन्नदेशकालासु व्यक्तिषु सामान्यरूपगोत्वादिभावेन। **एतस्येति** सामान्यस्य।

§६ नापि सर्वसर्वगतत्वम्, खण्डमुण्डादिव्यक्त्यन्तरालेऽपि तदुपलम्भप्रसङ्गात्। अव्यक्तत्वात्तत्र तस्यानुपलम्भ इति चेत्, व्यक्तिस्वात्मनोऽप्यनुपलम्भोऽत एव तत्रास्तु। अन्तराले व्यक्त्यात्मनः सद्भावावेदकप्रमाणाभावादसत्त्वादेवानुपलम्भे सामान्यस्यापि सोऽसत्त्वादेव तत्रास्तु, विशेषाभावात्।

§७ किंच, प्रथमव्यक्तिसमाकलनवेलायां तदभिव्यक्तस्य सामान्यस्य सर्वात्मनाऽभिव्यक्तिर्जातैव, अन्यथा व्यक्ताव्यक्तस्वभावभेदेनानेकत्वानुषङ्गादसामान्यस्वरूपताऽऽपत्तिः। तस्मादुपलब्धिलक्षणप्राप्तस्य स्वव्यक्त्यन्तराले सामान्यस्यानुपलम्भादसत्त्वम्, व्यक्तिस्वात्मवत्।

---

१ अत्र-डे-३।

§૬ સામાન્યનું સર્વસર્વગતત્વરૂપ લક્ષણ પણ સંગત નથી. કારણ કે—તેથી ખંડ-મુંડાદિ વ્યક્તિના અન્તરાલ (વચ્ચેના) પ્રદેશમાં પણ સામાન્યની ઉપલબ્ધિનો પ્રસંગ આવશે. અર્થાત્ બે વ્યક્તિ વચ્ચેના રિક્ત પ્રદેશમાં પણ તે દેખાવું જોઈએ.

યૌગ—ખંડ-મુંડાદિ વ્યક્તિઓના અન્તરાલ પ્રદેશમાં સામાન્ય અવ્યક્ત છે તેથી દેખાતું નથી.

જૈન—તો પછી વ્યક્તિના સ્વરૂપની અનુપલબ્ધિ પણ તેની અવ્યક્તતાને કારણે ત્યાં માનવી જોઈએ.

યૌગ—અન્તરાલ પ્રદેશમાં વ્યક્તિ સ્વરૂપની સત્તાને જણાવનાર કોઈ પ્રમાણ નથી માટે અન્તરાલ પ્રદેશમાં વ્યક્તિ સ્વરૂપની અસત્તા હોવાથી જ અનુપલબ્ધિ છે, પરંતુ તેની અવ્યક્તતાને કારણે નહિ.

જૈન—તે જ રીતે અન્તરાલ પ્રદેશમાં સામાન્યની સત્તાને જણાવનારું પ્રમાણ પણ નથી. માટે અંતરાલ પ્રદેશમાં સામાન્યનો અનુપલંભ તે અવ્યક્ત હોવાને કારણે નહિ પરન્તુ ત્યાં તેની અસત્તાને કારણે જ છે, એમ કેમ નથી માનતા ? કારણ કે બન્ને સ્થળે અનુપલંભમાં કંઇ વિશેષ નથી.

§૭ વળી, પ્રથમ વ્યક્તિને જાણવાને સમયે વ્યક્તિથી અભિવ્યક્ત થયેલ સામાન્યની અભિવ્યક્તિ પણ સંપૂર્ણપણે થઈ જ ગયેલી છે, કારણકે—જો સંપૂર્ણ અભિવ્યક્તિ ન માનો તો—વ્યક્ત સ્વભાવ અને અવ્યક્ત સ્વભાવનો ભેદ થઈ જવાથી સામાન્ય અનેક થઈ જશે. અને તેમ થતાં તે સામાન્ય જ નહિ રહે. કારણકે—સામાન્ય તો એક જ છે. માટે દર્શનયોગ્ય છતાં અંતરાલ પ્રદેશમાં સામાન્યનો અનુપલંભ હોવાથી વ્યક્તિ સ્વરૂપની જેમ તે ત્યાં અસત્ છે.

(प०) **अव्यक्तत्वादि**ति व्यक्त्यनभिव्यक्तत्वात् । **तत्रे**ति अन्तराले । **व्यक्तिस्वात्मनोऽपी**त्यादि सूरिः । **अत एवे**ति अव्यक्तत्वादेव । **तत्रे**ति अन्तराले । **अन्तराले** इत्यादि यौगः । **सामान्यस्यापी**त्यादि सूरिः । **स** इति अनुपलम्भः । **तत्रे**ति अन्तराले । **विशेषाभावादि**ति अनुपलम्भविशेषाभावात् ।

प्रथमव्यक्तिसमाकलनवेलायामिति भवन्मते । [अ]**सामान्यस्वरूपतापत्तिरि**ति ऐक्यव्याघातात् । **तस्मादि**त्यादि सूरिः ।

(टि०) **तदुपलम्भे**ति सामान्योपलम्भप्रसक्तेः । **तत्रे**ति खण्डमुण्डाद्यन्तराले । **तस्ये**ति सामान्यस्य । **व्यक्तिस्वात्मन** इति वयं भणिष्यामो व्यक्तिः सर्वव्यापिका । **अत एवे**ति अव्यक्तत्वादेव, **तत्रे**ति अन्तराले, **स** इति अनुपलम्भः । **तत्रे**ति अन्तराले ।

किं च प्रथमेत्यादि । **तदभिव्यक्तस्ये**ति व्यक्ताभिव्यक्तस्य । **अन्यथे**ति सर्वात्मनाऽनभिव्यक्तत्वे । **व्यक्तिस्वात्मवदि**ति । यथा उभयव्यक्त्यन्तराले व्यक्तिस्वरूपं नोपलभ्यते तथा सामान्यस्वरूपमपि ।

§८ अपि च, अव्यक्तत्वात् तत्र तस्यानुपलम्भस्तदा सिध्येद्, यदि व्यक्त्यभिव्यङ्ग्यता सामान्यस्य सिद्धा स्यात् । न चैवम्, नित्यैकरूपस्यास्याभिव्यक्तेरेवानुपपत्तेः ।

तथाहि—व्यक्तिरुपकारं किञ्चित् कुर्वती सामान्यमभिव्यञ्जयेत्, इतरथा वा । कुर्वती चेत्, कोऽनया तस्योपकारः क्रियते? । तज्ज्ञानोत्पादनयोग्यता चेत्, सा ततो भिन्ना, अभिन्ना वा विधीयेत । भिन्ना चेत्, तत्करणे सामान्यस्य न किञ्चित्कृतमिति तदवस्थाऽस्यानभिव्यक्तिः । अभिन्ना चेत्, तत्करणे सामान्यमेव कृतं स्यात्, तथा चानित्यत्वप्राप्तिः । तज्ज्ञानं चेदुपकारः; तर्हि कथं सामान्यस्य सिद्धिः, अनुगतज्ञानस्य व्यक्तिभ्य एव प्रादुर्भावात्? । तत्सहायस्यास्यैवात्र व्यापार इत्यपि श्रद्धामात्रम् । यतो यदि घटोत्पत्तौ दण्डाद्युपेतकुम्भकारवद् व्यक्त्युपेतं सामान्यमनुगतज्ञानोत्पत्तौ व्याप्रियमाणं प्रतीयेत, तदा स्यादेतत्; तच्च नास्त्येव । न किञ्चित् कुर्वत्याश्च व्यञ्जकत्वे, विजातीयव्यक्तेरपि व्यञ्जकत्वप्रसङ्गः । तन्नाव्यक्तत्वात् तत्र तस्यानुपलम्भः, किन्त्वसत्त्वादेव—इति न सर्वसर्वगतमप्येतद्भवितुमर्हति, किन्तु प्रतिव्यक्ति कथञ्चिद्भिन्नम्, कथञ्चित्तदात्मकत्वाद्, विसदृशपरिणामवत् । यथैव हि काचिद् व्यक्तिरुपलभ्यमानाद् व्यक्त्यन्तराद्विशिष्टा विसदृशपरिणामदर्शनादवतिष्ठते, तथा सदृशपरिणामात्मकसामान्यदर्शनात् समानेति, तेनायं समानो गौः, सोऽनेन समान इति प्रतीतेः । न च व्यक्तिस्वरूपादभिन्नत्वात् सामान्यरूपताव्याघातोऽस्य, रूपादेरप्यत एव गुणरूपताव्याघातप्रसङ्गात् । कथञ्चिदव्यतिरेकस्तु रूपादेरिव सदृशपरिणामस्याप्यस्त्येव ।

§૮ વળી, અવ્યક્ત હોવાથી અંતરાલ પ્રદેશમાં સામાન્યનો અનુપલંભ તે ત્યારે જ સિદ્ધ થાય, જો સામાન્યની અભિવ્યક્તિ વ્યક્તિ વડે થાય છે એ સિદ્ધ થયું હોય પરંતુ એવું તો નથી. કારણકે-નિત્ય એકસ્વરૂપવાળા સામાન્યની અભિવ્યક્તિ યુક્તિપૂર્વક ઘટી શકતી જ નથી. તે આ પ્રમાણે-સામાન્યની અભિવ્યક્તિ વ્યક્તિ દ્વારા થાય છે તો શું વ્યક્તિ કંઈ પણ ઉપકાર કરીને સામાન્યને અભિવ્યક્ત કરે છે કે કંઈ પણ ઉપકાર કર્યા વિના ? વ્યક્તિ સામાન્યને અભિવ્યક્ત કરવામાં તેના ઉપર ઉપકાર કરતી હોય તો તે ઉપકાર શો છે ? સામાન્યના જ્ઞાનને ઉત્પન્ન કરવાની યોગ્યતારૂપ ઉપકાર વ્યક્તિ કરે છે-એમ કહો તો, પ્રશ્ન છે કે-તેવી યોગ્યતાને તે વ્યક્તિ સામાન્યથી ભિન્નરૂપે ઉત્પન્ન કરે છે કે અભિન્નરૂપે ? જો ભિન્ન હોય તો સામાન્યનું કંઈ પણ કર્યું એમ કહેવાશે નહિ એટલે સામાન્યની અનભિવ્યક્તિ જેવી હતી તેવી ને તેવી જ રહેશે. અને જો યોગ્યતા સામાન્યથી અભિન્ન હોય તો-તેવી યોગ્યતા ઉત્પન્ન કરવી એટલે સામાન્યને જ ઉત્પન્ન કરવું એમ થયું, આથી તો સામાન્ય અનિત્ય થઈ જશે. સામાન્યનું જ્ઞાન કરાવવું એ વ્યક્તિનો સામાન્ય ઉપર ઉપકાર છે એમ કહો તે તેથી સામાન્યની સિદ્ધિ કઈ રીતે થશે ? કારણકે-અનુગત જ્ઞાન એટલે કે પ્રતિ વ્યક્તિમાં એકાકાર કે તુલ્યાકાર જ્ઞાન તો વ્યક્તિથી જ ઉત્પન્ન થયું. એટલે કે તેથી તો વ્યક્તિ સિદ્ધ થાય.

યૌગ—અનુગત જ્ઞાનમાં વ્યક્તિની સહાયવાળા સામાન્યનો જ વ્યાપાર છે. અર્થાત્ કેવલ વ્યકિતનો નથી, તેથી સામાન્ય સિદ્ધ થશે.

જૈન—આ કથન પણ માત્ર તમારી શ્રદ્ધાને જણાવનારું છે પણ વાસ્તવિક નથી. કારણ કે-ઘટની ઉત્પત્તિમાં દંડાદિથી યુકત કુંભારની જેમ અનુગત જ્ઞાનની ઉત્પત્તિમાં વ્યક્તિથી યુક્ત સામાન્ય જો વ્યાપારવાળું પ્રતીત થયું હોય તો જ તમારી વાત ઘટી શકે, પરંતુ તેમ તો નથી કારણકે-વ્યાપાર કરતું સામાન્ય જણાયું જ નથી. વ્યકિત સામાન્ય ઉપર કંઈ પણ ઉપકાર કરતી નથી છતાં પણ વ્યકિતને સામાન્યની અભિવ્યંજક માનો તો-વિજાતીય વ્યકિત પણ સામાન્યની વ્યંજક બની જશે. માટે અંતરાલ પ્રદેશમાં સામાન્યનો અનુપલમ્ભ તે સામાન્ય અવ્યકત હોવાથી છે એવું નથી પરંતુ અસત્ હોવાથી જ છે. આ રીતે સામાન્યનું સર્વસર્વગત લક્ષણ પણ સિદ્ધ થઈ શકતું નથી. પરંતુ સામાન્ય પ્રત્યેક વ્યકિતમાં કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ તદાત્મક-અભિન્ન હોવાથી, વિસદૃશપરિણામની જેમ. વિસદૃશ (અસમાન) પરિણામના દર્શનને કારણે કોઈ એક વ્યકિત અન્ય વ્યકિતથી વિશિષ્ટ (જુદી) છે એવું જ્ઞાન થાય છે તેમ સદૃશપરિણામરૂપ સામાન્યના દર્શનને કારણે સમાન છે એવી પ્રતીતિ થાય છે કારણકે-આ ગૌ તેના સમાન છે અથવા તે આના સમાન છે એવી પ્રતીતિ છે.

શંકા :—સામાન્ય જો વ્યક્તિ સ્વરૂપથી અભિન્ન હોય તો તેની સામાન્ય રૂપતાનો વ્યાઘાત—બાધ થશે.

સમાધાનઃ—એમ ન કહેવું કારણ કે-તો એ જ કારણે રૂપાદિમાં પણ ગુણરૂપતાનો વ્યાઘાત થશે. અને દ્રવ્યથી કથંચિત્ ભેદ તો રૂપાદિની જેમ સદૃશ પરિણામનો પણ છે જ.

(प०) **अव्यक्तत्वादि**ति व्यक्तया। **तत्रे**ति अन्तराले। **तस्ये**ति सामान्यस्य। **अस्ये**ति सामान्यस्य। **तस्योपकार** इति सामान्यस्योपकारः। **तज्ज्ञानोत्पादनयोग्यते**ति सामान्यज्ञानोत्पादनयोग्यता। **सा तत** इत्यादि सूरिः। **अनुगतज्ञानस्य व्यक्तिभ्य एव प्रादुर्भावादि**ति सामान्यात् व्यक्त्यनुगतज्ञानमुत्पद्यते। तस्य च व्यक्तिभ्य एवोत्पादात्। **तत्सहायस्ये**ति व्यक्तिसहायस्य। **अस्ये**ति सामान्यस्य। **अत्रे**ति अनुगतज्ञाने। **विजातीयव्यक्तेरि**ति महिष्यादिविजातीयव्यक्तेः। **तत्रे**ति अन्तराले। **किं त्वि**त्यग्रे सामान्यमिति शेषः। **काचिदि**ति सजातीयाऽपि। **समानेती**त्यतोऽग्रे कथमिति गम्यम्। **अत एवे**ति व्यक्तिस्वरूपादभिन्नत्वादेव। **गुणरूपताव्याघातप्रसङ्गादि**ति न च व्याघातोऽस्ति।

(टि०) **तत्रे**ति खण्डमुण्डाद्यन्तराले। **तस्ये**ति सामान्यस्य। **न चैवमि**ति व्यक्त्यभिव्यङ्ग्यता न सिद्धा। **अनये**ति व्यक्तया, **तस्ये**ति सामान्यस्य। **तज्ज्ञाने**ति सामान्यसंवेदनोत्पत्तौ। **से**ति योग्यता। **तत** इति सामान्यात्। **तत्करणे** इति तज्ज्ञानोत्पादनयोग्यताविधाने। **तदवस्थे**ति तद्रूपैव नोत्तुंसयितुं शक्या। **अस्ये**ति सामान्यस्य। **तत्करणे** इति योग्यताकरणे। **तथाचे**ति सामान्यस्य कृतकत्वे। **तत्सहायस्ये**ति व्यक्तिसहितस्य सामान्यस्य। **अत्रे**ति अनुगतज्ञाने **तत्रे**ति अन्तराले। **तस्ये**ति सामान्यस्य। **एतदि**ति सामान्यम्। **यथैव** हीत्यादि। **विशिष्टे**ति भिन्ना। **अस्ये**ति सामान्यस्य। **अत एवे**ति अभिन्नत्वादेव।

§९ ननु प्रथमव्यक्तिदर्शनवेलायां कथं न समानप्रत्ययोत्पत्तिः ?, तत्र सदृशपरिणामस्य भावादिति चेत् । तवापि विशिष्टप्रत्ययोत्पत्तिस्तदानीं कस्मान्न स्यात्, वैसदृश्यस्यापि भावात् ? । परापेक्षत्वात् तस्याप्रसङ्गोऽन्यत्रापि तुल्यः । समानप्रत्ययोऽपि हि परापेक्षः, परापेक्षामन्तरेण क्वचित् कदाचिदप्यभावात्, अणुमहत्त्वादिप्रत्ययवत् ।

§૯ શંકા—જો વ્યક્તિમાં સદૃશપરિણામરૂપ સામાન્ય છે જ તો પછી પ્રથમવ્યક્તિના દર્શન સમયે સમાનપ્રત્યય-સામાન્યજ્ઞાન કેમ થતું નથી ?

સમાધાન-અમે તમને જ પૂછીએ છીએ કે તે વેળા વિસદૃશતા હોવા છતાં પણ વિશિષ્ટજ્ઞાન-ભેદજ્ઞાન કેમ થતું નથી ? જો વિશિષ્ટજ્ઞાન પરાપેક્ષ હોવાથી તે વેળા ન જ થતું હોય તો-અન્યત્ર એટલે સાદૃશ્યજ્ઞાન વિષે પણ તેમ જ છે, કારણ કે-સામાન્ય પ્રત્યય પણ પરાપેક્ષ જ છે. કારણ કે-અણુત્વ, મહત્ત્વ આદિ પ્રત્યયોની જેમ તે પણ પરની અપેક્ષા વિના ક્યાંઈ કદી પણ થતો નથી.

(प०) **तत्रे**ति व्यक्तौ । **तदानीमि**ति प्रथमव्यक्तिदर्शनवेलायाम् । **अन्यत्रापी**ति समानप्रत्ययोत्पत्तावपि । **क्वचित् कदाचिदप्यभावा**दिति समानप्रत्ययस्य ।

(टि०) **तत्रे**ति प्रथमव्यक्तिदर्शने ॥ **तदानीमि**ति प्रथमव्यक्तिदर्शनवेलायाम् । **तस्ये**ति विस्पष्टप्रत्ययस्य । **अन्यत्रापी**ति अस्मदभिमतपक्षेऽपि ।

§१० विशेषा अपि नैकान्तेन सामान्याद्विपरीतधर्माणो भवितुमर्हन्ति । यतो यदि सामान्यं सर्वगतं सिद्धं भवेत्, तदा तेषामव्यापकत्वेन ततो विरुद्धधर्माध्यासः स्यात् । न चैवम्, सामान्यस्य विशेषाणां च कथञ्चित्परस्पराव्यतिरेकेणैकानेकरूपतयावस्थितत्वात् । विशेषेभ्योऽव्यतिरिक्तत्वाद्धि सामान्यमप्यनेकमिष्यते, सामान्यात्तु विशेषाणामव्यतिरेकात्तेऽप्येकरूपा इति । एकत्वं च सामान्यस्य संग्रहनयार्पणात् सर्वत्र विज्ञेयम् । प्रमाणार्पणात्तस्य सदृशपरिणामरूपस्य विसदृशपरिणामवत् प्रतिव्यक्तिभेदात् । एवं चासिद्धं सर्वथा विरुद्धधर्माध्यस्तत्वं सामान्यविशेषयोः । यदि पुनः कथञ्चिदेव विरुद्धधर्माध्यस्तत्वं हेतुश्चिकीर्षितम्, तदा विरुद्धमेव, कथंचिद्विरुद्धधर्माध्यासस्य कथंचिद्भेदेनैवाविनाभूतत्वात् ।

§૧૦ વિશેષો પણ સામાન્યથી એકાંતે સર્વથા વિપરીત ધર્મવાળા સિદ્ધ થઈ શકતા નથી. કારણ કે જો સામાન્ય સર્વગત સિદ્ધ થાય તો તે-વિશેષો અવ્યાપક હોવાથી—સામાન્યથી વિરુદ્ધધર્માધ્યાસવાળા સિદ્ધ થાય. એટલે કે વિશેષો સામાન્યથી વિરોધી ધર્મવાળા છે એમ સિદ્ધ થાય, પણ એમ છે જ નહિ, કારણ કે સામાન્ય અને વિશેષ પરસ્પર કથંચિત્ અભિન્ન હોવાથી એક અને અનેક રૂપે રહેલા છે, કારણ કે- વિશેષોથી અભિન્ન હોવાથી સામાન્ય અનેકરૂપ

છે, તેવી જ રીતે સામાન્યથી અભિન્ન હોવાથી વિશેષો પણ એકરૂપ છે. અને સામાન્યની એકતા સર્વત્ર સંગ્રહનયની અપેક્ષાએ જાણવી, કારણ કે-પ્રમાણની અપેક્ષાએ સદૃશપરિણામરૂપ તે સામાન્ય, વિસદૃશપરિણામની જેમ પ્રત્યેક વ્યક્તિમાં ભિન્ન છે. એટલે-સામાન્ય અને વિશેષરૂપ પક્ષમાં તમોએ કહેલ 'વિરુદ્ધ ધર્મના આશ્રયરૂપ હોવાથી-એ હેતુ અસિદ્ધ છે. અને જો કદાચ વિરુદ્ધધર્માધ્યાસ હેતુને 'કથંચિદ્વિરુદ્ધધર્માધ્યાસ' અર્થમાં સ્વીકારતા હો તો હેતુ વિરુદ્ધ થઈ જશે, કારણ કે-કથંચિદ્વિરુદ્ધધર્માધ્યાસનો અવિનાભાવ કથંચિદ્ભેદ સાથે છે, એટલે કે-તે હેતુથી અત્યન્ત-સર્વથા ભેદની સિદ્ધિને બદલે કથંચિદ્ ભેદ સિદ્ધ થશે અર્થાત્ હેતુ વિરુદ્ધ થશે.

(प०) **तत** इति सामान्यात्। **प्रमाणार्पणात्तस्ये**ति स्याद्वादमते। **चिकीर्षितमि**ति भवता। **स्वीकरणादि**ति जैनैः ॥१॥

(टि०) **यतो यदी**त्यादि ॥ **तेषामि**ति विशेषाणाम्। **तत** इति सामान्यात्॥ **न चैवमि**ति न विरुद्धधर्माध्यासः। **अव्यतिरेकेणे**ति अभेदेन। **तेऽपी**ति विशेषा अपि। **तस्ये**ति सामान्यस्य। **असिद्धमि**ति विरुद्धधर्माध्यस्तत्वादिति हेतुरसिद्धः।

§११ पाथःपावकस्वरूपो दृष्टान्तोऽप्युभयविकलः, तयोरपि कथंचिदेव विरुद्धधर्माध्यस्तत्वेन भिन्नत्वेन च स्वीकरणात्। पयस्त्वपावकत्वादिना हि तयोर्विरुद्धधर्माध्यासो भेदश्च, द्रव्यत्वादिना पुनस्तद्वैपरीत्यमिति। तथा च कथं न सामान्यविशेषात्मकत्वं घटादेर्घटत इति ॥१॥

§१ અને અનુમાનમાં તમોએ જણાવેલ 'જલ અને અગ્નિ' રૂપ દૃષ્ટાંત પણ ઉભયવિકલ છે. અર્થાત્ સાધન અને સાધ્યહીન છે. કારણ કે-કથંચિદ્ વિરુદ્ધધર્માધ્યાસ દ્વારા તે બન્નેને કથંચિત્ ભિન્નરૂપે સ્વીકારેલ છે. અર્થાત્ જલત્વ અને અગ્નિત્વ ધર્મદ્વારા તે બન્નેમાં વિરુદ્ધધર્માધ્યાસ અને ભિન્નતા છે, જ્યારે દ્રવ્યત્વધર્મદ્વારા એક ધર્માધ્યાસ અને અભિન્નતા છે. અને તે રીતે વિચારતાં ઘટાદિ પદાર્થ પણ સામાન્યવિશેષસ્વરૂપે કેમ સિદ્ધ નહિ થાય ? અર્થાત્ ઘટાદિ પદાર્થ સામાન્યવિશેષાત્મક સિદ્ધ થશે. ૧.

(टि०) **तयो**रिति पाथःपावकयोः। **तद्वैपरीत्यमि**ति विरुद्धधर्म्माध्यासभेदयोर्विपर्ययः ॥१॥

अधुना सामान्यविशेषस्वरूपानेकान्तात्मकवस्तुसमर्थनार्थं साक्षाद्धेतुद्वयमभिदधानाः सदसदाद्यनेकान्तात्मकवस्तुप्रसाधकहेतून् सूचयन्ति—

अनुगतविशिष्टाकारप्रतीतिविषयत्वात्, प्राचीनोत्तराकारपरित्यागोपादानावस्थानस्वरूपपरिणत्याऽर्थक्रियासामर्थ्यघटनाच्च ॥२॥

§१ अनुगताकाराऽनुवृत्तस्वभावा गौर्गौरित्यादिप्रतीतिः, विशिष्टाकारा व्यावृत्तरूपा, शबलः श्यामल इत्यादिप्रतीतिस्तद्गोचरत्वात्—इति तिर्यक्सामान्यगुणाख्यविशेषलक्षणानेकान्तात्मकवस्तुसिद्धौ हेतुः। प्राचीनोत्तराकारयोः यथासङ्ख्येन ये परि-

त्यागोपादाने, ताभ्यां यदवस्थानम्, तत्स्वरूपपरिणामेनार्थक्रियासामर्थ्यघटनात् कार्यकरणापपत्तेः-इत्यूर्ध्वतासामान्यपर्यायाख्यविशेषस्वरूपानेकान्तात्मकवस्तुसिद्धौ हेतुः। चकारात् सदसदाद्यनेकान्तसमर्थकहेतवः सदसदाकारप्रतीतिविषयत्वादयो द्रष्टव्याः ॥२

વસ્તુને સામાન્ય વિશેષરૂપ અનેકાત્મક સિદ્ધ કરવા માટે સાક્ષાત્ બે હેતુનો નિર્દેશ કરીને સૂત્રકારે વસ્તુને સદસદાદિરૂપ અનેકાત્મક સિદ્ધ કરનાર હેતુઓની કરેલ સૂચના—

અનુગતાકાર પ્રતીતિ અને વિશિષ્ટાકાર પ્રતીતિ અર્થાત્ સદૃશજ્ઞાન અને ભેદજ્ઞાનનો વિષય હોવાથી તથા પ્રાચીનાકારનો ત્યાગ, ઉત્તરાકારનો સ્વીકાર-એ બન્ને પર્યાય છતાં અવસ્થાન (ધ્રૌવ્ય) સ્વરૂપ પરિણતિ દ્વારા અર્થક્રિયાની શક્તિ ઘટતી હોવાથી. ૨

§૧ અનુગતાકારા પ્રતીતિ એટલે-ગૌ ગૌ એ પ્રમાણે અન્વયસ્વભાવવાળું-એકાકારવાળું જ્ઞાન. વિશિષ્ટાકારા પ્રતીતિ એટલે-વ્યાવૃત્ત-ભિન્ન સ્વરૂપવાળું શબલ-શ્યામ એ પ્રમાણેનું જ્ઞાન, અર્થાત્ અનુગતાકારા અને વિશિષ્ટાકારા પ્રતીતિનો વિષય હોવાથી. આ હેતુથી વસ્તુ તિર્યક્ સામાન્યાત્મક અને ગુણ રૂપ વિશેષાત્મક -એમ અનેકાન્તાત્મક સિદ્ધ થાય છે. પ્રાચીન આકારનો ત્યાગ અને ઉત્તર આકારનું ગ્રહણ અર્થાત્ પૂર્વપર્યાયનો નાશ થાય, ઉત્તરપર્યાયની ઉત્પત્તિ-ઉત્પાદ-તે બન્ને છતાં વસ્તુમાં જે અવસ્થિતિ-ધ્રૌવ્ય-આ પ્રકારે સ્વરૂપપરિણામદ્વારા અર્થક્રિયાનું સામર્થ્ય-અર્થાત્ કાર્યકારણભાવ ઘટતો હોવાથી. આ હેતુથી વસ્તુ ઊર્ધ્વતાસામાન્ય અને પર્યાયરૂપ વિશેષાત્મક-એમ અનેકાન્તાત્મક સિદ્ધ થાય છે. સૂત્રમાં ગ્રહણ કરેલ ચકારથી વસ્તુને સદસદાદિરૂપે અનેકાન્તાત્મક સિદ્ધ કરનાર સદસદાકાર પ્રતીતિનો વિષય હોવાથી ઇત્યાદિ હેતુઓની સૂચના કરી છે.

સારાંશ છે કે પદાર્થમાં સદૃશતા અને વિસદૃશતા ન હોય તો તે બન્નેનું જ્ઞાન થઈ શકતું નથી. આથી એ સિદ્ધ થયું કે-પદાર્થમાં સદૃશ જ્ઞાન કરાવનાર સામાન્ય, અને વિસદૃશ જ્ઞાન કરાવનાર વિશેષ ધર્મ પણ છે. આથી વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે. આ સિવાય પદાર્થ એક પર્યાયરૂપે નષ્ટ થાય છે અને બીજા પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, ત્યારે પણ દ્રવ્યરૂપે પોતાની સ્થિતિ કાયમ રાખે છે. આ રીતે પદાર્થ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમય થઈને પરિણામરૂપ ક્રિયા કરે છે, અહીં ઉત્પાદ અને વ્યય પદાર્થની વિશેષરૂપતા-વૈસદૃશ્ય-ભેદને સિદ્ધ કરે છે, જ્યારે ધ્રૌવ્ય સામાન્યરૂપતા-સાદૃશ્યને સિદ્ધ કરે છે, આથી પણ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક સિદ્ધ થાય છે.

વસ્તુમાં અન્ય વસ્તુ સાથે સમાનતા જે કારણે પરિલક્ષિત થાય છે તે તિર્યક્ સામાન્ય છે અને વસ્તુના પર્યાયો બદલાતા હોવા છતાં તેમાં ઐક્યનું જે ભાન થાય છે તેનું કારણ ઊર્ધ્વતા સામાન્ય છે. ૨

(प०) अनुगतविशिष्टाकारेत्यादि गद्ये परित्यागः प्राचीनाकारस्य । उपादानं उत्तराकारस्य ।

तिर्यक्सामान्येत्यादिगद्ये लक्षणशब्देन स्वरूपम् । ॥२॥

(टि०) **अनुगते**त्यादि ॥ **गुणाख्ये**ति सहभाविनो गुणाः । आख्या स्वरूपम् । **ऊर्ध्वते**ति क्रमभाविनस्तु पर्यायाः ॥२॥

इदानीं सामान्यं प्रकारतः प्ररूपयन्ति—

सामान्यं द्विप्रकारं तिर्यक्सामान्यमूर्ध्वतासामान्यं च ॥३॥

तिर्यगुल्लेखिनाऽनुवृत्ताकारप्रत्ययेन गृह्यमाणं तिर्यक्सामान्यम्, ऊर्ध्वमुल्लेखिनाऽनुगताकारप्रत्ययेन परिच्छिद्यमानमूर्ध्वतासामान्यं चेति ॥३॥

तत्राद्यभेदस्य स्वरूपं सोदाहरणमुपदर्शयन्ति—

प्रतिव्यक्ति तुल्या परिणतिस्तिर्यक्सामान्यम्, शबलशाबलेयादिपिण्डेषु गोत्वं यथा ॥४॥

§१ व्यक्तिं व्यक्तिमधिश्रित्य समाना परिणतिस्तिर्यक्सामान्यं विज्ञेयम् ।

સામાન્યના પ્રકાર—

સામાન્ય બે પ્રકારે છે-તિર્યક્ સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્ય. ૩.

§૧ તિર્યક્‌ના ઉલ્લેખ-(નિર્દેશ-પ્રયોગ)વાળા અન્વયજ્ઞાનથી ગ્રહણ કરાતો પદાર્થ તિર્યક્ સામાન્ય. અને ઊર્ધ્વના ઉલ્લેખવાળા અન્વયજ્ઞાનથી જાણવામાં આવતો પદાર્થ ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે. ૩.

તિર્યક્ સામાન્યનું દૃષ્ટાન્ત સાથે નિરૂપણ—

વ્યક્તિમાં જે તુલ્ય પરિણામ તે તિર્યક્ સામાન્ય છે. જેમકે-શબલ-શાબલેય આદિ ભિન્ન-ભિન્ન પિંડોમાં ગોત્વ. ૪

§૧ વ્યક્તિ વ્યક્તિમાં રહેલ જે સમાન પરિણામ-સમાન આકાર તે તિર્યક્ સામાન્ય જાણવું.

§२ अत्र सौगताः सङ्गिरन्ते-गौर्गौरित्याद्यनुगताकारप्रतिपत्तेरन्यव्यावृत्तिमात्रेणैव व्यक्तिषु प्रसिद्धेरनवसर एव सदृशपरिणामस्वरूपसामान्यस्वीकारः । सर्वतो व्यावृत्तानि हि स्वलक्षणानि न मनागप्यात्मानमन्येन मिश्रयन्तीति ।

§३ तदेतन्मरुमरीचिकाचक्रोदकाऽऽचान्तयेऽञ्जलिपुटप्रसारणम् । यत इयमन्यव्यावृत्तिर्वहिः, अन्तर्वा भवेत् । तत्र खण्डमुण्डादिविशेषप्रतिष्ठैकान्यव्यावृत्तेर्वहिः सद्भावे सामान्यरूपता दुर्निवारा । आन्तरत्वे तु तस्याः कथं बहिरर्थाभिमुख्येनोल्लेखः स्यात् ? । नान्तः, बहिर्वा सेत्यपि स्वाभिप्रायप्रकटनमात्रम् ।

§૨ **સૌગત** -ગાય, ગાય, એ પ્રમાણે વ્યક્તિઓમાં જ સાદૃશ્ય જ્ઞાન થાય છે તે અન્યવ્યાવૃત્તિ-અન્યાપોહથી થાય છે અર્થાત્ તે બધી ગૌવ્યક્તિ અગૌ એટલે કે અશ્વાદિરૂપ અન્યથી વ્યાવૃત્ત છે. એ પ્રકારે અન્યવ્યાવૃત્તિથી જ સાદૃશ્ય-જ્ઞાન-સિદ્ધ થાય છે. માટે વસ્તુમાં સદૃશ પરિણામરૂપ સામાન્યનો સ્વીકાર અપ્રાસં-

ગિક છે. કારણ કે-સર્વથી વ્યાવૃત્ત સર્વથી ભિન્ન એવાં સ્વલક્ષણો-વસ્તુઓ પોતાના સ્વરૂપને બીજા સાથે જરા પણ ભેળવતા નથી.

§૩ જૈન—હે બૌદ્ધો ! તમારું ઉપર મુજબનું કથન મૃગજળ-ઝાંઝવાનાં પાણી પીવાને માટે અંજલિને પ્રસારવા (ખોબો ભરવા) જેવું છે. કારણ કે આ જે અન્યવ્યાવૃત્તિ-અન્યાપોહ છે તે બાહ્ય છે કે આભ્યન્તર ? ખંડ, મુંડ (રૂંડ) વિગેરે અનેક વ્યક્તિ વિશેષોમાં રહેનાર એક અન્યવ્યાવૃત્તિને જો તમે બાહ્ય છે એમ કહો તો-તેમાં સામાન્યરૂપતા તમારાથી રોકી શકાશે નહિ અર્થાત્ અન્યવ્યાવૃત્તિ એ જ સામાન્ય થઈ જશે અને જો ખંડ, મુંડાદિ વ્યક્તિઓમાં રહેલ અન્યવ્યાવૃત્તિ આભ્યંતરરૂપ છે—એમ કહો તો બાહ્ય અર્થને ઉદ્દેશીને તેનો ઉલ્લેખ કઈ રીતે થશે ? અને જો અન્યવ્યાવૃત્તિ અન્યાપોહ, નથી બાહ્ય કે નથી આભ્યંતર એમ કહેશો તો તે તમારો અભિપ્રાય માત્ર પ્રગટ થયો. અર્થાત્ તેમાં કંઈ પ્રમાણ નથી.

(प०) **अनवसर एवे**ति अप्राप्तकालीन एव । **सामान्यस्वीकार** इत्यतोऽग्रे यत इति । **तस्या** इति अन्यव्यावृत्तेः । **सेत्यपी**ति अन्यव्यावृत्तिः ।

(टि०) **तत्र खण्डे**त्यादि ॥ **सामान्ये**ति सामान्यस्यैव भवताऽन्यव्यावृत्तिरिति नाम दत्तम् । **तस्या** इति अन्यव्यावृत्तेः ।, **सा** इति अन्यव्यावृत्तिः ।

§४ तथाभूतं ह्यन्यव्यावृत्तिस्वरूपं किञ्चित्, न किञ्चिद्वा ? । किञ्चिच्चेत् ? नूनमन्तर्वहिर्वा तेन भाव्यम्, तत्र च प्रतिपादितदोषानतिक्रमः । न किञ्चिच्चेत् कथं तथाभूतप्रत्ययहेतुः ? ।

§५ वासनामात्रनिर्मित एवायमिति चेत् तर्हि बहिरर्थापेक्षा न भवेत् । न ह्यन्यकारणको भावोऽन्यदपेक्षते, धूमादेः सलिलाद्यपेक्षाप्रसङ्गात् । किञ्च, वासनाऽप्यनुभूतार्थविषयैवोपजायते । न चात्यन्तासत्त्वेन त्वन्मते सामान्यानुभवसम्भवः । अपि च, वासना तथाभूतं प्रत्ययं विषयतयोत्पादयेत्, कारणमात्रतया वा । प्राचि पक्षे सकलविशेषानुयायिनी पारमार्थिकी परिच्छेद्यस्वभावा वासनेति पर्यायान्तरेण सामान्यमेवाभिहितं भवेत् । कारणमात्रतया तु वासनायाः सदृशप्रत्ययजनने विषयोऽस्य वक्तव्यः, निर्विषयस्य प्रत्ययस्यैवासंभवात् । न च सदृशपरिणामं विमुच्यापरस्तद्विषयः सङ्गच्छते, प्रागुदीरितदोषानुषङ्गात् ।

§६ किञ्च । इयमन्यव्यावृत्तिः स्वयमसमानाकारस्य समानाकारस्य वा वस्तुनः स्यात्, प्राक्तनविकल्पकल्पनायामतिप्रसङ्गः, कुरङ्गतुरङ्गतरङ्गादिष्वपि तत्संभवापत्तेः, तथा च तेष्वनुगताकारैकप्रत्ययानुषङ्गः । स्वयं समानाकारस्य तु वस्तुनोऽभ्युपगमे समुपस्थित एवायमतिथिः सदृशपरिणामः कथं पराणुद्यताम् ? ।

§૪ અને તે વિષે પ્રશ્ન છે કે-તમે જણાવેલ તથારૂપ અન્યવ્યાવૃત્તિ કાંઈ છે કે નથી? તથારૂપ અન્યવ્યાવૃત્તિ કાંઈક છે એમ કહો તો-તે આભ્યંતર છે કે બાહ્ય? એ વિકલ્પ દ્વારા વિચાર કરવો જ પડશે, અને તેમ થતાં કોઈ પણ એક ભેદ સ્વીકારવો પડશે અને કોઈ પણ એક ભેદ સ્વીકારવાથી તે ભેદમાં ઉપર જણાવેલ દોષ દૂર હટાવી શકશો નહિ. તથાભૂત અન્યવ્યાવૃત્તિ કંઈ નથી એમ કહો તો-તે તથાપ્રકારના એટલે કે અનુગત આકારના જ્ઞાનમાં હેતુ (કારણ) કઈ રીતે થશે?

§૫ બૌદ્ધ—ગૌ ગૌ એ પ્રમાણે પ્રત્યય—સાદૃશ્યજ્ઞાન તો માત્ર વાસનાથી જ ઉત્પન્ન થાય છે.

જૈન— તો પછી તે જ્ઞાનમાં બાહ્ય અર્થની અપેક્ષા જ નહિ રહે. કારણ કે-અમુક કારણથી ઉત્પન્ન થનાર પદાર્થ તેથી અન્ય કારણની અપેક્ષા રાખતો નથી અન્યથા ધૂમાદિ કાર્ય જલાદિની અપેક્ષા રાખીને ઉત્પન્ન થવું જોઈએ. અર્થાત્ વાસનાથી ઉત્પન્ન થનાર અનુગતાકાર જ્ઞાન બાહ્ય અર્થની અપેક્ષા રાખી શકે નહિ. વળી, વાસના પણ અનુભવેલ પદાર્થને વિષે જ ઉત્પન્ન થાય છે, તમારા મતમાં તો-સામાન્ય અત્યન્ત (એકાંત) અસત્ હોવાથી તેના અનુભવનો જ સંભવ નથી. વળી ગૌ, ગૌ, એ પ્રમાણે સાદૃશ્ય પ્રત્યયને વાસના ઉત્પન્ન કરે છે, તો શું તે વાસના પોતે વિષય બનીને સાદૃશ્ય પ્રત્યયને ઉત્પન્ન કરે છે કે માત્ર કારણરૂપે છે? વાસના પોતે વિષય બનીને સાદૃશ્ય જ્ઞાનને ઉત્પન્ન કરે છે, એમ કહો તો 'સકલ વિશેષમાં અનુગમન કરનારી એટલે કે તુલ્ય પરિણામવાળી પારમાર્થિક અને જ્ઞેયસ્વરૂપવાળી વાસના' એ પ્રમાણે તેનું સ્વરૂપ થયું. તેથી તો પર્યાયદ્વારા (બીજા નામે) સામાન્યનું જ કથન થયું, એમ સિદ્ધ થશે. માત્ર કારણરૂપે વાસના સાદૃશ્ય જ્ઞાનને ઉત્પન્ન કરે છે એમ હોય તો સાદૃશ્યજ્ઞાનનો વિષય શું છે? એ કહેવું પડશે. કારણ કે વિષય વિના જ્ઞાન સંભવી શકતું નથી. અને સદૃશ પરિણામને છોડીને બીજો કોઈ વિષય તો ઘટી શકતો નથી કારણ કે-તેમાં પૂર્વોક્ત દોષોની આપત્તિ છે.

§૬ વળી, આ અન્યવ્યાવૃત્તિ સ્વયં અસમાનાકાર વસ્તુની છે કે સમાનાકાર વસ્તુની છે? પ્રથમ વિકલ્પ કહો તો-કુરંગ, તુરંગ, તરંગ વિગેરેમાં પણ અન્યવ્યાવૃત્તિનો સંભવ થતો હોવાથી અતિપ્રસંગ દોષ આવશે અને તે રીતે-કુરંગ, તુરંગ, તરંગ આદિમાં પણ અન્યવ્યાવૃત્તિ માનવાથી તેઓમાં સાદૃશ્યજ્ઞાનનો પ્રસંગ આવશે. અને સ્વયં સમાનાકાર વસ્તુની અન્યવ્યાવૃત્તિ માનવા જતાં તો સદૃશ પરિણામરૂપ અતિથિ તમારા દ્વાર ઉપર આવીને હાજર થઈ જાય છે, તો તેનો કેમ તિરસ્કાર કરશો?

(प०) **प्रतिपादितदोषानतिक्रम** इति विशेषप्रतिष्ठेति, वहिरर्थाभिमुख्येनेत्यादिकः । **तथाभूतप्रत्ययहेतुरि**ति अनुगताकारप्रत्ययहेतुः ।

वासनामात्र[निर्मित] एवेत्यादि सौगतः । **अयमि**ति तथाभूतप्रत्ययहेतुः । **तर्ही**त्यादि सूरिः । **वासनाप्यनुभूतार्थविषयैवे**ति वासना हि संस्कारः । स चानुभूतार्थविषय एव । **तथाभूतमि**ति अनुगताकारप्रत्ययम् । **कारणमात्रतये**ति उपादानव्यतिरिक्तकारणमात्र-

तया । **प्राचि पक्षे** इत्यादि विषयाद् ज्ञानं जायते । तच्च ज्ञानं तस्य विषयस्य ग्राहकम् । ततो वासना चेत् तथाभूतप्रत्ययविषयभूता सत्युत्पादयति, ततस्तेन प्रत्ययेन सा ग्राह्या । तथा च सामान्यमेव नामान्तरेणोक्तं भवति । **सकलविशेषानुयायिनी** इति यो यो अनुगताकारः प्रत्ययविषयः स सकलविशेषानुयायी यथा सामान्यम् । **परिच्छेद्यस्वभावे**ति विषयो हि परिच्छेद्यस्तत्स्वभावा । **सदृशप्रत्ययजनने** इति सदृशप्रत्ययजनने सति । **अस्ये**ति सदृशप्रत्ययस्य । **अपर** इति अन्यव्यावृत्तिरूपः । **तद्विषय** इति अस्य सदृशप्रत्ययस्य विषयः ।

(टि०) **तथाभूत**मिति नान्तर्वहीरूपम् । **तेने**ति अन्यव्यावृत्तिस्वरूपेण । **तत्रे**ति अन्तर्वहिर्वा **तथाभूते**ति गौरिति व्यक्तिप्रत्ययः ।

अयमिति प्रत्ययः । **तथाभूत**मिति गौर्गौरित्याकारम् ॥ **विषय** इति सामान्यलक्षणः **अस्ये**ति सदृशप्रत्ययस्य । **अपर** इति अन्यव्यावृत्तिलक्षणः । **तद्विषय** इति सदृशप्रत्ययस्य विषय. तत्संभवेति अन्यव्यावृत्तिसंभवप्राप्तेः । **तेष्वि**ति कुरङ्गतुरङ्गादिषु ।

§७ ननु यया प्रत्यासत्त्या केचन भावाः स्वयं सदृशपरिणामं बिभ्रति, तयैव स्वयमतदात्मका अपि सन्तस्तथा किं नावभासेरन् इति चेत् तदप्यनुचितम् । चेतनेतरभेदाभावप्रसङ्गात् । ययैव हि प्रत्यासत्त्या चेतनेतरस्वभावान् भावाः स्वीकुर्वन्ति, तयैव स्वयमतदात्मका अपि सन्तस्तथा किं नावभासेरन्-इत्यपि ब्रुवाणस्य ब्रह्माद्वैतवादिनो न वक्त्रं वक्रीभवेत् । चेतनेतरव्यतिरिक्तस्य ब्रह्मणोऽसत्त्वात् कथमस्य तथाऽवभासनम् ?—इत्यन्यत्रापि तुल्यम् । न खलु सदृशपरिणामशून्यं स्वलक्षणमप्यस्ति, यत् तथाऽवभासेत ।

§८ ननु स्वलक्षणस्य विसदृशाकारात्मनः सदृशपरिणामात्मकत्वं विरुध्यते । नैवम् । ज्ञानस्य चित्राकारतावत्, विकल्पेतराकारतावच्चैकस्योभयात्मकत्वाविरोधात् । ततो व्यावृत्तप्रत्ययहेतुविसदृशाकारतावद् वस्तुनः सदृशपरिणामात्मकत्वमप्यनुयायिप्रत्ययहेतुः स्वीकार्यम् ॥४॥

§૭ બૌદ્ધ—જે પ્રત્યાસત્તિ સંબંધથી કેટલાક પદાર્થો સ્વયં સદૃશ પરિણામને ધારણ કરે છે, તે જ પ્રત્યાસત્તિથી સ્વયં અતદાત્મક હોવા છતાં એટલે કે સદૃશપરિણામાત્મક ન હોવા છતાં તેવા કેમ ન જણાય ?

જૈન—તે ઉચિત નથી. કારણકે-એમ માનવા જતાં ચેતન અને જડનો ભેદ પણ નહિ રહે. કારણકે-જે પ્રત્યાસત્તિથી પદાર્થો ચેતનેતર સ્વભાવને ધારણ કરે છે. તે જ પ્રત્યાસત્તિથી પદાર્થો સ્વયં અતદાત્મક હોવા છતાં એટલે કે ચેતનેતર ન હોવા છતાં કેમ તેવા ન જણાય ? — એવું બોલનાર બ્રહ્માદ્વૈતવાદીનું મુખ કંઈ વાકું થતું નથી.

બૌદ્ધ—ચેતન અને જડથી ભિન્ન એવું બ્રહ્મ છે જ નહિ, તો તેનો તે પ્રકારે અવભાસ કઈ રીતે થાય ?

---

१ तदनु°-मु । २ तथाऽवभा°-पञ्जिकापाठः ।

જૈન—આ જ વસ્તુ અન્યત્ર પણ સમાનભાવે કહી શકાય છે કે-તમે માનેલ સદૃશપરિણામશૂન્ય સ્વલક્ષણ પણ છે જ નહિ, તો તેનો તે પ્રકારે અવભાસ કેમ થાય?

§૮ બૌદ્ધ—સ્વલક્ષણ તો વિસદૃશાકારવાળા છે. તેથી તેમાં સદૃશપરિણામનો વિરોધ છે.

જૈન—એમ નથી કારણ કે જ્ઞાન એક હોવા છતાં તેમાં ચિત્રાકારતાનો અને નિર્વિકલ્પકારતા તથા સવિકલ્પકારતાનો વિરોધ નથી. તેમ ઉભયાત્મકતાનો એટલે કે સદૃશતા અને અસદૃશતાનો વિરોધ નથી. માટે વસ્તુમાં વ્યાવૃત્ત જ્ઞાન ભેદજ્ઞાનના કારણભૂત વિસદૃશાકારની જેમ અનુગત જ્ઞાન–સદૃશ જ્ઞાનના કારણભૂત સદૃશ પરિણામ-સદૃશાકાર પણ સ્વીકારવો જોઈએ. ૪.

(प०) **ननु यये**त्यादि सौगतः । **प्रत्यासत्त्ये**ति खुरककुदसास्नादिमत्त्वप्रभृतिलक्षणया । **केचन भावा** इति गवादयः । **तयैवे**ति प्रत्यासत्त्या । **तथे**ति तदात्मकतया । **तदप्यनुचितमि**त्यादि जैनः । **चेतनेतरभेदाभावप्रसङ्गा**दित्यतोऽग्रे यत इति गम्यम् । **तथाऽवभासेरन्नि**ति चेतनेतरस्वभावाः । **चेतनेतरव्यतिरिक्तस्ये**त्यादि बौद्धः । **अस्ये**ति पदार्थजातस्य तदात्मकस्यापि । **तथावभासन**मिति तदात्मकताऽवभासनम् ।

नन्वित्यादि बौद्धः । **नैवमि**त्यादि सूरिः । **चित्राकारतावदि**ति भवदभीष्टा । **विकल्पेतराकारतावदि**ति निर्विकल्पकवत् । **एकस्ये**ति ज्ञानस्य । **अविरोधादि**ति भवन्मतेऽपि । **तत** इत्यादिना तत्त्वमाह ॥४॥

(टि०) **प्रत्यासत्त्ये**ति कारणसामग्र्या । **तयैवे**ति प्रत्यासत्त्या । अतदात्मका इति असदृशपरिणामाः । **तथे**ति सदृशतया । **अतदात्मका** इति अचेतनेतरपरिणामाः । **तथे**ति चेतनेतरतया । **अस्ये**ति ब्रह्मणः । **तथे**ति सदृशतया । **यदि**ति स्वलक्षणम् । **तथे**ति सदृशरूपतया ।

ननु स्वलक्षणस्येति यथा एकमेव सामान्यतश्चित्रज्ञानं वर्णपञ्चकभेदेन साक्षात्कर्तुंश्चेतसि पञ्चधा प्रतिबिम्बं तनुते, यथा [च] एकमेव ज्ञानं सविकल्पकं निर्विकल्पकं च द्विधा, तथैव एकस्यैव स्वलक्षणस्य विशदृशपरिणामात्मकत्वं सदृशपरिणामात्मकत्वं चाविरुद्धम् । ॥४॥

अथ सामान्यद्वितीयभेदं सनिदर्शनमुपदर्शयन्ति—

पूर्वापरपरिणामसाधारणं द्रव्यमूर्ध्वतासामान्यं कटककङ्कणाद्यनुगामिकाञ्चनवत् ॥५॥

§१ पूर्वापरपर्याययोरनुगतमेकं द्रव्यम्, द्रवति तांस्तान् पर्यायान् गच्छतीति व्युत्पत्त्या त्रिकालानुयायी यो वस्त्वंशः, तदूर्ध्वतासामान्यमित्यभिधीयते । निदर्शनमुत्तानमेव ।

ઊર્ધ્વતાસામાન્યનું દૃષ્ટાન્તપૂર્વક ઉપદર્શન—

પૂર્વ પરિણામ (પૂર્વ પર્યાય) અને ઉત્તર પરિણામ(ઉત્તર પર્યાય)માં સમાન-રૂપે રહેનારું ઊર્ધ્વતા સામાન્ય છે, જેમ કે-કડાં, કંકણ, ચૂડી આદિમાં અનુગામી સુવર્ણ દ્રવ્ય છે. ૫.

§૧ પૂર્વ અને ઉત્તર પર્યાયમાં અનુગત-અન્વયી એક દ્રવ્ય છે. 'તે તે પર્યાયોને પામે તે દ્રવ્ય' એ વ્યુત્પત્તિ દ્વારા ત્રણે કાળમાં અનુયાયી જે વસ્તુનો અંશ તે ઊર્ધ્વતાસામાન્ય છે. દૃષ્ટાન્ત સ્પષ્ટ છે.

§२ अत्रैकस्य कालत्रयानुयायितायां जनुपाऽन्धः शौद्धोदनिशिष्यः समाचष्टे–अहो ! कष्टः शिष्टैरुपक्रान्तोऽयमेकस्यानेककालावस्थितिवादः । प्रतिक्षणभङ्गुरभावावभासनायामेव हि प्रमाणमुद्रा साक्षिणी । तथाहि–यत् सत्, तत् क्षणिकम्, संश्च विवादाध्यासितः शब्दादिः । सत्त्वं तावद् यत् किञ्चिदन्यत्रास्तु, प्रस्तुते तावदर्थक्रियाकारित्वमेव मे संमतम् । तच्च शब्दादौ धर्मिणि प्रत्यक्षप्रमाणप्रतीतमेव । विपक्षाच्च व्यापकानुपलब्ध्या व्यावृत्तम् । सत्त्वस्य हि क्षणिकत्ववत् क्रमाक्रमावपि व्यापकावेव । न हि क्रमाक्रमाभ्यामन्यः प्रकारः शङ्कितुमपि शक्यते, व्याघातस्योद्भटत्वात्. न क्रम इति निषेधादेवाक्रमोपगमात्, नाक्रम इति निषेधादेव च क्रमोपगमात् । तौ च क्रमाक्रमौ स्थिराद् व्यावर्त्तमानावर्थक्रियामपि ततो व्यावर्त्तयतः । वर्त्तमानार्थक्रियाकरणकाले ह्यतीतानागतयोरप्यर्थक्रिययोः समर्थत्वे तयोरपि करणप्रसङ्गः । असमर्थत्वे पूर्वापरकालयोरप्यकरणापत्तिः ।

§३ समर्थोऽप्यपेक्षणीयासन्निधेर्न करोति, तत्सन्निधेस्तु करोतीति चेत् ननु किमर्थं सहकारिणामपेक्षा ? किं स्वरूपलाभार्थम्, उतोपकारार्थम्, अथ कार्यार्थम् ? । न प्रथमः, स्वरूपस्य कारणाधीनस्य नित्यस्य वा पूर्वसिद्धत्वात् । न द्वितीयः, स्वयं सामर्थ्येऽसामर्थ्ये वा तस्यानुपयोगात् ।

तथा च—

भावः स्वतः समर्थश्चेद्, उपकारः किमर्थकः ? ।
भावः स्वतोऽसमर्थश्चेद्, उपकारः किमर्थकः ? ॥१॥

अत एव न तृतीयः । उपकारवत् सहकारिणामप्यनुपयोगात् ।

तथा च—

भावः स्वतः समर्थश्चेत्, पर्याप्तं सहकारिभिः ।
भावः स्वतोऽसमर्थश्चेत्, पर्याप्तं सहकारिभिः ॥१॥

अनेकाधीनस्वभावतया कार्यमेव तानपेक्षत इति चेत् । न, तस्यास्वतन्त्रत्वात्, स्वातन्त्र्ये वा कार्यत्वव्याघातात्, तद्धि तत्साकल्येऽपि स्वातन्त्र्यादेव न भवेदिति । एवं च यत् क्रमाक्रमाभ्यामर्थक्रियाकारि न भवति, तदसत्, यथा गगनेन्दीवरम्, तथा चाक्षणिकाभिमतो भाव इति व्यापकानुपलब्धिरुत्तिष्ठते । तथा च क्रमयौगपद्ययोर्व्यापकयोः व्यावृत्तेरक्षणिकाद् व्यावर्त्तमानार्थक्रिया क्षणिके विश्राम्यतीति प्रतिबन्धसिद्धिः ॥

જૈન—આ જ વસ્તુ અન્યત્ર પણ સમાનભાવે કહી શકાય છે કે- તમે માનેલ સદૃશપરિણામશૂન્ય સ્વલક્ષણ પણ છે જ નહિ, તો તેનો તે પ્રકારે અવભાસ કેમ થાય ?

§૮ બૌદ્ધ—સ્વલક્ષણ તો વિસદૃશાકારવાળા છે. તેથી તેમાં સદૃશપરિણામનો વિરોધ છે.

જૈન—એમ નથી કારણ કે જ્ઞાન એક હોવા છતાં તેમાં ચિત્રાકારતાનો અને નિર્વિકલ્પકારતા તથા સવિકલ્પકારતાનો વિરોધ નથી. તેમ ઉભયાત્મકતાનો એટલે કે સદૃશતા અને અસદૃશતાનો વિરોધ નથી. માટે વસ્તુમાં વ્યાવૃત્ત જ્ઞાન ભેદજ્ઞાનના કારણભૂત વિસદૃશાકારની જેમ અનુગત જ્ઞાન–સદૃશ જ્ઞાનના કારણભૂત સદૃશ પરિણામ-સદૃશાકાર પણ સ્વીકારવો જોઈએ. ૪.

(प०) **ननु यथे**त्यादि सौगतः । **प्रत्यासत्त्ये**ति खुरककुदसास्नादिमत्त्वप्रभृतिलक्षणया । **केचन भावा** इति गवादयः । **तयैवे**ति प्रत्यासत्त्या । **तथे**ति तदात्मकतया । **तदप्यनुचितमि**त्यादि जैनः। **चेतनेतरभेदाभावप्रसङ्गा**दित्यतोऽग्रे यत इति गम्यम् । **तथाऽवभासेरन्नि**ति चेतनेतरस्वभावाः । **चेतनेतरव्यतिरिक्तस्ये**त्यादि बौद्धः । **अस्ये**ति पदार्थजातस्य तदात्मकस्यापि । **तथावभासन**मिति तदात्मकताऽवभासनम् ।

नन्वित्यादि बौद्धः । **नैवमि**त्यादि सूरिः । **चित्राकारतावदि**ति भवदभीष्टा । **विकल्पेतराकारतावदि**ति निर्विकल्पकवत् । **एकस्ये**ति ज्ञानस्य । **अविरोधा**दिति भवन्मतेऽपि । **तत** इत्यादिना तत्त्वमाह ॥४॥

(टि०) **प्रत्यासत्त्ये**ति कारणसामग्र्या । **तयैवे**ति प्रत्यासत्त्या । अतदात्मका इति असदृशपरिणामाः । **तथे**ति सदृशतया । **अतदात्मका** इति अचेतनेतरपरिणामाः । **तथे**ति चेतनेतरतया । **अस्ये**ति ब्रह्मणः । **तथे**ति सदृशतया । **यदि**ति स्वलक्षणम् । **तथे**ति सदृशरूपतया ।

ननु स्वलक्षणस्येति यथा एकमेव सामान्यतश्चित्रज्ञानं वर्णपञ्चकभेदेन साक्षात्कर्तुश्चेतसि पञ्चधा प्रतिबिम्बं तनुते, यथा [च] एकमेव ज्ञानं सविकल्पकं निर्विकल्पकं च द्विधा, तथैव एकस्यैव स्वलक्षणस्य विसदृशपरिणामात्मकत्वं सदृशपरिणामात्मकत्वं चाविरुद्धम् । ॥४॥

अथ सामान्यद्वितीयभेदं सनिदर्शनमुपदर्शयन्ति—

पूर्वापरपरिणामसाधारणं द्रव्यमूर्ध्वतासामान्यं कटककङ्कणाद्यनुगामिकाञ्चनवत् ॥५॥

§१ पूर्वापरपर्याययोरनुगतमेकं द्रव्यम्, द्रवति तांस्तान् पर्यायान् गच्छतीति व्युत्पत्त्या त्रिकालानुयायी यो वस्त्वंशः, तदूर्ध्वतासामान्यमित्यभिधीयते । निदर्शनमुत्तानमेव ।

ઊર્ધ્વતાસામાન્યનું દૃષ્ટાન્તપૂર્વક ઉપદર્શન—

પૂર્વ પરિણામ (પૂર્વ પર્યાય) અને ઉત્તર પરિણામ(ઉત્તર પર્યાય)માં સમાનરૂપે રહેનારું ઊર્ધ્વતા સામાન્ય છે, જેમ કે-કડાં, કંકણ, ચૂડી આદિમાં અનુગામી સુવર્ણ દ્રવ્ય છે. ૫.

આમ હોવાથી જ કાર્યાર્થે સહકારિઓની અપેક્ષા છે એ ત્રીજો પક્ષ પણ યુક્ત નથી. કારણ કે પદાર્થ સમર્થ હોય કે અસમર્થ હોય તો પણ સહકારીઓ ઉપકારની જેમ અનુપયોગી છે. અને તે રીતે—

"પદાર્થ પોતે જ કાર્ય કરવાને સમર્થ છે તો સહકારીઓથી સર્યું અર્થાત્ સમર્થ હોવાથી પોતે જ કાર્ય સિદ્ધ કરી લે છે, તો કાર્ય સિદ્ધ થઈ ગયા પછી સહકારીઓ શું કરવાના ? અથવા પદાર્થ પોતે કાર્ય કરવાને અશક્ત છે, તો પણ સહકારીઓથી સર્યું, કારણ કે સહકારીઓ ગમે તેટલા હોય પણ પદાર્થ જ કાર્ય કરવાને અશક્ત હોય તો અર્થાત્ તેમાં યોગ્યતા જ ન હોય તો સહકારીઓ પણ શું કરી દેવાના છે !"

શંકા—કાર્ય અનેક કારણોને આધીન રહેવાના સ્વભાવવાળું હોવાથી તે સહકારીઓની અપેક્ષા રાખે છે અર્થાત્ પદાર્થને નહિ પણ કાર્યને સહકારીની અપેક્ષા છે.

સમાધાન—એમ પણ નથી. કારણ કે–કાર્ય એવી અપેક્ષા રાખી શકે નહિ, કારણ કે તે પરતંત્ર છે. અને જો કાર્યને સ્વતંત્ર માનવામાં આવે તો કાર્યતાનો જ વ્યાઘાત (બાધ) થશે એટલે કે તે કાર્યપણું જ ખોઈ બેસશે, કારણ કે સહકારીકારણરૂપ સામગ્રી સંપૂર્ણ હોવા છતાં તે સ્વતંત્ર હોવાથી ઉત્પન્ન જ ન થાય–એમ સંભવે.

આ ઉપરથી એમ સિદ્ધ થયું કે ક્રમથી અક્રમથી અર્થ ક્રિયાકારી ન હોય તે અસત્ હોય છે, જેમકે–આકાશકમલ. અને તે રીતે અક્ષણિક રૂપે માન્ય પદાર્થ પણ ક્રમ કે અક્રમથી અર્થક્રિયાકારી નથી, એથી વ્યાપક(ક્રમ–અક્રમ)ની અનુપલબ્ધિ સિદ્ધ થાય છે, અને તે રીતે અક્ષણિક પદાર્થમાંથી ક્રમ–અક્રમરૂપ વ્યાપકની વ્યાવૃત્તિ (અભાવ) થવાથી સત્ત્વ તરીકે માન્ય વ્યાપ્યરૂપા અર્થક્રિયા પણ વ્યાવૃત્ત થઈને ક્ષણિકમાં જ વિશ્રામ પામે છે. એ પ્રમાણે વ્યાપ્તિની સિદ્ધિ થઈ.

(पं०) **जनुपान्ध** इति जात्यन्धः । **उपक्रान्तोऽयमित्यतोऽग्रे** यदुतेति गम्यम् । **अनेककालावस्थितिवाद** इत्यतोऽग्रे यत इति गम्यम् । **यत् किञ्चिदिति** अस्तित्वादिकम् । **क्षणिकत्ववदिति** क्षणिकत्ववद् व्यापकम् । **अन्यः प्रकार** इति क्रमाक्रमान्यप्रकारः । **तत** इति स्थिरात् । **व्यावर्त्तयत** इत्यग्रे कथमिति गम्यम् । **पूर्वापरकालयोरिति** अतीतानागतयोः । **तस्येति** कार्यस्य । **अस्वतंत्रत्वादित्यतोऽग्रे** कार्यस्येति शेषः । **तदिति** कार्यम् ।

(टि०) **अत्रैकस्येत्यादि** ॥ **जनुपान्ध** इति भावस्योत्पत्तौ व्यये ध्रौव्ये जन्मप्रभृत्यन्धः, तेन जन्मतः सुगतमतानुसारिणा भावानां क्षणिकत्वमेव कक्षीचक्रे । यतः कालत्रयस्थितिवादः सापवाद इति जगाद सुगतः । तिमिरादिरोगवशात् शैशवापगमेऽन्धभावी पुमान् पूर्वदृष्टार्थानुसारेण किंचित्स्मरति, जन्मान्धः किमपि न जानातीति भावः ॥ **तथाहि यदित्यादि** । **तच्चेति** अर्थक्रियाकारित्वम् । **विपक्षादिति** नित्यादर्थक्रियाकारित्वं व्यावृत्तमिति सम्बन्धः । **सत्त्वस्येति** व्याप्यस्य । **क्षणिकत्ववदिति** सत्त्वं व्याप्यं क्षणिकत्वं व्यापकम् । **तत** इति स्थिरात्कालत्रयावस्थायिनः पदार्थात् । **तयोरपिति** अतीतानागतयोरपि ।

§२ એક જ દ્રવ્યની ત્રણે કાલમાં અનુયાયિતાને વિષે અર્થાત્ પદાર્થની ત્રૈકાલિક સ્થિરતાને વિષે જન્મથી અંધ બૌદ્ધ આ પ્રમાણે કહે છે—

બૌદ્ધ—શિષ્ટ-(જ્ઞાની સજ્જન) એવા તમોએ એક દ્રવ્યમાં અનેક કાલાવસ્થિતિવાદ–અર્થાત્ એક દ્રવ્ય અનેક કાલ સુધી સ્થિર રહે છે, એવા વાદ–ને ઉપસ્થિત કર્યો તે કઠણ ન સમજી શકાય તેવો ઊંડો વિષય છે. કારણકે–પ્રમાણ મુદ્રા તો દરેક ક્ષણે વિનશ્વર પદાર્થના જ્ઞાનમાં જ સાક્ષિણી છે. અર્થાત્ ઉપરોક્ત તમારું કથન પ્રમાણરૂપ નથી. તે આ પ્રમાણે–જે સત્ છે તે ક્ષણિક છે. વિવાદાસ્પદ શબ્દાદિ સત્ છે માટે તે ક્ષણિક છે. અન્ય પ્રસંગે સત્ત્વ ગમે તે હો પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં તો 'સત્ત્વ' તરીકે 'અર્થક્રિયાકારિત્વ' જ અમોને ઇષ્ટ છે, અને તે 'અર્થક્રિયાકારિત્વ' શબ્દાદિ ધર્મીમાં પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ છે. અને વિપક્ષ(નિત્ય)માં વ્યાપકની અનુપલબ્ધિને કારણે વ્યાપ્ય રૂપ તેનો (અર્થક્રિયાકારિત્વનો) પણ અભાવ છે, કારણ કે-ક્ષણિકત્વની જેમ ક્રમ અને અક્રમ પણ સત્ત્વનાં વ્યાપક છે, અને બાધદોષ પ્રબળ હોવાથી ક્રમ કે અક્રમ સિવાયના અન્ય કોઈ પ્રકાર વિષે શંકા પણ સંભવતી નથી, કારણ કે–'ક્રમ નહિ' એમ ક્રમનો નિષેધ કરવાથી અક્રમ (યૌગપદ્ય) નો અને 'અક્રમ નહિ'' એમ અક્રમનો નિષેધ કરવાથી ક્રમનો જ સ્વીકાર થાય છે. હવે જો તે ક્રમ અને અક્રમ સ્થિર(નિત્ય) પદાર્થથી વ્યાવૃત્ત હોય અર્થાત્ તે બન્ને સ્થિર પદાર્થમાં જો ન હોય તો તેઓ તેમાંથી અર્થક્રિયાને પણ વ્યાવૃત્ત કરે છે, અર્થાત્ તેમાં અર્થક્રિયા પણ નહિ રહે. કારણ કે–વર્તમાનમાં અર્થક્રિયા કરવાના સમયે જો અતીત અને અનાગતમાં કરવાની અર્થક્રિયા કરવામાં પણ પદાર્થ સમર્થ હોય તો તેને વર્તમાન કાળે તે અતીત અને અનાગતની અર્થક્રિયા કરવાનો પ્રસંગ આવશે. અને વર્તમાનકાળે અતીત અને અનાગતની અર્થક્રિયા કરવામાં જો અસમર્થ હોય તો અસમર્થ હોવાથી અતીત અને અનાગત કાળમાં પણ અર્થક્રિયા કરી શકશે નહિ.

§૩ શંકા—પદાર્થ અર્થક્રિયા કરવાને સમર્થ તો છે પણ અપેક્ષણીય—સહકારીઓ પાસે ન હોય તો અર્થક્રિયા કરતો નથી અને સહકારીઓ નજીકમાં હોય તો અર્થક્રિયા કરે છે.

સમાધાન–પદાર્થને સહકારીઓની અપેક્ષા શા માટે છે? શું પોતાની ઉત્પત્તિ માટે, ઉપકાર માટે કે કાર્ય માટે અપેક્ષા છે? પહેલો પક્ષ તો યોગ્ય નથી કારણ કે વસ્તુ કારણને આધીન હોય અર્થાત્ અનિત્ય સ્વરૂપ હોય કે નિત્ય સ્વરૂપ હોય પણ તે તો પહેલેથી જ સિદ્ધ છે. બીજો પક્ષ પણ યોગ્ય નથી, કારણ કે પદાર્થ સ્વયં અર્થક્રિયા કરવા જો સમર્થ હોય તો તેને સહકારીઓનો ઉપકાર નકામો છે અર્થાત્ સ્વયં સમર્થ હોવાથી બીજાના સહકારની તેને જરૂર નથી. અથવા જો પદાર્થ સ્વયં અર્થક્રિયા કરવા અસમર્થ છે તો પણ તેને સહકારીઓનો ઉપકાર નકામો છે. અને એ રીતે.

"પદાર્થ પોતે જ જો સમર્થ છે, તો ઉપકાર શાને માટે? તે જ રીતે પદાર્થ સ્વયં જો અસમર્થ છે તો પણ ઉપકાર શાને માટે?"

બન્નેનો પ્રતિભાસ હોય ત્યારે જ 'આ આનું કારણ છે અને આ આનું કાર્ય છે' એવો પ્રતિભાસ થાય ત્યારે અર્થક્રિયાનો નિશ્ચય થાય.

બૌદ્ધ—કારણત્વ અને કાર્યત્વ એ વસ્તુનું સ્વરૂપ જ છે તેથી જ્યારે કારણત્વ અને કાર્યત્વ એ બન્નેમાંથી ગમે તે એકનું પ્રત્યક્ષ હોય છે ત્યારે કાર્ય અને કારણ ઉભય વિષયક બુદ્ધિની પણ સિદ્ધિ થઈ જ જાય છે.

જૈન—તો પછી નાલિયેરદ્વીપવાસી (અજ્ઞ) મનુષ્યને પણ અગ્નિ જોવાથી આ ધૂમજનક(ધૂમનું કારણ) છે એવો નિશ્ચય થવો જોઈએ અથવા ધૂમ જોવાથી આ વહ્નિજન્ય (અગ્નિનું કાર્ય) છે એવો નિશ્ચય થવો જોઈએ.

કાર્યકારણ ઉભયગ્રાહી પ્રત્યક્ષથી અર્થક્રિયકારિત્વની પ્રતીતિ થાય છે એવો ત્રીજો પક્ષ પણ કહી શકશો નહિ. કારણ કે ઉભયગ્રાહી પ્રત્યક્ષનો સંભવ જ નથી. કારણ કે તે ક્ષણમાત્રજીવી હોવાથી કાર્યકારણ ઉભયનું ગ્રાહક બની શકશે નહિ. છતાં પણ પ્રત્યક્ષને ઉભયગ્રાહી માનશો તો તે અક્ષણિક બની જતું હોઈ તે પ્રત્યક્ષથી જ 'सत्त्व' હેતુમાં વ્યભિચાર આવશે.

બૌદ્ધ—કાર્યગ્રાહી અને કારણ ગ્રાહીએ ઉભય પ્રત્યક્ષના સામર્થ્યથી ઉત્પન્ન થયેલ વિકલ્પના પ્રસાદથી અર્થક્રિયાકારિત્વનો નિશ્ચય થાય છે.

જૈન—વિકલ્પથી થનારી એ પ્રતીતિને પ્રત્યક્ષ પ્રમાણથી થયેલી પ્રતીતિ કેમ કહેવાય ?

§૫ બૌદ્ધ—પ્રત્યક્ષના વ્યાપારનો વિકલ્પ પરામર્શ–વિચાર કરે છે. તેથી વિકલ્પ દ્વારા પ્રત્યક્ષ જ અર્થક્રિયાકારિત્વનું જ્ઞાપક છે, એમ માનીએ તો શું વાંધો ?

જૈન—કાર્યગ્રાહી અને કારણગ્રાહી એ ઉભય પ્રત્યક્ષમાંથી કોઈ પણ એક પ્રત્યક્ષ દ્વારા પહેલાં કાર્યકારણ ભાવનું જ્ઞાન થયું જ નથી, તો પછી પ્રત્યક્ષના તે વ્યાપારનો-અર્થાત્ કાર્યકારણ ભાવ ગ્રહણ વ્યાપારનો વિકલ્પ પરામર્શ (નિશ્ચય) કઈ રીતે કરી શકે ? આ રીતે ક્ષણિકવાદીના મતમાં કોઈ પણ અર્થ-ક્રિયાકારિત્વની પ્રતીતિ નથી. માટે વાદી બૌદ્ધનો આ અર્થક્રિયાકારિત્વરૂપ સત્ત્વ-હેતુ અસિદ્ધ છે.

(प०) **उक्तं युक्तं स्यादि**ति त्वयैव पूर्वमुक्तम् । **कार्यकिंवदन्तीकुण्ठत्वादि**ति अर्थक्रियाकारित्ववार्त्ताकुण्ठत्वात् । **तदुभयावभासे चे**ति तदुभयावभासे सति । **अवसायोत्पादादि**ति परिज्ञानोत्पादात् ।

वस्त्वित्यादि सौगतः । **तदन्यतरपरिच्छेदे** इति कारणस्य कार्यस्य वा परिच्छेदे । **तद्बुद्धिसिद्धिरि**ति कारणकार्योभय[बुद्धि]सिद्धिः । **एवं तर्ही**त्यादि सूरिः । **तत्रे**ति वह्निदर्शने । **तस्ये**ति प्रत्यक्षस्य । **क्षणमात्रजीवित्वादि**ति कार्यकारणयोश्च क्रमभावित्वात् । **अनेने**ति प्रत्यक्षेण । **हेतोरि**ति कारणक्षणकार्यक्षणावस्थायित्वेन क्षणिकत्वं व्याहन्यते । कार्यकारणोभयग्राहित्वे प्राक्कालापरकालग्रहणात् कुतः क्षणिकत्वम् । **तदि**त्यादि सौगतः । **तदवसाय** इति उभयावसायः । **तर्हि कथमि**त्यादि सूरिः । **तत्प्रतीतिरि**ति विकल्पादेव साध्यसिद्धेः ।

प्रत्यक्षेत्यादि सौगतः । **तद्द्वारेणे**ति विकल्पद्वारेण । **नन्वि**त्यादि सूरिः । **कार्यकारणभाव** इति युगपत् कार्यकारणभावः । **भासयामासे** इति अत्र न भासयामासे इति

(टि०) **अपेक्षणीये**ति सहकारिकारणीसामीप्यभावः । **तत्संनिधेरि**ति अपेक्षणीयसंनिधेः । **तस्ये**ति उपकारस्य ।

अनेकाधीनेति कार्यं हि उत्पादमासादयत् बहुकारणेभ्यः पूर्णतामेति । **तानि**ति सहकारिणः । **तस्ये**ति कार्यस्य । **अस्वतन्त्रत्वादि**ति अनिष्पन्नत्वेनेति भावः ॥ **तदि**ति कार्यम् । **तत्साकल्येपी**ति सहकारिकारणसामग्र्ये । **तदि**ति नित्यवस्तु । **तथाचे**ति वस्तुतोऽसत्कल्पत्वे । **व्यापकानुपलब्धिरि**ति निषेध्यस्यार्थक्रियाकारित्वस्य व्यापकौ क्रमाक्रमौ तयोरनुपलब्धिः । **अक्षणिकादि**ति कालत्रयावस्थानाभिमानाभिमतभावराशेः ॥

§४ अत्राचक्ष्महे । ननु क्षणभिदेलिमभावाभिधायिभिक्षुणा कारणग्राहिणः, कार्यग्राहिणः, तद्द्वयग्राहिणो वा प्रत्यक्षादर्थक्रियाकारित्वप्रतीतिः प्रोच्येत, यतस्तच्च शब्दादौ धर्मिणि प्रत्यक्षप्रमाणप्रतीतमेवेत्युक्तं युक्तं स्यात् । न तावत्पौरस्त्यात्, तस्य कारणमात्रमन्त्रणपरायणत्वेन कार्यकिंवदन्तीकुण्ठत्वात् । नापि द्वितीयात्, तस्य कार्यमात्रपरिच्छेदविदग्धत्वेन कारणावधारणवन्ध्यत्वात् । तदुभयावभासे च 'इदमस्य कारणम्, कार्यं च' इत्यर्थक्रियाकारित्वावसायोत्पादात् ।

वस्तुस्वरूपमेव कारणत्वम्, कार्यत्वं चेति तदन्यतरपरिच्छेदेऽपि तद्बुद्धिसिद्धिरिति चेत् । एवं तर्हि नालिकेरद्वीपवासिनोऽपि वह्निदर्शनादेव तत्र धूमजनकत्वनिश्चयस्य, धूमदर्शनादेव वन्हिजन्यत्वनिश्चयस्य च प्रसङ्गः । नापि तृतीयात्, कार्यकारणोभयीग्राहिणः प्रत्यक्षस्यासंभवात्, तस्य क्षणमात्रजीवित्वात्, अन्यथाऽनेनैव हेतोर्व्यभिचारात् । तदुभयसामर्थ्यसमुद्भूतविकल्पप्रसादात्तदवसाय इति चेत् । तर्हि कथं प्रत्यक्षेण तत्प्रतीतिः ?

§५ प्रत्यक्षव्यापारपरामर्शित्वात् विकल्पस्य, तद्द्वारेण प्रत्यक्षमेव तल्लक्षकमिति चेत् । ननु न कार्यकारणग्राहिणोरन्यतरेणापि प्रत्यक्षेण प्राक्कार्यकारणभावो भासयामासे, तत् कथं विकल्पेन तद्व्यापारः परामृश्येत ? इति न क्षणिकवादिनः काप्यर्थक्रियाप्रतीतिरस्तीति वाद्यसिद्धं सत्त्वम् ।

§૪ જૈન—હે બૌદ્ધો! અમે તમારા આ કથનનો ઉત્તર આપીએ છીએ—

ક્ષણભંગુર (ક્ષણિક) પદાર્થનું કથન કરનાર હે બૌદ્ધ ! તમોએ ક્ષણિક શબ્દાદિ ધર્મીમાં અર્થક્રિયાકારિત્વ પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ છે એમ કહ્યું છે (પૃ.) પણ તમારું તે કથન યુક્ત શાથી માનવું ? શું કારણનું પ્રત્યક્ષ છે તેથી કે કાર્યનું પ્રત્યક્ષ છે તેથી કે ઉભયનું પ્રત્યક્ષ છે તેથી ? કારણગ્રાહી પ્રત્યક્ષથી અર્થક્રિયાકારિત્વની પ્રતીતિ કહી શકશો નહિ. કારણ કે–તે માત્ર કારણની વિચારણામાં તત્પર હોવાથી કાર્યની કથા કરવા અસમર્થ છે. કાર્યગ્રાહી પ્રત્યક્ષથી પણ અર્થક્રિયાકારિત્વની પ્રતીતિ કહી શકશો નહિ, કારણ કે તે માત્ર કાર્યને(ઘટાદિ કારણ દ્વારા થતા જલાહરણાદિ કાર્યને) જ જાણવામાં ચતુર હોવાથી કારણનો નિશ્ચય કરવામાં સમર્થ નથી. વળી કારણ અને કાર્ય એ

कथं तत्तां प्राप्नुयात् ? । अथायमारचयति तदन्तरम्, तर्हि समुपस्थितमनवस्थादौस्थ्यम् । अथाभिन्ना भावात् पर्यायशक्तिः, तर्हि तत्करणे स एव कृत इति कथं न क्षणिकत्वम् ? । भिन्नाभिन्नपर्यायशक्तिपक्षोऽप्यंशे क्षणिकत्वमेर्पयन्न कुशलीति ॥

§६ વળી, એકાન્ત ક્ષણિકના વિપક્ષરૂપ ક્ષણિકાક્ષણિકમાં ક્રમ અને અક્રમ રૂપ વ્યાપકનો અનુપલંભ અસિદ્ધ હોવાથી તે ક્ષણિકાક્ષણિકમાંથી ક્રમાક્રમના વ્યાપ્યરૂપ અર્થક્રિયાની વ્યાવૃત્તિ (અભાવ)નો નિર્ણય નહિ થાય. આથી 'સત્ત્વ હેતુ સંદિગ્ધાનૈકાન્તિક પણ છે.

કોઈ પણ એક કાર્ય કરીને બીજું કાર્ય કરવું તેનું નામ ક્રમ છે, અને તે ક્રમ ઘડામાં સ્પષ્ટ છે તે આ રીતે-ઘડો કથંચિત્ એકરૂપ છે, છતાં ક્રમે આવી મળતા સહકારીઓના કારણે ઘટચેટિકા(પાણી વહન કરનારી દાસી)ઓના મસ્તકમાં તે ફરતો રહે છે ત્યારે ક્રમશઃ તેમને કષ્ટ ઉપજાવે છે, તે સુપ્રતીત જ છે.

અહિ પોતાને અત્યન્ત તાર્કિક માનનાર પણ તમે આટલું કહી શકશો કે-પદાર્થનો વિના વિલંબે કાર્ય કરવાનો સમર્થ સ્વભાવ છે, તેથી તેણે હમણાં એક કાર્ય કર્યું—હવે જો તે સ્વભાવ પહેલાં પણ હતો તો તે ટાણે-તે કાલના કાર્યની જેમ અત્યારના કાર્યને કરે તો તેમાં તેને કોણ રોકી શકે તેમ છે? કારણ કે—"કારણો નજીકમાં ન હોય તો કાર્યો જ ઉત્પન્ન થવામાં વિલંબ-મોડું કરે છે, પરંતુ સમર્થ કારણ ઉપસ્થિત હોય તો કાર્યનો વિલંબ શાથી થાય ? અર્થાત્ થાય જ નહિ"

પણ તમારું આ કથન નિર્દોષ નથી. કારણ કે પદાર્થ વિના વિલંબે કાર્ય કરે છે, એમ અમે માનતા નથી. કારણ કે અમે દ્રવ્યરૂપ શક્તિ-ઉપાદાન કારણની અપેક્ષાએ તે પદાર્થને સમર્થ કહીએ છીએ પણ પર્યાયશક્તિની અપેક્ષાએ અસમર્થ કહીએ છીએ. કારણ કે જે બીજ દ્રવ્ય કોઠીના તળિયે પડ્યું હોય છે, તે જ પૃથ્વી, પાણી, પવન અને તડકાથી મેળવેલ અતિશય વિશેષરૂપ પર્યાય શકિતથી સમન્વિત બની અંકુરને ઉત્પન્ન કરે છે.

બૌદ્ધ—બીજ જ્યારે કોઠીના તળિયે પડ્યું હતું ત્યારે તો આ તમે જણાવેલ અંકુરજનક અતિશયરૂપ પર્યાયશકિત બીજમાં હતી નહિ. પણ જ્યારે ખેતરની જમીનમાં તે બીજને વાવવામાં આવ્યું ત્યારે જ તે શકિત તેમાં ઉત્પન્ન થાય છે. તો હવે પ્રશ્ન છે કે તે શક્તિ બીજદ્રવ્યથી ભિન્ન છે અભિન્ન છે કે ભિન્નાભિન્ન ? બીજદ્રવ્યથી શકિત ભિન્ન છે, એમ કહો તો-કાંણી આંખની અંજનરેખા જેવી આ પર્યાયશકિત શું કામની ? બીજદ્રવ્યથી સર્વથા પૃથગ્ભૂત છતાં સમીપમાં રહેનાર અને જ્ઞાનનો વિષય બનનાર સહકારિઓ જ રહો, અર્થાત્ બીજ અને સહકારીઓ મળીને અંકુર ઉત્પન્ન કરશે. શકિત માનવાની જરૂર નથી

શંકા—પણ જો સહકારીઓ બીજના અતિશયવિશેષનું પોષણ-ઉત્પત્તિ ન કરે તો તે સહકારી કઈ રીતે કહેવાય ?

---

१ °त्वमनर्प°-मु० । पु २ ।

योगः । **तद्व्यापारः परामृश्येते**ति पूर्वोक्तव्यापारो हि तदा परामृष्टो भवति यदा विकल्पोऽप्येकैकग्राही स्यात् । असौ च तदुभयग्राही भवतेष्यते इति तस्य कथं प्रत्यक्षव्यापारपरामर्शः ? **क्वापी**ति प्रत्यक्षे वा विकल्पे वा । **वाद्यसिद्धमि**ति भवत एव ।

(टि०) **ननु क्षणे**त्यादि ॥ **कारणे**ति कारणं घटादि तस्य **कार्यं** जलधारणादिकाऽर्थक्रिया तद्ग्राहिणः । **तद्द्वये**ति कारणकार्यग्राहिणः । **तच्चे**ति अर्थक्रियाकारित्वम् । **तस्ये**ति प्रथमविकल्पस्य कारणग्राहिणः । **तस्ये**ति द्वितीयस्य कार्यग्राहिणः । **तदुभये**ति कार्यकारणद्वयावभासे । **तदन्यतरे**ति । तयोः कार्यकारणयोरेकस्य ज्ञानेऽपि **तद्बुद्धिसिद्धिरि**ति अर्थक्रियाकारित्वबुद्धिसिद्धिः । **एवमि**ति कार्यकारणभावादेवार्थक्रियाकारित्वसिद्धेः संकेतमन्तरेणापि । **तत्रे**ति धनञ्जये । **तस्ये**ति प्रत्यक्षस्य । **अन्येथे**ति द्वितीयादिक्षणस्थायित्वे । **अनेनैवे**ति प्रत्यक्षणैव । **हेतोरि**ति सत्त्वादिकस्य । **तदुभये**ति कार्यग्राहिकारणग्राहिप्रत्यक्षयोः सामर्थ्येन समुद्भूतो योऽसौ विकल्पस्तस्य प्रसादात् । **तदवसाय** इति अर्थक्रियाकारित्वावसायः । **तत्प्रतीतिरि**ति अर्थक्रियाकारित्वप्रतीतिः ।

§६ संदिग्धानैकान्तिकं च, क्षणिकाक्षणिके क्षणिकैकान्तविपक्षे क्रमाक्रमव्यापकानुपलम्भस्यासिद्धत्वेन तद्व्याप्तार्थक्रियायास्ततो व्यावृत्त्यनिर्णयात् ।

किंचित् कृत्वाऽन्यस्य करणं हि क्रमः । अयं च कलशस्य कथंचिदेकरूपस्यैव क्रमवत्सहकारिकारणकलापोपढौकनवशेन क्रमेण घटचेटिकामस्तकोपरिपर्यटनात्तासां क्रमं कुर्वतः सुप्रतीत एव ।

अत्र हि भवानत्यन्ततार्किकंमन्योऽप्येतदेव वक्तुं शक्नोति–यस्मादक्षेपक्रियाधर्मणः समर्थस्वभावादेकं कार्यमुदपादि, स एव चेत् पूर्वमप्यस्ति, तदा तत्कालवत्तदैव तद्विदधानः कथं वार्यताम् ? ।

"कार्याणि हि विलम्बन्ते कारणाऽसन्निधानतः ।
समर्थहेतुसद्भावे क्षेपस्तेषां नु किंकृतः ? ॥१॥" इति ।

नचैतदवदातम् । एकान्तेनाक्षेपक्रियाधर्मत्वानभ्युपगमात् । द्रव्यरूपशक्त्यपेक्षया हि तत् समर्थमभिधीयते, पर्यायशक्त्यपेक्षया त्वसमर्थमिति । यदेव हि कुशूलमूलावलम्बि बीजद्रव्यम्, तदेवावनिवनपवनातपसमर्पितातिशयविशेषस्वरूपपर्यायशक्तिसमन्वितमङ्कुरं करोति ।

नन्वसौ पर्यायशक्तिः कुशूलमूलावस्थानाऽवस्थायामविद्यमाना, क्षेत्रक्षितिक्षेपणे तु संपद्यमाना बीजद्रव्याद्भिन्ना वा स्यात्, अभिन्ना वा, भिन्नाभिन्ना वा ? । यदा भिन्ना, तदा किमनया काणनेत्राञ्जनरेखाप्रख्यया ?, विभिन्नाः सन्निधिभाजः संवेदनकोटीमुपागताः सहकारिण एवासताम् । अथ सहकारिणः कमपि बीजस्यातिशेषविशेषमपोषयन्तः कथं सहकारितामपि प्राप्नुयुः ? इति चेत् । तर्ह्यतिशयोऽप्यतिशयान्तरमनारचयन्

कार्याणीत्यादि । **समर्थे**ति समर्थकारणसत्त्वे ।। **क्षेप** इति विलम्बः । **तेषा**मिति कार्याणाम् । **किंकृत** इति केन कृतः । कारणसद्भावे विलम्बासंभवात् ।

तदिति उपादानकारणम् ।

(टि०) **संदिग्धविपक्षे**त्यादि। **अयमि**ति मैत्रपुत्रत्वादिति हेतुः। **अन्यथे**ति साधनव्यापकाद्यङ्गीकारे॥ **वह्निसंबन्धोऽपी**ति वैश्वानरेणाविनाभावोऽपि। **तथाभूतस्ये**ति साधनव्यापकस्योपाधेः। **ननु शाके**त्यादि। **तमि**ति शाकाद्याहारपरिणामं विना। **अस्ये**ति मैत्रपुत्राख्यस्य। **तत्पुत्रेष्वि**ति कियत्सु मैत्रतनयेषु। तद्भाव एवेति शाकाद्याहारपरिणामभावे। **तद्भावादि**ति मैत्रपुत्रताभावात्। **क्वचिदि**ति एकस्मिंस्तत्पुत्रे। **तद्भावभावित्वे**ति शाकाद्याहारपरिणामेनाविनाभावस्य। तद्धीति खादिरत्वम्॥५७॥

§३ अप्रयोजकोऽयं हेत्वाभास इत्यपरे। परप्रयुक्तव्याप्त्युपजीवी हि हेतुरप्रयोजकः; परश्चोपाधिः स चात्रास्तीति। न चैवमपि नामभेदे कश्चिद् दोषः, सन्दिग्धविपक्षवृत्तिकत्वानतिक्रमात्।

ये तु पक्षसपक्षविपक्षव्यापकादयोऽनैकान्तिकभेदास्तेऽस्यैव प्रपञ्चभूताः। तथाहि—पक्षसपक्षविपक्षव्यापको यथा—अनित्यः शब्दः प्रमेयत्वात्। अयं पक्षे शब्दे सपक्षे घटादौ विपक्षे व्योमादौ चास्ति।१।

§૩ કેટલાક આ હેત્વાભાસને અપ્રયોજક કહે છે. પર એટલે ઉપાધિ અને ઉપાધિથી યુક્ત એવી વ્યાપ્તિનો આશ્રય જે હેતુને લેવો પડે તે અપ્રયોજક કહેવાય છે. અને તે ઉપાધિ આ હેતુમાં છે. આ રીતે નામભેદોમાં કોઈ દોષ નથી. કારણ કે તેથી સંદિગ્ધવિપક્ષવૃત્તિત્વનું ઉલ્લંઘન થતું નથી.

§૪ વળી પક્ષસપક્ષવિપક્ષવ્યાપકાદિ જે અનૈકાન્તિક હેત્વાભાસના ભેદો છે, તે આ હેત્વાભાસના જ વિસ્તારરૂપ છે એમ જાણવું, તે આ પ્રમાણે—

अथ द्वितीयभेदमुदाहरन्ति—

सन्दिग्धविपक्षवृत्तिको यथा–विवादपदापन्नः पुरुषः सर्वज्ञो न भवति वक्तृत्वात् ॥५७॥

§१ वक्तृत्वं हि विपक्षे सर्वज्ञे सन्दिग्धवृत्तिकम्; सर्वज्ञ किं वक्ता आहोस्विन्न वक्ता ? इति संदेहात् । एवं स श्यामो मैत्रपुत्रत्वादित्याद्यप्युदाहरणीयम् ।

§२ सोपाधिरयमिति नैयायिकाः । उपाधिः खल्वत्र शाकाद्याहारपरिणामः, साधनाव्यापकत्वे सति साध्येन समव्याप्तिकत्वात् । साधनव्यापकः खलूपाधिर्न भवति । अन्यथा वह्निसंबन्धोऽपि धूमस्य सोपाधिः स्यात्, आर्द्रेन्धनसंबन्धस्य तथाभूतस्य संभवात् । ननु शाकाद्याहारपरिणामोऽपि मैत्रपुत्रत्वाख्यसाधनस्य व्यापक एव; तमन्तरेणाऽस्य हेतोः क्वचिददर्शनात् । परिदृश्यमानकतिपयतत्पुत्रेषु तद्भाव एव तद्भावादिति चेत्, नैवम् । क्वचित्तद्भावभावित्वावलोकनेऽपि सर्वत्र मैत्रपुत्रता शाकाद्याहारपरिणामसमन्वितैवेति निर्णेतुमशक्तेः । तत्संबन्धस्यापि सोपाधिकत्वात् । श्यामत्वरूपस्योपाधेर्विद्यमानत्वात् । मैत्रपुत्रोऽपि हि स एव शाकाद्याहारपरिणतिमान् यः श्याम इति । साधनाव्यापकोऽपि यः साध्यस्याप्यव्यापको नासावुपाधिः । यथा–धूमानुमाने खादिरत्वम् । तद्धि यथा–धूमस्य, एवं वह्नेरप्यव्यापकमेवेति नोपाधिः ।

બીજા ભેદનું ઉદાહરણ—

સંદિગ્ધવિપક્ષવૃત્તિક, જેમકે—વિવાદગ્રસ્ત પુરુષ સર્વજ્ઞ નથી, કારણ કે તે વક્તા છે. ૫૭

§૧ વિપક્ષ એવા સર્વજ્ઞ પુરુષમાં વક્તૃત્વની સંદિગ્ધ વૃત્તિ છે. કારણ કે, સર્વજ્ઞ વક્તા છે કે વક્તા નથી, એમાં સંદેહ છે. એ જ પ્રમાણે તે શ્યામ છે મૈત્રપુત્ર હોવાથી, જોવામાં આવતા મૈત્રપુત્ર સમૂહની જેમ, આદિ ઉદાહરણો પણ છે.

આ મૈત્રપુત્ર હોવાથી–એ હેતુ ઉપાધિવાળો છે, એમ નૈયાયિકોનું કહેવું છે અને અહીં 'શાકાદ્યાહારપરિણામ' એ ઉપાધિ છે, કારણ કે સાધનનો અવ્યાપક છતાં જે પદાર્થ સાધ્યની સાથે સમવ્યાપ્તિવાળો હોય તે ઉપાધિ કહેવાય છે. પરંતુ સાધનનો વ્યાપક હોય તે ઉપાધિ નથી.

શંકા—સાધનના વ્યાપકને ઉપાધિ કહેવાથી શું થાય ?

§૨ સમાધાન—સાધનના વ્યાપકને ઉપાધિ કહેવાથી, ધૂમ હેતુનો વહ્નિ સંબંધ પણ ઉપાધિવાળો થઈ જશે, કારણ કે આર્દ્રેન્ધન સંબંધ સાધનભૂત ધૂમનો વ્યાપક છે જ. અર્થાત્ વ્યાપ્તિ પોતે જ સોપાધિક થઈ જશે. પણ વ્યાપ્તિ તો નિરુપાધિક હોવી જોઈએ. આથી સાધનના વ્યાપકને ઉપાધિ કહી શકાય નહિ

શંકા—શાકાદ્યાહારપરિણામ પણ 'મૈત્રપુત્રત્વ' હેતુનો વ્યાપક જ છે, કારણ કે, શાકાદ્યાહારપરિણામ વિના આ 'મૈત્રપુત્રત્વ' હેતુ કદી પણ જોવાતો

(टि०) **नायं गौरिति** अयं गवयः।

§८ पक्षसपक्षविपक्षैकदेशवृत्तिर्यथा–नित्या पृथिवी, प्रत्यक्षत्वात्। अयं पक्षे घटादावस्ति, न परमाण्वादौ, सपक्षे सामान्यादावस्ति, नाकाशादौ, विपक्षे बुद्बुदादावस्ति, नाप्यद्व्यणुकादौ, अयोग्यक्षविषयत्वमेवात्र प्रत्यक्षत्वं द्रष्टव्यम्। ५।

§९ पक्षसपक्षैकदेशवृत्तिर्विपक्षव्यापको यथा–द्रव्याणि दिक्कालमनांसि, अमूर्त्तत्वात्। अयं पक्षे दिक्कालयोर्वर्त्तते, न मनसि, सपक्षे व्योमन्यस्ति, न घटादौ, विपक्षं तु गुणादिकं व्याप्नोति। ६।

§१० पक्षविपक्षैकदेशवृत्तिः सपक्षव्यापको यथा–न द्रव्याणि दिक्कालमनांसि, अमूर्त्तत्वात्। प्राक्तनवैपरीत्येन सुगममेतत्। ७।

§११ सपक्षविपक्षव्यापकः पक्षैकदेशवृत्तिर्यथा–न द्रव्याणि आकाशकालदिगात्ममनांसि, क्षणिकविशेषगुणरहितत्वात्। अयं पक्षे कालदिग्मनःसु वर्त्तते, नाकाशात्मसु, सपक्षं गुणादिकं विपक्षं च पृथिव्यप्तेजोवायुरूपं व्याप्नोति।८।

§८ (५) **पक्षसपक्षविपक्षैकदेशवृत्तिः**—પક્ષ, સપક્ષ અને વિપક્ષના એક દેશમાં રહેનાર. જેમકે, પૃથ્વી નિત્ય છે, પ્રત્યક્ષ હોવાથી. આ હેતુ પક્ષ ઘટાદિમાં છે પણ પરમાણુ વિગેરેમાં નથી. સપક્ષ સામાન્યાદિમાં છે, જ્યારે આકાશાદિમાં નથી. વિપક્ષમાં બુદ્બુદાદિમાં છે પરંતુ જલીય દ્વ્યણુકાદિમાં નથી. પ્રસ્તુતમાં પ્રત્યક્ષનો અર્થ અયોગીનું પ્રત્યક્ષ સમજવાનો છે.

§૯ (૬) **પક્ષસપક્ષૈકદેશવૃત્તિપક્ષવ્યાપકઃ**—પક્ષ અને સપક્ષના એક દેશમાં રહેનાર અને વિપક્ષમા વ્યાપક. જેમકે, દિક્–દિશા, કાલ અને મન દ્રવ્યો છે. કારણ કે, તે અમૂર્ત્ત છે. આ હેતુ પક્ષ દિક્ અને કાલમાં છે, જ્યારે મનમાં નથી, સપક્ષ આકાશાદિમાં છે પણ ઘટાદિમાં નથી, વિપક્ષ ગુણમાં વ્યાપીને રહેલ છે.

§૧૦ (૭) **पक्षविपक्षैकदेशवृत्तिः सपक्षव्यापकः**—પક્ષ અને વિપક્ષના એક દેશમાં રહેનાર તથા સપક્ષમાં વ્યાપક જેમકે–"દિક્, કાલ અને મન દ્રવ્ય નથી કારણ કે, તે અમૂર્ત્ત છે. આ હેતુ પક્ષ દિક્ અને કાલમાં છે, જ્યારે મનમાં નથી, વિપક્ષ આકાશ અને આત્મા છે પણ ઘટાદિમાં નથી, જ્યારે સપક્ષ અદ્રવ્યરૂપ ગુણાદિમાં સર્વત્ર છે.

§૧૧ (૮) **सपक्षविपक्षव्यापकः पक्षैकदेशवृत्तिः**—સપક્ષ અને વિપક્ષમાં વ્યાપક હોય, અને પક્ષના એક દેશમાં રહેનાર. જેમકે, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન દ્રવ્ય નથી, કારણ કે, તે ક્ષણિક વિશેષગુણથી રહિત છે. આ હેતુ પક્ષ કાલ, દિક્ અને મનમાં છે પણ આકાશ અને આત્મામાં નથી. સપક્ષ ગુણાદિ(પાંચ) અને વિપક્ષ પૃથ્વી, પાણી, તેજ, અગ્નિ અને વાયુમાં વ્યાપક છે.

(૧) पक्षसपक्षविपक्षव्यापकः—પક્ષ સપક્ષ અને વિપક્ષમાં વ્યાપીને રહેનાર. જેમકે, શબ્દ અનિત્ય છે, પ્રમેય હોવાથી. આ હેતુ પક્ષ શબ્દ, સપક્ષ ઘટાદિ અને વિપક્ષ આકાશાદિ એમ ત્રણમાં વ્યાપ્ત છે.

(टि०) अप्रयोजकोऽयमिति मैत्रपुत्राख्यः। अत्रेति मैत्रपुत्राख्ये हेतौ । एवमपीति सोपाधित्वादिप्रयोजकत्वेऽपि ।

अस्यैवेति संदिग्धविपक्षवृत्तिकस्यैव । प्र पञ्चेति परिच्छदीभूताः। तस्यैव भेदास्तत्रैवान्तर्भूता इत्यर्थः ।

§५ पक्षव्यापकः सपक्षविपक्षैकदेशवृत्तिर्यथा–अनित्यः शब्दः प्रत्यक्षत्वात् । अस्मदादीन्द्रियग्रहणयोग्यतामात्रं प्रत्यक्षत्वमत्राभिप्रेतं, ततो नास्य पक्षत्रयव्यापकत्वं पक्षैकदेशवृत्तित्वं वा प्रसज्यते । पक्षे हि शब्देऽयं सर्वत्रास्ति, न सपक्षविपक्षयोः, घटादौ सामान्यादौ च भावात्, द्व्यणुकादौ व्योमादौ चाभावात् । २ ।

§६ पक्षसपक्षव्यापको विपक्षैकदेशवृत्तिर्यथा–गौरयं, विषाणित्वात् । अयं हि पक्षं गां सपक्षं च गवान्तरं व्याप्नोति, विपक्षे तु महिष्यादावस्ति, न तु तुरङ्गादौ । २ ।

§७ पक्षविपक्षव्यापकः सपक्षैकदेशवृत्तिर्यथा–नायं गौर्विषाणित्वात् । अयं पक्षं गवयं विपक्षं च गां व्याप्नोति, सपक्षे तु महिष्यादावस्ति, न तु तुरङ्गादौ । ४ ।

§૫ (૨) पक्षव्यापकः सपक्षविपक्षैकदेशवृत्तिः–પક્ષમાં વ્યાપ્ત હોય અને સપક્ષ તથા વિપક્ષના એક દેશમાં હોય. જેમકે- શબ્દ અનિત્ય છે, પ્રત્યક્ષ હોવાથી. અહીં પ્રત્યક્ષ એટલે આપણી ઈન્દ્રિયો દ્વારા ગ્રહણની યોગ્યતા સમજવી. તેથી આ હેતુ ત્રણે પક્ષમાં–અર્થાત્ પક્ષ, સપક્ષ અને વિપક્ષમાં વ્યાપક નહિ બને અથવા પક્ષૈકદેશવૃત્તિ પણ નહિ બને, કારણ કે આ હેતુ શબ્દરૂપ પક્ષમાં સર્વત્ર છે. સપક્ષ ઘટાદિમાં છે પરંતુ દ્વ્યણુકાદિમાં નથી. વિપક્ષ સામાન્યાદિમાં છે પરંતુ આકાશાદિમાં નથી.

§૬ (૩) पक्षसपक्षव्यापको विपक्षैकवृत्तिः–પક્ષ તથા સપક્ષમાં વ્યાપક હોય અને વિપક્ષના એક દેશમાં હોય. જેમકે-આ ગાય છે, શિંગડાવાળી હોવાથી. અહીં હેતુ પક્ષ પ્રસ્તુત ગાયમાં અને સપક્ષ અન્ય ગાયોમાં વ્યાપ્ત છે. જ્યારે વિપક્ષ મહિષ્યાદિ–(ભેંસ વિગેરે)માં છે પરંતુ ઘોડા આદિમાં નથી.

§૭ (૪) पक्षविपक्षव्यापकः सपक्षैकदेशवृत्तिः—પક્ષ તથા વિપક્ષમાં વ્યાપક હોય અને સપક્ષના એક દેશમાં હોય. જેમકે-આ ગાય નથી, શિંગડાવાળી હોવાથી. આ હેતુ પક્ષ ગવય (રોઝ) અને વિપક્ષ ગાયમાં છે, જ્યારે સપક્ષ મહિષ્યાદિમાં છે પરંતુ અશ્વાદિમાં નથી.

(पं०) अत्राभिप्रेतमिति अन्यथा योगिप्रत्यक्षस्य सपक्षविपक्षादिप्रत्यक्षमेवास्ति । अस्येति हेतोः । पक्षैकदेशवृत्तित्वमिति अन्यथैके शब्दा देशविप्रकृष्टादयोऽप्रत्यक्षा अपि विद्यन्ते परं तत्रापि योग्यताऽस्त्येव । द्व्यणुकादाविति सपक्षे । व्योमादाविति विपक्षे ।

अयमिति गवयः ।

§ १३ यं च विरुद्धाव्यभिचारिनामानमनैकान्तिकविशेषमेते व्यतानिषुः, यथा—अनित्यः शब्दः, कृतकत्वात् घटवत्। नित्यः शब्दः, श्रावणत्वात्, शब्दत्ववदिति; सोऽपि नित्यानित्यस्वरूपानेकान्तसिद्धौ सम्यग्घेतुरेव; तदपरपरिणामित्वादिहेतुवत्। सर्वथैकान्तसिद्धये पुनरुपन्यस्तोऽसौ भवत्येव हेत्वाभासः, स तु विरुद्धो वा संदिग्धविपक्षवृत्तिरनैकान्तिको वेति न कश्चिद्विरुद्धाव्यभिचारी नाम। एवं च असिद्धविरुद्धानैकान्तिकास्त्रय एव हेत्वाभासा इति स्थितम्।

§૧૩ વળી બૌદ્ધોએ વિરુદ્ધાવ્યભિચારી નામને અનૈકાન્તિકને ભેદ જણાવ્યો છે. જેમકે શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, ઘટની જેમ, અને શબ્દ નિત્ય છે, શ્રવણનો વિષય હોવાથી, શબ્દત્વની જેમ, તે પણ તેની જેવા બીજા હેતુ **'परिणामित्व'** આદિની જેમ જો નિત્યાનિત્યસ્વરૂપ અનેકાન્તને સિદ્ધ કરે તો સમ્યગ્ હેતુ જ છે, પણ જો તેનો સર્વથા એકાન્તની સિદ્ધિ માટે ઉપન્યાસ કરવામાં આવે તો તે હેત્વાભાસ થાય જ છે. પરંતુ તેવે પ્રસંગે તે વિરુદ્ધ હેત્વાભાસ અથવા સંદિગ્ધવિપક્ષવૃત્તિ નામનો અનૈકાન્તિક થાય છે, માટે વિરુદ્ધાવિચારી નામનો કોઈ હેત્વાભાસ નથી.

એટલે આ રીતે અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક—આ ત્રણ જ હેત્વાભાસ છે, એ સિદ્ધ થયું.

(पं०) एते इति सौगताः।

(टि०) **यं चे**त्यादि ॥ **एते व्यतानिषुरि**ति सौगता विस्तारयामासुः ॥ **तदपरे**ति तस्मान्नित्यानित्यशब्दादपरं परिणामित्वादि तद्वत्। **सर्वथैकान्ते**ति नित्यस्य वा अनित्यस्य वा सिद्धये ॥ **असावि**ति हेतुः।

§ १४ नन्वन्योऽप्यकिञ्चित्कराख्यो हेत्वाभासः परैरुक्तः, यथा—प्रतीते प्रत्यक्षादिनिराकृते च साध्ये हेतुरकिञ्चित्करः। प्रतीते, यथा—शब्दः श्रावणः, शब्दत्वात्। प्रत्यक्षादिनिराकृते, यथा—अनुष्णः कृष्णवर्त्मा, द्रव्यत्वाद्; यतिना वनिता सेवनीया, पुरुषत्वादित्यादिः; स कथं नात्राभिहित इति चेत्, उच्यते। नन्वेष हेतुर्निश्चिताऽन्यथानुपपत्त्या सहितः स्याद्रहितो वा। प्रथमपक्षे, हेतोः सम्यक्त्वेऽपि प्रतीतसाध्यधर्मविशेषणप्रत्यक्षनिराकृतसाध्यधर्मविशेषणाऽऽगमनिराकृतसाध्यधर्मविशेषणादिपक्षाभासानां निवारयितुमशक्यत्वात् तैरेव दुष्टमनुमानम्। न च यत्र पक्षदोषस्तत्रावश्यं हेतुदोषोऽपि वाच्यः, दृष्टान्तादिदोषस्याप्यवश्यं वाच्यत्वप्रसक्तेः। द्वितीयपक्षे तु यथोक्तहेत्वाभासानामन्यतमेनैवानुमानस्य दुष्टत्वम्। तथा हि—अन्यथानुपपत्तेरभावोऽनध्यवसायाद्विपर्ययात् संशयाद्वा स्यात्, प्रकारान्तरासंभवात्; तत्र च क्रमेण यथोक्तहेत्वाभासावतार इति नोक्तहेत्वाभासेभ्योऽभ्यधिकः कश्चिदकिञ्चित्करो नाम।

(पं०) **अत्र प्रत्यक्षत्वं द्रष्टव्यमिति** योगिनः पुनः सर्वं प्रत्यक्षमेवेति । **न मनसीति** मूर्त्तत्वान्मनसः । असर्वगतद्रव्यपरिमाणं मूर्तिः । मनो हि यदि सर्वगतं स्यात्, तदा पञ्चानामपीन्द्रियाणां युगपद्विषयोपलम्भः स्यात् । न च भवति । तस्मान्न सर्वगतं मनः, 'युगपद्ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गम्' [न्यायसू० १. १. १६.] इति वचनात् । **विपक्षैकदेशवृत्तिरिति** विपक्षा गुणादयः ।

नाकाशात्मस्विति आकाशविशेषगुणः शब्दः, आत्मविशेषगुणश्चैतन्यम् । **प्राच्ये**त्यादिनैतदेव व्याचष्टे ।

(टि०) **आप्यद्व्यणुकादाविति** अप्सम्बन्धिनोद्व्यणुका न नयनविषयतामाविभ्रति । अयोग्य ऐति अस्मदाद्यक्षगोचरत्वम् । यतो योगिज्ञानमप्रतिहतशक्ति द्व्यणुकादावपि प्रसरमासादयति ।

न द्रव्याणीत्यादि ॥ अमूर्त्तत्वादिति वैशेषिकमते असर्वगनद्रव्यपरिणामं मूर्त्तिः ।

नाकाशात्मस्विति शब्दज्ञानयोः क्षणिकविशेषगुणयोस्तत्र सद्भावात् ।

पृथिवीति गन्धादयो हि पृथिव्यादीनां नित्यगुणा न क्षणिकाः ।

§१२ यश्च नित्यः शब्दः श्रावणत्वादित्यादि सपक्षविपक्षव्यावृत्तत्वेन संशयजनकत्वादसाधारणानैकान्तिकः सौगतैः समाख्यायते; नैष सूक्ष्मतामञ्चति; श्रावणत्वाद्धि शब्दस्य सर्वथैव नित्यत्वं यदि साध्यते तदाऽयं विरुद्ध एव हेतुः, कथञ्चिदनित्यत्वसाधनात् । प्राच्याश्रावणत्वस्वभावत्यागेनोत्तरश्रावणत्वस्वभावोत्पत्तेः कथञ्चिदनित्यत्वमन्तरेण शब्देऽनुपपत्तेः । अथ कथञ्चिन्नित्यत्वमस्माच्छब्दे साध्यते तदाऽसौ सम्यग्घेतुरेव, कथञ्चिन्नित्यत्वेन सार्द्धमन्यथाऽनुपपत्तिसद्भावादिति नायमनैकान्तिकः ।

§१२ 'શબ્દ નિત્ય છે, શ્રવણેંદ્રિયનો વિષય હોવાથી.'–આ 'શ્રાવણત્વ' હેતુનો સપક્ષ (વ્યોમાદિ) વિપક્ષ–(ઘટાદિ)માં અભાવ હોવાથી સૌગતો આ હેતુને અસાધારણ અનૈકાન્તિક કહે છે, પરંતુ તેમાં તેમની સૂક્ષ્મતા જણાતી નથી, કારણ કે, શબ્દની શ્રાવણતાને કારણે જો શબ્દને સર્વથા નિત્ય સધાય તો એ શ્રાવણત્વ હેતુ વિરુદ્ધ જ છે, કારણ કે–આ હેતુ કથંચિત્ અનિત્યત્વનો જ સાધનાર જ છે. કારણ કે–શબ્દ પોતાના પૂર્વકાલીન અશ્રાવણત્વસ્વભાવનો ત્યાગ કરે ત્યારે જ ઉત્તરકાલીન શ્રાવણત્વસ્વભાવ ઉત્પન્ન થાય છે, એટલે શબ્દ જો કથંચિત્ અનિત્ય ન હોય તો તે શ્રવણનો વિષય બની શકતો નથી. અને જો શ્રાવણત્વથી શબ્દમાં કથંચિત્ નિત્યત્વ સિદ્ધ કરવામાં આવે તો તે સમ્યગ્ હેતુ જ છે, કારણ કે, તે શ્રાવણત્વ હેતુની વ્યાપ્તિ કથંચિત્ નિત્યત્વ સાથે છે, આથી તે અનૈકાન્તિક નથી.

(पं०) **प्राच्याश्रावणत्वस्वभावपरित्यागेनेत्यादि** । यावद्भाषावर्गणानिसर्गो न भवति तावदश्रावणस्वभावः । यदा च निसर्गो भवति तदोत्तरश्रावणत्वस्वभावः । शब्दश्चान्वयी इति भावः ।

(टि०) **यश्च नित्य** इत्यादि । **सपक्षविपक्षेति** शब्दत्वं नाम कैश्चित् सपक्षत्वेनोपादीयते, तथापि शब्दाद्वैतवादी शब्दत्वसामान्यं न मन्यते । तन्मतेन शब्दत्वं सपक्षो नास्ति । **अथ कथंचिदिति** । **अस्मात्** श्रावणत्वाख्यहेतोः । **असाविति** हेतुः ।

તે કાલ હેતુનો પ્રયોગ કાલ છે; તે મર્યાદાને ઉલ્લંઘીને એટલે કે-પક્ષ પ્રત્યક્ષ અને આગમથી બાધિત થયો હોય છતાં પણ જો તેવા પક્ષને વિશે હેતુ વર્તમાન હોય તો તે કાલાત્યયાપદિષ્ટ છે, એમ સમજવું અને આ હેત્વાભાસ અકિંચિત્કર હેત્વાભાસમાં કહેલ દૂષણથી જ દૂષિત થયેલ જાણવો.

(पं०) कालतीत इतीत्यतोऽग्रे कोऽर्थ इति शेषः ।

§ १६ प्रकरणसमोऽप्यप्रकटनीय एव । अस्य हि लक्षणं; यस्मात् प्रकरणचिन्ता स निर्णयार्थमपदिष्टः प्रकरणसम इति; यस्मात् प्रकरणस्य पक्षप्रतिपक्षयोश्चिन्ता विमर्शात्मिका प्रवर्त्तते । कस्माच्चासौ प्रवर्त्तते ?, विशेषानुपलम्भात्, स एव विशेषानुपलम्भो यदा निर्णयार्थमपदिश्यते तदा प्रकरणमनतिवर्त्तमानत्वात् प्रकरणसमो भवति, प्रकरणे पक्षे प्रतिपक्षे च समस्तुल्य इति । यथा—अनित्यः शब्दो नित्यधर्मानुपलब्धेरित्येकेनोक्ते, द्वितीयः प्राह—यद्यनेन प्रकारेणानित्यत्वं साध्यते तर्हि नित्यतासिद्धिरप्यस्तु, अन्यतरानुपलब्धेस्तत्रापि सद्भावात् । तथाहि—नित्यः शब्दोऽनित्यधर्मानुपलब्धेरिति । अयं चानुपपन्नः, यतो यदि नित्यधर्मानुपलब्धिर्निश्चिता, तदा कथमतो नानित्यत्वसिद्धिः ?, अथानिश्चिता, तर्हि संदिग्धासिद्धतैव दोषः । अथ योग्यायोग्यविशेषणमपास्य नित्यधर्माणामनुपलब्धिमात्रं निश्चितमेव, तत्तर्हि व्यभिचार्येव । प्रतिवादिनश्चासौ नित्यधर्मानुपलब्धिः स्वरूपासिद्धैव नित्यधर्मोपलब्धेस्तत्रास्य सिद्धेः । एवमनित्यधर्मानुपलब्धिरपि परीक्षणीया, इति सिद्धं त्रय एव हेत्वाभासाः ॥५७॥

§૧૬ પ્રકરણસમ હેત્વાભાસ પણ પ્રકટ કરવા યોગ્ય નથી. પ્રકરણસમનું લક્ષણ આવું છે—"પ્રકરણ એટલે પક્ષ અને પ્રતિપક્ષની વિમર્શાત્મક ચિન્તા જેનાથી પ્રવર્તે તે પ્રકરણસમ છે.

શંકા—પ્રકરણમાં આ ચિન્તા શાથી થાય છે ?

સમાધાન—પ્રકરણ-(પક્ષ અને પ્રતિપક્ષ)માં વિશેષની અનુપલબ્ધિ હોય તો, અને એ જ વિશેષાનુપલંભનો જ્યારે નિર્ણય માટે પ્રયોગ કરાય ત્યારે પ્રકરણનું ઉલ્લંઘન થતું ન હોવાથી પ્રકરણસમ થાય છે. કારણ કે, પ્રકરણ પક્ષ અને પ્રતિપક્ષમાં વિશેષની અનુપલબ્ધિ સમાન છે. તે આ પ્રમાણે-શબ્દ અનિત્ય છે, નિત્ય ધર્મોની ઉપલબ્ધિ થતી નહિ હોવાથી. આ પ્રમાણે કોઈ એક વાદીએ કહ્યું ત્યારે અન્ય વાદી કહે છે કે, જો આ પ્રમાણે તમારું 'અનિત્યત્વ' સાધ્ય સિદ્ધ કરશો તો તે જ રીતે નિત્યતાની સિદ્ધિ પણ થાઓ. કારણ કે, શબ્દ નિત્ય છે, અનિત્ય ધર્મોની ઉપલબ્ધિ થતી ન હોવાથી. આ પ્રમાણે 'નિત્યત્વ' સાધ્યમાં પણ અનુપલબ્ધિનો સદ્ભાવ છે. તાત્પર્ય એવું છે કે નિત્યતા અને અનિત્યતા બન્નેની સાધક અનુપલબ્ધિઓ સમાનભાવે છે. તેથી બન્નેનો નિર્ણય થવો જોઈએ.

§૧૪ શંકા—અન્ય દાર્શનિકે અકિંચિત્કર નામનો હેત્વાભાસ કહ્યો છે, જેમકે, સાધ્ય પ્રતીત હોય ત્યારે અથવા પ્રત્યક્ષાદિથી નિરાકૃત હોય ત્યારે હેતુ અકિંચિત્કર છે. પ્રતીતનું ઉદાહરણ-જેમકે, શબ્દ શ્રવણનો વિષય છે, કારણ કે તે શબ્દ છે. પ્રત્યક્ષાદિનિરાકૃતનું ઉદાહરણ-જેમકે અગ્નિ અનુષ્ણ છે, દ્રવ્ય હોવાથી. અહીં અનુષ્ણ સાધ્ય સ્પાર્શન પ્રત્યક્ષથી બાધિત છે. યતિએ વનિતાનું સેવન કરવું જોઈએ, કારણ કે તે પુરુષ છે ઇત્યાદિ.

આ અનુમાનમાં વનિતા સેવનરૂપ સાધ્ય આગમબાધિત છે તો તે અકિંચિત્કર હેત્વાભાસ તમેએ કેમ ન કહ્યો ?

સમાધાન—ભાઈ ! અહીં પ્રશ્ન છે કે, આ અકિંચત્કર હેતુ નિશ્ચિતાન્યથાનુપપત્તિથી યુક્ત છે કે તેનાથી રહિત છે? પહેલો પક્ષ કહો તો હેતુ સમ્યક્ હોવા છતાં પણ પ્રતીતસાધ્યધર્મવિશેષણ, પ્રત્યક્ષનિરાકૃતસાધ્યધર્મવિશેષણ, અને આગમનિરાકૃતસાધ્યધર્મવિશેષણાદિ પક્ષાભાસોનું નિરૂપણ કરવું શક્ય નથી, એટલે તે પક્ષાભાસોને કારણે જ અનુમાન દૂષિત થયેલ છે, અને જ્યાં પક્ષદોષ હોય ત્યાં અવશ્ય હેતુદોષ પણ કહેવો જોઈએ એવો નિયમ નથી. કારણ કે, તેમ માનવાથી દૃષ્ટાન્તાદિ દોષો પણ અવશ્ય કહેવાનો પ્રસંગ આવશે. બીજો પક્ષ માનો તો જે હેત્વાભાસો કહ્યા છે, તેમાંથી કોઈ પણ એક હેત્વાભાસથી અનુમાનની દુષ્ટતા સિદ્ધ થઈ જશે. તે આ પ્રમાણે-અન્યથાનુપપત્તિ વિષે જો અનધ્યવસાય, વિપર્યય કે સંશય હોય તો તેનો અભાવ થાય છે, પણ બીજા કોઈ કારણે થતો નથી. અને તેમાં તો અનુક્રમે અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક હેત્વાભાસો થાય છે. માટે કહેલ હેત્વાભાસોથી જુદો કોઈ અકિંચિત્કર નામનો હેત્વાભાસ નથી.

(पं०) **यतिना वनिता सेवनीयेति** इत्यागमनिराकृतः । अत्रेति अनैकान्तिकावसरे । **अभिहित** इति आचार्येण । **अनध्यवसायाद्विपर्यायात् संशयाद्वा स्यादिति** यथाक्रममसिद्धविरुद्धानैकान्तिकानां बीजानाम् ।

(टि०) **नन्वन्योऽपीत्यादि** । **स** इति अकिञ्चित्कराख्यः । अत्रेति हेत्वाभासप्रकरणे । **तथाह्यन्यथेत्यादि** ॥ अनध्यवसायादसिद्धः, विपर्ययाद्विरुद्धः, संशयादनैकान्तिकः । **प्रकारेति** असिद्धविरुद्धानैकान्तिकानां संभवे अन्या विधैव नास्ति ॥५७॥

§ १५ एवमेव न कालात्ययापदिष्टोऽपि । तथाहि—अस्य स्वरूपं कालात्ययापदिष्टः कालातीत इति; हेतोः प्रयोगकालः प्रत्यक्षागमानुपहतपक्षपरिग्रहसमयस्तमतीत्य प्रयुज्यमानः प्रत्यक्षागमबाधिते विषये वर्त्तमानः कालात्ययापदिष्टो भवतीति । अयं चाकिञ्चित्करदूषणेनैव दूषितोऽवसेयः ।

§૧૫ એ જ રીતે કાલાત્યયાપદિષ્ટ નામનો હેત્વાભાસ પણ નથી. તે આ પ્રમાણે-પ્રત્યક્ષ અને આગમ પ્રમાણથી અનિરાકૃત પક્ષનું જે કાલે ગ્રહણ થાય

સાધ્યધર્મા, ૫ સંદિગ્ધસાધનધર્મા, ૬ સંદિગ્ધોભયધર્મા, ૭ અનન્વય, ૮ અપ્રદર્શિતાન્વય, ૯ વિપરીતાન્વય ૫૯.

§૧ સૂત્રમાં 'ઈતિ' શબ્દ પ્રકારની સમાપ્તિ માટે છે, અર્થાત્ સાધર્મ્યદૃષ્ટાન્તાભાસના આટલા જ પ્રકારો છે એમ જાણવું. ૫૯.

क्रमेणामून् उदाहरन्ति—

तत्रापौरुषेयः शब्दोऽमूर्तत्वाद् दुःखवदिति साध्यधर्मविकलः ॥१॥६०॥

§ १ पुरुषव्यापाराभावे दुःखानुत्पादेन दुःखस्य पौरुषेयत्वात् । तत्रापौरुषेयत्वसाध्यस्यावृत्तेरयं साध्यधर्मविकल इति ॥१॥६०॥

तस्यामेव प्रतिज्ञायां तस्मिन्नेव हेतौ परमाणुवदिति साधनधर्मविकलः ॥२॥६१॥

§ १ परमाणौ हि साध्यधर्मोऽपौरुषेयत्वमस्ति, साधनधर्मस्त्वमूर्त्तत्वं नास्ति, मूर्त्तत्वात् परमाणोः ॥२॥६१॥

સાધર્મ્યદૃષ્ટાન્તાભાસનાં અનુક્રમે ઉદાહરણો—

સાધ્યધર્મવિકલ, જેમકે શબ્દ અપૌરુષેય છે, અમૂર્ત્ત હોવાથી, દુઃખની જેમ. ૬૦

§૧ પુરુષના વ્યાપાર વિના દુઃખોત્પત્તિ થતી નથી માટે દુઃખ પૌરુષેય છે. તેથી કરીને આ દુઃખરૂપ દૃષ્ટાન્તમાં અપૌરુષેયત્વાત્મક સાધ્ય નથી માટે સાધ્યધર્મવિકલ નામના દૃષ્ટાન્તાભાસનું આ ઉદાહરણ છે એમ જાણવું ૬૦

તે જ પ્રતિજ્ઞા અને તે જ હેતુમાં પરમાણુરૂપ દૃષ્ટાન્ત સાધનધર્મથી વિકલ છે. ૬૧

§૧ દૃષ્ટાન્તરૂપ પરમાણુમાં અપૌરુષેયત્વ સાધ્ય તો છે, પરંતુ અમૂર્ત્તત્વરૂપ સાધન તેમાં નથી, કારણ કે પરમાણુ મૂર્ત્ત છે, માટે 'સાધનધર્મવિકલ' નામના દૃષ્ટાન્તાભાસનું આ ઉદાહરણ છે એમ જાણવું ૬૧.

(ટિ૦) **तस्यामेवेति** अपौरुषेयः शब्दोऽमूर्त्तत्वात् परमाणुवत् ॥६१॥

इति श्रीसाधुपूर्णिमागच्छीयश्रीमदाचार्यगुणचन्द्रसूरिशिष्यपं०ज्ञानचन्द्रविरचिते रत्नाकरावतारिकाटिप्पनके षष्ठः परिच्छेदः ॥छ॥ ग्रं० २०६ अ २१ ॥ छ ॥ श्रीः ॥

कलशवदित्युभयधर्मविकलः ॥३॥६२॥

तस्यामेव प्रतिज्ञायां तस्मिन्नेव च हेतौ कलशदृष्टान्तस्य पौरुषेयत्वान्मूर्त्तत्वाच्च साध्यसाधनोभयधर्मविकलता ॥३॥६२॥

કલશરૂપ દૃષ્ટાન્ત ઉભયધર્મવિકલ છે. ૬૨.

§૧ તે જ પ્રતિજ્ઞા અને તે જ હેતુરૂપ અનુમાનમાં કલશ દૃષ્ટાન્તમાં અપૌરુષેયત્વ સાધ્ય અને અમૂર્ત્તત્વ સાધન એ બન્ને ધર્મો નથી, માટે 'આ ઉભયધર્મવિકલ' નામના દૃષ્ટાન્તાભાસનું ઉદાહરણ જાણવું. ૬૨.

આ પ્રકરણસમ હેત્વાભાસ પણ યુક્તિયુક્ત નથી. કારણ કે, શબ્દરૂપ ધર્મીમાં-પક્ષમાં નિત્યધર્માનુપલબ્ધિ જો નિશ્ચિત હોય તો તેમાં અનિત્યત્વની સિદ્ધિ કેમ નહિ થાય? અને જો અનિશ્ચિત હોય તો તેમાં સંદિગ્ધાસિદ્ધતા દોષ આવશે.

યોગ્ય-અયોગ્ય વિશેષણ દૂર કરીને-અર્થાત્ યોગ્ય કે અયોગ્ય નિત્યધર્મોની અનુપલબ્ધિ એમ નહિ, પણ કેવલ નિત્યધર્મોની અનુપલબ્ધિ નિશ્ચિત છે, એમ કહો તો પણ તે હેતુ વ્યભિચારી છે. કારણ કે નિત્યધર્મોની ઉપલબ્ધિ થાય પણ છે અને પ્રતિવાદીને આ નિત્ય ધર્માનુપલબ્ધિ હેતુ સ્વરૂપાસિદ્ધ છે, કારણ કે, પ્રતિવાદીને તે પક્ષમાં નિત્ય ધર્મોપલબ્ધિ પણ સિદ્ધ છે, એ જ રીતે એટલે કે નિત્યધર્માનુપલબ્ધિની જેમ અનિત્યધર્માનુપલબ્ધિની પરીક્ષા કરવી. માટે ત્રણ જ હેત્વાભાસો છે એ સિદ્ધ થયું. ૫૭

(पं०)**लक्षणमि**ति न्यायादावित्युक्तम्। **यदस्मादि**त्यादिना एतदेव व्याचष्टे। **प्रकरणमि**ति प्रकरणं कर्मतापन्नम्। **यथे**त्यादिना दर्शयति। **तत्रापी**ति नित्यतासिद्धौ। **अयं चे**त्यादि सूरिः। **नित्ययोग्यायोग्यविशेषणमपास्ये**ति नित्यसाधनयोग्य-अनित्यसाधनयोग्यविशेषणं त्यक्त्वा। **नित्यधर्मोपलब्धेरि**ति अत्र च काका व्याख्या। **अस्ये**ति प्रतिवादिनः। **एवमनित्यधर्माऽनुपलब्धिरपी**ति वादिनः स्वरूपसिद्धैव, अनित्यधर्मोपलब्धेस्तत्रास्य सिद्धेः ॥५७॥

अथ दृष्टान्ताभासान् भासयन्ति—

साधर्म्येण दृष्टान्ताभासो नवप्रकारः ॥५८॥

§ १ दृष्टान्तो हि प्राग् द्विप्रकारः प्रोक्तः, साधर्म्येण वैधर्म्येण च। ततस्तदाभासोऽपि तथैव वाच्य इति साधर्म्यदृष्टान्ताभासस्तावत्प्रकारतो दर्शितः॥५८॥

प्रकारानेव कीर्त्तयन्ति—

साध्यधर्मविकलः, साधनधर्मविकलः, उभयधर्मविकलः, सन्दिग्धसाध्यधर्मा, सन्दिग्धसाधनधर्मा, सन्दिग्धोभयधर्मा, अनन्वयोऽप्रदर्शितान्वयो विपरीतान्वयश्चेति ॥५९॥

§ १ इतिशब्दः प्रकारपरिसमाप्तौ, एतावन्त एव साधर्म्यदृष्टान्ताभासप्रकारा इत्यर्थः ॥५९॥

દૃષ્ટાન્તાભાસનું જ્ઞાપન—

સાધર્મ્યથી દૃષ્ટાન્તાભાસ નવ પ્રકારે છે. ૫૮

§૧ સાધર્મ્ય દૃષ્ટાન્ત અને વૈધર્મ્ય દૃષ્ટાન્ત, એમ દૃષ્ટાન્ત બે પ્રકારે છે. ત્રીજા પરિચ્છેદમાં પહેલાં કહેવાઈ ગયેલ છે, તેથી તેનો આભાસ પણ તે જ રીતે જાણવો જોઈએ. અહીં પ્રથમ સાધર્મ્યદૃષ્ટાન્તાભાસ તેના ભેદપૂર્વક જણાવેલ છે. ૫૮.

સાધર્મ્યદૃષ્ટાન્તભાસના પ્રકારો—

§૧ સાધ્યધર્મવિકલ, ૨ સાધનધર્મવિકલ, ૩ ઉભયધર્મવિકલ, ૪ સંદિગ્ધ-

§१ अत्र यद्यपि वास्तवोऽन्वयोऽस्ति तथापि वादिना वचनेन न प्रकाशित इत्यप्रदर्शितान्वयत्वम् । यद्यप्यत्र वस्तुनिष्ठो न कश्चिद्दोषस्तथापि परार्थानुमाने वचनगुणदोषानुसारेण वक्तृगुणदोषौ परीक्षणीयाविति भवत्यस्य वाचनिकं दुष्टत्वम् । एवं विपरीतान्वयाप्रदर्शितव्यतिरेकविपरीतव्यतिरेकेष्वपि द्रष्टव्यम् ॥८॥६७॥

શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, ઘટની જેમ. આ અપ્રદર્શિતાન્વય છે. ૬૭

§૧ આ અનુમાનમાં વસ્તુનિષ્ઠ અન્વય-(વ્યાપ્તિ) છે, તો પણ વાદીએ તે સ્વવચન દ્વારા પ્રકાશિત કરેલ નથી માટે અહીં અપ્રદર્શિતાન્વય છે, એમ જાણવું. જો કે અહીં વસ્તુગત કોઈ દોષ નથી તો પણ પરાર્થાનુમાનમાં વચનના ગુણ અને દોષના અનુસારે વક્તાના પણ ગુણ અને દોષો પરીક્ષા કરવા લાયક છે, માટે આ અનુમાનમાં વાદીનો વચન નિમિત્તક દોષ છે, એમ જાણવું. માટે આ 'ઇષ્ટપુરુષ' અપ્રદર્શિતાન્વય દૃષ્ટાન્તાભાસનું ઉદાહરણ છે અને આ જ રીતે વિપરીતાન્વય, અપ્રદર્શિત, વ્યતિરેક, વિપરીત વ્યતિરેકમાં પણ સમજવું ૬૭

अनित्यः शब्दः कृतकत्वात्, यदनित्यं तत् कृतकं घटवदिति विपरीतान्वयः ॥९॥६८॥

§१ प्रसिद्धानुवादेन ह्यप्रसिद्धं विधेयम् । प्रसिद्धं चात्र कृतकत्वं हेतुत्वेनोपादानाद्, अप्रसिद्धं त्वनित्यत्वं साध्यत्वेन निर्देशात्; इति प्रसिद्धस्य कृतकत्वस्यैवानुवादसर्वनाम्ना यच्छब्देन[1] निर्देशो युक्तः, न पुनरप्रसिद्धस्यानित्यत्वस्य; अनित्यत्वस्यैव च विधिसर्वनाम्ना तच्छब्देन परामर्श उपपन्नो न तु कृतकत्वस्य ॥९॥६८॥

શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, જે અનિત્ય હોય તે કૃતક હોય, ઘટની જેમ. અહીં વિપરીતાન્વય છે. ૬૮

§૧ પ્રસિદ્ધ પદાર્થના અનુવાદથી અપ્રસિદ્ધનું વિધાન કરાય છે. આ અનુમાનમાં કૃતકત્વ પ્રસિદ્ધ છે, કારણ કે તે હેતુતરીકે ગ્રહણ કરેલ છે, અને અનિત્યત્વ અપ્રસિદ્ધ છે, કારણ કે, તેનો સાધ્ય તરીકે નિર્દેશ કરેલ છે. માટે પ્રસિદ્ધ કૃતકત્વનો જ અનુવાદવાચી સર્વનામ 'यद्' શબ્દથી નિર્દેશ કરવો યોગ્ય છે, અપ્રસિદ્ધ અનિત્યત્વનો નિર્દેશ કરવો યોગ્ય નથી. અને 'અનિત્યત્વ'નો વિધિવાચક સર્વનામ 'तद्' શબ્દ વડે પરામર્શ કરવો તે યુક્તિયુક્ત છે. પરંતુ કૃતકત્વનો 'तद्' શબ્દથી નિર્દેશ યોગ્ય નથી, માટે અહીં ઘટરૂપ દૃષ્ટાન્ત વિપરીતાન્વય દૃષ્ટાન્તાભાસનું ઉદાહરણ છે. ૬૮

अथ वैधर्म्यदृष्टान्ताभासमाहुः—

वैधर्म्येणापि दृष्टान्ताभासो नवधा ॥६९॥

तानेव प्रकारानुद्दिशन्ति—

असिद्धसाध्यव्यतिरेकोऽसिद्धसाधनव्यतिरेकोऽसिद्धोभयव्यतिरेकः, सन्दिग्धसाध्यव्यतिरेकः, सन्दिग्धसाधनव्यतिरेकः, सन्दिग्धोभयव्यति-

---

१ यच्छ मु०

रागादिमानयं वक्तृत्वाद् देवदत्तवदिति सन्दिग्धसाध्यधर्मा ॥४॥६३॥

देवदत्ते हि रागादयः सदसत्त्वाभ्यां संदिग्धाः, परचेतोविकाराणां परोक्षत्वाद् रागाद्यव्यभिचारिलिङ्गादर्शनाच्च ॥४॥६३॥

मरणधर्माऽयं रागादिमत्त्वात् मैत्रवदिति संदिग्धसाधनधर्मा ॥५॥६४॥

मैत्रे हि साधनधर्मो रागादिमत्त्वाख्यः संदिग्धः ॥५॥६४॥

આ (પુરુષ) રાગાદિ યુક્ત છે, વક્તા હોવાથી, દેવદત્તની જેમ. દ્દષ્ટાંત સંદિગ્ધ-સાધ્યધર્મનું છે. ૬૩

§૧ દેવદત્તમાં રાગાદિ છે કે નથી–એવો સંદેહ છે, કારણ કે બીજાના ચિત્ત (મન)ના વિકારો પરોક્ષ છે, અને રાગાદિનું અવ્યભિચારી લિંગ કોઈ દેખાતું નથી, માટે આ 'સંદિગ્ધસાધ્યધર્મા' નામક દ્દષ્ટાન્તાભાસનું ઉદાહરણ જાણવું. ૬૩

આ પુરુષ મરણ ધર્મથી યુક્ત છે, રાગાદિમાન હોવાથી, મૈત્રની જેમ–આ સંદિગ્ધસાધનધર્મ છે. ૬૪.

મૈત્રમાં 'રાગાદિમત્ત્વ' સાધન સંદિગ્ધ છે, માટે આ સંદિગ્ધસાધનધર્મા નામનું દ્દષ્ટાન્તાભાસનું ઉદાહરણ જાણવું. ૬૪.

नायं सर्वदर्शी रागादिमत्त्वात् मुनिविशेषवदिति सन्दिग्धोभयधर्मा ॥६॥६५॥

मुनिविशेषे सर्वदर्शित्वरागादिमत्त्वाख्यौ साध्यसाधनधर्मौ संदिह्येते, तदव्यभिचारिलिङ्गादर्शनात् ॥६॥६५॥

रागादिमान् विवक्षितः पुरुषो वक्तृत्वादिष्टपुरुषवदित्यनन्वयः ॥७॥६६॥

यद्यपीष्टपुरुषे रागादिमत्त्वं च वक्तृत्वं च साध्यसाधनधर्मौ दृष्टौ, तथापि यो यो वक्ता स स रागादिमानिति व्याप्त्यसिद्धेरनन्वयत्वम् ॥७॥६६॥

આ (પુરુષ) સર્વદર્શી નથી, રાગાદિમાન્ હોવાથી, મુનિવિશેષની જેમ. આ સંદિગ્ધોભયધર્મ છે. ૬૫

§૧ મુનિવિશેષમાં સર્વદર્શિત્વ સાધ્ય અને રાગાદિમત્ત્વ સાધન છે કે નથી–તેનો સંદેહ છે. કારણ કે, તેનું અવ્યભિચારી લિંગ કોઈ જાણતું નથી, માટે આ સંદિગ્ધોભયધર્મા નામનું દ્દષ્ટાન્તાભાસનું ઉદાહરણ જાણવું. ૬૫.

વિવક્ષિત પુરુષ રાગાદિવાળો છે, વક્તા હોવાથી, ઈષ્ટ પુરુષની જેમ. આ અનન્વય છે. ૬૬

§૧ ઈષ્ટ પુરુષમાં "રાગાદિમત્ત્વ" સાધ્ય અને 'વક્તૃત્વ' સાધન બન્ને ધર્મો દ્દષ્ટ છે, તો પણ જે જે વક્તા હોય તે રાગાદિમાન્ હોય એવી અન્વય-વ્યાપ્તિ પ્રસિદ્ધ નથી. માટે આ અનન્વય દ્દષ્ટાન્તાભાસનું ઉદાહરણ જાણવું. ૬૬

अनित्यः शब्दः कृतकत्वात् घटवदित्यप्रदर्शितान्वयः ॥८॥६७॥

શબ્દ નિત્યાનિત્ય છે, સત્ હોવાથી. જે નિત્યાનિત્ય ન હોય તે સત્ ન હોય, જેમ કે સ્તમ્ભ આમાં. સ્તમ્ભ દૃષ્ટાન્ત અસિદ્ધોભયવ્યતિરેકદૃષ્ટાંતાભાસ છે. કારણ કે તેમાં નિત્યાનિત્ય સાધ્ય અને સત્ત્વ (સાધન) એ ઉભયનો અભાવ નથી. ૭૩

§૧ ઉપરનાં ત્રણેય સૂત્રોનો અર્થ સ્પષ્ટ છે. ૭૧-૭૩

કપિલ સર્વજ્ઞ આપ્ત નથી, કારણ કે તે એકાંત અક્ષણિકવાદી (નિત્યવાદી) છે. જે સર્વજ્ઞ કે આપ્ત હોય તે એકાંત ક્ષણિકવાદી (અનિત્યવાદી) હોય, જેમકે સુગત. આમાં સુગત સંદિગ્ધસાધ્યવ્યતિરેકદૃષ્ટાંતાભાસ છે. કારણ કે સુગતમાં અસર્વજ્ઞત્વ અનાપ્તત્વ સાધ્ય ધર્મોના અભાવનો સંદેહ છે. ૭૪

એકાન્ત ક્ષણિક પ્રમાણથી બાધિત હોવાથી તેનું કથન કરનારમાં અસર્વજ્ઞતા અને અનાપ્તત્વની પ્રાપ્તિ થાય છે. માટે આ દૃષ્ટાન્ત પરમાર્થથી અસિદ્ધસાધ્ય-વ્યતિરેક જ છે. પરંતુ એકાન્ત ક્ષણિકત્વનું ખંડન કરનાર પ્રમાણના માહાત્મ્યના જ્ઞાનથી જેઓ રહિત છે. તેવા પ્રમાતાઓને સંદેહ થતો હોવાથી. તેઓની અપેક્ષાએ સંદિગ્ધસાધ્યવ્યતિરેકરૂપે દૃષ્ટાન્તાભાસ છે, માટે તે રીતે કહેલ છે. ૭૪

अनादेयवचनः कश्चिद्विवक्षितः पुरुषो रागादिमत्त्वाद् यः पुनरादेयवचनः स वीतरागस्तद्यथा शौद्धोदनिरिति सन्दिग्धसाधनव्यतिरेकः शौद्धोदनौ रागादिमत्त्वस्य निवृत्तेः संशयात् ॥५॥७५॥

यद्यपि तद्दर्शनानुरागिणां शौद्धोदनेरादेयवचनत्वं प्रसिद्धं तथापि रागादिमत्त्वाभावस्तन्निश्चायकप्रमाणवैकल्यतः सन्दिग्ध एव ॥५॥७५॥

न वीतरागः कपिलः करुणाऽऽस्पदेष्वपि परमकृपयाऽनर्पितनिजपिशितशकलत्वात् यस्तु वीतरागः स करुणास्पदेषु परमकृपया समर्पितनिजपिशितशकलस्तद्यथा-तपनबन्धुरिति सन्दिग्धोभयव्यतिरेक इति तपनबन्धौ वीतरागत्वाभावस्य करुणाऽऽस्पदेष्वपि परमकृपयाऽनर्पितनिजपिशितशकलत्वस्य च व्यावृत्तेः सन्देहात् ॥६॥७६॥

तपनबन्धुर्बुद्धो वैधर्म्यदृष्टान्ततया यः समुपन्यस्तः स न ज्ञायते किं रागादिमानुत वीतरागः, तथा करुणाऽऽस्पदेषु परमकृपया निजपिशितशकलानि समर्पितवान्नवा, तन्निश्चायकप्रमाणापरिस्फुरणात् ॥६॥७६॥

કોઈ વિવક્ષિત પુરુષ અગ્રાહ્ય વચનવાળો છે, રાગાદિમાન હોવાથી. પરંતુ અગ્રાહ્ય વચનવાળો હોય છે તે વીતરાગ હોય છે. જેમકે શૌદ્ધોદનિ-સુગત. આમાં શૌદ્ધોદનિ સંદિગ્ધસાધનવ્યતિરેક દૃષ્ટાંતાભાસ છે. કારણ કે, શૌદ્ધોદનિમાં 'રાગાદિમત્ત્વ' (સાધન)ના અભાવમાં સંદેહ છે. ૭૫

§૧ જો કે બૌદ્ધ દર્શનના અનુરાગી અનુયાયીઓને શૌદ્ધોદનિનું વચન ગ્રાહ્ય હોવાથી તેઓને શૌદ્ધોદનિનું વચન ગ્રાહ્યરૂપે પ્રસિદ્ધ છે, તો પણ રાગા-

रेकोऽव्यतिरेकोऽप्रदर्शितव्यतिरेको विपरीतव्यतिरेकश्च ॥ ७० ॥

अथैतान् क्रमेणोदाहरन्ति—

तेषु भ्रान्तमनुमानं प्रमाणत्वात् यत् पुनर्भ्रान्तं न भवति न तत् प्रमाणं यथा स्वप्नज्ञानमिति असिद्धसाध्यव्यतिरेकः, स्वप्नज्ञानात् भ्रान्तत्वस्यानिवृत्तेः ॥१॥७१॥

વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસનું કથન—

વૈધર્મ્યથી પણ દૃષ્ટાંતાભાસ નવ પ્રકારે છે. ૬૯

વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસના પ્રકારો—

૧. અસિદ્ધસાધ્યવ્યતિરેક, ૨. અસિદ્ધસાધનવ્યતિરેક, ૩. અસિદ્ધોભયવ્યતિરેક, ૪. સંદિગ્ધસાધ્યવ્યતિરેક, ૫. સંદિગ્ધસાધનવ્યતિરેક, ૬ સંદિગ્ધોભયવ્યતિરેક, ૭. અવ્યતિરેક, ૮. અપ્રદર્શિતવ્યતિરેક અને ૯. વિપરીતવ્યતિરેક. ૭૦.

વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસનાં અનુક્રમે ઉદાહરણો—

અનુમાન ભ્રાન્ત છે, કારણ કે તે પ્રમાણ છે. વળી, જે ભ્રાન્ત ન હોય તે પ્રમાણ ન હોય. જેમ કે સ્વપ્નજ્ઞાન. અહીં દૃષ્ટાન્ત અસિદ્ધસાધ્યવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે, કારણ કે સ્વપ્નજ્ઞાનમાં ભ્રાંતિરૂપ સાધ્યનો અભાવ નથી. ૭૧.

निर्विकल्पकं प्रत्यक्षं प्रमाणत्वाद् यत् तु सविकल्पकं न तत् प्रमाणं यथा लैङ्गिकमित्यसिद्धसाधनव्यतिरेको लैङ्गिकात् प्रमाणत्वस्यानिवृत्तेः ॥२॥७२॥

नित्यानित्यः शब्दः सत्त्वात् यस्तु न नित्यानित्यः स न संस्तद्यथा स्तम्भ इत्यसिद्धोभयव्यतिरेकः स्तम्भान्नित्यानित्यत्वस्य सत्त्वस्य चाव्यावृत्तेः ॥३॥७३॥

व्यक्तमेतत् सूत्रत्रयमपि ॥३॥७३॥

असर्वज्ञोऽनाप्तो वा कपिलोऽक्षणिकैकान्तवादित्वाद् यः सर्वज्ञ आप्तो वा स क्षणिकैकान्तवादी यथा सुगत इति सन्दिग्धसाध्यव्यतिरेकः सुगतेऽसर्वज्ञतानाप्तत्वयोः साध्यधर्मयोर्व्यावृत्तेः सन्देहात् ॥४॥७४॥

§१ अयं च परमार्थतोऽसिद्धसाध्यव्यतिरेक एव क्षणिकैकान्तस्य प्रमाणबाधितत्वेन तदभिधातुरसर्वज्ञतानाप्तत्वप्राप्तेः केवलं तत्प्रतिक्षेपकप्रमाणमाहात्म्यपरामर्शनशून्यानां प्रमातॄणां सन्दिग्धसाध्यव्यतिरेकत्वेनाभास इति तथैव कथितः ॥४॥७४॥

પ્રત્યક્ષ નિર્વિકલ્પક (અનિશ્ચયાત્મક) છે, પ્રમાણ હોવાથી. સવિકલ્પ (નિશ્ચયાત્મક) હોય તે પ્રમાણ ન હોય, જેમકે અનુમાન. આમાં દૃષ્ટાંત અસિદ્ધસાધનવ્યતિરેકદૃષ્ટાંતાભાસ છે. કારણ કે અનુમાનમાં સાધ્યપ્રમાણત્વનો અભાવ નથી. ૭૨.

§१ જે અનિત્ય ન હોય તે કૃતક પણ ન હોય એ પ્રમાણે વ્યતિરેક વ્યાપ્તિ છે તો ખરી, પરંતુ વાદીએ પોતાના વચન દ્વારા તેનું ઉદ્ભાવન કરેલ નથી. માટે આ અપ્રદર્શિતવ્યતિરેક દૃષ્ટાન્તાભાસ છે. ૭૮.

શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, જે અકૃતક હોય, તે નિત્ય હોય, જેમકે–આકાશ. આ વિપરીતવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે. ૭૯

§૧ વૈધર્મ્ય પ્રયોગમાં સાધ્યાભાવ સાધનાભાવથી આક્રાન્ત બતાવવો જોઈએ એટલે કે સાધ્યાભાવને કારણે સાધનાભાવ હોય છે એમ બતાવવું જોઈએ. પરંતુ અહીં તેમ નથી. માટે આ વિપરીતવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે. ૭૯.

(पं०) **यद्यपि किलोपलखण्डादित्यादिगद्ये, अव्यतिरेकत्वमिति** जडत्वान्न वक्ति वीतरागत्वाद्वेति सन्देहः ॥७७॥

अथोपनयननिगमनाभासौ प्रभाषन्ते—

उक्तलक्षणोल्लङ्घनेनोपनयनिगमनयोर्वचने तदाभासौ ॥८०॥

§१ 'हेतोः साध्यधर्मिण्युपसंहरणमुपनयः' इत्युपनयस्य लक्षणम्; 'साध्यधर्मस्य पुनर्निगमनम्' इति निगमनस्येति ॥८०॥

उपनयाभासमुदाहरन्ति—

यथा परिणामी शब्दः कृतकत्वाद् यः कृतकः स परिणामी यथा कुम्भ इत्यत्र परिणामी च शब्द इति कृतकश्च कुम्भ इति च ॥८१॥

§१ इह साध्यधर्मं साध्यधर्मिणि साधनधर्मं वा दृष्टान्तधर्मिणि उपसंहरत उपनयाभासः ॥८१॥

निगमनाभासमुदाहरन्ति—

तस्मिन्नेव प्रयोगे तस्मात् कृतकः शब्द इति तस्मात् परिणामी कुम्भ इति च ॥८२॥

§१ अत्रापि साधनधर्मं साध्यधर्मिणि साध्यधर्मं वा दृष्टान्तधर्मिणि उपसंहरतो निगमनाभासः। एवं पक्षशुद्ध्याद्यवयवपञ्चकस्य भ्रान्त्या वैपरीत्यप्रयोगे तदाभासपञ्चकमपि तर्कणीयम् ॥८२॥

ઉપનય અને નિગમનાભાસનું નિરૂપણ—

જે લક્ષણો કહેવામાં આવેલ છે તેનું ઉલ્લંઘન કરીને ઉપનય અને નિગમનનું કથન કરવાથી ઉપનયાભાસ અને નિગમનાભાસ થાય છે. ૮૦

§ ૧. 'હેતુનો પક્ષમાં ઉપસંહાર ઉપનય છે'—[૩. ૪૯] આ પ્રમાણે ઉપનયનું લક્ષણ અને "સાધ્યનો પક્ષમાં ઉપસંહાર તે નિગમન'–[૩. ૪૧] આ પ્રમાણે નિગમનનું લક્ષણ પૂર્વે કહેલ છે. ૮૦.

ઉપનયાભાસનું ઉદાહરણ—

દિમત્ત્વના અભાવનો નિશ્ચય કરાવી આપનાર પ્રમાણ મળતું નહિ હોવાથી તે સંદિગ્ધ છે. ૭૫.

કપિલ વીતરાગ નથી, કરુણાપાત્રવ્યક્તિઓને પરમ કરુણાથી પ્રેરાઈને તેણે પોતાના શરીરના માંસના ટુકડા આપ્યા ન હોવાથી. જે વીતરાગ હોય તે કરુણાપાત્રવ્યક્તિઓને પરમ કરુણાથી પ્રેરાઈને પોતાના શરીરને માંસના ટુકડા આપે છે, જેમકે તપનબન્ધુ-બુદ્ધ. આ સંદિગ્ધોભયવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે. કારણ કે, તપનબન્ધુમાં વીતરાગત્વાભાવનો અભાવ અને કરુણાપાત્રવ્યક્તિઓને પરમ કૃપાથી પ્રેરાઈને પોતાના શરીરના માંસના ટુકડા ન દેવાનો અભાવ-એ બંનેમાં સંદેહ છે. ૭૬.

§૧ વૈધર્મ્યદૃષ્ટાન્ત તરીકે જણાવેલ તપનબન્ધુ-બુદ્ધ રાગાદિમાન્ છે કે વીતરાગ તેમજ કરુણાપાત્ર વ્યક્તિઓને પરમ કરુણાથી તેણે પોતાના શરીરના માંસના ટુકડા આપ્યા છે કે નહિ તે જણાતું નથી. કારણ કે તેનો નિશ્ચય કરનાર કોઈ પ્રમાણ સ્ફુરાયમાન થતું નથી. ૭૬.

न वीतरागः कश्चिद्विवक्षितः पुरुषो वक्तृत्वात् यः पुनर्वीतरागो न स वक्ता यथोपलखण्ड इत्यव्यतिरेकः ॥७॥७७॥

यद्यपि किलोपलखण्डादुभयं व्यावृत्तं तथापि व्याप्त्या व्यतिरेकासिद्धेरव्यतिरेकत्वम् ॥७॥७७॥

अनित्यः शब्दः कृतकत्वादाकाशवदित्यप्रदर्शितव्यतिरेकः ॥८॥७८॥

अत्र यदनित्यं न भवति तत्कृतकमपि न भवतीति विद्यमानोऽपि व्यतिरेको वादिना स्ववचनेन नोद्भावित इत्यप्रदर्शितव्यतिरेकत्वम् ॥८॥७८॥

अनित्यः शब्दः कृतकत्वाद् यदकृतकं तन्नित्यं यथाऽऽकाशमिति विपरीतव्यतिरेकः ॥९॥७९॥

§१ वैधर्म्यप्रयोगे हि साध्याभावः साधनाभावाक्रान्तो दर्शनीयो न चैवमत्रेति विपरीतव्यतिरेकत्वम् ॥९॥७९॥

કોઈ વિવક્ષિત પુરુષ વીતરાગ નથી, વક્તા હોવાથી. જે વીતરાગ હોય તે વક્તા ન હોય. જેમકે પથ્થરનો ટુકડો. આમાં પથ્થરના ટુકડા રૂપ દૃષ્ટાન્ત અવ્યકિતરેકદૃષ્ટાન્તાભાસ છે. ૭૭.

§૧ જો કે દૃષ્ટાન્તરૂપ પથ્થરના ટુકડામાં વીતરાગત્વ (સાધ્ય) અને વક્તૃત્વ (સાધન) બન્નેનો અભાવ છે. તો પણ વ્યાપ્તિદ્વારા તે વ્યતિરેક-(અભાવ) અસિદ્ધ છે. માટે આ દૃષ્ટાન્ત અવ્યતિરેકદૃષ્ટાન્તાભાસ છે. ૭૭.

શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, જેમકે-આકાશ. આ અપ્રદર્શિત વ્યતિતિરેક દૃષ્ટાન્તાભાસ છે. ૭૮

एवमुक्तः प्रमाणस्य स्वरूपाभासः; संप्रति संख्याऽऽभासमाख्यान्ति—

प्रत्यक्षमेवैकं प्रमाणमित्यादिसंख्यानं तस्य संख्याऽऽभासम् ॥८५॥

§१ प्रत्यक्षपरोक्षभेदाद्धि प्रमाणस्य द्वैविध्यमुक्तम्; तद्वैपरीत्येन प्रत्यक्षमेव, प्रत्यक्षानुमाने एव, प्रत्यक्षानुमानागमा एव प्रमाणमित्यादिकं चार्वाकवैशेषिकसौगतसांख्यादितीर्थान्तरीयाणां संख्यानं, तस्य प्रमाणस्य संख्याऽऽभासम् ।

प्रमाणसंख्याभ्युपगमश्च परेषामिताऽवसेयः—

चार्वाकोऽध्यक्षमेकं सुगतकणभुजौ सानुमानं सशाब्दं
तद् द्वैतं पारमर्षः सहितमुपमया तत् त्रयं चाक्षपादः ।
अर्थापत्त्या प्रभाकृद् वदति च निखिलं मन्यते भट्ट एतत्
साभावं, द्वे प्रमाणे जिनपतिसमये स्पष्टतोऽस्पष्टतश्च ॥१॥८५॥

ઉપર મુજબ પ્રમાણના સ્વરૂપાભાસનું વર્ણન કર્યું. હવે પ્રમાણની સંખ્યાના આભાસનું કથન—

પ્રત્યક્ષ જ એક માત્ર પ્રમાણ છે. આ પ્રમાણે પ્રમાણની સંખ્યાનું કથન તે પ્રમાણનો સંખ્યાભાસ છે. ૮૫.

§૧ પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી પ્રમાણ બે પ્રકારે છે, એમ પૂર્વે કહેવાઈ ગયેલ છે અને તેનાથી વિપરીત-'પ્રત્યક્ષ' એ એક જ પ્રમાણ છે, એવું ચાર્વાકનું, 'પ્રત્યક્ષ' અને અનુમાન' એ બે જ પ્રમાણ છે એવું સૌગત અને વૈશેષિકનું, 'પ્રત્યક્ષ, અનુમાન અને આગમ' એ ત્રણ જ પ્રમાણ છે એમ સાંખ્ય વિગેરે અન્ય દાર્શનિકોએ કરેલ સંખ્યાનું કથન પ્રમાણનો સંખ્યાભાસ છે.

§૨ અન્ય દાર્શનિકો કેટલાં પ્રમાણ માને છે તે આ શ્લોકથી જાણવું—

"ચાર્વાક માત્ર પ્રત્યક્ષ પ્રમાણ માને છે. સૌગત અને વૈશેષિક-પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણ માને છે. સાંખ્ય-પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એમ ત્રણ પ્રમાણ માને છે. અક્ષપાદ—પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ એમ ચાર પ્રમાણ માને છે. પ્રભાકર-પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ અને અર્થાપત્તિ એમ પાંચ પ્રમાણ માને છે, અને ભટ્ટ (કુમારિલ) પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ અને અભાવ એમ છ પ્રમાણ માને છે, જ્યારે જૈનદર્શનકારોએ સ્પષ્ટ અને અસ્પષ્ટ-(અર્થાત્ પ્રત્યક્ષ અને પરોક્ષ) એમ બે જ પ્રમાણ માનેલ છે. ૮૫.

(पं०) **प्रत्यक्षमेवैकमित्यादि** गद्ये । **तस्येति** प्रमाणस्य । **द्वैविध्यमुक्तमिति** अस्माभिः । **प्रत्यक्षमित्यादि** गद्ये यद्वैशेषिकाणां प्रमाणद्वयमुक्तं तत् **श्रीधराभिप्रायेण** ॥

पारमर्ष इति कपिलः ॥८५॥

अथ विषयाभासं प्रकाशयन्ति—

सामान्यमेव, विशेष एव, तद्द्वयं वा स्वतन्त्रमित्यादिस्तस्य विषयाभासः ॥८६॥

શબ્દ પરિણામી છે, કૃતક હોવાથી, જે કૃતક હોય તે પરિણામી હોય છે, જેમકે, કુંભ. આ સ્થળે શબ્દ પરિણામી છે, અને કુંભ કૃતક છે, એ પ્રમાણે ઉપસંહાર કરવો તે ઉપનયાભાસ છે. ૮૧

§૧ અહીં સાધ્યધર્મનો સાધ્યધર્મી(પક્ષ)માં અને સાધનધર્મનો દૃષ્ટાન્ત ધર્મી(સપક્ષ)માં ઉપસંહાર કરવાથી ઉપનયાભાસ થાય છે. ૮૧.

નિગમનાભાસનું ઉદાહરણ—

અને એ જ અનુમાન પ્રયોગમાં–તેથી શબ્દ કૃતક છે. અને તેથી કુંભ પરિણામી છે, આ પ્રમાણે કહેવું તે નિગમનાભાસ છે. ૮૨.

§૧ અહીં પણ સાધનધર્મનો સાધ્યધર્મી-(પક્ષ)માં અને સાધ્ય ધર્મનો દૃષ્ટાંતધર્મી-(સપક્ષ)માં ઉપસંહાર કરવાથી નિગમનાભાસ થાય છે. એ જ પ્રકારે પક્ષશુદ્ધ્યાદિ પાંચે અવયવોમાં વિપર્યય કરવામાં આવે તો તેમનો પણ પાંચ પ્રકારનો આભાસ થાય છે એ વિચારી લેવું. ૮૨.

इत्थमनुमानाभासमभिधायागमाभासमाहुः—

अनाप्तवचनप्रभवं ज्ञानमागमाभासम् ॥८३॥

§१ अभिधेयं वस्तु यथावस्थितं यो जानीते यथाज्ञानं चाभिधत्ते स आप्त उक्तस्तद्विपरीतोऽनाप्तस्तद्वचनसमुत्थं ज्ञानमागमाभासं ज्ञेयम् ॥ ८३ ॥

अत्रोदाहरन्ति—

यथा मेकलकन्यकायाः कूले तालहिन्तालयोर्मूले सुलभाः पिण्ड-खर्जूराः सन्ति त्वरितं गच्छत गच्छत शावकाः ॥८४॥

§१ रागाक्रान्तो ह्यनाप्तः पुरुषः क्रीडापरवशः सन्नात्मनो विनोदार्थं किञ्चन वस्त्वन्तरमलभमानः शावकैरपि समं क्रीडाऽभिलाषेणेदं वाक्यमुच्चारयति ॥८४॥

આ પ્રમાણે અનુમાનાભાસનું નિરૂપણ કરીને હવે આગમાભાસ વિષે કહે છે—

અનાપ્તપુરુષના વચનથી ઉત્પન્ન થનારું જ્ઞાન આગમાભાસ છે. ૮૩

§૧ 'અભિધેય વસ્તુને યથાર્થરૂપે જે જાણે છે અને જાણ્યા પ્રમાણે જે કહે છે તે આપ્ત છે'—[૪. ૪] આ પ્રમાણે આપ્ત પુરુષનું લક્ષણ કહેલ છે, તેનાથી વિપરીત તે અનાપ્ત છે. તેના વચનથી ઉત્પન્ન થયેલ જ્ઞાન આગમાભાસ જાણવું. ૮૩

આગમભાસનું ઉદાહરણ—

રેવા (નર્મદા) નદીના કાંઠે તાલ અને હિંતાલ વૃક્ષના મૂળમાં પિંડ ખજૂર સુલભ છે માટે હે બાળકો ! જલદી જાઓ, જલદી જાઓ. ૮૪

§૧ રાગયુક્ત પુરુષ અનાપ્ત છે. ક્રીડાને પરવશ બનેલો તે પોતાના વિનોદને માટે બીજી કોઈ વસ્તુ ન મળવાથી બાળકો સાથે ક્રીડાની ઈચ્છાથી આવું બોલે છે. ૮૪.

શ્રીરૈવતાચલ ચિત્રકૂટાદિ પ્રાચીન (જીર્ણ) તીર્થોદ્ધારક શ્રીવિજયનીતિસૂરીશ્વરજીના શિષ્યાણુ મુનિ મલયવિજયજીએ સ્વઅભ્યાસ સમયે કરેલ ગુર્જર ભાષાનુવાદ પણ સમાપ્ત થયો.

(पं०) **अभिन्न**मेवेति अभिन्नमेव सौगतानाम् । **भिन्नमेव** यौगानाम् ॥॥८७॥

॥इति षष्ठः परिच्छेदः॥

अत्र च वादस्थलानि—यौगाभिमतप्रमाणफले भेदैकान्तनिराकरणम् १, सौगताभिप्रेतप्रमाणफलाभेदैकान्तनिराकरणम् २, स्वाभिप्रेतप्रमाणफलभेदाऽभेदनियमनम् ३, कर्तृ-क्रिययोर्भेदाभेदस्थापनम् ४, प्रमाणफलव्यवहारसांवृतत्ववादिनिरासः ५, व्यधिकरणासिद्धहेत्वाभासनिरासः ६, आश्रयासिद्धहेत्वाभासनिरासः ७, आश्रयैकदेशासिद्धहेत्वाभासनिरासः ८, संदिग्धाश्रयासिद्ध–संदिग्धाश्रयैकदेशासिद्ध–आश्रयसंदिग्धवृत्त्यसिद्ध–आश्रयैकदेशसंदिग्धवृत्ति–व्यर्थविशेषणविशेष्यासिद्ध–व्यर्थैकदेशासिद्धहेत्वाभासनिरासः ९, अन्यतरासिद्धहेत्वाभासस्थापनम् १०, असाधारणानैकान्तिकविरुद्धाव्यभिचारि अकिञ्चित्करकालात्ययापदिष्टप्रकरणसमनिरासः ११—एवं एकादश ॥छ॥ श्री ॥

§१ सामान्यमात्रं सत्ताद्वैतवादिनो, विशेषमात्रं सौगतस्य, तदुभयं च स्वतन्त्रं नैयायिकादेरित्यादिरेकान्तस्तस्य प्रमाणस्य विषयाभासः। आदिशब्दान्नित्यमेवानित्यमेव तद्द्वयं वा परस्परनिरपेक्षमित्याद्येकान्तपरिग्रहः ॥८६॥

अथ फलाभासमाहुः—

अभिन्नमेव भिन्नमेव वा प्रमाणात् फलं तस्य तदाभासम् ॥८७॥

अभिन्नमेव प्रमाणात् फलं बौद्धानां, भिन्नमेव नैयायिकादीनां तस्य प्रमाणस्य तदाभासं फलाभासं; यथा फलस्य भेदाभेदैकान्तावकान्तावेव तथा सूत्रत एव प्रागुपपादितमिति ॥८७॥

इति प्रमाणनयतत्त्वालोकालङ्कारे श्रीरत्नप्रभाचार्यविरचितायां रत्नाकरावतारिकाख्यलघुटीकायां फलप्रमाणस्वरूपाद्याभासनिर्णयो नाम षष्ठः परिच्छेदः।

પ્રમાણનો વિષયાભાસ—

સામાન્ય જ પ્રમાણનો વિષય છે, અથવા વિશેષ જ પ્રમાણનો વિષય છે કે સ્વતન્ત્ર-(પરસ્પર અત્યંત ભિન્ન) સામાન્ય અને વિશેષ પ્રમાણનો વિષય છે વગેરે વિષયાભાસ છે. ૮૬.

§૧ સત્તાદ્વૈતવાદીઓ માત્ર સામાન્યને જ, બૌદ્ધો માત્ર વિશેષને જ અને નૈયાયિકાદિ પરસ્પર સર્વથા ભિન્ન સામાન્ય અને વિશેષને આ પ્રમાણે એકાન્તરૂપે પ્રમાણના વિષય તરીકે માનતા હોવાથી તે પ્રમાણનો વિષયાભાસ છે. સૂત્રમાં કહેલ 'આદિ'શબ્દથી પ્રમાણનો વિષય માત્ર નિત્ય છે, કે માત્ર અનિત્ય છે, કે પરસ્પર નિરપેક્ષ નિત્ય અને અનિત્ય ઉભય પ્રમાણનો વિષય છે, આદિ જે માન્યતા છે તેમનો પણ સમાવેશ સમજી લેવો. ૮૬.

પ્રમાણનો ફલાભાસ—

પ્રમાણનું ફલ પ્રમાણથી સર્વથા અભિન્ન જ છે, અથવા સર્વથા ભિન્ન જ છે, એવું મન્તવ્ય તે પ્રમાણનો ફલાભાસ છે. ૮૭.

§૧ બૌદ્ધો પ્રમાણનું ફલ પ્રમાણથી સર્વથા અભિન્ન માને છે, અને નૈયાયિકાદિ પ્રમાણનું ફલ પ્રમાણથી સર્વથા ભિન્ન માને છે, તો તે પ્રમાણનો ફલાભાસ છે અને પ્રમાણથી ફલનો એકાન્ત ભેદ કે એકાન્ત અભેદ માનવો તે યુક્તિયુક્ત નથી તે સૂત્ર દ્વારા આ જ પરિચ્છેદમાં પહેલાં કહેવાઈ ગયેલ છે. ૮૭.

એ પ્રમાણે "પ્રમાણનયતત્ત્વાલોક" નામના ગ્રંથમાં શ્રીરત્નપ્રભાચાર્ય મહારાજ વિરચિત "રત્નાકરાવતારિકા" નામની લઘુ ટીકામાં 'ફલ અને પ્રમાણના સ્વરૂપાદિના આભાસનો નિર્ણય' નામનો છઠ્ઠો પરિચ્છેદ સમાપ્ત થયો. તેનો

૧૮૫. ૩૦ 'सामर्थ्यघटनाच्च' સૂત્રમાં ગ્રહણ કરેલ ચકારથી सदसदाकारप्रतीतिविषयत्वात् વગેરે હેતુઓ સંગૃહીત થાય છે. પ્રથમ સૂત્ર અને બીજું સૂત્ર સાથે લેતાં અનુમાનપ્રયોગ થાય છે.

૨૧૨. ૧૯ 'उत्प्लवन्ते' આ પ્રયોગ નૈયાયિકો માટે પ્રચલિત છે. જુઓ—

प्रायेण वैयाकरणाः पिशाचाः प्रयोगमन्त्रेण विनिवारणीयाः ।
उत्प्लुत्य उत्प्लुत्य समाप्लुवन्तः कथं नु वार्याः खलु गौतमीयाः ॥

ષષ્ઠ પરિચ્છેદ

૨૨૬. ૧ 'फल' વિષય અને ફલનો ભેદ છે. પ્રત્યક્ષાદિ પ્રમાણોનો વિષય નીલાદિ છે, જ્યારે તેનું ફલ જ્ઞાનોત્પત્તિરૂપ ક્રિયા છે.

૨૨૬. ૩ 'साधकतम'—અનેક સાધકોમાંથી જે સાધન દ્વારા કાર્ય સિદ્ધ થાય તે.

૨૨૯. ૩૦ 'अभिन्नं' 'विषयाधिगतिश्चात्र प्रमाणफलमिष्यते ॥ स्ववित्तिर्वा प्रमाणं तु सारूप्यं योग्यतापि वा ॥१३४४॥ તત્ત્વસંગ્રહ.

૨૩૧. ૧૩ 'नहि सारूप्यमस्य प्रमाणम्' अस्य–જ્ઞાનનું, 'अस्य' શબ્દનો અર્થ ટિપ્પણકારે 'सौगतस्य' એ પ્રમાણે કરેલ છે, તે અર્થ પણ યોગ્ય છે, કારણ કે આ માન્યતા તો તેમની જ છે, પરંતુ અહીં ટીકામાં તેનો સીધો નિર્દેશ ન હોવાથી અમે પ્રકરણાનુસાર અર્થ કરેલ છે.

૨૩૬. ૩૨ સૂત્રગત 'आदि' શબ્દથી એવા પ્રકારનાં બીજાં સ્મરણયુક્ત અનુમાન તથા આગમજન્ય જ્ઞાન અને માત્ર સંકલન જેવાં જ્ઞાનો પણ પ્રત્યભિજ્ઞાનાભાસો જાણવા.

૨૫૦. ૩૦ 'विज्ञानेन्द्रियायुर्निरोधलक्षणमरणरहितत्वात्' જુઓ ન્યાયબિંદુ પૃ. ૮૯

૨૭૦. ૧૩ 'नन्वन्यतरासिद्धिः' અન્યતરાસિદ્ધિ નામનો હેત્વાભાસ નથી. ન્યાયમંજરી પૃ. ૧૬૨

૨૮૯. ૨૮ 'कालातीतः' 'कालात्यापदिष्टः कालातीतः' આ ન્યાયસૂત્ર છે. જુઓ ન્યાયસૂત્ર ૧.૨.૯.

૨૯૦.૫ 'प्रकरणसमः' 'यस्मात्प्रकरणचिन्ता स निर्णयार्थमपदिष्टः प्रकरणसमः' આ પણ ન્યાયસૂત્ર (૧.૨.૭) છે.

૨૯૮ ૨૪ 'पक्षशुद्ध्यादि' પક્ષમાં પ્રતીતસાધ્યાદિરૂપ દોષ હોવા છતાં તે દોષો નથી પરંતુ પક્ષ શુદ્ધ છે એવો ભ્રમ થાય ત્યારે પક્ષશુદ્ધ્યાભાસ બને છે. તેવી જ રીતે: હેતુમાં અસિદ્ધાદિ દોષો હોવા છતાં, દૃષ્ટાન્તમાં સાધર્મ્ય વૈધર્મ્યના દોષો હોવા છતાં તેમ જ ઉપનય અને નિગમનમાં પણ તે તે દોષો હોવા છતાં તે તે હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય અને નિગમન શુદ્ધ છે એવો ભ્રમ થાય ત્યારે અનુક્રમે હેતુશુદ્ધ્યાભાસ, દૃષ્ટાન્તશુદ્ધ્યાભાસ, ઉપનયશુદ્ધ્યાભાસ અને નિગમનશુદ્ધ્યાભાસ બને છે.

રત્નાકરાવતારિકાનાં ટિપ્પણો

તૃતીય પરિચ્છેદ

૨. ૧ 'संस्कारप्रबोध'—સંસ્કારપ્રબોધનાં કારણો છે : सदृशादृष्टचिन्ताद्याः स्मृतिबीजस्य बोधकाः । સાદૃશ્ય, અદૃષ્ટ, ચિન્તા, સાહચર્ય વગેરે સંસ્કારપ્રબોધનાં કારણો છે.

૫૫. ૨ 'यत्र साधन......जलाशये ॥' તુલના—

साध्यं व्यापकमित्याहुः साधनं व्याप्यमुच्यते ।
प्रयोगेऽन्वयवत्येवं व्यतिरेके विपर्ययः ॥ સ્યાદ્વાદરત્નાકર પૃ૦ ૫૬૯

૭૭. ૨ 'देवद्रव्य' આ શબ્દનો અર્થ देवस्य द्रव्यम्' અર્થાત્ દેવનું દ્રવ્ય એવો કરતાં જિનેશ્વરભગવંતની વીતરાગતામાં દોષ આવે એટલે 'चतुर्थ्यन्त-पदमेव देवता' એ જૈમિનિના વચનને ટાંકી देवस्य ને બદલે देवाय રાખી દેવને માટેનું દ્રવ્ય એવો અર્થ કરવાનું આ૦ વાદિદેવસૂરિ સૂચવે છે. 'ब्राह्मणयवागू' માં જેમ 'ब्राह्मणस्य यवागू' બ્રાહ્મણની યવાગૂ-રાબ એવો અર્થ કરાતો નથી પણ જૈમિનિના આ વચનથી 'ब्राह्मणाय यवागू' એટલે બ્રાહ્મણ માટે યવાગૂ એવો અર્થ કરાય છે તેમ અહીં પણ 'देवस्य द्रव्यम्' એટલે દેવનું દ્રવ્ય એવો અર્થ કરી સ્વામિત્વ દર્શાવવું તે ભૂલ છે પરંતુ 'देवाय द्रव्यम्' એટલે દેવ માટે દ્રવ્ય એવો અર્થ કરવો યોગ્ય છે.

ચતુર્થ પરિચ્છેદ

૮૭. ૩૧ 'करपल्लवी' કરપલ્લવી આદિ માટે જુઓ સંગીતોપનિષત્સારોદ્ધાર પ. ૧૦૩.

૮૮. ૧૩ 'ऋष्यार्यम्लेच्छ' ऋषि-आर्य-म्लेच्छानां समानं लक्षणम्।(ન્યાયભાષ્ય ૧.૧.૭)

૯૧. ૧૫ 'हंसपक्षादिहस्त' ભરતનાટ્ય શાસ્ત્રમાં પ્રસિદ્ધ હંસપક્ષહંસ-મુદ્રામાટે જુઓ નાટ્યશાસ્ત્ર ૯-૧૦૬ અને સંગીતોપનિષત્સારોદ્ધાર ૫-૭૯

૯૩. ૩ साधूपास्याप्रसङ्ग તુલના— स्तुतिः स्तोतुः साधोः कुशलपरिणामाय સ્વયંભૂસ્તોત્ર (નેમિનાથ). साधूपास्यापसङ्गः આવોપાઠ કલ્પી શકાય છે.

૧૩૩. ૨૯ प्रकारकात्स्र्न्य સર્વ એટલે કાત્સ્ન્ર્ય, અને તેના ત્રણ પ્રકારો છે. વ્યક્તિકાત્સ્ન્ર્ય, પ્રકારકાત્સ્ન્ર્ય, અને દ્રવ્યકાત્સ્ન્ર્ય.

૧૭૨. ૩૨ 'विकलादेशः'-સકલાદેશમાં કાલાદિ દ્વારા જે દ્રવ્યાર્થિકનયની મુખ્યતા અને પર્યાયાર્થિકનયની ગૌણતા દ્વારા અભેદમાં ભેદ અને પર્યાયાર્થિકનયની મુખ્યતા અને દ્રવ્યાર્થિકનયની ગૌણતા દ્વારા ભેદમાં અભેદનાં ઉપચારના આઠ આઠ દૃષ્ટાન્તો આપ્યા તેને ઉલટાવવાથી એટલે કે પર્યાયાર્થિકનયની મુખ્યતા અને દ્રવ્યાર્થિકનયની ગૌણતા વડે ભેદમાં અભેદ અને દ્રવ્યાર્થિકનયની મુખ્યતા અને પર્યાર્થિકનયની ગૌણતા વડે થતા અભેદમાં ભેદનો ઉપચાર કરવાથી તેનાં તે જ દૃષ્ટાંતો વિકલાદેશમાં ઘટી શકશે. સૂત્ર ૪૫ ની ટીકામાં નયવિચાર અવસરે જણાવીશું એમ કહેલ પણ પરિચ્છેદ ૭માં નય પ્રકરણમાં તે વાત નથી એટલે આ સૂચન કર્યું છે.

પંચમ પરિચ્છેદ

સૂ. ૧ 'सामान्यविशेषादि' आदि પદથી સત્-અસત્, નિત્ય-અનિત્ય, અભિ-લાપ્ય-અનભિલાપ્ય સૂચવાય છે.